

# કિશોરોની શક્તિઓને વિમુક્ત કરવી



રૂહિ સંસ્થા





પુસ્તક ૫

# કિશોરોની શક્તિઓને વિમુક્ત કરવી

રૂહી સંસ્થા

**આ શ્રેણીના પુસ્તકો**

રૂહિ સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવેલા વર્તમાન શિર્ષકો નીચે મુજબ છે. આ પુસ્તકોનો ઉદ્દેશ યુવાનો અને વયસ્કોને તેમના સમુદાયોની સેવા કરવા માટેની તેમની ક્ષમતાનો વિકાસ કરવાના પધ્ધતિસર પ્રયત્નમાં પાઠયક્રમોની મુખ્ય શ્રેણી તરીકે ઉપયોગ કરવાનો છે. રૂહિ સંસ્થા પાઠયક્રમોના એક એવા સેટનો પણ વિકાસ કરી રહી છે જે બહાઈ બાળવર્ગના શિક્ષકોની તાલીમ માટે આ શ્રેણીના ત્રીજા પુસ્તકમાંથી શાખાના રૂપમાં વિકાસ પામે છે, તેની સાથે કિશોર જૂથોના અનુપ્રેરકો તૈયાર કરવા માટે પાંચમાં પુસ્તકમાંથી બીજા એક સેટનો શાખાના રૂપમાં વિકાસ થાય છે. આ બધાનો પણ નીચેની સુચિમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એક વાતની નોંધ લેવી જોઈએ કે, ક્ષેત્રમાંથી પ્રાપ્ત અનુભવને આધારે સુચિમાં ફેરફાર થઈ શકે છે, અને જેમ જેમ વિકસિત થઈ રહેલા અનેક પાઠયક્રમો એવા તબક્કે પહોંચતા જાય કે જયારે તેને વિશાળ પાયે ઉપલબ્ધ કરાવી શકાય તેમ તેમ, તેમાં નવા શિર્ષ કોનો ઉમેરો કરવામાં આવશે.

પુસ્તક ૧ : દિવ્ય જીવન : એક ચિંતન
પુસ્તક ૨ : સેવા માટે ઉત્થાન
પુસ્તક ૩ : બાળ વર્ગનું શિક્ષણ, ધોરણ ૧
    બાળ વર્ગનું શિક્ષણ, ધોરણ ૨ (શાખા પાઠયક્રમ)
    બાળ વર્ગનું શિક્ષણ, ધોરણ ૩ (શાખા પાઠયક્રમ)
    બાળ વર્ગનું શિક્ષણ, ધોરણ ૪ (શાખા પાઠયક્રમ)
પુસ્તક ૪ : જોડિયા અવતારો
પુસ્તક ૫ : કિશોરોની શક્તિઓને વિમુક્ત કરવી
    પ્રારંભિક ઉત્પ્રેરણા : રૂહિ ૫ નો પહેલો શાખા પાઠયક્રમ
    વર્તુળનું વિસ્તરણ : રૂહિ ૫ નો બીજો શાખા પાઠયક્રમ
પુસ્તક ૬ : પ્રભુધર્મનું શિક્ષણ
પુસ્તક ૭ : સેવાના માર્ગ પર સાથે મળીને ચાલવું
પુસ્તક ૮ : બહાઉલ્લાહની સંવિદા
પુસ્તક ૯ : ઐતિહાસિક દૃષ્ટિકોણ પ્રાપ્ત કરવો
પુસ્તક ૧૦ : જીવંત સમુદાયોનું નિર્માણ
પુસ્તક ૧૧ : ભૌતિક સાધનો
પુસ્તક ૧૨ : પરિવાર અને સમુદાય
પુસ્તક ૧૩ : સામાજિક ક્રિયામાં સંલગ્ન થવું
પુસ્તક ૧૪ : જાહેર સંવાદમાં સંલગ્ન થવું

Copyright © 2022 by the Ruhi Foundation, Colombia
All rights reserved.
Edition 2.1.1.PE published in 2022
Printed in India

Originally published in Spanish as *Liberando los poderes de los prejóvenes*
Copyright © 2006, 2014, 2022 by the Ruhi Foundation, Colombia
ISBN 978-628-95102-2-5

Permission for a limited printing of this book in Gujarati has been granted to Baha'I Training Institute of Gujarat by the Ruhi Institute.

Ruhi Institute
Cali, Colombia
Email: instituto@ruhi.org
Website: www.ruhi.org

Baha'i Training Institute of Gujarat
Baha'i Bhavana, Plot- 395, Sector- 30
Gandhinagar, Gujarat, India- 382030
tibgujarat @ ibnc.in

# અનુક્રમણિકા


ટયુટર માટે થોડા વિચારો ............................ 5

જીવનની વસંતઋતુ .................................. 13

સાંભવનાઓની ઉંમર......................................... 57

□ નુપ્રેરક તરીકે સેવા આ□ વી ......................... 95

ટ્યુટર માટે થોડા વિચારો

1970 ના દાયકાના પ્રારંભમાં રુહી સંસ્થાની શરૂઆત થઈ ત્યારથી, રુહી સંસ્થાએ તેની શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા 12 થી 15 વર્ષની વયના યુવાનો, જેને ઘણીવાર "કિશોર" તરીકે ઓળખવામાં આવે છે જેઓ સમાજના એક વિશિષ્ટ વર્ગનું પ્રતિનિધિત્વ કરે છે, તેમની સેવા કરવાનો પ્રયત્ન કર્યો છે. આ વયજૂથ ઘણા લોકોના આદર્શવાદ અને ઉર્જાના સાક્ષી હોવાથી, સંસ્થાને તેમને અનેક વિષયો અને વિભાવનાઓનું અન્વેષણ કરવાની તક પૂરી પાડવાના મહત્વ વિશે ખાતરી થઈ ગઈ જે તેમને જીવનની જટિલતાઓનો સામનો કરવા, દરેક જગ્યાએ બળ પ્રાપ્ત કરી રહેલ નૈતિક વિનાશની તાકતો, અને સામાજિક પરિવર્તનના સક્રિય એજન્ટ બનવા માટે સક્ષમ બનાવશે. પછીના કેટલાક દાયકાઓ ક્રિયા અને ચિંતનનો સમયગાળો બની રહ્યો જેને વિકાસના ક્ષેત્રમાં, ખાસ કરીને સાક્ષરતાના ક્ષેત્રમાં વિવિધ પૃષ્ઠભૂમિના કિશોરો સાથે કામ કરવાના વિશ્વવ્યાપી અનુભવથી વધુને વધુ લાભ મળ્યો. વર્ષ 2000 ની આસપાસ, કિશોરોના આધ્યાત્મિક સશક્તિકરણનો અને તેની સાથે, ત્રણ વર્ષના કાર્યક્રમના વિવિધ પાસાઓનો ખ્યાલ ઉભરી આવ્યો હતો કે જે માનવતાની સેવામાં તેમની બૌદ્ધિક અને આધ્યાત્મિક શક્તિઓને વિમુક્ત કરવાનો પ્રયાસ કરે છે.

રુહી સંસ્થાના બીજા પ્રયાસોની જેમ, કિશોર આધ્યાત્મિક સશક્તિકરણ કાર્યક્રમ દૂર શિક્ષણની પદ્ધતિ દ્વારા તૃણમૂલ સ્તરે ચલાવવામાં આવે છે જેમાં, આ કિસ્સામાં, ત્રણ મુખ્ય ઘટકોનો સમાવેશ થાય છે: "કિશોર જૂથ", "અનુપ્રેરક" અને સાહિત્ય કે સામગ્રીનો ચોક્કસ સેટ. કિશોરોની શક્તિઓને વિમુક્ત કરવી એ સંસ્થાની મુખ્ય શ્રેણીનું પાંચમું પુસ્તક છે, જેનો ઉદ્દેશ જે લોકો તેમના ગામ અથવા મહોલ્લાના કિશોરોના જૂથને કાર્યક્રમમાં સામેલ કરવા ઈચ્છતા હોય તેમને મદદ કરવાનો છે. મુખ્ય શ્રેણીમાંથી શાખાના રૂપમાં પ્રસ્ફુટિત થતા પાઠ્યક્રમોની શ્રેણીમાં આ પહેલો પાઠયક્રમ છે, જે વ્યક્તિઓને "અનુપ્રેરક" તરીકે સેવા આપવા માટે જરૂરી ક્ષમતાઓનો વિકસાવવામાં મદદ કરશે - અનુપ્રેરક એક એવું પદ છે જે, પોતે જ, તેમાં સામેલ સેવાના કાર્યના સ્વરૂપની સ્પષ્ટતા કરે છે. આ પુસ્તકનો અભ્યાસ કરનાર દરેક જણ આ પ્રયાસના ક્ષેત્રમાં પ્રવેશ કરશે નહીં ત્યારે, એવી આશા રાખવામાં આવે છે કે તેઓ બધા ચર્ચા કરવામાં આવેલા વિષયોમાંથી પ્રેરણા મેળવશે અને કિશોરોની ઉમદા આકાંક્ષાઓ પ્રત્યે પૂરતું ધ્યાન આપવાને એવી સંસ્કૃતિના આવશ્યક ઘટક તરીકેના મહત્વનો સ્વીકાર કરશે કે જે યુવાનો પ્રત્યેના એવા વલણને પ્રોત્સાહન આપે છે જે આજે સમાજમાં પ્રવર્તમાન વલણ કરતા અલગ છે. આવા વાતાવરણમાં, તો પછી, આ કાર્યક્રમમાં સીધી રીતે સામેલ ન હોય તેવી વ્યક્તિઓ પણ તેની વધતી જતી પ્રવૃત્તિઓને તેમનો ટેકો આપવા તૈયાર રહેશે.

જેઓ પુસ્તક 5 માટે ટ્યુટર તરીકે કામ કરે છે તેઓએ સ્વીકારવું જોઈએ કે, સહભાગીઓમાં, કિશોરાવસ્થાના અંતમાં અથવા વીસ વર્ષની આસપાસના એવા ઘણા યુવાનો હશે કે જેઓ અનુપ્રેરક તરીકે સેવા આપવાની વ્યક્ત ઇચ્છા સાથે પાઠ્યક્રમોની મુખ્ય શ્રેણીમાં પ્રવેશ્યા હતા અને તેમની પાસે તેમ કરવા માટે જરૂરી સુષુપ્ત ક્ષમતા હશે. કેટલાક તેમના સાથીદારો સાથે ચર્ચાઓ દ્વારા પ્રભૂધર્મના સંપર્કમાં આવ્યા હશે

જે ચર્ચામાં યુવા પેઢીઓને શિક્ષિત કરવામાં તેઓ જે ભૂમિકા ભજવી શકે છે તેના પર ભાર આપવામાં આવ્યો હશે. બીજા મિત્રો કિશોર તરીકે આધ્યાત્મિક સશક્તિકરણ કાર્યક્રમમાંથી પસાર થયા હશે અને ત્યાર બાદ ટૂંક સમયમાં પુસ્તક 1 નો અભ્યાસ શરૂ કર્યો હશે. તેમને સંસ્થાની પ્રક્રિયામાં લાવનાર કોઈપણ માર્ગ હોય, છતાં તેઓ હવે તેમના ગામ કે મહોલ્લામાં તેના વિકાસ માટે પ્રતિબદ્ધ વ્યક્તિઓના વિકસતા નાભિકનો ભાગ બનશે અને આ સંદર્ભમાં, તેઓ પરિવારો સાથે પ્રભુધર્મના કેન્દ્રિય વિષયો – પુસ્તક 2 માં ચર્ચા કરવામાં આવેલ સેવા-કાર્યનું અન્વેષણ કરવા માટે ઘરોની મુલાકાત લેવાનો અનુભવ મેળવશે. આ નાભિકના ભાગ રૂપે, તેમાંથી સારી સંખ્યામાં મિત્રો સમુદાયના કિશોરોના ઓછામાં ઓછા એક જૂથ સાથે નજીકથી સંકળાયેલા હશે અને અનુપ્રેરકને વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં મદદ કરતાં હશે તેમજ આ કાર્યક્રમને લગતા ખ્યાલો અને અભિગમોની ચર્ચા કરવા માટે માતા-પિતાની નિયમિત મુલાકાતમાં તેની સાથે જોડાતા હશે. આ બિંદુએ, તે બધા બહાઈ ઉપદેશોનું નોંધપાત્ર જ્ઞાન ધરાવશે, જે તેમના પુસ્તકો 3 અને 4ના અભ્યાસ દ્વારા વધુ ગહન થયું થશે, અને તેઓ મિત્રો અને પડોશીઓ સાથે અર્થપૂર્ણ વાર્તાલાપ શરૂ કરવા અને જાળવી રાખવા માટે જરૂરી કુશળતા, ક્ષમતાઓ, વલણ અને આધ્યાત્મિક ગુણો પ્રદર્શિત કરશે. અહીં ખાસ કરીને, જ્યારે તેઓ પુસ્તક 5 સુધી પહોંચે છે, ત્યારે રુહી સંસ્થાના અભ્યાસક્રમોની મુખ્ય શ્રેણીમાં વિદ્યમાન ક્ષમતા-નિર્માણની પ્રક્રિયાનું મહત્વ- સેવાના માર્ગ પર ચાલવાના સંદર્ભમાં કલ્પના કરાયેલી પ્રક્રિયા-સ્પષ્ટ થઈ જશે. કિશોરોના જૂથને તેમના આધ્યાત્મિક સશક્તિકરણ માટે ત્રણ વર્ષના કાર્યક્રમમાં સામેલ કરવું એ એક પડકારયુક્ત સેવા-કાર્ય છે, અને આમ કરવા માટેના નવોદિત અનુપ્રેરકોના પ્રયત્નો મોટા પ્રમાણમાં હમણાં સુધીમાં આ માર્ગ પર ધીરે ધીરે નિર્માણ કરેલી ક્ષમતા પર નિર્ભર રહેશે.

આ પુસ્તકનો પહેલો એકમ, "જીવનની વસંતઋતુ", એવા ગુણો પર ધ્યાન કેન્દ્રિત કરે છે જેનું પ્રભૂધર્મના લખાણો સૂચન કરે છે કે જે યુવાનીના સમયગાળાને વિશિષ્ટ બનાવે છે તેના સંદર્ભમાં હાથ ધરવામાં આવેલા વિશ્લેષણમાંથી, પ્રભૂધર્મ અને માનવતાની સેવામાં દરેક પેઢીના યુવાનો દ્વારા આપવામાં આવેલા યોગદાનની દીર્ઘદ્રષ્ટિ ધીરે ધીરે ઉભરી આવે છે. ટ્યુટર એ સુનિશ્ચિત કરવા માંગશે કે સહભાગીઓ, એકમમાં જે દીર્ઘદ્રષ્ટિ પ્રગટ થાય છે તેનાથી પરિચિત થાય, કારણ કે આ દીર્ઘદ્રષ્ટિ જ કિશોર આધ્યાત્મિક સશક્તિકરણ કાર્યક્રમની જાણ કરે છે અને તેણે યુવાનોને તેની પ્રવૃત્તિઓમાં જોડવાના તેમના પ્રયત્નોને દિશા આપવી જોઈએ.

વાસ્તવમાં, આ એકમ સહભાગીઓને એક પ્રશ્ન અંગે વિચાર કરવાનું કહીને શરૂ થાય છે કે, જ્યારે કિશોરો 15 વર્ષની ઉંમરે પહોંચી જશે– જેને બહાઈ શિક્ષણોમાં પરિપક્વતાનો ઉંબરો તરીકે જોવામાં આવે છે- અને તેઓ તેમની યુવાવસ્થાનાં સૌથી મહત્વના સમયમાં પ્રવેશ કરશે, ત્યારે તેઓ ત્રણ-વર્ષનો કાર્યક્રમ પૂરો કરે ત્યાં સુધીમાં કિશોરો કઈ વિશેષતાઓ વિકસાવશે એવી તેઓ આશા રાખે છે. ટ્યુટરે સમજવું જોઈએ કે આ કવાયતનો હેતુ કાર્યક્રમની વિગતોનો અભ્યાસ કરવાનો અથવા કિશોરોની સુષુપ્ત શક્તિઓ પર ચિંતન કરવાનો નથી, એવું અન્વેષણ કે જેના પર અનુક્રમે પુસ્તકના ત્રીજા અને બીજા એકમમાં ચર્ચા કરવામાં

આવશે. તેના બદલે, એક યુવા વ્યક્તિની એવી છબી તાત્કાલિક પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે જે આગામી પેઢીના એવા લોકો વચ્ચે સ્થાન ધારણ કરવા માટે તૈયાર છે જેઓ પ્રભૂધર્મને વિજયી બનાવશે અને સંસ્કૃતિની પ્રગતિ માટે પોતાને સમર્પિત કરશે. સહભાગીઓ માટે સ્વાધ્યાય, ટૂંક સમયમાં તેઓ અનુપ્રેરક તરીકે જે પ્રવૃતિ હાથ ધરશે, તે પ્રવૃત્તિની પ્રકૃતિ વિષેની તેમની સમજમાં વધારો કરશે અને તેની અનુગામી ચર્ચાઓ વધુ ગહન અર્થ સમજવામાં મદદ કરશે.

આ પૃષ્ઠભૂમિથી વિપરીત, તેના પછી, આ એકમ પવિત્ર લખાણોમાંથી અનેક ફકરાઓ રજૂ કરે છે જે યુવાવસ્થાને લગતા ચોક્કસ ખ્યાલોને સ્પષ્ટ કરે છે. એકમમાં શરૂઆતમાં રજૂ કરાયેલા ખ્યાલોમાં સેવા, શિક્ષણ અને ભવિષ્ય માટેની તૈયારી વચ્ચેની ક્રિયાપ્રતિક્રિયા (સંબધ) નો સમાવેશ થાય છે, જે કેટલીકવાર યુવા દિમાગને વ્યસ્ત કરી શકે છે. જે સ્પષ્ટ કરવામાં આવ્યું છે તે એ છે કે, જ્યારે જીવનને અખંડતામાં જોવામાં આવે છે, ત્યારે તેના વિવિધ પાસાઓ, એકબીજા સાથે સંઘર્ષમાં ન હોવાને કારણે, એકબીજાને મજબૂત કરવાનું કાર્ય કરી શકે છે. વિભાગ 10 નો સ્વાધ્યાય સહભાગીઓને 'વ્યવહારિક દ્રષ્ટિ' નો અર્થ શું છે તેના વિશે વિચાર કરવામાં મદદ કરશે. કાળજી લેવાની જરૂર છે, કે જેથી તેઓ યાંત્રિક રીતે સ્વાધ્યાય પૂરો નહિ કરે અને જીવનની ચોક્કસ પસંદગીઓ અને વિચારવાની રીતો કેવી રીતે કાલ્પનિક દ્વિધાઓને  જન્મ આપે છે તેના વિશે અને તેઓ જે તણાવ પેદા કરે છે તેના વિશે સમજવામાં નિષ્ફળ જાય નહિ.

એકમમાં ચર્ચા કરવામાં આવેલો બીજો એક ખ્યાલ, જે તેના ઉદ્દેશના કેન્દ્રમાં છે, તે બેવડા નૈતિક ઉદ્દેશનો છે. અલબત્ત, સહભાગીઓ, તેમના અગાઉના પુસ્તકોના અભ્યાસમાંથી આ ખ્યાલથી પરિચિત હશે. અહીં તેની વધુ ગહન રીતે ચર્ચા કરવામાં આવી આવે છે, અને તેઓએ તેના વિશ્લેષણ માટે સમર્પિત વિભાગો પર વિશેષ ધ્યાન આપવું જોઈએ, જે દ્વિપરિવર્તન – વ્યક્તિગત સ્તરે અને સમાજના ઢાંચામાં પરિવર્તન-ના વર્ણનથી શરૂ થાય છે જેની બહાઈ લખાણોમાં પરિકલ્પના કરવામાં આવી છે. તેના પ્રકાશમાં આ એકમ સૂચવે છે કે, યુવાનોને તેમના પોતાના બૌદ્ધિક અને આધ્યાત્મિક વિકાસની જવાબદારી લેવાના અને સમાજની પ્રગતિમાં કાયમી યોગદાન આપવા માટેના ઉદ્દેશની મજબૂત સમજથી સંતૃપ્ત થવું જોઈએ. તે આગળ દાવો કરે છે, નૈતિક ઉદ્દેશના આ બે પાસાઓ એકબીજાના પૂરક અને મૂળભૂત રીતે અવિભાજ્ય છે, કારણ કે એક વ્યક્તિના નૈતિક આદર્શો અને આચરણ તેના પર્યાવરણને આકાર આપે છે અને બદલામાં, તેનાથી ગહન રીતે પ્રભાવિત થાય છે. કેટલાક સહભાગીઓને આ દાવાનો અર્થ સમજવો પડકારજનક લાગી શકે છે, જેની વિભાગ 16 ના સ્વાધ્યાયમાં સમીક્ષા કરવામાં આવી છે. પ્રબળ વૈશ્વિક દૃષ્ટિકોણ-જે એક તરફ, વ્યક્તિત્વ અને વ્યક્તિગત સ્વતંત્રતા પર ખૂબ વધારે ભાર મૂકે છે અથવા બીજી તરફ , સામાજીક તાકતો અને રાજકીય પ્રક્રિયાઓના મહત્વનો અતિરેક કરે છે – ટે વાસ્તવિકતાને ત્રાંસી કરી શકે છે અને એવી માન્યતાઓ અને વિચારોની શૈલીને આકાર આપી શકે છે, જે ઘણીવાર અસ્પષ્ટ હોય છે. જૂથ સાથે સ્વાધ્યાય પૂરો કરતી વખતે, ટ્યૂટરે પડકાર વિશે જાગૃત હોવું જોઈએ અને જો જરૂરી હોય તો, વિભાગમાં ટાંકવામાં આવેલા ધર્મ-સંરક્ષકના નિવેદન સાથે સુસંગત ન હોય તેવા નિવેદનોને ઓળખવામાં તે તેના સભ્યોને મદદ કરી શકે છે. એવા

પ્રસ્તાવ સાથે બેવડા ઉદ્દેશના ખ્યાલનું વિશ્લેષણ પૂરું થાય છે કે, તે ફક્ત સેવાનું ક્ષેત્ર જ છે જેમાં આવા ઉદ્દેશને સાકાર કરી શકાય છે. એકમ દલીલ કરે છે, સેવા વ્યક્તિગત સુષુપ્ત શક્તિઓની પરિપૂર્ણતાને સમાજની પ્રગતિ સાથે જોડે છે.

બીજા એકમનું શીર્ષક "સાંભવનાઓની વય" છે, અને તે કિશોરો અને તેમની પાસે રહેલી અપાર શક્તિઓ સાથે સંબંધિત છે. તે તેનો અભ્યાસ કરનારા લોકોના મનમાં આ સમજને સંગઠિત (દ્રઢ) કરવાનો પ્રયાસ કરે છે કે કિશોરો એક અલગ વય-જૂથના સભ્યો છે જેની પોતાની વિશિષ્ટ લાક્ષણિકતાઓ છે – એવી લાક્ષણિકતાઓ જે કોઈ શંકાને છોડતા નથી કે, તેમની સાથે બાળકો જેવુ વર્તન કરવું ભૂલભરેલું હશે, એવી રીતે જ તેના સારમાં પુખ્તવયના કાલ્પનિક સંસ્કરણનું અનુકરણ કરવા માટે તેમને પ્રોત્સાહિત કરવું ગેરમાર્ગે દોરનારું હશે, જેને વધુને વધુ સ્થાને મૂળિયાં ધારણ કરતાં જોઈ શકાય છે. આ એકમ એ સ્પષ્ટ કરવાની આશા રાખે છે કે બહાઈ સમુદાય દ્વારા આ વયજૂથ પ્રત્યે અપનાવવામાં આવેલ અભિગમ, જે પ્રભૂધર્મના લખાણો દ્વારા આકાર લે છે અને બાળ રૂહુલ્લાહ જેવા ઉદાહરણો દ્વારા પ્રેરિત છે, તે પ્રચલિત ધારણાઓ અને સિદ્ધાંતો પર આધારિત અભિગમોથી ધરમૂળથી અલગ છે, જેમાંથી અનેક ધારણાઓ અને સિદ્ધાંતો કિશોરોને બળવાખોર અને કટોકટીનો શિકાર તરીકે દર્શાવે છે.

ઉપરોક્ત ઉદ્દેશોને ધ્યાનમાં રાખીને, આ એકમ પ્રારંભિક કિશોરાવસ્થાનું સ્વરૂપ કે પ્રકૃતિ પર થોડી નજર નાખે છે અને પછી સહભાગીઓને આ વય-જુથમાં યુવાનોની વધતી જાગૃતિને યોગ્ય રીતે દોરવણી આપવાના પડકાર પર વિચાર કરવાનું કહે છે. આમાં, એકમ ચેતવણી આપે છે કે: આવા પ્રયત્નોએ કેટલાક કાર્યક્રમોના જોખમોને ટાળવું જોઈએ, જે જીવનના આ રચનાત્મક તબક્કામાં બીજા લોકોની નિઃસ્વાર્થ સેવા તરફ વધતી જતી આત્મ-જાગૃતિને દોરવણી આપવાને બદલે, તે "સ્વ" તરફ વળ્યા છે અને, દુર્ભાગ્યપણે, તેમને "આગ્રહી સ્વ" ના બંદી બનાવ્યા છે. વિભાગ 5 થી 9 સહભાગીઓને બહાઈ લખાણોમાંથી સંબંધિત અવતરણોની શ્રેણી દ્વારા આ મુશ્કેલીના કેટલાક સૂક્ષ્મ જોખમો વિશે ચેતવણી આપવાનો પ્રયાસ કરે છે. એકમ પ્રારંભિક કિશોરોના જીવન પર સામાજિક પર્યાવરણની અસરોને ધ્યાનમાં લે છે, પરસ્પર સમર્થનના પર્યાવરણ તરીકે "કિશોર જૂથ" ના ખ્યાલનો પરિચય આપે છે, અને આવા કિશોર જૂથોના અનુપ્રેરક તરીકે સેવા આપવા માટે ઊભા થતા લોકો દ્વારા ધારણ કરવામાં આવતા વલણની વ્યાખ્યા આપે છે.

બીજો એકમ પૂરો થતાં ત્રીજું એકમ, "અનુપ્રેરક તરીકે સેવા આપવી" શરૂ થાય છે જે એક અર્થમાં, સેવાના આ કાર્યની પ્રકૃતિ સાથે સહભાગીઓને વધુ પરિચિત કરવાનો પ્રયાસ કરે છે. કિશોર જૂથના કેટલાક લક્ષણોની સમીક્ષા કર્યા પછી, આ એકમ સાહિત્ય-સામગ્રીની ચર્ચા શરૂ કરે છે, જેનો અભ્યાસ આ કાર્યક્રમના મુખ્ય ભાગને પ્રસ્તુત કરે છે. એકમનો મોટો હિસ્સો આ ચર્ચા માટે આપવામાં આવ્યો છે, અને ટ્યૂટરે તેના ઉદ્દેશ્યને સારી રીતે સમજવું જોઈએ, જે ફક્ત સહભાગીઓ માટે સાહિત્ય-સામગ્રીનું વર્ણન કરવા પૂરતો નથી પરંતુ આધ્યાત્મિક સશક્તિકરણની પ્રક્રિયામાં કઈ બાબતો સામેલ છે અને સાહિત્ય-સામગ્રી કેવી રીતે તેની

ગતિશીલતાને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરે છે, તેની તેમને અંત:દ્રષ્ટિ પૂરી પાડે છે. આખા એકમમાં સાહિત્યમાંથી લેવામાં આવેલા અંશો સામેલ છે, પરંતુ બે પાઠ્યપુસ્તકો- સમુષ્ટિની સુરભી અને આસ્થાની ચેતનાનું સંપૂર્ણ વિશ્લેષણ કરવામાં આવ્યું છે અને અને સહભાગીઓને તેની નકલો તેમની પાસે રાખવાની જરૂર પડશે.

આધ્યાત્મિક સશક્તિકરણના પ્રશ્ન માટે, સામાન્ય રીતે, ટ્યૂટરો દ્વારા મોટા પ્રમાણમાં વિચાર અને ચિંતનની જરૂર છે. ખરેખર, સંસ્થાના અભ્યાસક્રમો દ્વારા ગતિશીલ શૈક્ષણિક પ્રક્રિયાને, અંતિમ વિશ્લેષણમાં, નૈતિક અને આધ્યાત્મિક સશક્તિકરણના એક સાધન તરીકે જોઈ શકાય છે, જેના દ્વારા જીવનના તમામ ક્ષેત્રો અને દરેક પૃષ્ઠભૂમિના લોકો ઉભા થવા અને એક બહેતર વિશ્વના નિર્માણમાં ભાગ લેવા સક્ષમ બને છે. અહીં કાર્યરત શક્તિની વિભાવના પ્રચલિત વ્યાખ્યાઓથી ઘણી અલગ છે જે તેને પ્રભુત્વ મેળવવા અથવા અન્યને પોતાની ઇચ્છાઓ અને માંગણીઓને સ્વીકારવા માટે પ્રેરિત કરવાના હેતુ સાથે સાંકળે છે. તેના બદલે, તેનો ઉદ્દેશ માનવ આત્માની શક્તિઓ: એકતાની શક્તિ, પ્રેમની શક્તિ, વિનમ્ર સેવાની શક્તિ, શુદ્ધ કાર્યોની શક્તિના પ્રવાહ માટે ચેનલો બનવાનું છે: આવી પ્રક્રિયાને આગળ વધારવા માટે જરૂરી ગતિશીલતામાં કેવી રીતે યોગદાન આપવું – તેને વેગ આપવો - તે ટ્યૂટર તરીકે સેવા આપવાના કાર્યના કેન્દ્રમાં છે અને એક પછી બીજા જૂથને આ અભ્યાસક્રમોના અભ્યાસમાં જોડવાના અનુભવ સાથે, દરેક ટ્યૂટર તેમાં સામેલ અનેક પરસ્પર સંકળાયેલા પરિબળોની ઝલક મેળવી શકે છે, જેમાંથી સાચી સમજણનો વિકાસ કરવા કરતાં વધુ શક્તિશાળી બીજું કોઈ નથી.

આ પુસ્તકમાં, ટ્યૂટર સમક્ષ રહેલી આગામી પેઢી અને શૈક્ષણિક પ્રક્રિયાની ચિંતા જે કિશોરોને તેમની ઉભરતી શક્તિઓને ફળદાયી રીતે ઉપયોગમાં લેવા સક્ષમ બનાવશે તેની પ્રકૃતિ તરફ આગળ લઈ જાય છે. આ પ્રક્રિયાના કેન્દ્રમાં વિચાર અને અભિવ્યક્તિની પરસ્પર બળ પૂરું પાડતી શક્તિઓ છે. અમૂર્ત વિચારમાં જોડાવાની મનની શક્તિ, જે પ્રારંભિક કિશોરાવસ્થા દરમિયાન નાટકીય રીતે વધે છે, તે કિશોરોમાં મજબૂત બને છે કારણ કે તેઓ સંબંધિત વૈજ્ઞાનિક, નૈતિક અને આધ્યાત્મિક ખ્યાલોને તેમની આસપાસના વિશ્વના તેમના વિશ્લેષણ અને સમાજ સાથે ક્રિયા-પ્રતિક્રિયા કરવાના તેમના પ્રારંભિક પ્રયાસોના સંદર્ભમાં લાગુ કરવાનું શીખે છે. ભલે ગમે તેટલું મહત્વપૂર્ણ હોય છતાં, તર્કસંગત વિશ્લેષણની શક્તિને આધ્યાત્મિક અનુભૂતિની જરૂર છે. તેના દ્વારા, સમજણના માર્ગો ખૂલે છે, જે ફક્ત માનસિક શક્તિઓના ઉપયોગ દ્વારા જ ઉપલબ્ધ નથી. તેથી, જો કિશોરો સંગીન નૈતિક પસંદગીઓ કરવા માંગતા હોય તો તેઓને આધ્યાત્મિક શક્તિઓને ઓળખવામાં અને આધ્યાત્મિક સિદ્ધાંતોને શોધી કાઢવામાં મદદ કરવી જોઈએ. કે વ્યક્તિના વિચારો અને વર્તનને સંચાલિત કરતું નૈતિક માળખું ભાષાના બંધારણ સાથે ગાઢ રીતે જોડાયેલું છે જેમાં તે અથવા તેણી જે વિચાર વ્યક્ત કરે છે તે પરિકલ્પિત શૈક્ષણિક પ્રક્રિયાનો મૂળભૂત આધાર છે. પુસ્તક 5 ના પ્રથમ બે એકમોએ આ પ્રક્રિયામાં જે કોઈ આંતરદૃષ્ટિ પ્રદાન કરી હોય, જરૂરિયાત મુજબ, ત્રીજા એકમના વિભાગ 5 થી 19 આ કાર્યક્રમમાં ઉપયોગમાં લેવામાં આવેલા પાઠ્યપુસ્તકોમાંથી લેવામાં આવેલા ઉદાહરણો

પર ધ્યાન કેન્દ્રિત કરીને, તેના વિવિધ પરિમાણોને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરે છે. દરેક ટ્યુટર એક જૂથને તેના માટે તૈયાર કરવા માટે આ વિભાગોની કાળજીપૂર્વક સમીક્ષા કરશે. એવી આશા છે કે સહભાગીઓ તેમના અભ્યાસમાંથી વિવિધ સંસ્કૃતિઓમાં કિશોરોને સશક્ત કરવા માટેના પાઠ્યક્રમોની સુષુપ્ત શક્તિઓની સમજ લઈને જશે.

આ ચર્ચાના પ્રકાશમાં, તેના પછી, સહભાગીઓને બે સંપૂર્ણ પાઠ્યપુસ્તકોનું વિશ્લેષણ કરવાની તક આપવામાં આવે છે, તેમાંથી એક "બહાઈ-પ્રેરિત" ની શ્રેણીમાં આવે છે અને બીજુ પુસ્તક સ્પષ્ટ રીતે આ કાર્યક્રમના બહાઈ ઘટકનું પ્રતિનિધિત્વ કરે છે. આ બે શ્રેણીનો એકમની શરૂઆતમાં સહભાગીઓને પરિચય આપવામાં આવે છે, અને સંપુષ્ટિની સુરભી અને આસ્થાની ચેતનાની તેમની સમીક્ષાનો હેતુ તેમને એ જોવામાં મદદ કરવાનો છે કે કેવી રીતે, તેમાં વિષયો અને ખ્યાલોની ચર્ચા કરવામાં આવી છે અને તેમાં ઉપયોગમાં લેવાતી ભાષામાં, બંને પાઠ્યપુસ્તકો ઉપર વર્ણન કરવામાં આવેલા કાર્યક્રમના ઉદ્દેશોમાં ફાળો આપે છે. ઉદાહરણ તરીકે, પહેલાં પાઠ્યપુસ્તકમાં ચર્ચા કરવામાં આવેલ સંપુષ્ટિનો ખ્યાલ - કે જો કોઈ વ્યક્તિ યોગ્ય લક્ષ્યો તરફ પ્રયાસ કરે છે, તો તે દૈવી સંપુષ્ટિઓને આકર્ષિત કરશે – તે દરેક જગ્યાએ કિશોરોના મન-માનસમાં ગુંજવા લાગે છે. પાઠ્યપુસ્તકના અભ્યાસ દ્વારા તેઓ જે સમજણ મેળવે છે તે તેમને નવા અને પડકારરૂપ કાર્યો હાથ ધરતી વખતે, વર્તનમાં આક્રામક બન્યા વગર અને “સ્વ” પર વધારે પડતો ભાર આપ્યા વગર, ગભરાટ અને આત્મવિશ્વાસની ઉણપને દૂર કરવામાં મદદ કરતું હોય તેવું લાગે છે. આ રીતે, પુસ્તકમાં પ્રગટ થતી સરળ પણ ગહન વાર્તા, જેનો સામાન્ય રીતે કિશોરો દ્વારા સૌથી પહેલાં અભ્યાસ કરવામાં આવે છે તે, ઘણાને એક એવા માર્ગ પર પ્રસ્થાપિત કરે છે જે તેમને ઓછામાં ઓછા અમુક અંશે, સમાજના સંબંધોને છિન્નભિન્ન કરી રહેલી તકતોથી રક્ષણ આપે છે, જે તાકતો તેમની ઉમદા વ્યક્તિ તરીકેની તેમની સાચી ઓળખ છીનવી લે છે.

તેવી જ રીતે, આસ્થાની ચેતનામાં આપવામાં આવેલ ખ્યાલોની સ્પષ્ટતા દરેક પૃષ્ઠભૂમિના કિશોરોને જીવનના આ તબક્કા દરમિયાન મનમાં આવતા દાર્શનિક મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચિંતન કરવા અને આધ્યાત્મિક અને ભૌતિક વચ્ચેના જટિલ સંબંધો સમજવામાં મદદ કરે છે. આ ખ્યાલોમાં, ઉદાહરણ તરીકે, ભૌતિક ઉત્ક્રાંતિ અને માનવ ચેતનાનું પ્રગટીકરણ સામેલ છે. ટ્યૂટરે સમજવું જોઈએ કે, પુસ્તક 5 નો અભ્યાસ કરતા અને અનુપ્રેરક બનવાની ઈચ્છા ધરાવતા ઘણા યુવાનો માટે, જ્યાં સુધી તેઓ કિશોર તરીકે આધ્યાત્મિક સશક્તિકરણ કાર્યક્રમ પૂર્ણ ન કરે ત્યાં સુધી, આસ્થાની ચેતનાની સમીક્ષા તેમના માટે તેમાં પ્રસ્તુત ખ્યાલોનું વ્યવસ્થિત રીતે વિશ્લેષણ કરવાની પહેલી તક પૂરી પડશે, અને તેમણે તેના સૂચિતાર્થો વિષે વિચાર કરવા માટે જરૂરી સમય આપવો જોઈએ.

આ સમીક્ષાના સમાપન પર, સહભાગીઓને વિજ્ઞાન અને ધર્મ વચ્ચે સુમેળના સિદ્ધાંત વિષે, પાઠ્યપુસ્તકમાં સ્પષ્ટ રીતે ચર્ચા કરવામાં આવેલ એક ખ્યાલ તરીકે નહિ પરંતુ સમગ્ર ચર્ચાના આધાર તરીકે

ચિંતન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. તેમાં સૂચન કરવામાં આવ્યું છે કે વિજ્ઞાન અને ધર્મને જ્ઞાન અને વ્યવહારની બે પરસ્પર પૂરક પદ્ધતિઓ તરીકે જોઈ શકાય છે જેના દ્વારા સંસ્કૃતિ આગળ વધે છે. સહભાગીઓએ, ખાસ કરીને જેઓ સેવાના આ ક્ષેત્રમાં પ્રવેશવાની તૈયારી કરી રહ્યા છે તેમણે આ ચિંતનનું મહત્વ સમજવું જોઈએ. છેવટે, જો વાસ્તવિકતાની વધુ સંપૂર્ણ સમજણ મેળવવી એ આધ્યાત્મિક સશક્તિકરણની પ્રક્રિયાનું અભિન્ન અંગ છે, તો કિશોરો માટેના પાઠ્યપુસ્તકો જ્ઞાનના આ બંને સ્રોતો પર ધ્યાન કેન્દ્રિત કરતા હોવા જોઈએ.

જ્યારે કાર્યક્રમમાં ભાગ લેતા કિશોરોનું કોઈપણ જૂથ પ્રાથમિક રીતે સાહિત્યના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરશે ત્યારે, તેઓ તેની સાથે અન્ય પ્રવૃત્તિઓ પણ સાથે મળીને હાથ ધરશે. તેમાં સેવા પરિયોજનાઓ, રમતગમત, કલા અને હસ્તકલા અને પ્રસંગોપાત ખાસ કાર્યક્રમોનો સમાવેશ થાય છે. વિભાગ 25 અને 26 આ પ્રવૃત્તિઓને લગતા કેટલાક સિદ્ધાંતો અને વિચારો રજૂ કરે છે પરંતુ એવી નોંધ સાથે વધુ વિગતવાર ચર્ચા કરવાનું ટાળે છે, કે સ્થાનિક સંજોગો અનુસાર તેમની પ્રવૃતિઓનું આયોજન કરવાની જરૂર પડશે. તેમ છતાં, એવી આશા રાખવામાં આવે છે કે આ કાર્યક્રમમાં સેવા પરિયોજનાની ડિઝાઇન (રચના કે રૂપરેખા) અને અમલીકરણ પર ભાર મૂકવામાં આવશે, કારણ કે સેવા એક ક્ષેત્ર પૂરું પાડે છે જેમાં અગાઉ ઉલ્લેખિત બેવડો નૈતિક ઉદ્દેશ પ્રગટ થઈ શકે છે. આમાં, સહભાગીઓએ સમજવું જોઈએ કે આવી પરિયોજનાઓ સાથી અનુપ્રેરકો સાથેની બેઠકોમાં વારંવાર પરામર્શનો વિષય હશે.

અનુપ્રેરકના કાર્યને લગતી ઘણી બાબતોની ચર્ચા કરીને, કિશોર જૂથની રચનામાં કેવી રીતે મદદ કરવી, પ્રથમ કેટલીક મીટિંગોનું કેવી રીતે આયોજન કરવું, અને કાર્યક્રમની પ્રકૃતિ અને પ્રગતિ વિશે માતાપિતા સાથે તેમના પુત્રો અને પુત્રીઓની પ્રગતિ વિશે કેવી રીતે વાતચીત કરવી તે અંગેની આંતરદૃષ્ટિની આપ-લે કરીને આ એકમ સમાપ્ત થાય છે. શરૂઆતથી જ, સહભાગીઓએ એ વાત સમજી લેવી જોઈએ કે અનુપ્રેરક તરીકે અસરકારક રીતે સેવા આપવા માટે જરૂરી ક્ષમતાઓ સમયાંતરે સતત અનુભવ અને પુસ્તક 5માંથી પ્રસ્ફુટિત અભ્યાસક્રમોના અભ્યાસ દ્વારા વિકસે છે. તે કિશોરોના શિક્ષણ પ્રત્યે પ્રતિબદ્ધતાના સ્તરની માંગ કરે છે અને અનેક યુવાનોએ તેમની કિશોરાવસ્થાના અંતમાં અને વીસના દાયકાના પ્રારંભમાં-તેમના જીવનની વસંતઋતુમાં-તેને પ્રાપ્ત કરવાની ક્ષમતા દર્શાવી છે. તે પછી, તેમના સમૂહમાંથી વધતી સંખ્યામાં એવા લોકો આગળ આવશે, જેઓ સેવાના આ વિશિષ્ટ માર્ગને અનુસરશે, એક પછી બીજા જૂથને આ આધ્યાત્મિક સશક્તિકરણ કાર્યક્રમમાં જોડશે, અને એવી રીતે તેઓ, સુનિશ્ચિત કરશે કે આગામી પેઢીનું વચન પરિપૂર્ણ થાય.



# જીવનની વસંતઋતુ

## ઉદ્દેશ

કિશોરોને તેમના આધ્યાત્મિક વિકાસ માટેના કાર્યક્રમમાં
સામેલ કરવા માટેની પૂર્વશરત તરીકેના
કેટલાક લક્ષણોની સમજ પ્રાપ્ત કરવી
જે યુવાનોને વિશિષ્ટ બનાવે છે

## વિભાગ ૧

એક વ્યક્તિના જીવનમાં બારથી પંદર વર્ષની વચ્ચેનો સમયગાળો ખૂબજ વિશેષ સમયનું પ્રતિનિધિત્વ કરે છે, કારણકે આ વર્ષો દરમિયાન તે બાળપણને પાછળ છોડીને ગહન પરિવર્તનમાંથી પસાર થાય છે. તે હજી તેની પૂર્ણ યુવાનીમાં નથી, આ વયજૂથના લોકોને ઘણીવાર 'કિશોર' તરીકે ઓળખવામાં આવે છે. કિશોરોને એવી પ્રવૃતિઓમાં સહભાગી બનાવવા જે તેમની આધ્યાત્મિક અને બૌધિક ક્ષમતાઓનો વિકાસ કરવાનો પ્રયત્ન કરવા અને તેમના સમુદાયની કાર્યપ્રવૃત્તિઓમાં અસરકારક રીતે ભાગ લેવા તેમને તૈયાર કરવાનો પ્રયત્ન કરે છે, તે સૌથી નોંધપાત્ર એક સેવા-કાર્ય છે. આ પુસ્તકના ત્રણ એકમો એવા કેટલાક ખ્યાલો, કોશલ્યો, ગુણો અને વલણો ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે, અને અનુભવ દર્શાવે છે કે આ બાબતો રૂહિ સંસ્થા દ્વારા નિર્ધારિત કિશોરોના આધ્યાત્મિક સશક્તિકરણના કાર્યક્રમનો અમલ કરવા ઈચ્છતા લોકો માટે જરૂરી છે.

જે પ્રવૃત્તિઓ આ કાર્યક્રમની રચના કરે છે તેનું સામાન્ય રીતે, સ્થાનિક સ્તરે નાના જૂથોમાં સંચાલન કરવામાં આવે છે. જૂથના પ્રયત્નોને અનુપ્રાણિત કરતી એક વ્યક્તિ તરીકે, તમે કેટલાક કિશોરોના આધ્યાત્મિક અને બૌધિક વિકાસની ચિંતા કરશો જેઓ પ્રમાણમાં ખૂબજ ઓછા સમયમાં પંદર વર્ષની વયે, પરિપકવતાના ઉંબરે પહોંચી જશે, જ્યારે તેઓ નવી જવાબદારીઓનો સ્વીકાર કરશે. આ પ્રથમ એકમમાં, આપણેં કિશોરોના ગુણો ઉપર વધારે પડતો વિચાર નહિ કરતાં યુવાનોએ કેવી રીતે તેમનો વિકાસ કરવો જોઈએ તેના સંદર્ભમાં પ્રભુધર્મના ગ્રંથો જે પ્રકારના સૂચન કરે છે તેના ઉપર વિચાર કરીશું. તમે જે ફકરાઓનો અભ્યાસ કરશો તેના પરથી સ્પષ્ટ થઈ જવું જોઈએ કે એવા ઘણા લક્ષણો છે જે દરેક યુવા પેઢીને વિશિષ્ટ બનાવે છે અને એવી ખાસ શક્તિઓ છે જેનાથી તેમના જીવનનું ઘડતર થવું જોઈએ. બની શકે છે કે તમે પણ એક યુવાન હોય અને તમે તમારી કિશોરાવસ્થાની પૂર્ણતાના આરે હોય અથવા તમારી ઉંમર ૨૦ વર્ષની આસ-પાસ હોય, એવી સ્થિતીમાં આ એકમમાં પ્રસ્તૃત સાહિત્ય-સામગ્રી તમને તમારા પોતાના ઉદ્દેશો અને પ્રાથમિકતાઓનું વિષ્લેષણ કરવાની તક પૂરી પાડશે.

## વિભાગ ૨

શરૂ કરવા માટે, તમે ટૂંક સમયમાં જે કિશોર જૂથ સાથે કામ કરશો તેના વિશે વિચાર કરો. આગામી ત્રણ વર્ષ દરમિયાન તમે તેમની સાથે વારંવાર મળશો, અને એક સાચા મિત્ર તરીકે સાથે મળીને અભ્યાસ કરવામાં અને વિચારોનું વિશ્લેષણ કરવામાં, સરળ સેવા પરિયોજનાનું આયોજન કરવામાં અને તેને કાર્યાન્વિત કરવામાં, અને આવા અનુભવોમાંથી તેઓ શું શીખે છે તેના ઉપર ચિંતન કરવામાં તમે તેમની મદદ કરશો. આ ત્રણ વર્ષના અંતે, જ્યારે તેમણે આ કાર્યક્રમ પૂરો કર્યો હશે તેના વિશે વિચાર કરવા માટે થોડો સમય આપવો તમારા માટે મૂલ્યવાન સાબિત થશે. જે લક્ષણો તમારા યુવા મિત્રોને વિશિષ્ટ બનાવશે એવી તમને આશા છે તેની તમારા મનમાં સ્પષ્ટતા કરવા માટે, આ કોર્ષમાં તમારા સાથી સહભાગીઓ સાથે નીચેનો સ્વાધ્યાય પૂરો કરો.

૧. શું તમે જે યુવાનોની કલ્પના કરી રહ્યા છો તેઓ ઉદ્દેશની ઉચ્ચ સમજથી વિશિષ્ટ હશે ? તેમના મતે આ ઉદ્દેશ શું હશે ?____________________________________________
____________________________________________________________
____________________________________________________________

૨. તેઓ તેમની મોટાભાગની શક્તિઓ શેના ઉપર કેન્દ્રિત કરશે એવી તમે આશા રાખો છો ?

____________________________________________________________

____________________________________________________________

૩. તેમના આદર્શો માટે કાર્ય કરવામાં તેમને કઈ બાબત પ્રેરણા આપશે? ____________________

____________________________________________________________

____________________________________________________________

૪. માનવજાત આજે જે પડકારોનો સામનો કરી રહી છે તેના વિશે તેઓ કેવી રીતે જાગૃત થશે એવી તમે અપેક્ષા રાખો છો? શું તેમને વિશ્વાસ હશે કે આ દુનિયાને એક બહેતર જગ્યા બનાવવામાં તેઓ ખરેખર યોગદાન આપી શકશે? ________________________________________

____________________________________________________________

____________________________________________________________

૫. તમે સહજ રીતે ઈચ્છશો કે તમે તેમની સાથે પસાર કરેલા સમયગાળા દરમિયાન તેઓ શીખવા પ્રત્યેના ચોક્કસ પ્રકારના વલણનો વિકાસ કરે. નીચે આપેલા વિધાનોમાં આ વલણ પ્રતિબિંબિંધ થાય છે. શું તમે તેમાં બે કે ત્રણ વિધાનો ઉમેરી શકો છો?

—તેઓ અભ્યાસુ હશે અને તેઓ જે કંઈ શીખે છે તેનો ક્રિયામાં અમલ કરવાનો પ્રયત્ન કરશે.

—તેમનામાં તેમની ક્રિયાના પરિણામો વિશે ચિંતન કરવાની ટેવ હશે.

—તેઓ ખુલ્લા મનના હશે અને તેમનામાં વિનમ્રતાથી શીખવાનું વલણ હશે.

—તેમની પાસે માનવજાતની સેવા કરવા માટે તેમની ક્ષમતાનો વિકાસ કરવાની તીવ્ર ઈચ્છા હશે.

—તેઓ જે કંઈ કરતા હશે તેમાં ઉત્કૃષ્ટતા હાંસલ કરવાની તીવ્ર ઈચ્છા ધરાવતા હશે.

—તેઓ વિજ્ઞાન અને કલાના અભ્યાસ માટે તીવ્ર ઈચ્છા ધરાવતા હશે.

—માનવજાતની પ્રગતિ માટે કાર્ય કરવાનું શીખવામાંથી તેઓ એટલો જ આનંદ મેળવશે જેટલો તેઓ એક વ્યક્તિ તરીકેના તેમના પોતાના બૌધિક અને આધ્યાત્મિક વિકાસમાંથી આનંદ મેળવશે.

—______________________________________________________

—______________________________________________________

—______________________________________________________

૬. નીચેના પૈકી કયા વિધાનો, તમારા મનમાં જે પ્રકારના યુવા વર્ગની છબી છે અને તેઓ જે પ્રકારનું વર્તન કરશે તેનું વર્ણન કરે છે?

— તેમના આદર્શો વત્તા-ઓછા પ્રમાણમાં વિશ્વવ્યાપી વલણો અને ફેશન દ્વારા યુવાનો માટે નિર્ધારિત આદર્શો સાથે સુસંગત હશે.

— તેમના જીવનને સંચાલિત કરવાના આદર્શો માટે તેઓ પ્રચલિત મિડિયા (પ્રચાર પ્રસાર માધ્યમો) તરફ નજર કરશે.

— તેઓ એવા લોકોના પગલાંનું અનુસરણ કરશે જેઓ દુર્જેય પડકારો હોવાછતાં, ઉચ્ચ નૈતિક આદર્શોનું અનુસરણ કરવાનો પ્રયત્ન કરે છે.

— જયારે તેમના કાર્યો તેમની માન્યતાઓથી વિપરિત હોય, જો એવી પરિસ્થિતિ ઉભી થાય તો, તેઓ તેને શોધી કાઢવામાં સક્ષમ બનશે.

—તેઓ માનવજાતનું એકત્વ, સ્ત્રી અને પુરૂષની સમાનતા, અને ન્યાય જેવા આદર્શોમાં વિશ્વાસ રાખશે, પરંતું તેમના કાર્યો એવા સમાજમાં સ્વીકૃત ધોરણોને વધારે ગહન રીતે પ્રતિબિંબિત કરશે કે જે સમાજ આવા આદર્શોના વક્તવ્યોમાં નિપૂણ હોવાછતાં, વ્યવહારમાં તેનું પાલન કરવામાં નિષ્ફળ જાય છે.

—એવા સામાજિક પર્યાવરણમાં, જે ઉચ્ચ આદર્શોનું સમર્થન કરતું નથી તેમાં આરામદાયક રીતે જીવન જીવવા માટે તેઓ ઉચ્ચ આદર્શોને ત્યજી દેશે.

૬. નીચેના વિધાનો શુધ્ધ અને પવિત્ર જીવનનું મહત્વ અને સૂચિતાર્થો પ્રસ્તુત કરે છે. તમારા મતે તમે જે યુવાનોની કલ્પના કરી રહયા છો તેમના માટે આવા વિધાનોનું મહત્વ ઉપર ચિંતન કરવા માટે સક્ષમ બનવું કેટલું મહત્વનું છે ? શું તમે આ યાદીમાં થોડા બીજા વાક્યો ઉમેરી શકો છો ?

—પોતાના વર્તનમાં ક્ષુલ્લક કે અથહિન નહિ હોવું.

—તુચ્છ અને ભ્રામક સુખથી વિમુખ થવું.

—સંસારિક સુખને તેમના ઉચ્ચ ઉદ્દેશથી વિચલિત કરવાની મંજૂરી નહિ આપવી.

—ઘ. જ્યારે ફેશન અને લત શુધ્ધતા અને પવિત્રતાના આદર્શોથી વિપરિત હોય ત્યારે તેનું અનુસરણ નહિ કરવું.

—એવું વિચારવું કે પવિત્રતાનો અર્થ લગ્નેતર યૌન સબંધ નહિ રાખવા પૂરતો જ સીમીત નથી.

—એક વ્યક્તિ જે પ્રકારના પહેરવેશનો ઉપયોગ કરે છે તેમાં સંયમ રાખવો.

—એક વ્યક્તિ જેવી રીતે વાત કરે છે તેમાં સંયમ રાખવો.

—મનોરંજન માટેની પોતાની પસંદગીમાં સંયમ રાખવો.

—શુશીલતા અને વિનમ્રતાથી વિશિષ્ટ બનવું.

—અદેખાઈ અને ઈર્ષાથી મુક્ત થવું.

—શુદ્ધતા, શિષ્ટાચાર અને શુધ્ધ માનસિકતાથી વિશિષ્ટ બનવું.

—પોતાની નિમ્નત્તર કામના /લાલસાઓને કાબુમાં રાખવા માટે સતર્ક રહેવું

— ____________________________________________

— ____________________________________________

— ____________________________________________

૮. તમે તમારા મિત્રો સાથે પસાર કરેલા થોડા વર્ષો દરમિયાન, નીચેની પરિસ્થિતિઓનો સામનો કરવા માટે તમારા યુવા મિત્રોનું મનોબળ કેટલું મજબૂત હશે એવી તમે આશા રાખો છો ?

—પડકારોનો સામનો કરવા માટે :

—તેમના ઉદ્વેશો હાંસલ કરવા માટેના તેમના પ્રયત્નોમા ધીરજ રાખવા માટે.

—ઉચ્ચ નૈતિક આદર્શોથી વિપરિત કાર્ય કરવા પ્રેરિત કરતા દબાણોનો પ્રતિકાર કરવા માટે.

## વિભાગ ૩

ચાલો હવે આપણે પ્રભુધર્મના લખાણોં માંથી થોડાક અવતરણો તરફ વળીએ અને તે એક યુવાનનું કેવી રીતે વર્ણન કરે છે તેનું વિશ્લેષણ કરીએ. અબ્દુલ-બહા કહે છે :

> **"હે અબ્દુલ-બહાના પ્રિયજન! માનવ જીવનની તેની વસંતઋતુ છે અને તે અદ્‌ભૂત મહિમાથી વિભૂષિત છે. ઉર્જા અને જોશ યુવાવસ્થાના લક્ષણો છે અને તે માનવ જીવનના સૌથી વધારે પસંદગીપૂર્ણ સમય તરીકે અલગ તરી આવે છે. તેથી તમારે દિન-રાત પ્રયત્ન કરવો જોઈએ કે જેથી સ્વર્ગીય શક્તિથી સંપન્ન, તેજસ્વી ઉદેશોથી પ્રેરિત તથા પરમેશ્વરની સ્વર્ગીય શક્તિ અને દિવ્ય કૃપા અને સંપુષ્ટિની મદદથી, તમે માનવ જગતના આભૂષણ બની શકો અને એવા લોકોમાં અગ્રણી બની શકો જેઓ સાચા જ્ઞાન અને પ્રભુ-પ્રેમથી પ્રેરિત છે. માનવીઓ વચ્ચે તમારી શુધ્ધતા અને અનાસક્તિ, ઉદ્વેશની મહાનતા, ઉદારતા, દ્દઢસંકલ્પ, ઉમદા માનસિકતા, દ્દઢતા, તમારા ઉદ્વેશની ઉચ્ચતા અને તમારા આધ્યાત્મિક ગુણોથી તમારે વિશિષ્ટ બનવું જોઈએ; જેથી તમે પ્રભુધર્મની કિર્તી અને મહિમાનું માધ્યમ તથા પરમેશ્વરના દિવ્ય આશીર્વાદોની ઉષા:કાળની ક્ષિતિજ બની શકો; જેથી તમે આશીર્વાદિત સૌદર્યના પરામર્શો અને ઉપદેશોનુસાર તમારું આચરણ કરી શકો- મારું જીવન પ્રભુના પ્રિયજનો માટે અર્પણ થજો- તથા બહાઈ ગુણો અને વિશિષ્ટતાઓને પ્રતિબિંબિત કરીને તમે બીજા કરતા વિશિષ્ટ બની શકો. અબ્દુલ-બહાની તીવ્ર આકાંક્ષા છે કે તમારામાંથી દરેક વ્યક્તિ, માનવીય સંપૂર્ણતાઓની ભૂમિ પર વિચરણ કરતા નિર્ભય સિંહ અને સદગુણોની ધરતી ઉપર ફૂંકાતી કસ્તુરી-સભર સુરભી જેવા બનો."[૧]**

૧. ઉપરોક્ત અવતરણના આધારે નીચેના વાકયો પૂરા કરો :

ક. માનવ જીવનની વસંતઋતુ ______________ થી વિભૂષિત છે.

ખ. ______________ અને ________________ યુવાવસ્થાના લક્ષણો છે.

ગ. યુવાવસ્થા માનવ જીવનના ________________________ તરીકે અલગ તરી આવે છે.

ઘ. યુવાવસ્થા દરમિયાન આપણે દિન-રાત પ્રયત્ન કરવો જોઈએ કે જેથી ______________ થી સંપન્ન, ______________ થી પ્રેરિત તથા પરમેશ્વરની ______________ અને ________________ અને ______________ ની મદદથી આપણે માનવજગતના ______________ બની શકીએ.

ચ. યુવાવસ્થા દરમિયાન આપણે દિન-રાત પ્રયત્ન કરવો જોઈએ કે જેથી આપણે એવા લોકોમાં અગ્રણી બની શકીએ જેઓ ______________ અને ______________ થી પ્રેરિત છે.

છ. યુવાવસ્થા દરમિયાન આપણે આપણી ________________ અને ______________ થી વિશિષ્ટ બનવું જોઈએ.

જ. યુવાવસ્થા દરમિયાન આપણે આપણા ઉદ્દેશની _______________ થી વિશિષ્ટ બનવું જોઈએ.

ઝ. યુવાવસ્થા દરમિયાન આપણે ______________________________, __________________ આપણા ___________________ ની ઉચ્ચતા અને આપણા ________________ ગુણોથી વિશિષ્ટ બનવું જોઈએ.

ટ. યુવાવસ્થા દરમિયાન આપણે ______________ ની કિર્તી અને મહિમાનું ______________ તથા પરમેશ્વરના _________________ ની _______________ બનવું જોઈએ.

ઠ. યુવાવસ્થા દરમિયાન આપણે આશિર્વાદિત સૌંદર્યના _______________ અને ______________ નુંસાર આપણું આચરણ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

ડ. અબ્દુલ-બહાની તીવ્ર આકાંક્ષા છે કે દરેક યુવાન _________________________ ની ભૂમિ ઉપર વિચરણ કરતા એક _______________ અને ________________ની ધરતી ઉપર ફૂંકાતી ________________________ જેવા બની શકો.

૨. તમે એક અથવા બીજી પ્રચલિત માન્યતા સાંભળી હશે કે યુવાનોએ મોજમઝા કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, કારણકે થોડા જ વખતમાં તેમને જીવનની ગંભીર બાબતોનો સામનો કરવો પડશે. સ્પષ્ટ છે કે આ માન્યતા અબ્દુલ-બહાના ઉપરોક્ત વિધાન સાથે સુસંગત નથી. આ પ્રચલિત માન્યતા કઈ ધારણાઓ ઉપર આધારિત છે ? મિત્રોના જે જૂથ સાથે આજે તમે અભ્યાસ કરી રહયા છો તેમની સાથે આ પ્રશ્નની ચર્ચા કરો અને તમારો નિષ્કર્ષ નીચે લખો :

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

_________________________________________________________________

## વિભાગ ૪

નીચેની પ્રાર્થનામાં અબ્દુલ-બહા યુવાનો માટેની તેમની કેટલીક આશાઓ વ્યક્ત કરે છે :

***"હે દયાળુ ઈશ્વર! આ નાનકડા પક્ષીઓમાંથી દરેકને દિવ્ય પાંખોની એક એક જોડ પ્રદાન કરવાની કૃપા કર, અને તેમને આધ્યાત્મિક શક્તિ આપ જેથી તેઓ આ અનંત અંતરિક્ષમાં ઉડાન ભરી શકે અને આભા સામ્રાજ્યની ઉંચાઈઓમાં વિહાર કરી શકે.***

***“હે સ્વામી! આ કુમળા છોડને શક્તિ આપ જેથી તેમાંથી દરેક છોડ લીલુછમ, ઘટાદાર એક ફળદાયી વૃક્ષ બની શકે. તારી દિવ્ય સેનાની શક્તિથી આ આત્માઓને વિજયી બનાવ, જેથી તેઓ ભૂલચૂક અને અજ્ઞાનતાની તાકતોને કચડી શકે તથા ભાઈચારા અને માર્ગદર્શનના ધોરણોની ધજા લહેરાવી શકે; જેથી તેઓ વસંતઋતુની જીવનદાયી વાયુ લહેરોની જેમ માનવ આત્મા રૂપી વૃક્ષોને નવસ્ફૂર્તિ અને નવજીવન પ્રદાન કરી શકે અને વસંતના વાયરાની જેમ તે ક્ષેત્રની ભૂમિને લીલીછમ અને ફળદ્રુપ બનાવી શકે.***

***“તું શક્તિશાળી અને બળશાળી છે; તું દાતા અને સર્વ-પ્રેમાળ છે.”*** [૨]

૧. ઉપરોક્ત અવતરણના આધારે નીચેના વાકયો પૂરા કરો :

**ક.** જેઓ તેમની પ્રારંભિક યુવાનીમાં છે તેમની અબ્દુલ-બહા એવા પક્ષીઓ સાથે તુલના કરે છે જેમને ____________ ની જોડની જરૂર છે અને તેમને ____________ આપવા માટે પરમેશ્વરને વિનંતી કરે છે જેથી તેઓ આ અનંત અંતરિક્ષમાં____________ ભરી શકે અને આભા સામ્રાજ્યની ઉંચાઈઓમાં ____________ કરી શકે.

**ખ.** જેઓ તેમની પ્રારંભિક યુવાનીમાં છે તેમની તેઓ કુમળા____________ સાથે તુલના કરે છે અને તેમને શક્તિ આપવા માટે પરમેશ્વરને પ્રાર્થના કરે છે જેથી તેમાંથી દરેક જણ____________એક ____________ બની શકે.

**ગ.** તેમને વિજયી બનાવવા માટે અબ્દુલ-બહા પરમેશ્વરને યાચના કરે છે જેથી તેઓ ____________ અને ____________ ની ____________ને કચડી શકે અને લોકો સમક્ષ ____________ અને ____________ ના ____________ ની ધજા લહેરાવી શકે.

**ઘ.** તેઓ પ્રાર્થના કરે છે કે તેઓ ____________ ની જીવનદાયી ____________ ની જેમ ____________ રૂપી વૃક્ષોને ____________ અને ____________ પ્રદાન કરી શકે અને ____________ ની જેમ તે ક્ષેત્રની ભૂમિને ____________ અને ____________ બનાવી શકે.

૨. આ પ્રાર્થનામાં અબ્દુલ-બહા પરમેશ્વરને યાચના કરે છે કે તેઓ યુવાનોને આધ્યાત્મિક શક્તિઓનું વરદાન આપે. નીચેના પૈકી કોને તમે આધ્યાત્મિક શક્તિ સાથે સુસંગત માનો છો ?

| | |
|---|---|
| _______ ઉદ્દેશની મહાનતા | _______ દરીયાદીલી |
| _______ ઈશ્વર પર ભરોસો | _______ ભભકો |
| _______ શુધ્ધતા | _______ કાર્ય પૂર્ણ કરવાનો દ્રઢસંકલ્પ |
| _______ લુચ્ચાઈ | _______ ઉમદા-માનસિકતા |
| _______ સ્પર્ધાત્મકતા | _______ ઉદારતા |
| _______ અખંડતા | _______ બીજા ઉપર વર્ચસ્વ જમાવવાની ઈચ્છા |

_______ સદાચરણ

_______ સંસારિક મહત્વાકાંક્ષા

_______ સામાજિક મોભાની લાલસા

_______ ઈશ્વરનો પ્રેમ

_______ વૈભવ-વિલાસ પ્રત્યે પ્રેમ

_______ દૃઢતા અને દૃઢનિશ્ચય

_______ વિનમ્રતા

_______ પોતાની સિધ્ધીઓમાં ગર્વ કરવો

_______ ઘમંડ

_______ આશયની શુદ્ધતા

૩. આ પ્રાર્થનામાં, અબ્દુલબહા પરમેશ્વરને યાચના કરે છે કે તેઓ યુવાનોને ભૂલચૂક અને અજ્ઞાનતાની તાકતોને કચડી નાંખવાની ક્ષમતા પ્રદાન કરે. નીચેના પૈકી કઈ ક્ષમતાઓ યુવાનોને એવી તાકતો સામે સંઘર્ષ કરવા મદદરૂપ થશે તે નક્કી કરો :

_______ ખરા-ખોટા વચ્ચેનો ભેદ પારખવાની ક્ષમતા

_______ ચાલાકીથી બીજાને પ્રભાવિત કરવાની ક્ષમતા

_______ ગહન વિચારોની સ્પષ્ટ રીતે રજુઆત કરવાની ક્ષમતા

_______ પૂર્વગ્રહને ઓળખવાની અને તેના પર વિજય મેળવવાની ક્ષમતા

_______ ભૌતિક સાધનોનો યોગ્ય ઉપયોગ કરવાની ક્ષમતા

_______ પોતાના વ્યક્તિગત ઉદ્દેશોની પ્રાપ્તિ માટે બીજા ઉપર અંકુશ રાખવાની ક્ષમતા

_______ પોતાની નિમ્ન પ્રકૃતિ /સ્વભાવના આવેગો ઉપર વિજય મેળવાની ક્ષમતા

_______ વિચારોની એકતામાં યોગદાન આપવાની ક્ષમતા

_______ પોતાના નિર્ણયમાં તટસ્થ રહેવાની ક્ષમતા

_______ ન્યાયમાં અભિવૃધ્ધિ કરવાની ક્ષમતા

૪. આ પ્રાર્થનામાં, અબ્દુલબહા પરમેશ્વરને યાચના કરે છે કે તેઓ યુવાનોને ભાઈચારા અને માર્ગદર્શનની ધજા લહેરાવવાની ક્ષમતા પ્રદાન કરે. નીચેના પૈકી કઈ ક્ષમતાઓ યુવાનોને આવા પ્રયત્નોમાં મદદરૂપ થશે તે નક્કી કરો :

_______મિત્રતાના બંધન બાંધવાની ક્ષમતા

_______બીજાને ધ્યાનપૂર્વક સાંભળવાની ક્ષમતા

_______શાંતિ અને સંયમથી કસોટીઓનો સામનો કરવાની ક્ષમતા

_______બીજાના દોષો અને ક્ષતિઓને શોધી કાઢવાની ક્ષમતા

_______બીજાના દોષો અને ક્ષતિઓની અવગણના કરવાની ક્ષમતા

_______નિ :સ્વાર્થ ભાવે સમાજની સેવા કરવાની ક્ષમતા

_______બીજાની સફળતામાં આનંદ મેળવવાની ક્ષમતા

_______બીજામાં આશા જગાડવાની ક્ષમતા

_______બીજા સાથે સહકાર સાધવાની ક્ષમતા

_______બીજાના કલ્યાણનો ખૂબ ઓછા વિચાર સાથે પોતાના સ્વાર્થમાં અભિવૃધ્ધિ કરવાની ક્ષમતા

_______ પોતાના સમુદાયના કલ્યાણમાં અભિવૃધ્ધિ કરવાની ક્ષમતા

## વિભાગ ૫

પાછલા બે વિભાગોમાં આપણે જે અવતરણોનો અભ્યાસ કરી ગયા તે આપણને એવા કેટલાક લક્ષણોમાં અંત:દૃષ્ટિ પૂરી પાડે છે જેને યુવાનોએ ધારણ કરવા જોઈએ. સ્પષ્ટ છે કે યુવાનો પંદર વર્ષની વયે પહોચતાની સાથે જ, તેમની પાસેથી ઘણી અપેક્ષા રાખવામાં આવશે. ખરેખર, આપણે જાણીએ છીએ કે પવિત્ર લખાણોમાં પંદર વર્ષની વયનો પરિપકવતાના પ્રારંભની વય તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ વયે એક વ્યક્તિ માટે પ્રાર્થના અને ઉપવાસ જેવા બહાઈ કાયદા ફરજીયાત બની જાય છે. સંક્રાંતિકાળથી પરિપકવતા વિશે અબ્દુલબહા કહે છે :

> **"એક દુધ પીતુ બાળક વિભિન્ન શારીરિક તબક્કામાંથી પસાર થાય છે, પરિપકવતાની વયે પહોચે ત્યાંસુંધી તે દરેક તબક્કામાં વૃધ્ધિ અને વિકાસ પામે છે. આ તબક્કે પહોંચતાં તે આધ્યાત્મિક અને બૌધિક સંપૂર્ણતાઓ પ્રદર્શિત કરવાની ક્ષમતા પ્રાપ્ત કરે છે. તેનામાં સમજદારી, બુધ્ધિમતા અને જ્ઞાનનો પ્રકાશ દેખાવા લાગે છે અને તેના આત્માની શક્તિઓ અનાવૃત થાય છે."** [૩]

અને જ્યારે એક વ્યક્તિ પરિપકવતાની વયે પહોંચે છે ત્યારે, અબ્દુલબહા કહે છે કે,

> **"તે ચીજોની વાસ્તવિકતા અને આંતરિક હકીકતો વિશે સમજે છે. ખરેખર, તેની સમજદારી, તેની લાગણીઓ, તેના નિષ્કર્ષ અને તેની શોધમાં, પરિપકવતા પછીના તેના જીવનનો દરેક દિવસ તેના પહેલાંના એક વર્ષ સમાન હોય છે."** [૪]

૧. યુવાનોને લગતા એવા અનેક વિચારો છે જેનું અબ્દુલબહાના ઉપરોક્ત વિધાનના પ્રકાશમાં વિશ્લેષણ કરી શકાય છે. તમારા મતે નીચેના પૈકી કયા વાક્યો પંદર વર્ષની એક વ્યક્તિને લાગુ પડે છે ?

_______ તેની પાસે જીવન અને મૃત્યુના અર્થ વિશે ચિંતન કરવાની આધ્યાત્મિક ક્ષમતા હોય છે.

_______ તે ગહન વિષયો વિશે ત્યારે જ વિચાર કરી શકે છે જ્યારે તેને રમુજરૂપી વસ્ત્રમાં પ્રસ્તુત કરવામાં આવે છે.

_______ તેની પાસે તેના જીવનને પ્રભાવિત કરતા પરિબળોને શોધી કાઢવાની અને તેનું વિશ્લેષણ કરવાની બૌધિક ક્ષમતા હોય છે.

_______ તેની પાસે પરિશ્રમપૂર્વક કામ કરવાની ક્ષમતા હોય છે.

_______ તેની પાસે મુશ્કેલ પડકારોનો સામનો કરવાની ક્ષમતા હોય છે.

_______ તેની પાસે બાળકોની આધ્યાત્મિક કેળવણીના વર્ગોનું આયોજન કરવાની ક્ષમતા હોય છે.

_______ તેની પાસે વાક્પટુતા અને સમજદારીપૂર્વક પ્રભુધર્મના શિક્ષણો અને સિધ્ધાંતોનું વર્ણન કરવાની ક્ષમતા હોય છે.

_______ તેને માતા-પિતાના સહયોગ અને પ્રેમની જરૂર હોતી નથી.

_______ તે બહાઈ કાયદાઓનું પાલન કરવાની જવાબદારી ઉપાડી શકે છે.

_______ તેની પાસે સામાજિક પ્રક્રિયાઓને સમજવાની બૌધિક ક્ષમતા હોય છે.

_______ તે સમાજની અર્થપૂર્ણ સેવામાં જોડાઈ શકે છે.

૨. તમે નીચેની પ્રાર્થના મોઢે કરી શકો છો :

> **"હે પ્રભુ ! આ યુવાનને તેજસ્વી બનાવ અને આ પામર જીવને તારૂં ઔદાર્ય પ્રદાન કર. તેને જ્ઞાનની બક્ષીસ આપ, પ્રત્યેક પ્રાત:કાળે તેને વધારાની શક્તિ આપ અને તારા સંરક્ષણના આશ્રયસ્થાનમાં તેની સંભાળ રાખ જેથી તે ભૂલ રહિત બને, પોતાની જાતને તારા ધર્મની સેવામાં સમર્પિત કરે, માર્ગ ભૂલેલાને માર્ગદર્શન આપે, અસહાયને નેતૃત્વ પુરૂં પાડે, બંદીઓને મુક્ત કરે અને ગાફેલ લોકોને જગાડે, જેથી સૌ કોઈ તારી સ્તુતિ અને સ્મરણથી આશીર્વાદિત થાય. તું શક્તિશાળી અને સમર્થ છે."[૫]**

## વિભાગ ૬

નવયુવાનો જ્યારે પંદર વર્ષની વયે પરિપક્વતાનો ઉંબરો વટાવી જાય છે ત્યારે કેટલીક શારીરિક, બૌધિક અને આધ્યાત્મિક શક્તિઓ એક વ્યક્તિના કેન્દ્રમાં આવે છે. નવીન ક્ષમતાઓનો વિકાસ કરવા માટે તેમને બાળપણના વલણો, વિચારો અને આદતો છોડવાની જરૂર પડે છે. એક વ્યક્તિની યુવાવસ્થાની શરૂઆતથી જ આ શક્તિઓને પ્રભુધર્મ અને માનવજાતની સેવામાં સાંકળવાની શરૂઆત થઈ જવી જોઈએ. બહાઉલ્લાહ કહે છે :

> **"ધન્ય છે તે જે તેની યુવાનીના પ્રારંભમાં અને તેના જીવનના યુવાકાળમાં જ આદિ અને અંતના સ્વામીના ધર્મની સેવા માટે ઊભો થાય છે તથા તેના હૃદયને પ્રભુપ્રેમથી સુશોભિત કરે છે. આવી કૃપાનું પ્રગટીકરણ સ્વર્ગ અને ધરતીનું સર્જન કરતાં વધારે મહાન છે. ધન્ય છે તે જે દૃઢ છે અને કલ્યાણ થજો તેમનું જે અડગ છે."[૬]**

યુવાનોની દરેક પેઢી દ્વારા પ્રભુધર્મને અર્પણ કરવામાં આવતી સેવા પ્રગતિ માટે અનિવાર્ય છે. તેમના દ્વારા આપવામાં આવતા યોગદાનના મહત્વ પર ભાર આપતાં, શોઘી અફેન્દી વતી લેખિત એક પત્રમાં તેઓ કહે છે, "તે તેમના ખભે છે કે તેઓ પ્રભુધર્મના ઉદ્દેશોને આગળ વધારવા માટે પરિશ્રમ કરતા લોકોમાં નિ:સ્વાર્થ સેવાની ચેતનાનું જતન કરવાની જવાબદારી લાદે છે. આ ચેતના વિના કોઈપણ કાર્ય સફળતાપૂર્વક સિધ્ધ કરવું શક્ય નથી."

જે વિશિષ્ટતાઓ યુવાનોને ખાસ કરીને સેવાના ક્ષેત્ર માટે સુસજ્જ કરે છે તેના વિશે બધી રાષ્ટ્રિય આધ્યાત્મિક સભાઓને સંબોધિત એક સંદેશમાં વિશ્વ ન્યાય મંદિર લખે છે :

> **"કઠિન પરિસ્થિતિઓમાં યુવાનોની સહનશક્તિ, તેમનો ઉત્સાહ અને જોષ, તથા પોતાની જાતને સ્થાનિક પરિસ્થિતિઓને અનુરૂપ ઢાળવાની ક્ષમતા, નવા પડકારોનો સામનો કરવાની અને તેઓ જે કોઈના સંપર્કમાં આવતા હોય તેમનામાં હુંફ અને ઉત્સાહનું સિંચન કરવાની સાથે, બહાઈ યુવાનો દ્વારા ઉદાહરણરૂપ એવું આદર્શ આચરણ, અપેક્ષિત યોજનાઓના અમલીકરણ માટે તેમને સક્ષમ સાધન બનાવે છે. ખરેખર, આ વિશિષ્ટ ગુણોથી તેઓ જે કોઈ કાર્યમાં સહભાગી બનતા હોય તેમાં તેઓ સુત્રધાર (અગ્રણી) અને તેના પ્રેરક બળ બની શકે છે, પછી તે કાર્ય સ્થાનિક કક્ષાનું હોય કે રાષ્ટ્રિય કક્ષાનું."[૭]**

અને વિશ્વના યુવાનોને સંબોધન કરતાં, વિશ્વ ન્યાય મંદિર આગળ વર્ણવે છે :

**"તમારી વાસ્તવિકતા વ્યાપક રીતે વિવિધ પરિસ્થિતિઓ દ્વારા આકાર પામી હોવા છંતા રચનાત્મક બદલાવ લાવવાની ઈચ્છા અને અર્થપૂર્ણ સેવાની ક્ષમતા- બંને તમારા જીવનના તબક્કાના લક્ષણો છે, જે કોઈપણ જાતિ કે રાષ્ટ્રીયતા સુંધી સીમીત નથી કે નહી ભૌતિક સંસાધનો પર નિર્ભર છે. યુવાવસ્થાનો ઉજ્જવળ સમયગાળો જેના તમે બધા સહભાગી છો, તેનો બધાને અનુભવ છે."** ૮

૧. ઉપરોક્ત અવતરણોના આધારે નીચેના વાક્યો પૂરા કરો :

ક. જેઓ તેમની યુવાની પ્રારંભમાં પ્રભુધર્મની સેવા માટે ઊભા થાય છે અને તેમના હૃદયને પ્રભુપ્રેમથી સુશોભિત કરે છે તેઓ __________ છે.

ખ. પ્રભુધર્મના ઉદ્દેશોને આગળ વધારવા માટે પરિશ્રમ કરતા લોકો વચ્ચે ____________________ ની __________ નું જતન કરવાની જવાબદારી યુવાનોના ખભે રહેલી છે.

ગ. જેનું જતન કરવાની જવાબદારી યુવાનોના ખભા ઉપર છે, તે નિ:સ્વાર્થ સેવાની ચેતના વગર કોઈપણ કાર્ય __________________________ નથી.

ઘ. કઠિન પરિસ્થિતિઓમાં યુવાનોની ____________ તેમની __________________ અને ___________વિભિન્ન યોજનાઓના અમલીકરણ માટે તેમને સક્ષમ સાધન બનાવે છે.

ચ. યોજનાઓના અમલીકરણ માટેના સક્ષમ સાધન રૂપે યુવાનો તેમની જાતને સ્થાનિક પરિસ્થિતીઓને અનુરૂપ___________, નવા પડકારોનો ___________ કરવાની, અને તેઓ જે કોઈના સંપર્કમાં આવતા હોય તેમનામાં હુંફ અને ___________ નું સિંચન કરવાની તેમની ક્ષમતાનો ઉપયોગ કરે છે.

છ. તેમના વિશિષ્ટ ગુણોંથી યુવાનો કોઈપણ કાર્યમાં _________________બની શકે છે અને તેમાં તેઓ ___________ અને તેના _____________ બની શકે છે.

જ. વિશ્વભરના યુવાનોની વાસ્તવિકતા વ્યાપક રીતે વિવિધ પરિસ્થિતિઓ દ્વારા આકાર પામી હોવા છંતા ________________ લાવવાની __________ અને _______________________ તેમના જીવનના આ તબક્કાની વિશેષતા છે.

## વિભાગ ૭

સામાન્ય રીતે યુવાનો દ્વારા આપવામાં આવતી સેવા સાથે અનેક ખ્યાલો સંકળાયેલ છે, જેમાં સ્વયંસ્ફુરણા, ઉત્તેજના,અને કલ્પનાને ઝુંટવી લેતી કોઈપણ સંભવનાનું અનુસરણ કરવાની સ્વતંત્રતા સામેલ છે. આ ખ્યાલોને સેવા સાથે જોડવું અમુક અંશે યથાર્થ હોવા છતાં, તેના ઉપર વધારે પડતો ભાર નહિ આપવાની આપણે કાળજી રાખવી જોઈએ. પ્રક્રિયાના સ્વરૂપનું મહત્વ ભૂલી જઈને તથા પધ્ધતિસર કાર્ય માટે જરૂરી શિસ્ત શીખવાની આવશ્યકતાની અવગણના કરીને યુવાનોની પ્રવૃત્તિઓને ઉત્તેજનાપૂર્ણ ઘટનાઓ કે પ્રસંગોની શ્રેણી સુંધી જ સિમિત કરી દેવાની ટેવમાં પડવું ખૂબ સરળ છે. એવી પધ્ધતિસર પ્રક્રિયાઓ વિશે

વિચાર કરો જેના દ્વારા ગામો કે મહોલ્લાના આધ્યાત્મિક પાયાને મજબૂત કરવા માટે લાગુ કરી શકાય - દાખલા તરીકે, બાળકોની આધ્યાત્મિક કેળવણી, સામુદાયિક જીવનનું દ્રઢિકરણ, અને માનવ સંસાધનનો વિકાસ. હવે આ પાઠયક્રમનો અભ્યાસ કરતા તમારા મિત્રો સાથે મળીને યુવાનો દ્વારા હાથ ધરી શકાય એવા કેટલાક સેવા કાર્યો વિશે વિચાર કરો જે આ પ્રક્રિયાઓમાં ફાળો આપતા હોય. શું આ પ્રવૃત્તિઓ આનંદ માટે અનુકુળ નથી? શું તે સ્વયંસ્ફુરણાના સુયોગ્ય સ્તરને અનુમતિ આપતા નથી? શું તે શિસ્તબધ્ધ રીતે લેવામાં આવતા પગલાં દ્વારા સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપતા નથી?

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## વિભાગ ૮

આપણે ઘણીવાર સાંભળીએ છીએ કે યુવાવસ્થા તૈયારીનો સમય છે. આ વિધાન ખરેખર સાચુ છે. આજે દુનિયામાં જરૂરી એવા પરિવર્તનો તરફ નિર્દેશ કરતાં, વિશ્વ ન્યાય મંદિર લખે છે કે "સમાજની કામગીરીમાં આવનાર પરિવર્તન, નિશ્ચિતપણે અને મોટા પ્રમાણમાં યુવાનોને વારસામાં પ્રાપ્ત થનાર વિશ્વ માટે તેમના દ્વારા કરવામાં આવતી તૈયારીઓની અસરકારકતા પર નિર્ભર હશે." તેથી, આપણે પ્રશ્ન કરવો જોઈએ કે, યુવાનોને વારસામાં પ્રાપ્ત થનાર વિશ્વ માટે તેઓ તેમની જાતને કેવી રીતે ઉત્તમ રીતે તૈયાર કરી શકે છે? વિશ્વ ન્યાય મંદિર દ્વારા લેખિત એક સંદેશ વર્ણવે છે :

> **"કોઈ પણ વ્યક્તિ, ચાહે તે બહાઈ હોય કે નહિ, તેની યુવાવસ્થાના વર્ષોમાં તે અનેક મહત્વપૂર્ણ નિર્ણયો કરશે જે તેના જીવનની દિશા નિર્ધારિત કરશે. આ વર્ષો દરમિયાન તે મોટે ભાગે તેના જીવનના કાર્યની પસંદગી કરે છે, તેનો અભ્યાસ પૂરો કરે છે, તેની આજીવિકા કમાવવાની શરૂઆત કરે છે, વિવાહ કરે છે, અને તેના પરિવારના પાલન-પોષણની શરૂઆત કરે છે. સૌથી મહત્વપૂર્ણ વાત છે કે, આ સમયગાળા દરમિયાન તેનું મગજ સૌથી વધારે પ્રશ્નો કરે છે અને એવા આધ્યાત્મિક ગુણોં અપનાવવામાં આવે છે જે વ્યક્તિના ભાવિ આચરણને માર્ગદર્શન આપશે."**[૯]

આ સંદર્ભમાં, ધર્મસંરક્ષક વતી લેખિત એક પત્ર, ભવિષ્ય માટેની યુવાનોની તૈયારીના ભાગરૂપે તેમની બૌધિક અને આધ્યાત્મિક ક્ષમતાઓનો વિકાસ કરવાની જરૂરનો સંદર્ભ આપે છે. આ પત્ર કહે છે કે, "તમારે સુસજ્જ થવું જોઈએ. તમારે તમારી બૌધિકની સાથે સાથે આધ્યાત્મિક પાસાનો સમાન રીતે વિકાસ કરવો જોઈએ."

ઘણીવાર પ્રભુધર્મની સેવા અને અભ્યાસ-પછી તે શૈક્ષણિક, વ્યવસાયિક કે ધંધાકીય હોય- વચ્ચેના સબંધને લગતા પ્રશ્ન વિશેની ચર્ચાને જન્મ આપે છે. ઘણીવાર સ્પષ્ટ હોતું નથી કે ખાસ કરીને યુવાનોએ દરેક કાર્ય માટે તેમની કેટલી શક્તિનો ઉપયોગ કરવો જોઈએ. તેમાં એક અતિરેકપૂર્ણ એક તરફી સલાહ એવી હોઈ શકે છે કે, યુવાનોને તેમની જાતને સંપૂર્ણપણે અભ્યાસ માટે સમર્પિત કરી દેવાની અને તેઓ જીવનનો વધારે અનુભવ મેળવી લે ત્યાં સુધી તેમને સેવાના એક કે વધારે ક્ષેત્રોમાં ગંભીરતાથી ભાગ લેવાની પ્રતિક્ષા કરવાની સલાહ આપવી. આ સાચુ છે કે, દરેક કિસ્સામાં, પોતાની શક્યતાઓની પરિધિમાં શિક્ષણ પ્રાપ્ત કરવા અને પોતાની આજીવિકા માટે કોઈ ધંધો કે વ્યવસાય કરવાની પ્રવૃત્તિને પૂરતું મહત્વ આપવું જોઈએ. આમ છતાં, વિશ્વ ન્યાય મંદિર કહે છે તે મુજબ,

> **"યુવાવસ્થાના ફળદાયી વર્ષોને માત્ર ભવિષ્યની તૈયારીનો એક તબકકો માનીને ચાલવાથી, તેમનામાં વિપૂલ પ્રમાણમાં રહેલી સર્જનાત્મક શકિતઓની અવગણના થઈ શકે છે. આખરે જોઈએ તો, પ્રભુધર્મના શરૂઆતના શુરવીરોમાંથી અનેક સ્ત્રી-પુરુષો યુવાનો હતા જે તેમના પરમ પ્રિયત્તમના માર્ગમાં મહાનત્તમ કાર્યો સિધ્ધ કરવા ઊભા થયા હતા."[૧૦]**

બીજું અતિક્રમણ હોઈ શકે છે કે, યુવાનોને શૈક્ષણિક અભ્યાસ કે વ્યવસાયિક તાલીમની અવગણના કરીને, ખાસ કરીને આ તકના સમયમાં તેમની સંપૂર્ણ શક્તિઓનો સેવાના ક્ષેત્રમાં ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવામાં આવે. પાછલા વિભાગોમાં આપણે જેનો અભ્યાસ કરી ગયા છીએ તેવા અનેક ફકરાઓ સ્પષ્ટ કરે છે કે, સેવા દરેક યુવાનના જીવનનું કેન્દ્ર હોવુ જોઈએ. સેવાની સઘન અવધિ, પછી તેમાં અભ્યાસમાં વિરામ લેવાનો સમાવેશ થતો હોય કે નહિ, તેમની તૈયારીનું અમૂલ્ય તત્વ હોઈ શકે છે" તે પણ સ્પષ્ટ છે. તેની સાથે વિશ્વ ન્યાય મંદિર અવલોકન કરતા કહે છે :

> **"સેવાના માર્ગમાં જે લોકો ઘણું વધારે યોગદાન આપી શકે છે તેમની પાસેથી મહાન કાર્યોની અપેક્ષા કરવી ઉચિત છે ત્યારે, કયો વિકાસ પરિપક્વતા તરફ લઈ જાય છે તેને લગતા સંકિર્ણ દ્રષ્ટકોણ અપનાવવાથી મિત્રોએ તેમને સુરક્ષિત રાખવું જોઈએ. આવાગમનની સ્વતંત્રતા અને સમયની ઉપલબ્ધિ અનેક યુવાનોને આવી રીતે સેવા કરવા યોગ્ય બનાવે છે જે સમુદાયની જરૂરીયાતો સાથે પ્રત્યક્ષ રીતે સંકળાયેલી છે, પરંતું જ્યારે તેઓ જીવનના બીજા દશકામાં આગળ જાય છે ત્યારે તેમની ક્ષિતિજો બહોળી થાય છે.... તેમની સમક્ષ ઉપલબ્ધ શક્યતાઓ અનુસાર અનેક લોકો માટે શૈક્ષણિક કે વ્યવસાયિક એવા આગળના અભ્યાસની તાત્કાલિક પ્રાથમિકતા હશે.... તેમના વયસ્ક જીવન વિશે તેઓ જે મહત્વપૂર્ણ નિર્ણય કરે છે તે નિર્ધારિત કરશે કે, પ્રભુના ધર્મ પ્રત્યેની તેમની સેવા તેમના યુવા- કાળનો એક ટૂંકો અને યાદગાર અધ્યાય હશે કે તેમના દુન્યવી અસ્તિત્વનું એક નિર્ધારિત કેન્દ્રબિંદુ, એક એવો લેન્સ જેના દ્વારા બધા કાર્યો કેન્દ્રિત થાય છે."[૧૧]**

શિક્ષણ અને સેવા વચ્ચેના સંબંધ વિશે આગળ વિચાર કરીએ તેના પહેલાં, તમે અહિં થોડો વિરામ લેવાની અને એક નાનો ફકરો લખવાની ઈચ્છા રાખશો જે, યુવાવસ્થા એ તૈયારીની અવધિ છે તેનો અર્થ શું છે તેને લગતી તમારી સમજ દર્શાવતો હોય.

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

## વિભાગ ૯

છેલ્લા વિભાગમાં તમે જે ફકરો લખ્યો છે તે શૈક્ષણિક અભ્યાસ અથવા વ્યવસાયિક કે ધંધાકીય તાલીમ મેળવીને, યુવાનોને વારસામાં પ્રાપ્ત થતા વિશ્વ માટે તેમની જાતને તૈયાર કરવું તેમના માટે કેટલું મહત્વનું છે તેના ઉપર ભાર આપતો હશે તેમાં કોઈ શંકા નથી. પરંતું તમે નિશ્ચિતપણે ધ્યાનમાં લીધું હશે કે અભ્યાસ દરમિયાન પ્રભુધર્મની સેવાને 'સ્થગિત' કરી શકાય નહિ. આવું વલણ વ્યક્તિની ઉંમર સાથે ભવિષ્યમાં સતત આગળ જઈ શકે છે અને ઘણીવાર ઉત્સુકતાથી સેવા કરવાની યોગ્ય પરિસ્થિતિઓની પ્રતિક્ષાનો જીવનભર કોઈ અંત આવતો નથી. શિક્ષણની જ્યારે પુસ્તકીય જ્ઞાનના સદર્ભમાં જ વ્યાખ્યા કરવામાં આવે છે ત્યારે અભ્યાસ અને સેવા વચ્ચેના સબંધનો આવો ખ્યાલ વિકાસ પામી શકે છે. પરંતું જ્યારે આપણે સેવાને એક એવા કાર્યક્ષેત્ર તરીકે જોઈએ છીએ જેમાં જ્ઞાનનો વ્યવહારિક અમલ કરવામાં આવે છે અને તેનાથી બુધ્ધિમત્તાનો વિકાસ થાય છે, ત્યારે આવી વિચારધારાને સરળતાથી દૂર કરી શકાય છે અને સેવાનો ભવિષ્યની તૈયારીની કોઈપણ સંગીન પ્રક્રિયાના એક ભાગ તરીકે નહિ પરંતું તેના કેન્દ્રબિંદુ તરીકે વિચાર કરવામાં આવે છે. ખરેખર, જ્યારે યુવાવસ્થાની શરૂઆતમાં જ પ્રભુધર્મની સેવાની શરૂઆત થઈ જાય છે, ત્યારે તે સપૂર્ણ જીવન માટે એક માર્ગદર્શક સિધ્ધાંત બની જાય છે, અને તે વ્યક્તિને તેનું યોગ્ય ક્ષેત્ર નક્કી કરવા અને તેની દિશાઓ સ્પષ્ટ કરવા સક્ષમ બનાવે છે.

આ બોધ સહજ રીતે એક પ્રશ્ન તરફ લઈ જાયછે કે યુવાનોએ કેવી રીતે પ્રભુધર્મની સેવા માટે તેમની ક્ષમતાઓનો વિકાસ કરવાની તૈયારી કરવી જોઈએ. એવો વિચાર કરવો સરળ છે કે બહાઈ સમુદાયની વિભિન્ન સભાઓમાં ભાગ લઈને, જેમાં તેમના સાથીઓ સાથે મળીને સમય પસાર કરવાની તેમની સહજ ઈચ્છાને સંતોષ મેળવવાનો સામેલ છે, તેનાથી યુવાનો તેમની ક્ષમતાઓનો વિકાસ કરશે અને સેવામય જીવન માટે તેમની જાતને સુયોગ્ય રીતે તૈયાર કરશે. આમ છતાં, પવિત્ર લખાણો સૂચન કરે છે કે આવી અનૌપચારિક શિક્ષણ પ્રક્રિયા જરૂરી હોવા છંતા,તે પર્યાપ્ત નથી.

જો આપણે તેમના પત્રોનો કાળજીપૂર્વક અભ્યાસ કરીશું તો સમજી શકીશુ કે શોઘી એફેન્દીની આશા છે કે, યુવાનો પ્રભુધર્મના શિક્ષણોમાં "સુશિક્ષિત અને પ્રશિક્ષિત" બને તથા તેઓ પ્રભુધર્મનું "ગહન" અને "સંગીન" જ્ઞાન પ્રાપ્ત કરે. તેની સાથે, તેમના સમુદાયની કાર્યપ્રવૃતિઓમાં "સક્રિય, સહૃદય અને સતત સહભાગીતા" દ્વારા તેઓ શીખે તેના માટે તેમને પ્રોત્સાહન આપે છે. તેના સંદર્ભમાં, તેઓ વર્ણવે છે કે સામુદાયિક જીવન "એક અનિવાર્ય પ્રયોગશાળા" પૂરી પાડે છે, જયાં યુવાનો પ્રભુધર્મમાંથી તેમણેં શીખેલા "સિધ્ધાંતોને જીવનમાં અને રચનાત્મક ક્રિયામાં પરિવર્તિત" કરી શકે છે. તેઓ નિર્દેશ કરે છે કે, "આ સજીવ રચનાનો એક સાચો હિસ્સો બનીને જ તેઓ વાસ્તવિક ચેતનાને પકડી શકે છે જે બહાઈ શિક્ષણોમાં રહેલી છે". આમ, યુવાનોને સેવા માટે તેમનીજાતને સુસજજ કરવામાં મદદ કરવા માટે એક ઔપચારિક શૈક્ષણિક પ્રક્રિયા જરૂરી છે, એક એવી પ્રક્રિયા જે સામુદાયિક જીવનની વાસ્તવિકતામાં દૃઢપણે સ્થાયેલી હોય. પ્રવૃતિને ખાતર કરવામાં આવતી પ્રવૃતિ, અભ્યાસને ખાતર કરવામાં આવતો અભ્યાસ, જરૂરીયાત પૂરી કરતો નથી.

વિશ્વ ન્યાય મંદિરના ઘણાં સંદેશાઓમાં આવી જ વાત કરવામાં આવી છે. એક સંદેશ સ્પષ્ટ કરે છે કે, "જયારે અભ્યાસ અને સેવા એકબીજા સાથે જોડાયેલા હોય છે અને એક સાથે કરવામાં આવે છે ત્યારે"

સમજદારીમાં મોટે પાયે વધારો થાય છે. "ત્યાં, સેવાના ક્ષેત્રમાં, જ્ઞાનની કસોટી થાય છે, પ્રેકિટસમાંથી પ્રશ્નો ઊભા થાય છે, અને નવા સ્તરની સમજદારી પ્રાપ્ત કરવામાં આવે છે." ઔપચારિક પાઠયક્રમોના અભ્યાસ દ્વારા પ્રભુધર્મના માનવ સંસાધનનો વિકાસ કરવાના સ્પષ્ટ ઉદ્દેશ સાથે આખા વિશ્વના રાષ્ટ્રોમાં તાલીમ સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી છે. દરેક જગ્યાએ વધતી જતી સંખ્યામાં લોકો સેવા માટેની તેમની ક્ષમતાનો વિકાસ કરવા માટે એક પધ્ધતિસર શૈક્ષણિક પ્રક્રિયામાં જોડાયેલા છે, અને યુવાનો આ પ્રક્રિયામાં સૌથી આગળ રહ્યા છે. તાલીમ સંસ્થાની એજન્સીના સંદર્ભમાં વિશ્વ ન્યાય મંદિર વતી લેખિત એક પત્ર વર્ણવે છે કે:

**"તે વ્યક્તિને શૈક્ષણિક પ્રક્રિયામાં સંલગ્ન કરવાનો પ્રયત્ન કરે છે જેમાં સેવાના સંદર્ભમાં સદ્‌ગુણી આચરણ અને સ્વ-શિસ્તનો વિકાસ કરવામાં આવે છે, જીવનની એવી સુમેળપૂર્ણ અને આનંદપૂર્ણ પ્રણાલીનો વિકાસ કરવામાં આવે છે જેમાં અભ્યાસ, ઉપાસના, શિક્ષણ, સમુદાય નિર્માણને એક સાથે ગુંથવામાં આવે છે, તથા તેમાં સામાન્ય રીતે એવી બીજી પ્રક્રિયાઓમાં સંલગ્ન થવાનો સમાવેશ થાય છે જે સમાજમાં પરિવર્તન લાવવા માંગે છે. ઈશ્વરના શબ્દો સાથે સંબંધ એ શૈક્ષણિક પ્રક્રિયાના કેન્દ્રમાં છે, જેની શક્તિ દરેક વ્યક્તિને તેના હૃદયને શુદ્ધ કરવાની તથા 'અનાસક્ત કદમ' સાથે સેવાના માર્ગ પર ચાલવાના તેના પ્રયત્નોને બળ પુરૂં પાડે છે."[૧૨]**

વિશ્વ ન્યાય મંદિર તરફથી લેખિત એક બીજા પત્રમાં તેઓ કહે છે:

**"...તાલીમ સંસ્થાનના પાઠયક્રમોનો ઉદ્દેશ વ્યક્તિને સેવાના માર્ગ ઉપર કાયમ કરવાનો છે જેમાં સેવા દ્વારા ધીરે ધીરે ગુણો અને વલણો, કૌસલ્યો અને ક્ષમતાઓ પ્રાપ્ત કરવામાં આવે છે -એવી સેવા જે આગ્રહી સ્વાર્થને દબાવી દેવા માટે, તેની કેદમાંથી ઉપર ઉઠવામાં વ્યક્તિની મદદ કરવા માટે તથા તેને સમુદાય નિર્માણની એક ગતિશીલ પ્રક્રિયામાં જોડવા માટે જરૂરી છે"[૧૩]**

અને, દુનિયાભરના યુવાનોના સમુહનો સંદર્ભ આપતાં, વિશ્વ ન્યાય મંદિર લખે છે કે:

**"તેઓ ગમે ત્યાંથી આવતા હોવા છતાં –તેમાંથી દરેક યુવાન તેમના સમુદાયની સેવા માટે તેમનો સમય અને શકિત, કૌસલ્યો અને ક્ષમતાઓને સમર્પિત કરવાની અભિલાષા દર્શાવશે. તેમાંથી ઘણાને જો અવસર આપવામાં આવે તો તેઓ તેમના જીવનના અમુક વર્ષો ઉભરતી પેઢીના બાળકોની આધ્યાત્મિક કેળવણીના કાર્યમાં ખુશી ખુશી સમર્પિત કરશે. આમ, દુનિયાના યુવાનોમાં સમાજનું પરિવર્તન કરવાની ક્ષમતાનો અપાર ખજાનો છે અને તેઓ આ ખજાનાને ઉપયોગમાં લેવાની પ્રતિક્ષા કરી રહ્યા છે, અને દરેક સંસ્થાએ આ ક્ષમતાને વિમુક્ત કરવાના કાર્યને પવિત્ર કર્તવ્ય સમજવું જોઈએ."[૧૪]**

## વિભાગ ૧૦

આપણે છેલ્લા બે વિભાગમાં જોઈ ગયા છીએ તે મુજબ, કોઈપણ પરિસ્થિતિનો વિચાર કરતી વખતે આપણે કાળજી રાખવી જોઈએ કે, આપણે તેને અલગ અલગ ભાગોમાં વિભાજિત કરીને જોવાનો પ્રયત્ન નહિ કરીએ કે જેનાથી આપણે આપણા જીવનના વિભિન્ન તત્વોને અલગ અલગ ભાગોમાં વિભાજિત કરવા લાગીએ, જે બિનજરૂરી વિરોધાભાષ તરફ લઈ જાય. સામાન્ય રીતે, માનવ મગજ આ દુનિયાને વિભિન્ન ભાગોમાં વિભાજિત કરવાનું વલણ ધરાવે છે. વાસ્તવિકતા -ભૌતિક, સામાજિક કે આધ્યાત્મિક -એટલી વિશાળ છે કે તેને સંપૂર્ણતામાં સમજવું કઠીન છે. તેથી તેના ઘટકોને સમજવાના હેતુથી તેને વિભિન્ન ભાગોમાં વિભાજિત કરવું તર્કસંગત છે. આમ છતાં, વાસ્તવિકતાની અખંડતાને ધ્યાનમાં લીધા વગર આવું કરવામાં આવે ત્યારે મુશ્કેલી ઉભી થાય છે. વિભિન્ન જાતિઓ, રંગો, રાષ્ટ્રિયતા અને ધર્મોના લોકો વચ્ચેનો

સંઘર્ષ એવી કેટલીક સમસ્યાઓના ઉદાહરણ છે જે અસ્તિત્વના ખંડિત ખ્યાલોમાંથી જન્મે છે - કારણકે માનવ જાતિની એકત્વતા એક વાસ્તવિકતા છે અને જાતિ, વર્ણ અને રાષ્ટ્રિયતાને આધારે તેનું વિભાજન એ માનવ મનની ઉપજ અને ઐતિહાસિક પરિસ્થિતિઓનું પરિણામ છે.

જો આપણે કાળજી નહી રાખીએ અને આપણા જીવનના સંદર્ભમાં આવો ખંડિત અભિગમ અપનાવીએ તો એવી દ્વિધાઓ ઉત્પન્ન થઈ શકે છે જે મોટેભાગે કાલ્પનિક હોય છે. કામ, નવરાશ, પારિવારીક જીવન, આધ્યાત્મિક જીવન, શારીરિક સ્વાસ્થ્ય, બૌધિક કાર્યો, વ્યક્તિગત વિકાસ, સામુહિક વિકાસ જેવા વિભિન્ન ઘટકો સાથે મળીને આપણા અસ્તિત્વની રચના કરે છે. જ્યારે આપણે આવા ભાગોને વાસ્તવિકતા માની લઈએ છીએ ત્યારે આપણે અનેક દિશાઓમાં ખેંચાતા હોવાનો અનુભવ કરીએ છીએ અને જીવનના વિભિન્ન ઘટકોની જરૂરીયાતમાંથી જેને જરૂરી ગણતા હોઈએ તેનો પ્રતિભાવ આપવાનો પ્રયત્ન કરીએ છીએ. આપણે પરસ્પર વિરોધી લાગતા ઉદ્દેશોથી દ્વિધા અનુભવીએ છીએ: શું પ્રભુધર્મની સેવા કરવા માટે મારે મારા પરિવારનો ત્યાગ કરવો જોઈએ? શું પ્રભુધર્મની સેવા મારા બાળકોનો ઉછેર કરવાના મારા પ્રયત્નોમાં હસ્તક્ષેપ નહિ કરે? આપણી સમક્ષ ઉભા થતા અનેક પ્રશ્નોના આ બે ઉદાહરણ છે.

આપણે ઉભી કરેલી દ્વિધાઓનો ઉકેલ લાવવા માટે, આપણે ઘણીવાર આપણી વિભિન્ન જરૂરીયાતો કે કર્તવ્યો વચ્ચે સમાન ધોરણે આપણા સમયનું વિભાજન કરવાનો પ્રયત્ન કરીએ છીએ. અન્ય પ્રસંગે, આપણે આપણા કર્તવ્યોની પ્રાથમિકતા નક્કી કરી લઈએ છીએ અને ચોક્કસ ઘડીએ આપણા મતે સૌથી મહત્વપૂર્ણ લાગતા કર્તવ્યો માટે આપણી શક્તિનો ઉપયોગ કરીએ. નિ:શક, સમય અને શક્તિનું ધ્યાન પૂર્વક વિભાજન કરવું જરૂરી છે. પરંતું જ્યારે આપણે આપણા જીવનના અનેક ઘટક-તત્વો વચ્ચેના આંતર-સંબધોથી સભાન હોઈએ છીએ ત્યારે જ તે ઉપયોગી પુરવાર થાય છે. જો આપણે અખંડતાને સમજવામાં નિષ્ફળ જઈએ છીએ તો, બધા ઘટક-તત્વો વચ્ચે ઉત્પન્ન થતો તણાવ બેચેની અને મુઝવણમાં વધારો કરે છે.

નીચે જીવનના વિભિન્ન ઘટક-તત્વોને જોડીમાં રજુ કરવામાં આવ્યા છે જે એકબીજાના પ્રેરકબળ અને સહાયક હોવા જોઈએ, પરંતું ઘણીવાર તેને એકબીજાના વિરોધી માનવામાં આવે છે. દરેક જોડીની નીચે આપવામાં આવેલા વાક્યો જીવનના પરસ્પર પૂરક માર્ગ માટે સાનુકુળ વિચારધારા પ્રસ્તુત કરે છે કે વિભાગીકરણની વૃત્તિનું સુચક છે તે નક્કી કરો. સાનુકુળ વિચારધારાની સામે 'સ' અને વિભાગીકરણની વૃત્તિ સામે 'વિ' લખો.

૧. પરિવાર અને કામ

—— જો હું મારા નોકરી-ધંધામાં સખત કામ કરીશ તો, મારા પરિવારને સહન કરવું પડશે.

—— હું ઘણીવાર મારા પરિવાર સાથે મારા કામની સિધ્ધિઓ અને હું જે પડકારોનો સામનો કરૂં છું તેની ચર્ચા કરૂ છું.

—— મહિલાઓ તેમની કારકિર્દીમાં ઉત્કૃષ્ટતા હાંસલ કરી શકે છે તેમાં કોઈ શંકા નથી, પણ બાળકોને હંમેશા તેની કિમત ચુકવવી પડે છે.

——જો મને મારા બાળકોનો સારી રીતે ઉછેર કરવો હોય તો મારે મારા વ્યવસાય વિશે ભૂલી જવું જોઈએ.

——હું મારા વ્યવસાયમાં ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરી શકુ છું અને તેની સાથે મારી પારિવારિક જવાબદારીઓ પણ નિભાવી શકુ છું.

૨. અભ્યાસ અને પ્રભુધર્મની સેવા

—સેવાના ક્ષેત્રમાં પદાર્પણ કરવા માટે શૈક્ષણિક સિધ્ધિ (કારકિર્દી) અનિવાર્ય છે.

—આપણા અભ્યાસમાંથી આપણે જે જ્ઞાન મેળવીએ છીએ તે સેવાના ક્ષેત્રમાં એક મિલકત સમાન છે, અને સેવાના ક્ષેત્રમાં આપણે જે અનુભવ મેળવીએ છીએ તે આપણા જ્ઞાનમાં વધારો કરે છે.

—જો આપણે ખરેખર પ્રભુધર્મ માટે આપણીજાતને સમર્પિત કરવા ઈચ્છતા હોઈએ તો આપણે આપણો અભ્યાસ છોડી દેવો જોઈએ.

—પ્રભુધર્મના શિક્ષણોનો અભ્યાસ કરવો અને તેનો એવા પ્રયત્નોમાં અમલ કરવો જે દુનિયાની પ્રગતિમાં અભિવૃધ્ધિ કરતા હોય, એ આપણી એક સર્વોચ્ચ મહત્વાકાંક્ષા છે.

—આપણા સમુદાયોના કલ્યાણમાં વધારો કરવાના હેતુથી આપણે જે સેવાનો ગાળો સમર્પિત કરીએ છીએ તે અભ્યાસના સુયોગ્ય ક્ષેત્રની પસંદગી કરવામાં આપણી મદદ કરશે.

૩. બૌધિક વિકાસ અને આધ્યાત્મિક ગુણોનો વિકાસ

—સત્યની સ્વતંત્ર શોધ કરવા માટે બૌધિક વિકાસની સાથે આધ્યાત્મિક ગુણોનો વિકાસ પણ જરૂરી છે.

—બૌધિક વિકાસ માટે ન્યાય, પ્રમાણિકતા, અને પૂર્વગ્રહનો ત્યાગ જરૂરી છે.

—આધ્યાત્મિક રીતે વિકાસ કરવા માટે, વ્યક્તિએ તેની બુધ્ધિમત્તાની અવગણના કરવી જોઈએ.

—આપણું મગજ અને હૃદય એકબીજાથી અલગ નથી; તે એક જ વાસ્તવિકતા - આપણા આત્માના પૂરક અને પસ્પર સબંધિત ઘટકો છે.

—સભાન જ્ઞાન અને સારા કાર્યો દ્વારા આધ્યાત્મિક ગુણોનો વિકાસ થાય છે.

૪ ભૌતિક જીવન અને આધ્યાત્મિક જીવન

—આધ્યાત્મિક વિકાસ કરવાના હેતુથી આપણે ભૌતિક સુખનો ત્યાગ કરવો જોઈએ.

—વૃધ્ધાવસ્થા આવે ત્યાં સુંધી આપણે આધ્યાત્મિક ચીજોથી દૂર રહેવું જોઈએ; યુવાવસ્થા દરમિયાન આપણે ભૌતિક પ્રગતિ કરવા માટે દરેક તકનો લાભ ઉઠાવવો જોઈએ.

—આધ્યાત્મિક ચીજો તરફ ધ્યાન આપવા માટે તૈયાર થતા પહેલાં લોકોની ભૌતિક જરૂરિયાતો પૂરી થઈ જવી જોઈએ.

—આ ભૌતિક જગતમાં, જીવનનો ઉદ્દેશ આધ્યાત્મિક ગુણો અને શક્તિઓનો વિકાસ કરવાનો છે.

—આ ભૌતિક જગતમાં, જીવનનો ઉદ્દેશ સદા વિકસિત સંસ્કૃતિને આગળ લઈ જવાનો છે.

—આપણે આ જગતના બધા વરદાનો(સુખ)નો આનંદ માણવો જોઈએ, પરંતું ભૌતિક ઈચ્છાઓને આપણા હૃદયો પર કબજો જમાવવાની અને આપણને પરમેશ્વરની સમીપ જવાથી રોકવાની મંજુરી આપવી જોઈએ નહિ

## વિભાગ ૧૧

આ એકમમાં આપણે કિશોરોના એવા ગુણો વિશે વધારે વિચાર કરતા નથી જે તેમનું વર્ણન કરે છે પરંતું એવા લક્ષણો વિશે વિચાર કરીએ છીએ જેનો પવિત્ર લખાણો, યુવક અને યુવતીઓને તેનો વિકાસ કરવા સૂચન કરે છે. આપણે બે અવતરણોના અભ્યાસથી તેની શરૂઆત કરી હતી જેનાથી આપણને કેટલાક લક્ષણો વિશે અંતઃદૃષ્ટિ મળી છે. તેના પછી આપણે જોઈ ગયા કે પંદર વર્ષની વય એક વ્યક્તિના જીવનનું એક વિશેષ બિંદુ હોય છે, કારણ કે તે પરિપકવતાનો ઉંબરો છે, એવો સમય જ્યારે નવી ક્ષમતાઓ અને શક્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. આપણે જાણીએ છીએ કે પ્રભુધર્મના જીવનમાં યુવાનો કેટલી મહત્વની ભૂમિકા ભજવી શકે છે અને તેમની અદ્‌ભૂત ક્ષમતાઓને પ્રભુધર્મની સેવા તરફ દોરવણી આપવી કેટલું મહત્વનું છે. યુવાનોના ભાવિ જીવન માટે તેમની જાતને સભાનપણે તૈયાર કરવાની જરૂરીયાતનો પણ આપણે સ્વીકાર કર્યો, અને આપણે જોઈ ગયા કે તેમના અભ્યાસની સાથે સેવા પણ આ તૈયારીની પ્રક્રિયાનો એક આવશ્યક હિસ્સો છે - આજીવિકા કમાવવા માટે જરૂરી જ્ઞાન અને કૌશલ્યો પ્રાપ્ત કરવા તથા પ્રભુધર્મના સેવા કાર્યો કરવા માટે જરૂરી ક્ષમતાનો વિકાસ કરવા માટે આ બંન્ને જરૂરી છે.

આ ક્ષણે જરા થોભીને હમણાં સુંધી તમે જેનો અભ્યાસ કરી ગયા છો તેના ઉપર ચિંતન કરવું તમારા માટે ઉપયોગી બનશે. નીચે થોડા વિધાનો આપ્યા છે. દરેક વાકય વાંચો અને તે ખરૂ છે કે નહિ તે નક્કી કરો. કેટલાક કિસ્સામાં જવાબ એકદ્‌મ સ્પષ્ટ હોવા છતાં, અમને આશા છે કે તમે આખા સ્વાધ્યાય ઉપર પુરતું ધ્યાન આપશો. આ સ્વાધ્યાયનો હેતું તમને એવા વિચારો અને મુદ્દાઓની શ્રેણીમાંથી લઈ જવાનો છે જે અત્યાર સુંધીમાં આપણે જે સાહિત્યનો અભ્યાસ કરી ગયા છીએ તેને લગતા તમારા વિચારોને સંગઠિત કરવામાં તમારી મદદ કરશે.

——એક વ્યક્તિ માટે પદર વર્ષની વયે પહોચવાનો અર્થ પરિપકવતાની વયે પહોંચવાનો છે, પરંતું તે મોટા પાયે એક સાંકેતિક ચિન્હ છે અને તેનો કોઈપણ વ્યક્તિના જીવન ઉપર અર્થપૂર્ણ પ્રભાવ પાડતો નથી.

——મોટાભાગના યુવાનો અપરિપકવ હોય છે અને તેઓ મોટી જવાબદારીઓ ઉપાડી શકતા નથી; તેઓ શરળતાથી વિચલિત થઈ જાય છે અને તેમના ઉપર ભરોસો રાખી શકાય નહિ.

——યુવાનો પ્રભુધર્મના કાર્યોની જવાબદારી ઉપાડવા માટે આતુર હોય છે, પરંતું બિનઅનુભવ અને અપરિપકવતાના કારણે તેઓ મોટે પાયે સફળતાઓ હાંસલ કરવા અક્ષમ છે.

——યુવાનો પાસે સતત અને નિસ્વાર્થપણે પ્રભુધર્મ અને માનવજાતની ની સેવા કરવાની જરૂરી ક્ષમતા છે.

——યુવાનો પ્રભુધર્મની સેવાના પધ્ધતિસર કાર્યોમાં જોડાવા માટેની જરૂરી ઈચ્છાશક્તિ અને સમર્પણની ભાવનાનું ઉદાહરણ પૂરૂં પાડી શકે છે.

——જે લોકો તેમની ભર યુવાનીમાં પ્રભુધર્મની સેવા માટે ઊભા થાય છે તેઓ ખૂબ આશીર્વાદિત છે.

——યુવાનોએ તેમના અભ્યાસમાં વિશેષ ધ્યાન આપવું જોઈએ, તેઓ તેમનો વધારાનો સમય પ્રભુધર્મના કાર્યો માટે સમર્પિત કરી શકે છે.

——ઉચ્ચ સ્તરની શૈક્ષણિક તાલીમ મેળવ્યા વગર યુવાનો પ્રભાવશાળી રીતે તેમના સમાજની સેવા કરી શકતા નથી.

—યુવાનો માટે માનવીય પ્રયત્નોના બધા ક્ષેત્રો ખુલ્લા છે; તેમણે તેમના કૌશલ્યો અને પરિસ્થિતિ અનુસાર યોગ્ય ક્ષેત્રોની પસંદગી કરવી જોઈએ, સેવાની ભાવનાથી તેમાં પ્રવેશ કરવો જોઈએ અને ઉત્કૃષ્ટતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

—યુવાનો પાસે તેઓ જેમના સંપર્કમાં આવે છે તેમને પ્રભુધર્મ વિશેના અર્થપૂર્ણ વાર્તાલાપમાં જોડવાનો પૂરતો અનુભવ અને જ્ઞાન હોતું નથી; તેથી તેઓ બીજી કોઈ રીતે સેવા કરે તે વધારે ઉચિત છે.

—યુવાનો પાસે તેઓ જેમના સંપર્કમાં આવે છે તેમને પ્રભુધર્મ વિશેના અર્થપૂર્ણ વાર્તાલાપમાં જોડવાનો પૂરતો અનુભવ અને જ્ઞાન હોતું નથી અને તેથી તેમને માત્ર ઉદાહરણરૂપ આચરણ કરવા માટે જ પ્રોત્સાહન આપવું જોઈએ.

—યુવાનો પાસે પ્રભુધર્મના શિક્ષણોને સમજવાની અને તેના વિશે તેમના સાથીઓ સાથે ચર્ચા કરવાની મહાન ક્ષમતા છે.

—યુવાનો પાસે પ્રભુધર્મના શિક્ષણોને સમજવાની અને તેના વિશે યુવાનો અને વયસ્કો-એમ જીવનના બધાજ ક્ષેત્રના લોકો સાથે ચર્ચા કરવાની મહાન ક્ષમતા છે.

—યુવાનો બીજા સાથે પ્રભુધર્મના શિક્ષણની આપ-લે કરવા માટે જરૂરી જ્ઞાન અને ક્ષમતાઓ પ્રાપ્ત કરવા તત્પર હોય છે.

—યુવાનો પ્રભુધર્મના શ્રેષ્ટત્તમ સંસાધનો પૈકી એક છે અને તેમને યોગ્ય અભ્યાસ કાર્યક્રમો અને સતત પ્રોત્સાહન દ્વારા તેમના સમુદાયો અને માનવજાતની સેવા કરવા સક્ષમ બનવામાં તેમની મદદ કરવી જોઈએ.

—યુવાનોને એવી વિશિષ્ટ પ્રવૃતિઓ જોઈએ જે તેમને હસી-મજાક કરવાની છૂટ આપી શકે; કારણકે કોઈપણ કાર્યમાં લાંબો સમય ગંભીરતા જાળવવી તેમના માટે કઠીન છે.

—જીવનમાંથી જ્યારે ચંચળતા જતી રહે ત્યારે સુવ્યવસ્થિત બનવાનું શીખવાનો સમય આવે છે.

—કઠીન પરિસ્થિતિઓનો સામનો કરવાની અને તેમનીજાતને નવીન પરિસ્થિતિઓને અનુરૂપ ઢાળવાની યુવાનોની ક્ષમતા, તેમની સમક્ષ સેવાના અનેક ક્ષેત્રોને ખોલી દે છે.

—યુવાનો પાસે જીજ્ઞાસુ મન છે અને તેઓ અભ્યાસ અને સામુદાયિક જીવનમાં સંપૂર્ણ સહભાગીતા દ્વારા તેમના પ્રશ્નોના જવાબ મેળવી શકે છે.

—યુવાનો દ્વારા પ્રદર્શિત નિઃસ્વાર્થ સેવાની ભાવના દ્વારા સમુદાયમાં વિધમાન મહાન ક્ષમતાઓ અનાવૃત થઈ શકે છે.

—ઈશ્વરના શબ્દોની શક્તિ યુવાનોને શુદ્ધતા અને અનાસક્તિ સાથે સેવાના માર્ગે ચાલવા સમર્થ બનાવે છે.

—તાલીમ સંસ્થાના પાઠયક્રમોના અભ્યાસ દ્વારા અને તેની સાથે સંકળાયેલા સેવાના કાર્યોમાં સંલગ્નતા દ્વારા યુવાનો જે વલણો અને આધ્યાત્મિક ગુણો, કૌશલ્યો અને ક્ષમતાઓનો વિકાસ કરે છે તે તેમને સમુદાય નિર્માણની ગતિશીલ પ્રક્રિયામાં નિર્ણાયક ફાળો આપવા સક્ષમ બનાવે છે.

—સમાજમાં પરિવર્તન લાવવાની ક્ષમતાનો ભંડાર જે વિશ્વના યુવાનોમાં રહેલો છે તેનો એવી પધ્ધતિસર શૈક્ષણિક પ્રક્રિયામાં સહભાગીતા દ્વારા ઉપયોગ કરી શકાય છે જે અભ્યાસ અને સેવાને જોડે છે.

## વિભાગ ૧૨

આશા રાખવામાં આવે છે કે છેલ્લા વિભાગના સ્વાધ્યાયથી તમને યુવાવસ્થા વિશેની તમારી વિચારધારાને દૃઢ કરવામાં અને જીવનના આ તબક્કા વિશે તમે જે છબી મેળવી છે તે ભવિષ્યની સંગીન તૈયાર તરીકે - અભ્યાસની સાથે જોડાયેલી સક્રિય સેવાની છે - તેના વિશે સમજવામાં મદદ મળી હશે. ચાલો આપણે આ વિષય વિશે વધારે વિચાર કરીએ:

સેવા, શિક્ષણ અને તૈયારી વચ્ચેના આંતરસંબંધ વિશે આપણે જે ચર્ચા કરી ગયા છીએ તેને વિશેષ સંદર્ભમાં સમજવું જરૂરી છે. તેણેં ખાસ કરીને પ્રભુધર્મના લખાણોમાં પરિકલ્પિત પરિવર્તનની બે પ્રક્રિયાઓ- વ્યક્તિનો સંગીન બૌધિક અને આધ્યાત્મિક વિકાસ તથા સમાજના પરિવર્તન-માં ફાળો આપવો જોઈએ. આપણે જાણીએ છીએ કે બહાઉલ્લાહના પ્રગટીકરણનું "સર્વોચ્ચ અને વિશિષ્ટ કાર્ય લોકોને એક નવી માનવજાત તરફ આહ્વાન કરવા સિવાય બીજો કોઈ નથી" અને આપણાં પૈકી દરેક વ્યક્તિ પવિત્ર ગ્રંથમાં નિર્ધારિત વ્યક્તિને અનુરૂપ તેના કાર્યો અને વિચારોને સુસંગત કરવાનો દરરોજ પ્રયત્ન કરે છે. પવિત્ર લખાણો સમાજના ઢાંચામાં ગહન પરિવર્તન લાવવા ઉપર પણ સરખો ભાર આપે છે. બહાઉલ્લાહ કહે છે, "થોડા જ વખતમાં વર્તમાન વ્યવસ્થા સમેટાઈ જશે અને તેની જગ્યાએ એક નવી વ્યવસ્થા પાથરી દેવામાં આવશે." તેઓ ઘોષિત કરે છે કે, "બધા મનુષ્યોનું સદા વિકસિત સંસ્કૃતિને આગળ લઈ જવા માટે સર્જન કરવામાં આવ્યું છે."

આ બેવડુ પરિવર્તન માત્ર સભાન પ્રયત્નો દ્વારા જ આવશે, અને તેના માટે જરૂરી છે કે યુવાનો તેમના જીવનમાં તેનું મહત્વ સમજે તથા તેમના પોતાના વ્યકિતગત વિકાસની જવાબદારી ઉપાડી લેવા અને સમાજના વિકાસમાં ફાળો આપવા-એમ બન્નેના ઉદ્ેશની સંગીન સમજ પ્રાપ્ત કરે. આવો બેવડો ઉદ્દેશ સેવા માટે સમર્પિત જીવનમાં સહજ રીતે દૃશ્યમાન થશે.

નીચેના અવતરણો નૈતિક ઉદ્દેશના આ સમજના એક તત્વ ઉપર પ્રકાશ પાડે છે, જેનો આપણા બૌધિક અને આધ્યાત્મિક વિકાસ સાથે સબંધ છે :

> **"એક સત્ય ઈશ્વરનો તેની જાતને પ્રગટ કરવાનો ઉદ્દેશ સમસ્ત માનવજાતને સત્યવાદીતા અને ઈમાનદારી, ધર્મનિષ્ઠતા અને વિશ્વાસપાત્રતા, પ્રભુ-ઈચ્છા પ્રત્યે આત્મસમર્પણ અને શરણાગતિ, ધૈર્ય અને દયાભાવ, પ્રમાણિકતા અને વિવેક તરફ આહ્વાન કરવાનો છે. તેમનો હેતું દરેક મનુષ્યને સંત જેવા ચરિત્રના પરિધાન તથા પવિત્ર અને સદ્કાર્યોના આભૂષણથી વિભૂષિત કરવાનો છે."[૧૫]**

> **"પ્રભુ માર્ગમાં જીવન જીવવાની આધારશિલા છે નૈતિક ઉત્કૃષ્ટતાની લગન અને ઈશ્વરની નજરમાં સુપ્રસન્ન ગુણોથી સભર એવા ચરિત્રની પ્રાપ્તિ."[૧૬]**

> **"માનવીનું કર્તવ્ય છે જ્ઞાન પ્રાપ્ત કરવાનું, મહાન આધ્યાત્મિક સપૂર્ણતા હાંસલ કરવાનો, ગૂઢ તથ્યો શોધી કાઢવાનો અને પરમેશ્વરના ગુણોનો વિકાસ કરવાનો."[૧૭]**

> **"માનવીનું સર્જન કરવાનો પરમાત્માનો ઉદ્દેશ, તેને તેના સર્જનહારને ઓળખવા અને તેનું સાંનિધ્ય પ્રાપ્ત કરવા માટે સક્ષમ બનાવવાનો હંમેશા રહ્યો છે અને હંમેશા રહેશે."[૧૮]**

૧. ઉપરોક્ત અવતરણોને આધારે નીચેના વાકયો પૂરા કરો :

ક. એક સત્ય ઈશ્વરનો તેની જાતને પ્રગટ કરવાનો ઉદ્દેશ સમસ્ત માનવજાતને ______________________________________________ ______________________________ તરફ આહ્વાન કરવાનો છે.

ખ. પરમેશ્વરનો હેતું દરેક મનુષ્યને ______________________ ના પરિધાન તથા ______________________ ના આભૂષણથી વિભૂષિત કરવાનો છે.

ગ. પ્રભુ-માર્ગમાં જીવન જીવવાની આધારશિલા છે ________________ અને ______________________________________________ ________________

ઘ. આપણું કર્તવ્ય છે____________ પ્રાપ્ત કરવાનું, ____________________ હાંસલ કરવાનો ____________ શોધી કાઢવાનો અને ______________ નો વિકાસ કરવાનો.

ચ. આપણું સર્જન કરવાનો પરમાત્માનો ઉદ્દેશ આપણને આપણા ______________ ____________ અને ______________________________ માટે સક્ષમ બનાવવાનો હંમેશા રહયો છે અને હંમેશા રહશે.

૨. માનવ આત્મામાં વિદ્યમાન સંભવનાઓની દ્રષ્ટિ એક વ્યક્તિના ઉદ્વેશની સમજને આકાર અને દોરવણી આપે છે. કેવી રીતે, તેના વિશે સમજાવો. ______________________

______________________________________________

______________________________________________

______________________________________________

૩. આ દુન્યવી જીવન, પરમેશ્વરનું સાંનિધ્ય પ્રાપ્ત કરવાની અનંત યાત્રાનો એક નાનો ભાગ માત્ર છે તેના જ્ઞાન દ્વારા એક વ્યક્તિના ઉદ્વેશની સમજ પ્રબળ થાય છે. શા માટે, સમજાવો?

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

અવતરણોનું બીજુ સંકલન નૈતિક ઉદ્વેશની સમજના બીજા તત્વ ઉપર પ્રકાશ પાડે છે, તે સમાજના પરિવર્તનમાં ફાળો આપવાનું છે :

> **"આ મજલૂમ સાક્ષી છે કે એક ઉદ્વેશ માટે નશ્વર મનુષ્યનું શુન્યમાંથી અસ્તિત્વના સામ્રાજયમાં સર્જન કરવામાં આવ્યું છે, કે જેથી તેઓ દુનિયાની પ્રગતિ માટે કાર્ય કરે તથા સુમેળ અને સદ્ભાવથી એકસાથે રહે."[૧૯]**

**"અને વ્યક્તિનું સન્માન અને વિશિષ્ટતા તેમાં રહેલું છે કે, તે દુનિયાના બધા લોકો વચ્ચે સામાજિક ભલાઈનો સ્ત્રોત બને. કોઈ વ્યક્તિ તેના અંતરમાં નજર કરીને જુએ કે તે પરમેશ્વરની સંપુષ્ટિ સભર અનુકંપાથી તેમના સાથી મનુષ્યોની શાંતિ અને કલ્યાણ, ખુશી અને લાભનું કારણ બન્યો છે તો, શુ તેના કરતાં વધારે મોટા આશીર્વાદની કલ્પના કરવી શકય છે ? નહિ, એક સત્ય ઈશ્વરના સોગંદ, તેના કરતાં મોટો બીજો કોઈ આશીર્વાદ નથી, તેના કરતાં મોટી બીજી કોઈ વધારે પરિપૂર્ણ પ્રસન્નતા નથી."[૨૦]**

**"માનવી કેટલો ઉત્કૃષ્ટ અને સન્માનીય છે જો તે તેના કર્તવ્યો પૂરા કરવા માટે ઊભો થાય છે; કેટલો અધમ અને હીન છે જો તે સમાજના કલ્યાણ તરફ તેની આંખો બંધ કરી દે છે અને તેનું અમુલ્ય જીવન પોતાના સ્વાર્થી હિતો અને અંગત લાભોમાં વેડફી નાંખે છે."[૨૧]**

**"તમારી જાતને તમારા પોતાના જ સુખચેનમાં વ્યસ્ત નહિ રાખો; તમારા વિચારોને તેના ઉપર કેન્દ્રિત કરો જે માનવજાતના ભાગ્યનું પુનરૂત્થાન કરશે તથા માનવીના હૃદય અને આત્માને શુધ્ધ કરશે"[૨૨]**

**"જે પરમેશ્વરના લોકો છે તેમની દુનિયાને સજીવન કરવા, તેના જીવનને ઉન્નત કરવા અને તેના લોકોનું નવસર્જન કરવા સિવાય બીજી કોઈ મહત્વાકાંક્ષા નથી."[૨૩]**

૧. ઉપરોક્ત અવતરણના આધારે નીચેના વાક્યો પુરા કરો :

ક. એક ઉદ્દેશ માટે આપણું શુન્યમાંથી અસ્તિત્વના સામ્રાજયમાં સર્જન કરવામાં આવ્યું છે કે જેથી આપણે ______________________ તથા ______________

______________________________________________

ખ. વ્યક્તિનું સન્માન અને વિશિષ્ટતા તેમાં રહેલું છે કે તે ______________________

______________________________________________

______________________

ગ. કોઈ વ્યક્તિ તેના અંતરમાં નજર કરીને જુએ કે તે ______________________

______________________ તો શું તેના કરતાં વધારે મોટા આશીર્વાદની કલ્પના કરવી શકય છે ?

ઘ. માનવી કેટલો સન્માનીય છે જો તે તેના ______________ માટે ઊભા થઈ જાય છે; કેટલો અધમ અને હિન છે જો તે ______________ તરફ તેની આંખો બંધ કરી દે છે અને ______________________________

______________________________________________

ચ. જે પરમેશ્વરના લોકો છે તેમની ______________________________

______________ અને ______________________ સિવાયની બીજી કોઈ મહત્વાકાંક્ષા નથી.

૩. માનવજાતની એક પરિવાર તરીકની એકતા ખરેખર શકય છે ત્યારે, તેના વિકાસના આ તબક્કે તેની સમક્ષ ઉપસ્થિત મહાન અવસરોની એક દિર્ઘદૃષ્ટિ ધારણ કરવી, એ એક વ્યક્તિના ઉદ્દેશની સમજને આકાર અને દોરવણી આપે છે. કેવી રીતે, તેના વિશે સમજાવો. ______________

____________________________________________________________________

____________________________________________________________________

૩. એક વ્યક્તિની ઉદ્દેશની સમજ કે, માનવજાત દિવ્ય સભ્યતા તરફ લઈ જતા લાંબા વિકાસના માર્ગ પર આગળ વધી રહી છે તેની સમજથી પ્રબળ થાય છે. શા માટે ? શા માટે, તેના વિશે સમજાવો.

____________________________________________________________________

____________________________________________________________________

## વિભાગ ૧૩

છેલ્લા વિભાગના સ્વાધ્યાયમાં સૂચન કરવામાં આવ્યું છે તે મુજબ, પવિત્ર ગ્રંથોમાં સૂચિત વ્યક્તિ અને સમાજમાં પરિવર્તનના સ્વરૂપની સમજ યુવાનોના ઉદ્દેશની સમજનો મુલાધાર હોવો જોઈએ. "તેમના સાચા અને અંતર અસ્તિત્વની ખાણમાં છુપાયેલા" રત્ન જેવા ગુણો પ્રાપ્ત કરવા તથા ભૌતિક અને આધ્યાત્મિક રીતે સમૃધ્ધ વિશ્વ સંસ્કૃતિના નિર્માણમાં ફાળો આપવા માટે તેમણે બહાઉલ્લાહ દ્વારા આહ્વાન કરવામાં  આવેલ પરિવર્તનની વ્યાપકતાનો સ્વીકાર કરવો જોઈએ. આજે દરેક જગ્યાએ લોકો પરિવર્તનની જરૂરીયાતની ચર્ચા કરે છે તેમાં કોઈ શંકા નથી. પરંતુ આપણે સમજી લેવું જોઈએ કે બહાઉલ્લાહના પ્રગટીકરણના પ્રત્યક્ષ પ્રભાવ હેઠળ વ્યક્તિ અને સમાજમાં આવનાર ભાવિ પરિવર્તન મોટા ભાગના લોકોની કલ્પનાથી પણ ખૂબ મહાન હશે.

ચાલો આપણે કેટલાક અવતરણો ઉપર ચિંતનને કરીને વ્યક્તિગત સ્તરે આવનાર પરિવર્તનની વ્યાપકતાની એક ઝલક મેળવવાનો પ્રયત્ન કરીએ. બહાઉલ્લાહ આપણને કહે છે :

> **"ચરિત્રમાં અતુલ્ય એવી એક માનવજાત ઊભી કરવામાં આવશે જે અનાસક્તિના પગલે, જેઓ સ્વર્ગમાં અને ધરતી ઉપર છે તે બધાની વચ્ચે વિચરણ કરશે, અને જેઓ પાણી અને માટીમાંથી સર્જાયેલા છે તે બધાને પાવનતાના વસ્ત્રથી વિભૂષિત કરશે"[૨૪]**

અને એક અવતરણમાં તેઓ કહે છે :

> **"કહો : તેની ગણતરી 'બહા'ના લોકોમાં કરવામાં આવશે નહિ, જે તેની સંસારિક કામનાઓનું અનુસરણ કરે છે અથવા તેના હૃદયને દુન્યવી ચીજો તરફ કેન્દ્રિત કરે છે. મારો સાચો અનુયાયી તે છે જે શુધ્ધ સોનાની ખીણમાં પણ આવી જાય તો વાદળની જેમ ત્યાંથી પસાર થઈ જશે, નહિ તો તે પાછો ફરીને જોશે કે નહિ ત્યાં થોભશે. આવી વ્યક્તિ ખરેખર મારો છે. તેના પરિધાનમાંથી સ્વર્ગના નિવાસીઓ પાવનતાની સુરભી માણી શકશે."[૨૫]**

બીજા અવતરણમાં તેઓ કહે છે :

> **"આ યુગમાં પરમેશ્વરના સાથીઓએ એવા લોકો જેવા બનવું જોઈએ જે દુનિયાના લોકોમાં ખમીરનું કામ કરે. તેમણે એવી વિશ્વાસપાત્રતા, એવી સત્યવાદીતા અને ધૈર્ય, એવા કાર્યો અને ચરિત્ર પ્રદર્શિત કરવું જોઈએ કે તેમના ઉદાહરણથી સમસ્ત માનવજાત લાભાન્વિત થઈ શકે."[૨૬]**

અને તેઓ આગળ વર્ણવે છે :

> **"આવા શુધ્ધ અને પાવન આત્માઓના શ્વાસમાં અપાર શક્તિઓ છુપાયેલી છે. આ શક્તિઓ એટલી મહાન છે કે તે દરેક સર્જિત ચીજો ઉપર તેનો પ્રભાવ પાડે છે."[૨૭]**

અબ્દુલ-બહા આપણને કહે છે :

**"હે પરમેશ્વરના મિત્રો! તમે શક્તિશાળી પ્રયત્ન કરો કે દુનિયાના બધા લોકો અને સાથીઓ, દુશ્મનો પણ, તમારામાં તેમનો વિશ્વાસ, ભરોસો અને આશા રાખી શકે. જો કોઈ વ્યક્તિ સેંકડો-હજારો વખત દુષ્કૃત્ય કરે છતાં પણ, તે એવા ભરોસા સાથે તમારી તરફ ઉન્મુખ થશે કે તમે તેના પાપોને માફ કરી દેશો, અને તે નિરાશ કે દુ:ખી થશે નહિ. 'બહા'ના લોકોનું વર્તન અને આચરણ આવું હોવું જોઈએ. આ ઉચ્ચત્તમ માર્ગનો પાયો છે. તમારે તમારા વર્તન અને વ્યવહારને અબ્દુલ-બહાની સલાહ સાથે સુસંગત કરવું જોઈએ."**[૨૮]

પવિત્ર ગ્રથોમાં વર્ણિત આ નવી માનવજાતના ગુણોની ભવ્યતા ઝગમગી રહી છે અને આ "નવી માનવજાત"ની શક્તિઓ અને ક્ષમતાઓની આપણે જે ઝલક મેળવીએ છીએ તેનાથી આપણે આશ્ચર્યચકિત થઈ જઈએ છીએ. આવા અવતરણોનો અભ્યાસ કરીને આપણે અલગ રીતે પ્રતિભાવ આપીશું. આપણે એમ વિચારી શકીએ છીએ કે પવિત્ર ગ્રંથોમાં નિર્ધારિત આદર્શ આપણી પહોંચથી ખૂબ દૂર છે કે તેને અનુરૂપ જીવન જીવવું વ્યર્થ છે અને તેના પરિણામ સ્વરૂપે આપણે મધ્યમ માર્ગ તરફ સરકી જઈએ; આવી પરિસ્થિતિમાં,માત્ર અનુચિત વર્તનથી દૂર રહેવું પર્યાપ્ત છે એવા વિશ્વાસમાં સપડાઈ જવા આપણીજાતને અનુમતિ આપીએ છીએ. આમ છતાં જ્યારે એક વ્યક્તિ ઉદ્દેશની દૃઢ સમજથી પ્રદિપ્ત હોય છે ત્યારે ઉપરોક્ત લખાણો તેના માટે સતત પ્રોત્સાહનનો સ્ત્રોત બને છે અને તેને નવી ઉચાઈઓ તરફ પ્રેરણા આપે છે.

આપણે ભાગ્યશાળી છીએ કે આપણી સમક્ષ તેમના પિતાના શિક્ષણોના સંપૂર્ણ આદર્શરૂપે અબ્દુલ-બહાના વ્યક્તિત્વનો પ્રેરણા સ્ત્રોત પણ ઉપલબ્ધ છે. આપણે સભાન છીએ કે અબ્દુલબહા તેના પોતાના આકાશમાં વિહાર કરે છે અને કોઈપણ માનવી તેના મહિમામય સ્થાન સુંધી પહોંચી શકવાની આશા રાખી શકતો નથી આમ છતાં, તેમનામાં આપણે દરેક બહાઈ આદર્શનું સાકાર રૂપ જોઈએ છીએ અને તેમના દ્વારા પ્રસ્તુત આદર્શ આચરણના ઉદાહરણ તરફ પુરુષાર્થ કરીએ છીએ. તમે અને આ પાઠયક્રમનો અભ્યાસ કરતા તમારા મિત્રો માટે ઉપરોક્ત અવતરણો માંથી વાકયો પસંદ કરીને તે દરેકમાં ઉલ્લેખિત ગુણો પ્રદર્શિત કરતા હોય એવા અબ્દુલ-બહાના જીવનના પ્રસંગો વિશે વિચાર કરવો ઉપયોગી પુરવાર થશે. દાખલા તરીકે, જ્યારે આપણે "અનાસક્તિના પગલે" ચાલવાની કલ્પના કરીએ છીએ ત્યારે તેમના જીવનની એવી વાર્તા યાદ આવે છે જે આપણને સમસ્ત સર્જિત ચીજોથી અનાસક્ત થઈને આ દુનિયામાં જીવન જીવવાનો અર્થ સમજાવે છે. જ્યારે આપણે "પાવનતાની સુરભી" વિશે વિચાર કરીએ છીએ ત્યારે આપણે જાણીએ છીએ કે તેના "આભૂષણ"થી "સર્વોચ્ચના નિવાસીઓ" તેની સુરભી માણી શકે છે અને આપણને એવી વાર્તાઓ યાદ આવે છે જે તેમની બેદાગ પાવનતાનું ઉદાદરણ પૂરું પાડે છે.

## વિભાગ ૧૪

ચાલો હવે આપણે પરિવર્તનની ગહન પ્રક્રિયા વિશે વિચાર કરીએ જે સમાજના સ્તરે થવી જોઈએ. બહાઉલ્લાહ કહે છે :

**"મારા જીવનના સોગંધ! એ દિવસ આવી રહ્યો છે જ્યારે અમે આ દુનિયા અને તેમાં જે બધું છે તેને સમેટી લઈશું, અને તેની જગ્યાએ નવી વ્યવસ્થા પ્રણાલી ફેલાવી દઈશું."**[૨૯]

તેઓ આગળ કહે છે :

**"આ પરમ મહાન, આ નવી વિશ્વ વ્યવસ્થા પ્રણાલીની કંપારીની અસરથી વિશ્વની સમતુલા ખોરવાઈ ગઈ છે. આ અદ્વિતિય સંસ્થા, આ અદ્‌ભૂત વ્યવસ્થા પ્રણાલી દ્વારા માનવજાતના વ્યવસ્થિત**

**(સુયોજિત) જીવનમાં ક્રાંતિકારી પરિવર્તન સર્જાયું છે, એવું પરિવર્તન કે જેને નશ્વર આંખે કદી જોયું નથી."**[૩૦]

અને અબ્દુલ-બહા તેની પુષ્ટિ કરે છે :

**"... દુનિયામાં ન્યાય અને ઈમાનદારી છવાઈ જશે; દુશ્મનાવટ અને ધિક્કાર અદૃશ્ય થઈ જશે; જે કંઈ લોકો, જાતિઓ અને રાષ્ટ્રો વચ્ચે વિભાજનનું કારણ છે તે ભૂંસાઈ જશે; અને જે એકતા, સદભાવ, અને સુમેળ સુનિશ્ચિત કરે છે તેનું પ્રવર્તન થશે. લાપરવાહ લોકો તેમની ઊંઘમાંથી ઊઠશે; આંધળા જોવા લાગશે; બહેરા સાંભળવા લાગશે; ગુંગા બોલવા લાગશે; બીમાર સ્વસ્થ થશે; મરેલા જીવતા થશે; અને યુધ્ધ શાંતિને માર્ગ આપશે. દુશ્મનાવટ પ્રેમમાં પરિવર્તિત થશે; વિવાદ અને સંઘર્ષના મૂળ કારણો નાબૂદ થઈ જશે; માનવજાત સાચી ખુશી પ્રાપ્ત કરશે; આ દુનિયા સ્વર્ગીય સામ્રાજયને પ્રતિબિંબિંત કરશે; અને આ ધરતી સર્વોચ્ચ લોકનું સિહાસન' બનશે."**[૩૧]

બીજા એક અવસરે તેઓ વર્ણવે છે :

**"માનવજાતના પ્રારંભિક ઈતિહાસના સમયમાં જે ચીજો માનવીય જરૂરીયાતો માટે ઉપયોગી હતી તે આ યુગની અને, નવા અને પરિપૂર્ણતાના સમયની માંગને કયારેય સંતોષી શકે નહિ. માનવજાત તેની મર્યાદા અને મૂળભૂત તાલીમના પ્રારંભિક તબક્કામાંથી બહાર આવી ગઈ છે. માનવીએ હવે નવા ગુણો અને શક્તિઓ, નવી નૈતિકતા, નવી ક્ષમતાઓથી વિભૂષિત જવું જોઈએ. નવી કૃપા, આશીષ અને સંપૂર્ણતાઓ પ્રતિક્ષા કરી રહી છે અને તેના ઉપર વરસી રહી છે."**[૩૨]

અને તેઓ આગળ ઉપદેશ આપે છે :

**"...આપણે હૃદય અને આત્મા સાથે પ્રયત્ન કરવો જોઈએ કે જેથી ભૌતિક જગતનો અંધકાર દૂર થઈ જાય, દિવ્ય સામ્રાજયનો પ્રકાશ બધી ક્ષિતિજો પરથી ઝળહળી ઉઠે, માનવ જગત પ્રકાશિત થાય, માનવ રૂપી અરિસામાં પરમેશ્વરની છબી પ્રતિબિંબિંત થાય, પરમેશ્વરનો કાયદો સુસ્થાપિત થાય અને દુનિયાના બધા ક્ષેત્રો પરમેશ્વરની ન્યાયી સુરક્ષા હેઠળ શાંતિ, સુખચેન અને સ્વસ્થતાનો આનંદ માણી શકે."**[૩૩]

એક વ્યક્તિના કિસ્સાની જેમ, ભવિષ્યમાં અસ્તિત્વમાં આવનાર સંસ્કૃતિની સંપૂર્ણ ભવ્યતાની કલ્પના કરવી આપણા માટે મુશ્કેલ છે. વાસ્તવમાં, તેના લક્ષણોનું વર્ણન કરવાનું પણ શરળ નથી. આમછતાં, આવશ્યક પરિવર્તનની વ્યાપકતાથી આપણે એટલા ભાવવિભોર થઈને વિચારવા લાગતા નથી કે આ પરિવર્તન આપણા કોઈ પણ પ્રયત્નો વગર અને ચમત્કારથી આવશે. આપણી આંખો બહાઉલ્લાહની વિશ્વ વ્યવસ્થા ઉપર કેન્દ્રિત હોવી જોઈએ, અને આપણે સમજી લેવું જોઈએ કે આપણું નાનામાં નાનું કાર્ય પણ તેના નિર્માણમાં ફાળો આપી શકે છે. સમાજમાં આવનાર પરિવર્તનની વ્યાપકતા વિશે વધારે ચિંતન કરવા માટે નીચે આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો.

અદૃશ્ય, ભૂંસાઈ, માર્ગ આપશે, ફેલાઈ, આનંદ, ઝળહળી, વિજય,
નાબૂદ, પ્રાપ્ત, છવાઈ, સમેટાઈ, દુર થઈ, દૃશ્યમાન, પ્રકાશિત, બનશે,
સુસ્થાપિત

ક. એ દિવસ આવી રહ્યો છે જ્યારે આ દુનિયા અને તેમાં જે બધુ છે તે ___________ જશે.

ખ. એ દિવસ આવી રહ્યો છે જ્યારે વર્તમાન વ્યવસ્થાની જગ્યાએ નવી વિશ્વ વ્યવસ્થા પ્રણાલી ___________ જશે.

ગ. દુનિયામાં ન્યાય અને સત્ય ___________ જશે.

ઘ. દુશ્મનાવટ અને ધિક્કાર ___________ થઈ જશે.

ચ. લોકો, જાતિઓ અને રાષ્ટ્રો વચ્ચેના વિભાજનના બધા કારણો ___________ જશે.

જ. એકતા, ભાઈચારો અને સદ્ભાવના કારણો ___________ થશે.

જ. યુધ્ધ શાંતિને ___________________

ઝ. દુશ્મનાવટ ઉપર પ્રેમનો ___________ થશે.

ટ. વિવાદ અને સંઘર્ષના કારણો સંપૂર્ણપણે ___________ થઈ જશે.

ઠ. સાચી ખુશી ___________ થશે.

ડ. આ દુનિયા સ્વર્ગીય સામ્રાજ્યનો અરિસો _______________

ઢ. આ દુનિયાનો અંધકાર ____________ થશે.

ણ. માનવ જાગત ______________ થશે.

ત. દિવ્ય સામ્રાજ્યનો પ્રકાશ તેની બધી ક્ષિતિજો પરથી ______________ ઉઠશે.

ધ. પરમેશ્વરનો કાયદો ___________ થશે.

દ. દુનિયાના બધા વિસ્તારો પરમેશ્વરની ન્યાયી સુરક્ષામાં શાંતિ, સુખચેન અને સ્વસ્થતાનો ___________ માણશે.

## વિભાગ ૧૫

છેલ્લા બે વિભાગના અવતરણો અને સ્વાધ્યાયોએ બહાઉલ્લાહના પ્રગટીકરણના પરિણામ સ્વરૂપે વ્યક્તિ અને સમાજમાં આવનાર ગહન પરિવર્તન વિશે અંતઃદૃષ્ટિ પૂરી પાડી છે. તેમના દ્વારા પરિકલ્પિત પરિવર્તનની વ્યાપકતા વિશે વધારે વિચાર કરવા માટે નીચેના વિધાનો વાંચો. દરેક વિધાન વ્યક્તિ કે સમાજના કેટલાક પ્રસંશનીય ગુણોનું વર્ણન કરે છે, જેમ કે, ન્યાય, નિષ્પક્ષતા, પ્રેમાળ-કરૂણા, વગેરે. અગાઉના વિભાગોના અવતરણોથી કોઈ શંકા રહેતી નથી કે બહાઉલ્લાહે વ્યક્તિગત અને સામુહિક આચરણના વધારે ઉચા આદર્શો માટે માનવજાતને આહ્વાન કર્યું છે. દરેક વાક્યની એવી રીતે પુનઃરચના કરવાનો પ્રયત્ન કરો કે જેથી તે વધુ સ્પષ્ટ રીતે બહાઉલ્લાહના પ્રગટીકરણ દ્વારા નિર્ધારિત આદર્શો પ્રગટ કરી શકે. તમારી સહાયતા માટે પહેલા વિધાનનું ઉદાહરણ આપવામાં આવ્યું છે.

ક. વ્યક્તિએ તેની ઈર્ષાની લાગણી ઉપર અંકુશ રાખવો જોઈએ અને તેની પકકડમાં આવવું જોઈએ નહિ.

ખ. આપણે આપણા હૃદયમાંથી ઈર્ષાનું નામોનિશાન મિટાવી દેવું જોઈએ અને બીજાની સિધ્ધીઓમાંથી સાચા આનંદનો અનુભવ કરવો જોઈએ.

ક. આપણે જે કોઈને પણ મળતા હોઈએ તેમના પ્રત્યે વિનયી બનવું પર્યાપ્ત છે, પછી તે મિત્ર હોય કે અજનવી.

ખ. ______________________________

______________________________

ક. ભગવાને આપણને જે ધન-સંપતિ આપી છે તેના માટે આપણે તેમનો આભાર માનવો જોઈએ અને જ્યારે પણ કહેવામાં આવે ત્યારે હંમેશા ધર્માદા અર્થે ફાળો આપવો જોઈએ.

ખ. ______________________________

______________________________

ક. વ્યક્તિએ બીજા લોકો સાથે લડાઈ-ઝગડામાં નહી પડવાનો પ્રયત્ન કરવો જોઈએ.

ખ. ______________________________

______________________________

ક. નિતિમય જીવન જીવવાનો એવો અર્થ થાય છે કે આપણે કોઈ માટે નુકશાનનું કારણ બનવું જોઈએ નહી.

ખ. ______________________________

______________________________

ક. શાંતિપૂર્વક જીવન જીવવા માટે આપણે અલગ અલગ સંસ્કૃતિ, પૃષ્ઠભૂમિ અને ધર્મના લોકોને સહન કરવાનું શીખી લેવું જોઈએ.

ખ. ______________________________

______________________________

ક. લોકોએ તેમના અધિકારો માટે ઉભા થવાનું શીખવું જોઈએ.

ખ. ______________________________

______________________________

ક. સરકારો માટે જરૂરી છે કે તેઓ આપણા ભાવિ નેતાઓના માનસને તાલીમ આપતી શાળાઓ માટે સૌથી સારો કાર્યક્રમ તૈયાર કરવા જરૂરી સંસાધનનો ઉપયોગ કરે.

ખ. ______________________________

______________________________

ક. ગુનેગારોના પુનર્વસનના હેતુથી કેદખાનાઓને આધુનિક બનાવવા જોઈએ.

ખ. ______________________________

______________________________

હવે તમે જે વાક્યો લખ્યા છે તેના વિશે નીચે આપેલા અવતરણોના સંદર્ભમાં વિચાર કરો. માનવ હૃદયો દુન્યવી ઈચ્છાઓથી કેટલા નિર્મળ હોવા જોઈએ તેના વિશે વિચાર કરવામાં પહેલું અવતરણ આપણી મદદ કરે છે :

**"હે ધરતીના પુત્ર! ખરેખર સમજી લે કે એવું હૃદય જેમાં ઈર્ષાનો લઘુતમ અંશ પણ હશે તો, તે મારા શાશ્વત સામ્રાજયને કદી પામી શકશે નહિ કે નહિ મારા પવિત્રતાના સામ્રાજ્યમાંથી ફૂંકાતી પવિત્રતાની મધૂર સુરભી માણી શકશે."**[૩૪]

આપણે એકબીજા સાથે કેવી રીતે વર્તન કરવું જોઈએ તેના સંદર્ભમાં નીચેનું અવતરણ થોડી અંત:દૃષ્ટિ પુરી પાડે છે :

**"પ્રેમ ભાવ અને પ્રેમાળ-કરૂણા એટલી ગહન હોવી જોઈએ કે અજનવી પણ તેની જાતને એક મિત્ર સમજે, દુશ્મન એક ભાઈ સમજે, તેમની વચ્ચે કોઈ ભેદભાવ નહિ રહે."**[૩૫]

આ અવતરણ દાન આપવા પ્રત્યેના ઉચિત વલણ ઉપર પ્રકાશ પાડે છે :

**"હે માટીના સંતાનો! ગરીબોના મધરાત્રીના નિસાસાની વાત શ્રીમંતોને કહો, રખે બેદરકારી તેમને વિનાશના માર્ગે લઈ જાય અને તેમને સમૃધ્ધિના વૃક્ષથી વંચિત કરી દે. આપવું અને ઉદાર બનવું એ મારા ગુણો છે, જે મારા સદ્‌ગુણોથી સ્વયંને શણગારે છે તેનું શુભ થાય છે."**[૩૬]

બીજા લોકો સાથેના આપણા વર્તનના સંદર્ભમાં, આપણે વાંચીએ છીએ:

**"તમે પ્રેમના સંવાહક બનો અને સંપૂર્ણ માનવજાત માટે દયાળુ બનો. માનવ સંતાનોને પ્રેમ કરો અને તેમના દુ:ખમાં સહભાગી થાઓ. તમે તેમના પૈકી બનો જેઓ શાંતિમાં વધારો કરે છે. તમારી મિત્રતા અર્પણ કરો, વિશ્વાસને પાત્ર બનો. તમે દરેક દરદ માટે મલમ બનો, દરેક બીમારી માટે ઔષધિ બનો. તમે આત્માઓને એકતાના સુત્રમાં બાંધો. તમે માર્ગદર્શનના શ્લોકોનું ગાન કરો. તમારા પ્રભુની ઉપાસનામાં સંલગ્ન થાઓ, અને લોકોને સદ્‌માર્ગે દોરવણી આપવા માટે ઊભા થાઓ. તમારી જીભ ખોલો અને શિક્ષણ આપો, અને તમારા મુખારવિંદને પ્રભુ-પ્રેમની અગ્નિથી પ્રજવલિત થવા દો. તમે એક ક્ષણ માટે પણ વિશ્રામ નહિ કરો, નિરાંતનો શ્વાસ લેવાની ઈચ્છા નહિ રાખો. આવી રીતે તમે કદાચ પ્રભુ-પ્રેમના પ્રતિક તથા ચિન્હ, અને તેની કૃપાની ધજા બની શકો."**[૩૭]

અને નૈતિક આચરણના પ્રશ્નના સંદર્ભમાં આપણને સલાહ આપી છે :

**"એવા દિવસોનો અંત આવ્યો છે જ્યારે નિષ્ક્રિય ભક્તિ પર્યાપ્ત ગણાતી હતી. હવે સમય આવી ગયો છે જ્યારે બેદાગ પવિત્ર કાર્યોવાળા શુદ્ધ આશય સિવાય બીજું કશુજ સર્વોચ્ચ સિંહાસન સુંધી પહોચી શકશે નહિ કે નહિ પરમેશ્વરને સ્વીકાર્ય હશે."**[૩૮]

વિભિન્ન પૃષ્ઠભૂમિ વાળા લાકો સાથેના વર્તનના સંદર્ભમાં, આ અવતરણ અંત:દૃષ્ટિ પુરી પાડે છે :

**"દુનિયાના બધા લોકો, સાથીઓ અને ધર્મો સાથે મહત્તમ સચ્ચાઈ, ઈમાનદારી, વફાદારી, દયા, શુભેચ્છા અને મિત્રતાથી સુમેળ સાધો, જેથી અસ્તિત્વનું આખું જગત 'બહા'ની કૃપાના પાવન પરમાનંદથી સભર બની જાય, જેથી દુનિયામાંથી અજ્ઞાનતા, દુશ્મનાવટ, ઘૃણા અને વેરભાવનું નામોનિશાન મટી જાય તથા દુનિયાના લોકો અને સાથીઓ વચ્ચેથી અણરાગનો અંધકાર એકતાના પ્રકાશને માર્ગ આપે. જો બીજા લોકો અને રાષ્ટ્રો તમારી સાથે વિશ્વાસઘાત કરે તો તમે તેમની સમક્ષ તમારી નિષ્ઠા (વફાદારી) બતાવો, જો તેઓ તમારી સાથે અન્યાય આચરે તો તમે તેમના પત્યે ન્યાય બતાવો, જો તેઓ તમારાથી અળગા રહે તો તમે તેમને તમારી તરફ આકર્ષિત કરો, જો તેઓ તેમની**

**દુશ્મનાવટ બતાવે તો તમે તેમની સાથે મિત્રતા રાખો, જો તેઓ તમારા જીવનમાં ઝેર ભેળવે તો તમે તેમના આત્મામાં મીઠાસ ભરી દો, જો તેઓ તમને જખમ આપે તો તમે તેમના ઘા માટે મલમ બનો. આ નિષ્ઠાવાનના ગુણો છે ! આ સત્યવાદીના ગુણો છે."[૩૯]**

એકત્વતાની જાગૃતિ કેવી રીતે સામાજિક સબંધોને પ્રભાવિત કરે છે તેના વિશે સમજવામાં નીચેનું અવતરણ આપણી મદદ કરે છે :

**"મારી આશા છે કે તમારામાંથી દરેક વ્યક્તિ ન્યાયી બને, અને તમારા વિચારોને માનવજાતની એકતા તરફ કેન્દ્રિત કરે; તેથી તમે કદી પણ તમારા પડોશીને નુકશાન પહોંચાડો નહિ કે નહિ કોઈની બુરાઈ કરો; તમે બધા લોકોના અધિકારોનું સન્માન કરો અને તમારા કરતાં બીજાના હિતોની વધારે ચિંતા કરો."[૪૦]**

નીચેનું અવતરણ કેળવણી પૂરી પાડવાના સંદર્ભમાં માર્ગદર્શન આપે છે :

**"બહાઉલ્લાહે ઘોષણા કરી છે કે અજ્ઞાનતા અને કેળવણીનો અભાવ માનવજાત વચ્ચેની જુદાઈની બાધાઓ છે, તેથી બધાએ તાલીમ અને માહિતી પ્રાપ્ત કરવી જ જોઈએ. આ વ્યવસ્થા દ્વારા પરસ્પર સમજુતીની ઉણપનો ઉકેલ આવશે અને માનવજાતની એકતામાં વૃધ્ધિ અને વિકાસ થશે. વિશ્વ કેળવણી એક સાર્વભૌમિક કાયદો છે."[૪૧]**

ન્યાયના સંચાલનના સંદર્ભમાં, આપણે નીચે મુજબ વાંચીએ છીએ:

**"દિવ્ય સંસ્કૃતિ, સમાજના દરેક સભ્યને એવી રીતે તાલીમ આપે છે કે અમુક નજીવા અપવાદો સિવાય, કોઈપણ વ્યક્તિ અપરાધ કરવા તૈયાર થશે નહિ. આવી રીતે હિંસા અને બદલાની ભાવનાવાળા ઉપાયોથી અપરાધોને રોકવામાં તેમજ લોકોને તાલીમ આપીને તેમને સમજાવીને અને તેમના આધ્યાત્મિકરણથી અપરાધોને રોકવામાં ખૂબ મોટો તફાવત છે, કે જેથી તેઓ સજાના કોઈ ડર કે બદલાની ભાવના વગર બધા અપરાધી કૃત્યોથી દૂર રહે. ખરેખર, તેઓ અપરાધોને અત્યંત કલંકિત અને લાછનરૂપ કૃત્ય ગણશે અને તેને જ કઠોરત્તમ સજા ગણશે."[૪૨]**

ઉપરોક્ત અવતરણો પર ચિંતન કર્યા પછી, તમે ઉપર જે વિધાનો લખ્યા છે તેની સમીક્ષા કરવાની અને તેના વિશે વધારે વિચાર કરવાની ઈચ્છા રાખશો.

## વિભાગ ૧૬

આપણે બેવડા નૈતિક ઉદ્દેશ વિશે ચર્ચા કરી છે જે લોકોને તેમના પોતાના આધ્યાત્મિક અને બૌધિક વિકાસની જવાબદારી ઉપાડવા અને સમાજના કલ્યાણમાં ફાળો આપવા પ્રેરણા આપે છે. આપણે જોઈ ગયા કે ઉદ્દેશની આ સમજ, જે આજે યુવાનો માટે ખૂબ આવશ્યક છે, તે પવિત્ર ગ્રંથોમાં ઉદ્દેશિત વ્યક્તિ અને સમાજના પરિવર્તનનું સ્વરૂપ અને તેની વ્યાપકતાની સમજથી કેવી રીતે દૃઢ થાય છે. આપણને સમજવાની જરૂર છે કે બદલાવની આ બે પ્રક્રિયા પરસ્પર જોડાયેલી છે. પોતાની ક્ષમતાનો વિકાસ કરવો અને સમાજના કલ્યાણ માટે કાર્ય કરવું આ બંને કાર્યોને જુદા પાડી શકાય નહિ, કારણકે એક વ્યક્તિના નૈતિક આદર્શો અને આચરણ તેના પર્યાવરણને આકાર આપે છે અને તેના બદલામાં તેનાથી ગહન રીતે પ્રભાવિત થાય છે. ધર્મસંરક્ષક તરફથી લેખિત એક પત્ર કહે છે :

**"આપણે માનવ હૃદયને આપણી બહારના પર્યાવરણથી જુદા પાડી શકતા નથી અને એમ પણ કહી શકતા નથી કે એકવાર તેમાંથી કોઈ એકની પુન:રચના થઈ જાય તો બધું સુધરી જશે. મનુષ્ય દુનિયા સાથે સંયોજીત છે. તેનું આંતરિક જીવન પર્યાવરણની રચના કરે છે અને તે પોતે પણ તેનાથી**

**ગાઢ રીતે પ્રભાવિત થાય છે. તે એક બીજાને પ્રભાવિત કરે છે અને મનુષ્ય જીવનમાં દરેક કાયમી પરિવર્તન આ પરસ્પર પ્રતિક્રિયાઓનું પરિણામ છે."**[૪૩]

ઉપરોક્ત અવતરણના આધારે, નીચેના વાક્યો ખરા છે કે નહિ તે નક્કી કરો :

—— જ્યારે સમાજમાં સંપૂર્ણ પરિવર્તન આવી જશે, ત્યાર પછી જ વ્યક્તિમાં પરિવર્તન આવશે.

—— જયારે સમાજના વ્યક્તિગત સભ્યો આધ્યાત્મિક બની જશે માત્ર ત્યારે જ સમાજની બીમારીઓ સંપૂર્ણપર્ણ મટી જશે.

—— લોકો કેવું વર્તન કરશે તેને ધ્યાનમાં લીધા વગર, ન્યાયી કાયદા લાગુ કરવામાં આવશે તો સમાજ અત્યાચારથી મુક્ત બની જશે.

—— જયારે સમાજની દરેક વ્યક્તિ ન્યાયી બનવાનો પ્રયત્ન કરશે ત્યારે સમાજ અત્યાચાર મુક્ત થઈ જશે.

—— સમાજમાં કાર્યરત કાનુન વ્યવસ્થા અન્યાયી હોવા છતાં સમાજના બધા સભ્યો ન્યાયી હોઈ શકે છે.

—— વ્યક્તિનું આચરણ સમાજના પર્યાવરણને પ્રભાવિત કરે છે.

—— ન્યાયપૂર્ણ ઢાંચાઓનું નિર્માણ કરવાનુંજજ તથા લોકોને નિષ્પક્ષ અને સત્યના જીજ્ઞાસુ બનવાનું શીખવવાનું પરિણામ હશે, એક ન્યાયી સમાજની રચના.

—— કોઈપણ વ્યક્તિ તેના સામાજીક પર્યાવરણની અસરોથી દૂર ભાગી શકતો નથી.

—— લોકો તેમની આધ્યાત્મિક શક્તિઓની મદદથી સામાજિક પર્યાવરણની નકારાત્મક અસરોનો સામનો કરી શકે છે.

—— જો દરેક વ્યક્તિ માનવજાતિની એકત્વતાનો સ્વીકાર કરી લેશે તો પૂર્વગ્રહનો અંત આવી જશે.

—— સમાજ તેના કાયદા-કાનુન અને સંસ્થાઓમાંથી ભેદભાવનું નામોનિસાન મીટાવી દેશે તો પૂર્વગ્રહનો અંત આવશે.

—— ન્યાયી કાયદા-કાનુનનો અમલ અને આત્માઓને વાસ્તવિકતાની શોધ કરવાની તથા પ્રેમ અને ભાઈચારાથી દરેક સાથે સુમેળ સાધવાની તાલીમ આપીને દરેક પ્રકારના પૂર્વગ્રહનો અંત લાવી શકાશે.

—— જ્યારે બધા માની જશે કે માનવજાત એક છે તો એકતા આવી જશે.

—— વિશ્વમાં એકતાની સ્થાપના માટે વ્યક્તિ અને સમાજના ઢાંચામાં પરિવર્તન જરૂરી છે.

## વિભાગ ૧૭

છેલ્લા વિભાગમાં પ્રસ્તુત વિચારો ફરીથી આપણને સેવાના પ્રશ્ન તરફ લઈ આવે છે, કારણકે સેવાના ક્ષેત્રમાં જ આપણે આપણી ક્ષમતાઓનો વિકાસ કરીએ છીએ અને સમાજના પરિવર્તનમાં ફાળો આપીએ છીએ. સામાજિક પરિવર્તનની પ્રક્રિયામાં સહભાગી થવું એ સેવા માટે સમર્પિત જીવનનો નિર્દેશ કરે છે તેના વિશે વધારે ચર્ચા કરવાની જરૂર નથી. આમ છતાં, એક વ્યક્તિનો બૌધિક અને આધ્યાત્મિક વિકાસ તથા સેવા વચ્ચેના સબંધ વિશે વધારે ચર્ચા કરવાની જરૂર છે. નીચે પ્રવૃત્તિઓની એક યાદી આપી છે. દરેક કાર્ય કરવા માટે અને તેની પ્રભાવશીલતા સુનિશ્ચિત કરવા માટે ઘણા આધ્યાત્મિક ગુણો એકસાથે હોવા જરૂરી છે. આ ચોક્ક્સ સ્વાધ્યાય માટે, એવા કેટલાક આધ્યાત્મિક ગુણો વિશે વિચાર કરવાનો પ્રયત્ન કરો જે ખાસ કરીને આ પ્રવૃતિઓ પૂરી કરવા માટે જરૂરી હોય અને તે કેવી રીતે તેને પૂર્ણ કરવામાં વ્યક્તિની ક્ષમતામાં ફાળો આપે છે તેનું વર્ણન કરવાનો પ્રયત્ન કરો.

ક. ગામ કે મહોલ્લામાં નિયમિત ભક્તિ સભાનું આયોજન કરવું: ____________________

____________________________________________________________________

____________________________________________________________________

ખ. પ્રભુધર્મના શિક્ષણોમાંથી લેવામાં આવેલા આધ્યાત્મિક વિષયોની ચર્ચા કરવા અને ભાઈચારાના બંધનોને મજબૂત કરવાના હેતુથી મિત્રો અને પડોશીઓના ઘરોની મુલાકાત લેવાના લાંબાગાળાના કાર્યક્રમમાં સહભાગી થવું: ______________________________

____________________________________________________________________

____________________________________________________________________

ગ. ગામ કે મહોલ્લામાં બાળકો માટે આધ્યાત્મિક કેળવણીના વર્ગોનું આયોજન કરવું:

____________________________________________________________________

__________________________________________________________________

ઘ. લાંબા સમયગાળા માટે એક અનુપ્રેરકની સાથે મળીને કિશોર જૂથના પ્રયત્નોમાં મદદ કરવી: ______________________________________________________________

____________________________________________________________________

ચ. જે વાલીઓના બાળકો તાલીમ સંસ્થા દ્વારા પ્રેરિત શૈક્ષણિક કાર્યક્રમોમાં ભાગ લેતા હોય તેમની નિયમિત મુલાકાત લેવી તેમજ તેમના બાળકોના વિકાસના કેન્દ્રમાં હોય એવા વિષયો વિશે તેમની સાથે વાર્તાલાપ કરવો: ________________________________

____________________________________________________________________

____________________________________________________________________

આધ્યાત્મિક ગુણો અને વલણો સેવા કાર્યો કરવાની એક વ્યક્તિની ક્ષમતામાં કેવી રીતે ફાળો આપે છે તેના વિશે વિચાર કરવામાં ઉપરોક્ત સ્વાધ્યાયે આપણી મદદ કરી છે. પરંતું આ એટલું જ સાચું છે કે, સેવા કરતી વખતે એક વ્યક્તિ આવા ગુણોનો વિકાસ કરી શકે છે અને તેને દૃઢ કરી શકે છે. નીચે કેટલાક આધ્યાત્મિક ગુણો આપવામાં આવ્યા છે જેનો વિકાસ કરવા માટે આપણે બધા પ્રયત્ન કરીએ છીએ. દરેક જૂથ માટે ઉપરોક્ત પ્રવૃતિઓમાંથી કોઈ એક એવી પ્રવૃતિ પસંદ કરો, જે તમારા મતે આ ગુણોના વિકાસમાં

નોધપાત્ર ફાળો આપતી હોય, અને તમારા મતે જે વ્યક્તિ આ પ્રવૃતિનું સંચાલન કરે છે તેના ગુણોના વિકાસમાં ચોક્કસ પ્રવૃતિ કેવી રીતે ફાળો આપી શકે છે તેનું વર્ણન કરો:

ક. સત્યવાદિતા, વિશ્વાસપાત્રતા અને ન્યાય : ______________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

ખ. સહનશીલતા અને દયાભાવ: ______________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

ગ. શુધ્ધતા, સત્યનિષ્ઠા અને પ્રસન્નતા: ___________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

ઘ. હિંમત, ઈશ્વરમાં વિશ્વાસ અને વિનમ્રતા: ______________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

ચ. ઈશ્વર-ઈચ્છા પ્રત્યે આત્મસમર્પણ અને શરણાગતિ: ________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

## વિભાગ ૧૮

સેવા આપણા અસ્તિત્વની સ્થિતિ સાથે ગાઢ રીતે જોડાયેલી છે. જ્યારે આપણે નિ:સ્વાર્થ સેવાની ભાવનાથી પ્રેરિત થઈએ છીએ ત્યારે આપણે આપણા વ્યવસાયિક જીવનમાં, બીજા લોકો સાથેના આપણા વ્યવહારમાં, આપણા સમુદાયના સભ્ય તરીકે -આપણે જે કોઈ ક્રિયા કરીએ છીએ, જે કોઈ કાર્ય કરીએ છીએ તે બધા ઉપર તેનો પ્રભાવ પડે છે. આમછતાં, આપણે ગમે તેવી સેવા કરતા હોવા છંતાં, આપણે હંમેશા એક હકીકતથી સભાન રહીએ છીએ કે દુનિયાના લોકો સમક્ષ બહાઉલ્લાહના સંદેશનો પ્રસાર કરવા માટે એક માળખાગત યોજના છે, એવો સંદેશ જે માનવજાતના એકત્વની ઘોષણા કરે છે, તેની એકતા માટે આહ્વાન કરે છે, તથા એવા નિયમો અને સિધ્ધાંતો, આધ્યાત્મિક અને સામાજિક શિક્ષણો પુરા પાડે છે, એકમાત્ર તે જ ભાવિ સમાજ માટેની એક પ્રણાલીની સ્થાપના કરી શકે છે જે ભૂતકાળમાં જોવા મળેલી કોઈપણ પ્રણાલી કરતાં ધરમૂળથી અલગ છે. સ્વયં અબ્દુલ-બહા દ્વારા રેખાંકિત એવી, આ યોજનાનો દુનિયાનું આધ્યાત્મિક નવસર્જન પ્રાપ્ત કરવા સિવાય બીજો કોઈ ઉદ્દેશ નથી, અને જેમ જેમ તે વિભિન્ન ચરણોમાં અનાવરિત થતી જાય છે અને વધારે ને વધારે લોકો તેના અમલીકરણમાં સહભાગી થતા જાય છે

તેમ તેમ, "સમાજના પરિચિત કલહ માટે એક દ્રષ્યમાન વિકલ્પ ઊભરી રહ્યો છે." તેના માટે આપણે આપણીજાતને દિવ્ય યોજના પ્રત્યે સમર્પિત કરી દેવી જોઈએ. તેના સંદર્ભમાં ધર્મસંરક્ષક કહે છે કે, "આ પરમ મહાન નામની સર્જનાત્મક શક્તિથી ઉત્પન્ન થયેલી આ પરમ શક્તિશાળી યોજના છે." તેઓ કહે છે કે, "તે સતત વિકાસ પામી રહી છે."

**"પસાર થતા દરેક દિવસની સાથે સંવેગ પ્રાપ્ત કરતી, અલગ અલગ દેશોમાં વિભિન્ન લોકો અને જાતિઓ વચ્ચેની તમામ બાધાઓને ચીરતી, તેની પરોપકારી કામગીરીના વ્યાપમાં અબાધિતપણે વિસ્તરણ પામતી, અને સમસ્ત ધરતી પર આધ્યાત્મિક વિજયની દિશામાં આગેકુચ કરતી, આ યોજના તેમાં વિધમાન શક્તિઓ કરતાં વધારે પ્રબળ ચિન્હો પ્રગટ કરી રહી છે..."**[૪૪]

દિવ્ય યોજના દ્વારા બહાઉલ્લાહના પ્રગટીકરણની ચેતના, વ્યક્તિગત અને સામુહિક જીવનમાં પરિવર્તન કરતાં દુનિયાના બધા ભાગોમાં ફેલાઈ જશે. શોઘી એફેન્દી તેની ખાતરી આપતાં કહે છે કે:

**"માનવજાત માટે સ્વયં પરમેશ્વર દ્વારા નિયત 'દિવ્ય યોજના'ના ક્રમિક વિકાસનું અંતિમ અને મુગટ સ્વરૂપ ચરણ, એક વિશ્વ સંસ્કૃતિના જન્મનો સંકેત પૂરવાર થશે, માનવજાતિના ઈતિહાસમાં તેની વિશાળતા, તેની વિશિષ્ટતા અને ક્ષમતામાં અતુલનીય એવી સંસ્કૃતિ જેને ભાવિ પેઢી, એક અવાજે બહાઉલ્લાહના યુગધર્મના સુવર્ણ યુગના સર્વોત્તમ ફળ તરીકે વધાવી લેશે..."**[૪૫]

નીચેના શબ્દોમાં તેઓ મિત્રોને દિવ્ય યોજનાના વિકાસમાં તેમનો ફાળો આપવાની અપીલ કરે છે:

પ્રભુધર્મના વડા દ્વારા આપવામાં આવતી પ્રત્યેક વિશ્વવ્યાપી શિક્ષણ યોજનાનું ઉદ્‌ઘાટન દિવ્ય યોજનાના વિકાસમાં કોઈ એક ચરણનો સંકેત આપે છે. દરેક યોજનાની ચોક્કસ જરૂરીયાતો છે, અને તે પાછલી યોજનામાં પ્રાપ્ત કરેલી સિધ્ધિઓ અને શીખવામાં આવેલા પાઠ ઉપર નિર્માણ કરે છે. ક્રમિક યોજનાઓ દરમિયાન કરવામાં આવતા પ્રયત્નો દ્વારા આપણે જે કાર્યમાં જોડાયેલા છીએ તેના વિભિન્ન સિધ્ધાંતો, ખ્યાલો અને સાર્વત્રિક સુસંગતતા 'કાર્ય માટેની એક રૂપરેખા'માં પરિશુધ્ધ થઈ છે. આ એજ રૂપરેખા છે જે આપણા સામુહિક કાર્યને આકાર આપે છે અને આપણે જે કરીએ છીએ તેમાં આપણું સાતત્ય સુનિશ્ચિત કરે છે. ભવિષ્યના પાઠયક્રમોમાં તમને આ 'વિકસતી રૂપરેખા'ના સ્વરૂપ વિશે વિશ્લેષણ કરવાની તક મળશે. હાલ માટે, એટલું સમજવું મહત્વનું છે કે તેનું અસ્તિત્વ સ્થાનિક સ્તરે "વ્યક્તિઓના વિસ્તરિત થતા નાભિક" માટે "નવી વિશ્વ વ્યવસ્થાના ઉદ્વેશ તરફ" જનસમુહનું અભિગમન ઉત્પન્ન કરવાનું શક્ય બનાવે છે. તેના સંદર્ભમાં, વિશ્વ ન્યાય મંદિર દ્વારા ૨૦૧૩માં દુનિયાભરમાં આયોજિત યુવા સંમેલનોની શ્રેણીના સહભાગીઓને લેખિત એક સંદેશ વર્ણવે છે:

**"ઘણા દાયકા પછી, બહાઉલ્લાહના પ્રગટીકરણની વધારે પર્યાપ્ત સમજ પ્રાપ્ત કરવાની અને તેમાં નિહિત સિધ્ધાંતોનો અમલ કરવાની, આ દૂર-સુદૂર ફેલાયેલા વિશ્વ-વ્યાપી પુરૂષાર્થના પરિણામ સ્વરૂપે કાર્યની એક શક્તિશાળી રૂપરેખા ઉભરી આવી છે જે અનુભવની સાથે વિશુધ્ધ થઈ છે. તમે ભાગ્યશાળી છો કે, તમે તેની પધ્ધતિઓ અને અભિગમોથી પરિચિત છો, જે હવે ખૂબ સારી રીતે સ્થપાઈ ગયા છે. તેના અમલીકરણમાં દ્રઢ રહીને, તમારા માંથી ઘણા લોકોએ, હમણા સુંધીમાં પોતાની જાતે આ દિવ્ય શિક્ષણોના સમાજ-નિર્માણની શક્તિના ચિન્હો નિહાળ્યા હશે. જે સંમેલનમાં તમે ભાગ લેવાના છો, તેમાં બહાઉલ્લાહના આહ્વાનનો પ્રતિભાવ આપવા અને તેની શક્તિને વિમુક્ત કરવામાં મદદ કરવા ઈચ્છતા, દરેક યુવકના યોગદાન અંગે વિચાર કરવા માટે તમને આમંત્રણ છે."**[૪૬]

અને એજ સંદેશમાં તેઓ આગળ કહે છે :

**"સામુહિક ક્રિયા દ્વારા પ્રસ્તુત સંભાવનાઓ સમુદાય ઘડતરના કાર્યમાં વિશેષ રૂપમાં સ્પષ્ટ દેખાઈ આવે છે, તે એક એવી પ્રક્રિયા છે જે દુનિયાભરના એવા અનેક કલ્સ્ટરોમાં, પાડોશી વિસ્તારો અને ગામોમાં સંવેગ પ્રાપ્ત કરી રહી છે જે સઘન પ્રવૃતિઓના કેન્દ્રો બની ગયા છે. આવી વ્યવસ્થામાં કામ કરવાના સંદર્ભમાં ઘણીવાર યુવાનો અગ્રેસર હોય છે- માત્ર બહાઈ યુવાનો જ નહિ, પણ સમાન વિચારધારા વાળા બીજા યુવાનો પણ -જેઓ બહાઈઓ દ્વારા શરૂ કરવામાં આવેલા કાર્યોનો સકારાત્મક પ્રભાવ જોઈ શકે છે તથા એકતા અને આધ્યાત્મિક પરિવર્તનની મુળભૂત દૃષ્ટિ વિશે સમજી શકે છે. આવા સ્થળે, ગ્રહણશીલ હૃદયો સાથે બહાઉલ્લાહના પ્રગટીકરણની ચર્ચા કરવાની તથા આજની દુનિયા માટે તેમના સંદેશનું મર્મ સમજવાની જરૂરિયાતનો પ્રબળ અહેસાસ થઈ રહ્યો છે. જ્યારે સમાજ આટલી બધી નિષ્ક્રિયતા અને ઉદાસિનતાને આવકારે છે અથવા, તેનાથી પણ અધમ, પોતાની જાત અને બીજા માટે હાનિકારક વર્તનને પ્રોત્સાહિત કરે છે ત્યારે, એવા લોકો દ્વારા એક સુસ્પષ્ટ વિપરિતતા પ્રસ્તુત કરવામાં આવે છે જે સામુદાયિક જીવનને આધ્યાત્મિક રીતે સમૃધ્ધ બનાવતી રૂપરેખાનો વિકાસ કરવા અને તેને સશક્ત બનાવવા માટે એક જનસમુહ (વસ્તી) ની ક્ષમતાનો વિકાસ કરી રહ્યા છે."**[૪૭]

અને બીજા એક ફકરામાં, વિશ્વ ન્યાય મંદિર બહાઈ યુવાનોને અને જેઓ તેમની સાથે જોડાવા ઈચ્છે છે તેમને પ્રોત્સાહિત કરે છે :

**"યુવા શ્રધ્ધાળુઓની દરેક પેઢી સમક્ષ માનવજાતના ભાવિ માટે યોગદાન આપવાનો એક અવસર આવે છે, જે તેમના જીવનકાળમાં અનેરો હોય છે. વર્તમાન પેઢી માટે એ સમય આવી ગયો છે જ્યારે તેઓ ચિંતન કરે, સંકલ્પ કરે અને પોતાની જાતને સેવામય જીવન માટે સમર્પિત કરી દે જેમાંથી વિપૂલ પ્રમાણમાં આશીર્વાદો પ્રવાહિત થશે. પાવન ઊંબરે, અમારી પ્રાર્થનામાં, અમો અનાદિ સૌંદર્યને નિવેદન કરીએ છીએ કે, તેઓ પથભ્રષ્ટ અને દિગમૂઢ માનવજાતમાંથી સ્પષ્ટ દૃષ્ટિ વાળા પવિત્ર આત્માઓને વિશુધ્ધ કરે: એવા યુવાનો જેમની વિશ્વસનિયતા અને નિષ્ઠા બીજાના દોષોને કારણે કમજોર પડતી નથી અને જેઓ તેમના પોતાના કોઈ દોષોને કારણે સ્થગિત રહ્યા નથી; એવા યુવાનો જેઓ માર્ગદર્શન માટે 'માસ્ટર' તરફ ઉન્મુખ થશે અને જેઓ ગાઢ મિત્રોના વર્તુળથી બહાર રહ્યા છે તેમને અંદર લાવશે; એવા યુવાનો જેમની, સમાજની તૃટિઓની સમજ તેમને તેના પરિવર્તનની દિશામાં કામ કરવા માટે પ્રેરિત કરશે, નહિ કે પોતાની જાતને તેનાથી દૂર રાખશે; એવા યુવાનો જે કોઈપણ કિંમતે અસમાનતાના દરેક રૂપનો અસ્વીકાર કરશે અને હર સંભવ પ્રયત્ન કરશે કે "ન્યાયનો પ્રકાશ આખી દુનિયામાં તેનું તેજ ફેલાવે."**[૪૮]

ઉપરોક્ત અવતરણો દિવ્ય યોજનામાં સેવા કરતા લોકોની પ્રથમ હરોળમાં આગળ વધવાની યુવા લોકોની અનિવાર્ય જરૂરિયાત વિશે તમારા મનમાં કોઈ શંકા રહેવા દેશે નહિ. આ વિભાગ પૂરો કરવા માટે ઈ.સ. ૨૦૦૦માં લેટિન અમેરિકી દેશોમાં આયોજિત યુવા સંમેલનોની શ્રેણીને સંબોધિત વિશ્વ ન્યાય મંદિરના નીચેના સદેશ પર ચિંતન કરવું તમારા માટે ઉપયોગી બનશે :

**"આ યુવા પેઢી સમાજના કાર્યોના સંચાલનની જવાબદારીઓ સ્વીકારવા લાગશે ત્યારે, તેમને આશ્ચર્યજનક વિરોધાભાષનો સામનો કરવો પડશે. એક તરફ તો, તે ક્ષેત્ર બૌધિક, તકનિકી અને આર્થિક ક્ષેત્રે અદ્‌ભૂત સિધ્ધિઓની બડાઈ મારતું હશે. બીજી તરફ,તે માટા પાયે ફેલાયેલી ગરીબીમાં ઘટાડો કરવામાં કે હિંસાના ઉમડતા દરિયાથી તેમને દૂર રાખવામાં નિષ્ફળ ગયું છે, જે તેના લોકોને ડુબાડી દેવાની ચેતવણી આપી રહેલ છે. શા માટે- અહિ એક સીધો પ્રશ્ન પુછવાની જરૂર છે-શું આ સમાજ, તેની પાસે એટલી સંપતિ હોવા છતાં, તેના તાણાવાણાના ચિથરે-ચિથરા ઉડાવી રહેલા અન્યાયને દૂર કરવા માટે અશક્ત (લાચાર) છે ?**

**"વિવાદાસ્પદ ઈતિહાસના દશકાઓ સાક્ષી છે તે પ્રમાણે, આ પ્રશ્નનો ઉત્તર નહિ તો રાજકીય જુસ્સામાંથી મેળવી શકાય, નહિ વિભિન્ન વર્ગના વિરોધી હિતોની અભિવ્યક્તિમાંથી કે નહિ તકનીકી ધ્ધતિઓમાંથી. તેના માટે જરૂરી છે એક આધ્યાત્મિક પુનરૂત્થાન, જે રાજકીય, આર્થિક અને તકનીકી સાધનોના સફળ સંચાલન માટેની પૂર્વશરત છે. પરંતુ અહિં જરૂર એક ઉદ્દિપકની છે. વિશ્વાસ રાખો કે, તમારી અલ્પ સંખ્યા હોવા છતાં, તમે જ એવા માધ્યમ છો જેના થકી આવા ઉદ્દિપકો પૂરા પાડી શકાય છે."**[૪૯]

૧. આ છેલ્લો સંદેશ પ્રશ્ન કરે છે કે આટલી બૌધિક, તકનીકી અને આર્થિક સંપતિ હોવા છતાં એક સમાજ તેના તાણા-વાણાના ચિથરે -ચિથરા ઉડાવી રહેલા અન્યાયોને દૂર કરવા શા માટે અસમર્થ રહ્યો છે, તે એક સંકેત પણ આપે છે કે તેનો ઉત્તર રાજકીય જુસ્સો, વિભિન્ન વર્ગના વિરોધી હિતોની અભિવ્યક્તિ કે તકનિકી પધ્ધતિઓમાંથી મેળવી શકતો નથી. તમે જે સમાજમાં રહેતા હોય તેના વિશે વિચાર કરો અને નીચેના પૈકી દરેક માટે એક એક ઉદહરણ આપો :

ક. રાજકીય જુસ્સો જે સમાજની લાક્ષણિકતાનું વર્ણન કરે છે : ____________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

ખ. સમાજમાં વિદ્યમાન વિભિન્ન વર્ગના કેટલાક વિરોધી હિતોની અભિવ્યક્તિ : __________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

ગ. તકનિકી પધ્ધતિ જેનું સમાજે અનુસરણ કર્યુ હોય : ____________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

૨. વિશ્વ ન્યાય મંદિરના મત મુજબ, સમાજિક બીમારીઓને દૂર કરવાના પ્રયત્નરૂપે રાજકીય, આર્થિક અને તકનીકી સાધનોના સફળ સંચાલન માટે શું જરૂરી છે? ________________________

____________________________________________________________

૩. વિશ્વ ન્યાય મંદિરના મત મુજબ સમાજમાં આધ્યાત્મિક પુનરૂત્થાન લાવવા માટે શું જરૂરી છે?

____________________________________________________________

____________________________________________________________

૪. વિશ્વ ન્યાય મંદિર કોને એક ચેનલ કે માધ્યમ તરીકે ઓળખાવે છે જેના થકી બહાઉલ્લાહનો સંદેશ માનવજાત સુધી પહોચાડી શકાશે? ________________________________________

____________________________________________________________

હવે, ઉપરોક્ત વિચારોને ધ્યાનમાં રાખીને, દિવ્ય યોજનાના અમલીકરણમાં સહભાગીતા, કેવી રીતે યુવાનોને સમાજના આધ્યાત્મિક પુનરૂત્થાન માટે ચેનલ કે માધ્યમ તરીકે કાર્ય કરવા સક્ષમ બનાવે છે તેના વિશે આ પાઠયક્રમનો અભ્યાસ કરતા તમારા મિત્રો સાથે ચર્ચા કરો.

## વિભાગ ૧૯

છેલ્લા વિભાગનું સમાપન, તમારા માટે પ્રભુધર્મના આગળના સતત વિકાસમાં યુવાનોની મહત્વની ભૂમિકા વિશે વધારે વિચાર કરવાનું કારણ બન્યો હશે તેમાં કોઈ શંકા નથી. 'ગોડ પાસીસ બાય' માંથી લેવામાં આવેલા નીચેના અવતરણમાં શોઘી અફેન્દીએ પ્રભુધર્મના શરૂઆતના શુરવીરોની તસ્વીર પ્રસ્તુત કરવામાં આવી કર્યું છે જેમના વીરતાપૂર્ણ કાર્યો યુગો સુંધી માનવજાતને પ્રેરણા આપતા રહેશે. તેમાંથી મોટાભાગના યુવાનો હતા, તેથી તેમના અસાધારણ ગુણોનું વર્ણન કરવા માટે શોઘી અફેન્દીએ જે શબ્દોનો ઉપયોગ કર્યો છે તેના ઉપર ચિંતન કરવું વધુ યોગ્ય પુરવાર થશે. આમ કરતાં પહેલાં, નીચેની શબ્દાવલીનો અભ્યાસ તમારા માટે ઉપયોગી સાબિત થશે:

| | |
|---|---|
| ઉલ્કાની જેમ : | ઉલ્કા જેવું; એક તેજસ્વી પગેરૂ (લિસોટો) જે આકાશમાં દેખાય છે અને ઝડપથી આગળ વધે છે |
| આરપાર: | એક બાજુથી બીજી બાજુ પ્રવાસ કરતું |
| નિસ્તેજ અને અંધકારમય : | ફિકકુ અને ધુંધળું |
| ઉપગ્રહ : | એક અવકાશી વસ્તુ જે વિશાળ કદની બીજી વસ્તુની આસપાસ પરિભ્રમણ કરે છે. |
| આકાશગંગા : | તારાઓનો ખૂબ મોટો સમૂહ |
| ઝળહળતા : | પકાશિત |
| પ્રજ્વલિત : | તેજસ્વી |
| નવજાત : | નવું જન્મેલું |
| ધર્મયુધ્ધ : | વિજય માટે સંઘર્ષ કે ઝુંબેશ |
| ઉષા :કાળના અરૂણો : | અગ્રેસર, પાયોનિયર |
| ષડયંત્ર : | છુપું કાવતરૂં |
| દુરાચરણ : | ખરાબ આચરણ, ભ્રષ્ટાચાર |
| વ્યાપક : | મોટાપાયે ફેલાયેલું |
| ધર્મનિષ્ઠા : | પરમેશ્વર પ્રત્યે પૂજ્યભાવ અને ધાર્મિક કર્તવ્ય માટે સમર્પણ |
| જોષપૂર્ણ : | જોષથી ભરેલું |
| સિંહ જેવું : | સિંહ જેવું નીડર |
| આત્મબલીદાન : | ત્યાગ, બલીદાન |
| સંકલ્પ : | દ્રઢ નિશ્ચય |
| ગ્રેનાઈટ જેવો : | મક્કમતા અને સહનશીલતામાં નિરંતર, ખૂબ મજબૂત |
| અલૌકિક : | અદ્‌ભૂત, સ્વર્ગીય |
| પૂજ્યભાવ : | આદર, પૂજનીય તરીકેનો ભાવ |
| સ્તબ્ધ કરી દેતું : | આશ્ચર્યચકિત્ત કરી દેતું |

ધર્મસંરક્ષક લખે છે :

**"જ્યારે આપણે આ દિવ્ય નાટકના પહેલા દશ્યના પ્રસંગોનું અવલોકન કરીએ છીએ તો જોઈએ છીએ કે તેના મુખ્ય નાયક, બાબ શિરાજની ક્ષિતિજ પરથી ઉલ્કાની જેમ ઉદય પામીને, ફારસના નિસ્તેજ અને અંધકારમય આકાશમાં દક્ષિણથી ઉત્તર દિશા તરફ આર-પાર જતાં, કરૂણ વેગે મહિમાની રોશનીમાં આથમી રહ્યા છે. આપણે જોઈએ છીએ કે, તેના ઉપગ્રહો, ઈશ્વરમાં મગ્ન એવા શુરવીરોની એક આકાશગંગા, એજ ક્ષિતિજ પરથી ઉદય પામીને, એજ ઝગમગતા પ્રકાશથી**

**ઝળહળતા, સમાન તીવ્રતાથી પોતાની જાતને સળગાવે છે અને ધીરે ધીરે ગતિમાન થઈ રહેલા, પરમેશ્વરના નવજાત ધર્મને સંવેગ પ્રદાન કરે છે...**

**"આ શૂરવીરો જેમના કાર્યો ભિષણ ધર્મયુધ્ધના અભિલેખમાં ઝળહળે છે, એવું ધર્મયુધ્ધ જેમાં લોકો, મુલ્લાઓ, સમ્રાટો અને સરકાર સામેલ હતા. આ શૂરવીરો બાબના ચુનંદા અનુયાયી, જીવિતાક્ષરો અને તેમના સાથીઓ, નવયુગના ઉષા:કાળના અરૂણોં હતા તેમણેં પવિત્ર, બુઝાવી ના શકાય એવી અને વિસ્મયકારી ચેતના, આશ્ચર્ય પમાડે એવું ગહન જ્ઞાન, વ્યાપક પ્રભાવશીલ વાક્છટા, અદ્મ્ય જોષપૂર્ણ ધર્મનિષ્ઠા, સિંહ જેવું પ્રચંડ સાહસ, આત્મ-બલીદાનની પવિત્ર ભાવના, ગ્રેનાઈટ જેવો દ્રઢ સંકલ્પ, અલૌકિક વ્યાપક દિર્ઘદ્રૃષ્ટિ, તેમના શત્રુઓને સ્તબ્ધ કરી દેતો પયગંબર અને તેના ઈમામો પ્રત્યેનો પૂજયભાવ, તેમના દુશ્મનોને ચોંકાવી દેતી સમાધાનકારી શક્તિથી ષડયંત્ર, અજ્ઞાનતા, દૂરાચરણ, કૃરતા, અંધવિશ્વાસ અને કાયરતાનો સામનો કર્યો તથા આસ્થા અને આચાર-સંહિતાનું એવું ઉદહરાણ પુરૂ પાડયું જેણે તેમના દેશવાસીઓને પડકાર ફેંકયો અને તેમના જીવનમાં ક્રાંતિ લાવી દિધી." ૫૦**

૧. નીચેના વાક્યો પુરા કરો :

ક. જીવિતાક્ષરો અને તેમના સાથીઓ એક ______________ યુધ્ધમાં જોડાયેલા હતા.

ખ. આ ધર્મયુધ્ધમા ______________, ________________,અને ______________ સામેલ હતા.

ક. શરૂઆતના શુરવીરોએ ષડયંત્ર, અજ્ઞાનતા, દુરાચરણ, કૃરતા, અંધવિશ્વાસ અને કાયરતાનો નીચેના ગુણોથી સામનો કર્યો

- ______________________ અને _________________________ ચેતના,
- ______________________________ જ્ઞાન,
- _________________________ વાક્છટા,
- __________________________ ધર્મનિષ્ઠા,
- __________________________ સાહસ,
- આત્મબલીદાની _____________________,
- ___________________________ સંકલ્પ,
- ___________________________ દીર્ઘદ્રષ્ટિ,
- _______________________ પયગંબર અને તેના ઈમામો પ્રત્યેનો પૂજયભાવ,
- __________________________ સમાધાનશકિત,
- અને આચાર-સંહિતાનું એવું ઉદહરાણ પુરૂ પાડયું ____________________________

_______________________________________________________________

૨. કયા ઉદ્વેશ માટે શરૂઆતના શુરવીરો, ધર્મસંરક્ષકે ઉપરોકત ફકરામાં વણવેલા ધર્મયુધ્ધમાં જોડાયા હતા? ________________________________________________________________

________________________________________________________________

૩. શું આજના યુગના યુવાનો જેઓ દિવ્ય યોજનાના અમલીકરણમાં ભાગ લઈ રહ્યા છે તેઓ, તેમના પુર્વજોની જેમ એક ધર્મયુધ્ધમાં જોડાયેલા છે ? ___________________________________

૪. તેમનો સંઘર્ષ કેવી રીતે પ્રભુધર્મના શરૂઆતના શુરવિરોના સંઘર્ષને મળતો આવે છે ?

___________________________________________________________

___________________________________________________________

___________________________________________________________

૫. આજના યુવાનો કેવી રીતે સુનિશ્ચિત કરી શકે છે કે, શુરવીરોના યુગના તેમના ભાઈઓ અને બહેનોની જેમ, તેઓ જે આધ્યાત્મિક યુધ્ધ કે સંઘર્ષમાં જોડાયેલા છે તેમાં વિજય મેળવી શકે ?

___________________________________________________________

___________________________________________________________

___________________________________________________________

આગળના વિભાગ ઉપર જતાં પહેલાં, તમે વિશ્વ ન્યાય મંદિર દ્વારા લેખિત એક સંદેશમાંથી લેવામાં આવેલા નીચેના ફકરા ઉપર ચિંતન કરવાની ઈચ્છા રાખશો :

**"જ્યારે બાબનું મહાન વ્યક્તિત્વ માત્ર ૨૫ વર્ષની વયે, દુનિયાને તેમનો ક્રાતિકારી સંદેશ આપવા ઊભું થયું, ત્યારે જે લોકોએ તેમના શિક્ષણોનો સ્વીકાર કર્યો અને તેનો પ્રસાર કર્યો, તેમાથી અનેક યુવાનો હતા, ઘણાં તો સ્વયં બાબથી પણ નાની વયના હતા. તેમની વીરતા, જેની આશ્ર્યચકિત કરી દેતી પ્રબળતાને પૂર્ણ સ્વરૂપમાં 'શહિદોની ગાથા' માં અમર કરી દેવામાં આવી છે. જે આવનારી સદીઓ સુંધી માનવ ઈતિહાસની ગાથાને પ્રકાશિત કરતી રહેશે. આવી રીતે એક એવી પ્રક્રિયાની શરૂઆત થઈ જેનાથી, દરેક યુવા પેઢીએ, એક નવીન વિશ્વની રચના કરવા માટે, અને એજ દિવ્ય આવેગથી પ્રેરણા લઈને, એક વિકસિત પ્રક્રિયાના નવીનત્તમ ચરણમાં યોગદાન આપવાનો અવસર ઝડપી લીધો છે જે માનવજાતના જીવનમાં પરિવર્તન લાવશે. આ એક એવી પ્રક્રિયા છે જેમાં 'બાબ'ના સમયથી પ્રવર્તમાન ઘડી સુંધીમાં કોઈ બાધા આવી નથી."**[૫૧]

## વિભાગ ૨૦

કટોકટી અને વિજયના ક્રમિક ચક્રોમાં, દરેક પેઢીના યુવાનોએ ઉષા:કાળના અરૂણોથી પ્રજ્વલિત માર્ગનું અનુસરણ કર્યુ છે અને બહાઉલ્લાહનો સંદેશ સમસ્ત માનવજાત સુંધી પહોચાડવા માટેના પુરુષાર્થ દ્વારા બહાઈ પ્રવૃતિની પ્રથમ હરોળમાં કાયમ રહ્યા છે. વિશ્વ ન્યાય મંદિરે લખે છે :

**"બહાઈ યુગની શરૂઆતથી જ યુવાનોએ ઈશ્વરીય પ્રગટીકરણના પ્રસારમાં મહત્વની ભૂમિકા ભજવી છે. 'બાબે' જ્યારે તેમના જીવન-ધ્યેયની ઘોષણા કરી ત્યારે તેની ઉમર માત્ર ૨૫ વર્ષની હતી, જ્યારે ઘણાં જીવિતાક્ષરો તો તેમના કરતાં નાની વયના હતા. માસ્ટર (અબ્દુલ-બહા)ને પણ ખૂબ નાની વયે ઈરાક અને તુર્કીમાં તેમના પિતાની સેવામાં ભારે જવાબદારીઓ ઉપાડવા માટે આહ્વાન કરવામાં આવ્યું હતું, અને તેમના ભાઈ પવિત્રત્તમ શાખાએ પરમ મહાન કારાવાસમાં બાવીસ વર્ષની વયે પરમેશ્વરને તેના પ્રાણની આહુતિ આપી દીધી, જેથી પ્રભુના સેવકો 'જાગૃત' થાય અને ધરતી પરના બધા નિવાસીઓ એક થઈ શકે. શોઘી એફેન્દીને ધર્મસંરક્ષકનું પદ સંભાળવાની જવાબદારી આપવામાં આવી ત્યારે તેઓ ઓક્ષફર્ડમાં એક વિધાર્થી હતા, અને**

**બહાઉલ્લાહના અનેક શુરવીરો, જેમણે દશ વર્ષિય ઝુંબેશ દરમિયાન અવિનાશી કિર્તી મેળવી તેઓ પણ યુવાનો હતા."**[૫૨]

૧૯૮૪ માં લેખિત એક સંદેશમાં, વિશ્વ ન્યાય મંદિર તાજેતરના ભૂતકાળના શુરવીરોને શ્રધ્ધાંજલી અર્પણ કરે છે :

**"ઉદાહરાણ તરીકે, છેલ્લા વર્ષના ઉનાળાની શિરાજની ઘટના વિશે વિચાર કરો, જેમાં ૧૮ થી ૨૫ વર્ષની છ યુવતિઓને ફાંસીના માચડે લટકાવી દેવામાં આવ્યા હતા. બધાને તેમના પ્રભુધર્મનો ત્યાગ કરવા માટે પ્રલોભનો આપીને ફોસલાવવામાં આવ્યા, પરંતુ બધાએ તેમના પ્રિય પ્રભુનો અસ્વીકાર કરવાનો ઈન્કાર કર્યો. બાળકો અને યુવાનો દ્વારા વારંવાર પ્રદર્શિત અદ્‌ભૂત ધૈર્ય વિશે વિચાર કરો જેમને તેમના શિક્ષકો અને મુલ્લાઓના પ્રશ્નો અને અત્યાચારનો સામનો કરવો પડયો અને તેમના વિશ્વાસમાં અડગ રહેવાને કારણે તેમને શાળામાંથી કાઢી મુકવામાં આવ્યા. એક બાબત નોધપાત્ર છે કે તેમના સમુદાય પર આટલી કૃરતાથી લાદવામાં આવેલા પ્રતિબંધો હોવા છતાં, યુવાનોએ તેમની સંપૂર્ણ શક્તિથી દેશભરમાં બહાઈ સંસ્થાઓના નિર્દેશોનુસાર, નોંધપાત્ર સેવા અર્પણ કરી. કોઈપણ શબ્દોમાં એટલી શક્તિ નથી કે તેમના આધ્યાત્મિક સંકલ્પ અને વફાદારીની ઉચિત સાબિતી આપી શકે, નિસ્વાર્થ અને સમર્પણની ભાવનાથી કરવામાં આવેલા તેમના પવિત્ર કાર્યો જ તેની સૌથી મોટી સાબિતી છે. સાચુ કહીએ તો દુનિયામાં બીજી કોઈ જગ્યાએ બહાઈઓ પાસેથી તેમની આસ્થાની એટલી મોટી કિંમત માંગવામાં આવી નથી. ઈરાનના પરાક્રમી બહાઈ યુવાનો કરતાં વધારે ત્યાગ અને બલીદાનની લાલસાથી પ્રકાશિત અને તત્પર યુવાનો બીજે કયાંય મળશે નહિ. તો શું તમારી પાસેથી આશા રાખવી યોગ્ય નથી કે, આ અસાધારણ સમયમાં જીવન જીવતા, તમે બધા યુવાનો, જેઓ ઈરાનના તમારા સાથીઓની વીરતાના રોમાંચક ઉદાહરણોના સાક્ષી છો તથા ગમે ત્યાં આવવા-જવાની સ્વતંત્રતાનો ઉપયોગ કરી રહ્યા છો ત્યારે બહાઈ કાર્યોના ક્ષેત્રમાં અબાધિત 'પવન'ની જેમ નીકળી પડશો ?"**[૫૩]

દુનિયાભરના યુવાનોના જીવનની નોંધપાત્ર ઘટનાઓ ઉપર ચિંતન કરવાનો અવસર, દરેક યુવા પેઢીને તેમના જીવન-ધ્યેયની સમજ પ્રાપ્ત કરવામાં મદદરૂપ બની રહેશે. બાળપણથી જ અઠવાડિક બાળવર્ગો અને ઘરમાં સાંભળેલી વાર્તાઓ દ્વારા આ વિશિષ્ટ વિભૂતિઓ સાથે ગહન સંબધ બંધાઈ જાય છે, આમ છતાં, બાર થી પંદર વર્ષની વયે, અને યુવાવસ્થાના આખા સમયગાળા દરમિયાન તેના તરફ વિશેષ પ્રયત્ન કરવાની જરૂર છે. ધ્યાનપૂર્વક પસંદ કરેલા -કેટલાક નાટયાત્મક અને બીજા ઉદાહરણો દ્વારા સાહસ, દૃઢ સંકલ્પ, જોષ અને નિ:સ્વાર્થતા જેવા ગુણો દર્શાવી શકાય છે, જેનું યુવાનોએ અનુસરણ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

૧. પ્રભુધર્મના શરૂઆતના ઈતિહાસમાંથી અથવા વર્તમાન સમયમાંથી કેટલાક એવા પ્રસંગોની પસંદગી કરો જેના ઉપર તમારા મતે યુવાનોએ ચિંતન કરવું જોઈએ: ____________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

૨ આ ચોક્કસ પ્રસંગોની પસંદગી કરવા માટેના તમારા કારણો દર્શાવો : ______________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

## વિભાગ ૨૧

ઉપર આપવામાં આવેલા થોડા અવતરણો પરથી સમજી શકાય છે કે પ્રભુધર્મના શરૂઆતના વિજેતાઓ અને તેમનું અનુસરણ કરનાર શુરવીર આત્માઓનું જીવન ઉદ્દેશની સમજથી વિશિષ્ટ હતું. એ પણ દેખીતું છે કે તેમના પૈકી દરેક જણ એવી ઐતિહાસિક ક્ષણના મહત્વની સમજ ધરાવતા હતા જેમાં તેઓ જીવતા હતા, અને તેની સાથે માનવજાતને જે પ્રકારનું પરિવર્તન લાવવા માટે આહ્વાન કરવામાં આવ્યું હતું તેની દીર્ઘદૃષ્ટિથી સભાન હતા. આ ઉદ્દેશની સમજ દિવ્ય સંદેશના પ્રસાર માટે સમર્પિત જીવનમાં અભિવ્યક્ત થાય છે તે પણ સ્પષ્ટ છે. આમ છતાં, જ્યારે આપણે તેમના વીરતાપૂર્ણ કાર્યો અને તેમના પૈકી અનેક લોકોએ જે બલીદાન આપ્યું છે તેને યાદ કરીએ છીએ ત્યારે આપણને વિશ્વાસ થતો નથી કે માત્ર આ ગુણો જ આવા પાવન આત્માઓને વિશિષ્ટ બનાવે છે. તો પછી એવું શું હતું જેણે તેમના જીવનને સૌથી વધારે વિશિષ્ટ બનાવી દીધું હતું? તેમની તીવ્ર ઈચ્છા શુ હતી અને કઈ બાબત તેમને નિસ્વાર્થ સેવાની એટલી ઊંચાઈ સર કરવા આકર્ષી રહી હતી? શું તે પરમેશ્વરનો પ્રેમ ન હતો જે તેમના હૃદયમાં એટલી પ્રખરતાથી ઝળહળી રહ્યો હતો? શું તેઓ તેમના પ્રિયત્તમના સૌંદર્યના પ્રેમમાં મંત્રમુગ્ધ ન હતા? જો આપણે યુવાનોમાં સૌંદર્ય અને સંપૂર્ણતા માટે આકર્ષણ (લગાવ) ઉત્પન્ન કરતા નથી, જો આપણે સાચા જ્ઞાનના હળવા પ્રવાહમાંથી તેમનો હિસ્સો પ્રાપ્ત કરવા માટે તેમનું પોષણ કરતા નથી અને તેમના સર્જનહાર સાથે ગહન સબંધ બાધવામાં તેમની મદદ કરતા નથી તો, શું આપણે યુવાનોની આવતી પેઢીના આધ્યાત્મિક સશકિતકરણમાં ફાળો આપવાની કદી અપેક્ષા રાખી શકીશું? ચાલો, આપણે આપણીજાતને નીચેના શબ્દોમાં ડુબાડીને આ એકમ પૂરો કરીએ:

> **"કારણ કે જ્યારે સાચો પ્રેમી અને સમર્પિત મિત્ર તેના પ્રિયતમની હાજરીમાં પહોંચશે તો, પ્રિયતમનું ચમકતું સૌદર્ય અને પ્રેમીના હૃદયની આગ જવાળા પ્રગટાવશે તથા બધા પડદા અને આવરણોને ભષ્મ કરી દેશે. હા, તેની પાસે જે બધુ છે, હૃદયથી ચામડી સુંધી બધું સળગી ઉઠશે, જેથી 'મિત્ર' સિવાય બીજુ કશું બાકી નહિ રહે."[૫૪]**
>
> **"હે મિત્રો! આ નાશવંત સૌદર્ય માટે શાશ્વત સૌદર્યનો ત્યાગ ન કરો, અને માટીની આ નાશવંત દુનિયા ઉપર મોહ ન રાખ." [૫૫]**
>
> **"તું જાણી લે કે ખરેખર તે સાચો વિદ્વાન છે જેણે મારા પ્રગટીકરણનો સ્વીકાર કર્યો છે અને મારા જ્ઞાનના મહાસાગરમાંથી પાન કર્યું છે, અને મારા પ્રેમના વાતાવરણમાં વિહાર કર્યો છે, અને મારા સિવાય બધાનો ત્યાગ કર્યા છે અને જે મારી અદ્‌ભૂત વાણીના સામ્રાજ્યમાંથી મોકલવામાં આવ્યું છે તેને દૃઢતાથી વળગી રહ્યો છે. ખરેખર, તે માનવજાત સમક્ષ એક આંખ સમાન અને સમસ્ત સૃષ્ટિ રૂપી શરીરમાં જીવનની ચેતના સમાન છે. સર્વ-દયામયનો જય થાઓ, જેણે તેને પ્રકાશિત કર્યો છે તથા તેના મહાન અને શક્તિશાળી પ્રભુધર્મ (મહાન ઉદ્દેશ)ની સેવા કરવા માટે તેને તૈયાર કરવાનું કારણ બન્યા છે. ખરેખર, આવો માનવી સર્વોચ્ચના સંઘ દ્વારા અને જેઓ મહિમાના મંડપ-વિતાન તળે નિવાસ કરે છે, જેમણે સર્વ શક્તિશાળી, સર્વસમર્થ એવા મારા નામની સીલબંધ મદિરાનું પાન કર્યું છે તેમનાથી આશીર્વાદિત છે."[૫૬]**
>
> **"હે પરમેશ્વરની સેના! જો તમે જુઓ છો કે કોઈ એક આત્માનું સંપૂર્ણ ધ્યાન પ્રભુધર્મ તરફ કેન્દ્રિત છે; તેનો એક માત્ર ઉદ્દેશ ઈશ્વરના શબ્દોના પ્રભાવને કાર્યરત કરવાનો છે; જે પૂરેપૂરી નિષ્ઠાથી રાત-દિન પ્રભુધર્મની સેવા કરે છે; તેના વર્તનમાંથી સ્વાર્થની કોઈ પણ પ્રકારની ગંધ આવતી નથી અને તેના વ્યક્તિત્વમાં અહંકાર કે પૂર્વગ્રહનો કોઈ અણસાર પણ જોવા મળતો નથી -તો તે પ્રભુ-પ્રેમના વગડાનો એક વટેમાર્ગુ છે અને પ્રભુ જ્ઞાનરૂપી નશામાં લીન છે, પરમેશ્વરની સુરભીના પ્રસારમાં સંપૂર્ણ રીતે મગ્ન છે અને પ્રભુ-સામ્રાજ્યના પવિત્ર શ્લોકના પ્રેમમાં મગ્ન છે; તો તમે નિશ્ચિતપણે સમજી લો કે તેને પ્રભુ-સામ્રાજ્યની શક્તિઓની સંપૂષ્ટિ અને શક્તિના સ્વર્ગની સહાયતા મળી ગઈ છે; અને તે**

**પ્રભાતના તારલાની જેમ શાશ્વત કૃપાના ક્ષિતિજ પરથી અધિકત્તમ તેજ અને પ્રખરતાથી પ્રકાશિત થશે. પરંતું જો તે સ્વાર્થી ઈચ્છાઓ અને 'સ્વ' પ્રેમ, દંભ કે સ્વાર્થમાં અંશમાત્ર પણ વશીભૂત હશે તો, નિશ્ચિત છે કે તેના બધા પ્રયત્નો વ્યર્થ જશે અને તેનો વિનાશ થશે અને અંતે નિરાશાવાદી બની જશે."[૫૭]**

**"તમે ખરેખર સમજી લો કે દિવ્ય વિધાતાના હાથે તમને પ્રભુ સામ્રાજ્યના સિંહાસન તરફ આકર્ષિત કર્યો છે તથા દિવ્ય શુભ-સંદેશ તારામાં એટલી ખુશી અને પ્રસન્નતાનું કારણ બન્યો છે કે તમે આવરણ હટાવી દીધું છે, દિવ્ય સૌંદર્યના મુખારવિંદ પરથી પડદો હટાવી લીધો છે અને તારી અંતઃદૃષ્ટથી દિપ્તિમાન મુખારવિંદનું દર્શન કર્યું છે, અને આ પ્રભુધર્મની શુધ્ધતા અને પવિત્રતાના રહસ્યોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે.**

**"હવે, પ્રભુ-પ્રેમથી વિભોર હૃદય સાથે, પૂરી પ્રસન્નતાથી પરમેશ્વરને યાચના કરો તથા આ માર્ગદર્શન અને સર્વોચ્ચ ઉપહાર માટે પરમેશ્વરનો આભાર માનો અને તમે ખરેખર સમજી લો કે, જયારે તમારા પગલાં તેના ધર્મમાં દૃઢ થશે ત્યારે તમારા પ્રભુના ઉપહારોના રક્ષકો ચારે બાજુથી તને સુરક્ષા પ્રદાન કરશે."[૫૮]**

**"હે મારા ઈશ્વર! હે મારા ઈશ્વર! તારો આ સેવક તારી તરફ આગળ વધ્યો છે, તારા પ્રેમની રણભૂમિમાં ભાવાવેશ થઈને ભટકે છે, તારી અનુકંપાની અપેક્ષા રાખીને, તારી ઉદારતાની આશા સાથે, તારા સામ્રાજ્ય ઉપર ભરોસો રાખીને તથા તારા ઉપહારની મદિરાના નશામાં લીન થઈને તારી સેવાના માર્ગે ચાલી રહ્યો છે. હે મારા પ્રભુ! તારા પ્રત્યેની તેના સ્નેહની  લાગણીમાં, તારા માટેની તેની સ્તુતિની પ્રગાઢતામાં અને તારા માટેના તેના પ્રેમની તીવ્રતામાં વધારો કર.**

**"ખરેખર, તું પરમ ઉદાર છે, અપાર કૃપાનો સ્વામી છે. તારા સિવાય બીજો કોઈ ઈશ્વર નથી, તું ક્ષમાદાતા છે, દયામય છે"[૫૯]**

# સંદર્ભસુચિ


૧. અબ્દુલબહા, યુવાનો માટે બહાઈ પ્રાર્થના અને પાતિઓમાંથી

૨. અબ્દુલબહા, બહાઈ પ્રાર્થનાઓમાંથી

૩. અબ્દુલબહા, સિલેકશન ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ અબ્દુલબહા

૪. અબ્દુલબહા, વિશ્વ ન્યાય મંદિર વતી ૧૧ એપ્રિલ ૧૯૮૫ ના રોજ એક વયક્તિગત શ્રધ્ધાળુને લેખિત પત્રમાં આપેલ સંદર્ભમાંથી

૫. અબ્દુલબહા, બહાઈ પ્રાર્થનાઓમાંથી

૬. બહાઉલ્લાહ, વિશ્વ ન્યાય મંદિરના રિઝવાન ૧૯૮૨ ના સંદેશમાં આપેલ સંદર્ભમાંથી

૭. વિશ્વ ન્યાય મંદિર દ્વારા રાષ્ટ્રિય આધ્યાત્મિક સભાઓને સંબોધિત ૨૫ મે ૧૯૭૫ ના એક સંદેશમાંથી

૮. વિશ્વ ન્યાય મંદિર દ્વારા ૧ જુલાઈ ૨૦૧૩ ના આખા વિશ્વમાં આયોજિત ૧૧૪ યુવા સંમેલનોના સહભાગીઓને સંબોધિત એક સંદેશમાંથી

૯. વિશ્વ ન્યાય મંદિર દ્વારા બહાઈ યુવાનોને સંબોધિત ૧૦ જૂન ૧૯૬૬ ના એક સંદેશમાંથી

૧૦. વિશ્વ ન્યાય મંદિર દ્વારા પસંદ કરેલી રાષ્ટ્રિય આધ્યાત્મિક સભાઓને સંબોધિત ૨૩ ફેબ્રુઆરી ૧૯૯૫ ના અપ્રકાશિત એક સંદેશમાંથી

૧૧. વિશ્વ ન્યાય મંદિર દ્વારા ભૂખંડિય સલાહકારોના મંડળોના સંમેલનને સંબોધિત ૨૯ ડિસેમ્બર ૨૦૧૫ ન રોજ લેખિત એક સંદેશમાંથી.

૧૨. વિશ્વ ન્યાય મંદિર દ્વારા શ્રધ્ધાળુઓના એક નાના સમુહને સંબોધિત ૨૩ એપ્રિલ ૨૦૧૩ ના અપ્રકાશિત એક સંદેશમાંથી

૧૩. વિશ્વ ન્યાય મંદિર વતી ૧૯ એપ્રિલ ૨૦૧૩ ના રોજ શ્રધ્ધાળુઓના એક નાના જૂથને લેખિત એક પત્રમાંથી

૧૪. વિશ્વ ન્યાય મંદિર દ્વારા બધી રાષ્ટ્રિય આધ્યાત્મિક સભાઓને સંબોધિત ૧૨ ડિસેમ્બર ૨૦૧૧ ના એક સંદેશમાંથી

૧૫. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૩૭

૧૬. શોઘી એફેન્દી દ્વારા એક બહાઈ સમુદાયને સંબોધિત ૮ ડિસેમ્બર ૧૯૨૩ ના એક પત્રમાંથી

૧૭. અબ્દુલબહા ઈન લંડન, વાર્તાલાપના વક્તવ્યો અને નોંધમાંથી

૧૮. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૨૯

૧૯. બહાઉલ્લાહ, વિશ્વાસપાત્રતા નામના સંકલનમાંથી

૨૦. અબ્દુલબહા, સિક્રેટ ઓફ ડિવાઈન સિવિલાઈઝેશનમાંથી

૨૧. અબ્દુલબહા, સિક્રેટ ઓફ ડિવાઈન સિવિલાઈઝેશનમાંથી

૨૨. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૪૩

૨૩. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૨૬

૨૪. બહાઉલ્લાહ, એડવેન્ટ ઓફ ડિવાઈન જસ્ટીસમાં શોઘી એફેન્દી દ્વારા આપેલ સંદર્ભમાંથી

૨૫. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૬૦

૨૬. બહાઉલ્લાહ, એડવેન્ટ ઓફ ડિવાઈન જસ્ટીસમાં શોઘી એફેન્દી દ્વારા આપેલ સંદર્ભમાંથી

૨૭. બહાઉલ્લાહ, એડવેન્ટ ઓફ ડિવાઈન જસ્ટીસમાં શોઘી એફેન્દી દ્વારા આપેલ સંદર્ભમાંથી

૨૮. ટેબલેટ્સ ઓફ અબ્દુલબહા અબ્બાસ

૨૯. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૪૩

૩૦. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૭૦

૩૧. અબ્દુલબહા, સમ આન્સ્વર્ડ કવેશ્ચન્સમાંથી

૩૨. અબ્દુલબહા, ધ પ્રમોલગેશન ઓફ યુનિવર્સલ પીસ

૩૩. અબ્દુલબહા, ધ પ્રમોલગેશન ઓફ યુનિવર્સલ પીસ

૩૪. બહાઉલ્લાહ, ગૂઢ વચન, ફારસી ન. ૬

૩૫. અબ્દુલબહા, વીલ એન્ડ ટેસ્ટામેન્ટ ઓફ અબ્દુલબહા

૩૬. ગૂઢ વચનો, ફારસી, નં. ૪૯

૩૭. અબ્દુલબહા, સિલેકશન્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ અબ્દુલબહા

૩૮. બાબ, ડોન બ્રેકર્સમાં આપેલ સંદર્ભમાંથી

૩૯. અબ્દુલબહા, વીલ એન્ડ ટેસ્ટામેન્ટ ઓફ અબ્દુલબહા

૪૦. અબ્દુલબહા, પેરિસ ટોક્સમાંથી

૪૧. અબ્દુલબહા, ધ પ્રમોલગેશન ઓફ યુનિવર્સલ પીસ

૪૨. અબ્દુલબહા, સિલેકશન્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. ૧૦૫.૨

૪૩. શોઘી એફેન્દી તરફથી એક શ્રધ્ધાળુને લેખિત ૧૭ ફેબ્રુઆરી ૧૯૩૩ ના એક પત્રમાંથી

૪૪. શોઘી એફેન્દી દ્વારા માર્ચ ૧૯૫૫ માં લેખીત એક સંદેશમાંથી

૪૫. શોઘી એફેન્દી દ્વારા ૪ મે ૧૯૫૩ ના રોજ લેખીત એક પત્રમાંથી

૪૬. વિશ્વ ન્યાય મંદિર દ્વારા યુવા સંમેલનોના સહભાગીઓને સંબોધિત ૧ જૂલાઈ ૨૦૧૩ ના એક સંદેશમાંથી

૪૭. વિશ્વ ન્યાય મંદિર દ્વારા યુવા સંમેલનોના સહભાગીઓને સંબોધિત ૧ જૂલાઈ ૨૦૧૩ ના એક સંદેશમાંથી

૪૮. વિશ્વ ન્યાય મંદિર દ્વારા વિશ્વના બહાઈઓને સંબોધત ૮ ફેબ્રુઆરી ૨૦૧૩ ના સંદેશમાંથી

૪૯. વિશ્વ ન્યાય મંદિર દ્વારા પુરૂગ્વેમાં યુવા સમેલનમાં ભેગા થયેલા મિત્રોને સંબોધિત ૮ જાન્યુઆરી ૨૦૦૦ ના રોજ લેખીત એક સંદેશમાંથી

૫૦. શોઘી એફેન્દી, ગોડ પાસીસ બાય માંથી

૫૧. વિશ્વ ન્યાય મંદિર દ્વારા ૧૧૪ યુવા સંમેલનોના સહભાગીઓને સંબોધિત ૧ જૂલાઈ ૨૦૧૩ ના એક સંદેશમાંથી

૫૨. વિશ્વ ન્યાય મંદિર દ્વારા બહાઈ યુવાનોને સંબોધિત ૧૦ જૂન ૧૯૬૬ ના રોજ લેખિત એક સંદેશમાંથી

૫૩. વિશ્વ ન્યાય મંદિર દ્વારા વિશ્વના બહાઈ યુવાનોને સંબોધિત ૩ જાન્યુઆરી ૧૯૮૪ ના રોજ લેખિત એક સંદેશમાંથી

૫૪. બહાઉલ્લાહ, કોલ ઓફ ધ ડિવાઈન બિલોવ્ડ : સિલેકટેડ મીસ્ટીકલ વોર્કસ ઓફ બહાઉલ્લાહ

૫૫. ગૂઢ વચનો, ફારસી નં. ૧૪

૫૬. બહાઉલ્લાહ દ્વારા કિતાબ-એ-અકદસ પછી પ્રગટિત પાતિઓમાંથી

૫૭. અબ્દુલબહા, સિલેકસન્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. ૩૫.૭

૫૮. અબ્દુલબહા, ટેબલેટસ ઓફ અબ્દુલબહા અબ્બાસ

૫૯. અબ્દુલબહા, બહાઈ પ્રાર્થનામાંથી



# સંભવનાઓની ઉંમર

### ઉદ્વેશ

બાર થી પંદર વર્ષના નવયુવાનોની અપાર સુષુપ્ત શક્તિઓનું
વિશ્લેષણ કરવું અને તેમના આધ્યાત્મિક સશક્તિકરણ
માટે સુયોગ્ય વાતાવરણ પુરૂં પાડવાનું
મહત્વ સમજવું.

## વિભાગ ૧

અગાઉના એકમમાં આપણે એવા કેટલાક લક્ષણો વિશે ચર્ચા કરી છે જે યુવાનોને વિશિષ્ટ બનાવે છે. આ એકમનો ઉદ્દેશ કિશોરોની અપાર સુષુપ્ત ક્ષમતાઓ અને એવી શક્તિઓ વિશે ચર્ચા કરવાનો છે જે તેમના જીવનને આકાર આપે છે. તમે અહિં જે ખ્યાલોની સમીક્ષા કરવા જઈ રહ્યા છો તે દાયકાઓના અનુભવો દરમિયાન ઉત્તરોત્તર વધારે દૃઢ થયા છે. લાંબા સમય બહાઈ સમુદાય દ્વારા એવા લોકોની ખાસ જરૂરીયાતોનો સ્વીકાર કરવામાં આવ્યો છે જેઓ બાર થી પંદર વર્ષની વયજૂથમાં આવે છે. આ વયજૂથના સભ્યોને કેળવણી આપવા અને તેની સાથે કેવી રીતે તેમની ક્ષમતાઓને નિર્બંધ કરવી અને તેમની ઉછાળા મારતી શક્તિઓને દોરવણી આપવી તેના વિશે શીખવાના શરૂઆતના પ્રયત્નોમાંથી, આ પુસ્તકમાં આપણે જે કિશોર આધ્યાત્મિક સશક્તિકરણ કાર્યક્રમનું અવલોકન કરીએ છીએ તેનો ધીરે ધીરે વિકાસ થયો છે. તમે જ્યારે નાના હતા ત્યારે તેમાં ભાગ લેવાને કારણે, કિશોરોના જૂથ સાથે કાર્ય કરતા તમારા કોઈ એક મિત્ર સાથે કામ કરવાને લીધે અથવા તેના અભિગમો અને વિષયો વિશે ચર્ચા કરવાના હેતુથી બીજા સાથે મળીને તમારા ગામ કે મહોલ્લામાં વાલીઓની મુલાકાત લેવાને કારણે તમે કદાચ આ કાર્યક્રમથી પરિચિત હશો. તમે હમણાં જે સાહિત્યનો અભ્યાસ કરી રહ્યા છો તેનો ઉદ્દેશ સંભવનાઓથી સભર એવા એક વયજૂથના કેટલાક સભ્યોને તેમના જીવનના કટોકટીપૂર્ણ સમય દરમિયાન દોરવણી આપવા, સેવાના આ પ્રશસનીય ક્ષેત્ર માટે શરૂઆતના ત્રણ વર્ષ, કદાચ તેનાથી વધારે વર્ષ સમર્પિત કરવામાં તમારી સહાયતા કરવાનો છે.

કિશોર આધ્યાત્મિક સશક્તિકરણ કાર્યક્રમના સંદર્ભમાં, વિશ્વ ન્યાય મંદિર લખે છે :

> **"કિશોર આધ્યાત્મિક સશક્તિકરણ કાર્યક્રમનો ઝડપથી થઈ રહેલો ફેલાવો બહાઈ સમુદાયની સાંસ્કૃતિક પ્રગતિની એક બીજી અભિવ્યક્તિ છે. જ્યારે વિશ્વનું વલણ આ વય-જૂથની છાપ સમસ્યારૂપ, બેકાબુ એવી શારીરીક અને ભાવનાત્મક બદલાવની વેદનામાં ખોવાઈ ગયેલા, કોઈ પ્રતિક્રિયા નહિ આપનાર અને પોતાની જાતમાં જ ખોવાઈ ગયેલા તરીકેની ઉભી કરે છે ત્યારે, બહાઈ સમુદાય- જે ભાષાનો પ્રયોગ કરે છે અને તે જે અભિગમો અપનાવે છે - તે ચોક્કસપણે વિરૂધ્ધ દિશામાં જઈ રહ્યા છે, અને તે કિશોરોમાં પરોપકાર વૃત્તિ, ન્યાયની તીવ્ર ભાવના, બ્રહ્માંડ વિશે જાણવાની આતુરતા અને વિશ્વની પ્રગતિમાં પોતાનો ફાળો આપવાની ઈચ્છા જોઈ રહ્યો છે. આખા વિશ્વના બધા દેશોમાં એક પછી એક એવા કિસ્સાઓ છે જેમાં કિશોરોએ કાર્યક્રમના ભાગીદાર તરીકે પોતાના વિચારો વ્યક્ત કર્યા છે જે આ લક્ષ્યની પ્રમાણભૂતતાની સાક્ષી પુરે છે. એવા બધાજ પુરાવા મળે છે કે આ કાર્યક્રમ, તેમની વિસ્તૃત સભાનતાને વાસ્તવિકતાની શોધમાં જોડે છે, જે તેમને સમાજમાં પ્રવર્તમાન રચનાત્મક અને વિનાશક પરિબળો અને એવા પરિબળોની તેમના વિચારો અને કાર્યો પર અસર વિશેનું વિશ્લેષણ કરવામાં મદદ કરે છે, તેમની આધ્યાત્મિક સમજને તેજ બનાવે છે, તેમની અભિવ્યક્તિની શક્તિને વિકસાવે છે અને તેમના સમગ્ર જીવનકાળ દરમિયાન મદદરૂપ બની રહે તેવા નૈતિક માળખાને (ઢાંચાને) મજબૂત બનાવે છે. એવી ઉંમરે કે જ્યારે બૌધિક, આધ્યાત્મિક અને શારીરિક શક્તિઓને વિકસાવવી એ તેમના માટે સુગમ છે ત્યારે, તેમને એવા સાધનો આપવામાં આવે છે જેની તેમને એવા પરિબળો સામે વિજય પ્રાપ્ત કરવા જરૂર પડશે, જે તેમની ઉમદા ઓળખ છીનવી રહ્યા છે અને જનકલ્યાણ માટે કાર્ય કરવાથી રોકી રહ્યા છે."[૧]**

વિશ્વ ન્યાય મંદિર દ્વારા ઉપરોક્ત ફકરામાં ઉલ્લેખ કરેલા અનેક ખ્યાલો આ એકમના તમારા અભ્યાસના કેન્દ્રમાં હશે, અને તમે જેમજેમ તેમાં આગળ વધતા જશો તેમ તેમ, તે તમારા મગજમાં વધારે સ્પષ્ટ થતા જશે. હાલમાં, તમે કદાચ નીચેના પ્રશ્નોનો જવાબ આપવાની ઈચ્છા રાખશો :

૧. કિશોરો જે વયજૂથમાં આવે છે તેની વિશ્વના વલણ મુજબ કયા પ્રકારની છબી છે ?

________________________________________

________________________________________

________________________________________

૨. તેના બદલે બહાઈ સમુદાય આ વયજૂથમાં શું જુએ છે ? ______________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

૩. કિશોરોની વિકાસ પામતી સભાનતાને વાસ્તવિકતાના વિશ્લેષણમાં જોડીને, આધ્યાત્મિક સશક્તિકરણ માટેનો કાર્યક્રમ તેમને શું કરવામાં મદદ કરે છે ? ________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

૪. આ કાર્યક્રમ દ્વારા કિશોરો જે સાધનો મેળવે છે તે તેમને શું કરવા સક્ષમ બનાવે છે ? __________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

૫. તમે એવું શા માટે વિચારો છો કે, બાર થી પંદર વર્ષની વયના કિશોર એક વિશેષ સમુહનું પ્રતિનિધિત્વ કરે છે ? ______________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

૬. ઉપરોક્ત બાબતોના સંદર્ભમાં, અને તમે પહેલાંથી જાણતા હોય એવા કેટલાક કિશોરોને ધ્યાનમાં રાખીને, શું તમે આ નાની પેઢીની વિશિષ્ટ જરૂરીયાતો નક્કી કરી શકો છો ? _______________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

૭. સેવાના આ ચોક્કસ ક્ષેત્રમાં પ્રવેશ કરવા માટે કઈ બાબત તમને પ્રેરણાં આપે છે ?

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

## વિભાગ ૨

બહાઉલ્લાહ આપણને કહે છે કે પંદર વર્ષની વયે એક વ્યક્તિ પરિપકવતાની શરૂઆતમાં પહોંચે છે, જ્યારે અનિવાર્ય પ્રાર્થના અને ઉપવાસ જેવા કાયદા બધનકર્તા બની જાય છે. આ દૃષ્ટિકોણથી જોઈએ તો, તેના પહેલાંના થોડા વર્ષો ખાસ મહત્વના બની જાય છે. આ થોડા વર્ષો બાળપણથી યુવાની તરફ પ્રયાણ કરવાની અવધિ છે. બાળપણથી યુવાની તરફની સંક્રાતિનો આ સમયગાળો આકસ્મિક અને તીવ્ર બદલાવ –

શારીરિક, બૌધિક અને ભાવનાત્મક બદલાવ સાથે સુસંગત છે - જે અનેક રીતે તેના વર્તન ઉપર પ્રભાવ પાડે છે.

બાર વર્ષની વય સુંધીમાં, પરિવર્તનના ચિન્હો પ્રગટ થવા લાગે છે. તેના પછીના ત્રણથી ચાર વર્ષ દરમિયાન ઘણાં કિશોરો તેમના જીવનના બીજા કોઈ પણ તબક્કાની તુલનામાં શારીરિક રીતે વધારે વિકાસ પામશે. તેમની ઉચાઈમાં વધારો થશે, સ્નાયુ મજબૂત બનશે અને હોર્મોન(રસસ્ત્રાવ)માં બદલાવનો અનુભવ કરશે. છોકરાઓનો અવાજ ઘેરો બનતો જશે અને છોકરીઓ યુવાન સ્ત્રીની શરીર-રચનાનો વિકાસ કરવાની શરૂઆત કરશે. તેઓ બંને તરૂણાવસ્થામાંથી પસાર થશે અને બાળકો પેદા કરવાની શારીરિક ક્ષમતા પ્રાપ્ત કરશે.

વિકાસના આ તબક્કામાં એક વ્યક્તિ જે શારીરિક અને ભાવનાત્મક બદલાવનો અનુભવ કરે છે તે પરસ્પર સંબંધિત હોય છે. એક તરફ નવીન શક્તિઓના ઉદ્ભવની ઉત્તેજના અને તેમને કાબુમાં રાખવાની આતુરતા હોય છે, ત્યારે બીજી તરફ દ્વિધા, સંવેદનશીલતા અને ચિંતાની લાગણી હોય છે. આ ભાવનાઓ વિરોધાભાષી વર્તનને જન્મ આપી શકે છે. એક વ્યક્તિ શરમાળ દેખાઈ શકે છે, આમ છતાં, અમુક પ્રસંગે તે મિલનસાર હોઈ શકે છે; તે તેની જાતને એકલા છોડી દેવાની ઈચ્છા વ્યક્ત કરી શકે છે, આમછતાં તેની સાથે લોકોનું ધ્યાન આકર્ષિત કરવાની ઈચ્છા રાખી શકે છે; અમુક પરિસ્થિતિમાં તે અદ્ભૂત સાહસ બતાવી શકે છે જ્યારે બીજી પરિસ્થિતિમાં ડરનો અનુભવ કરી શકે છે. ખાસ કરીને સમવયના સાથીઓ અને વયસ્કો સાથેના તેમના સંબંધોના સંદર્ભમાં જેમ જેમ આ દુનિયામાં તેના પોતાના સ્થાનની જાગૃતિની સમજ વધતી જાય છે તેમ તેમ ધીરેધીરે તેની પોતાની પ્રતિભાઓ અને ક્ષમતાઓની વધતી જતી ચિંતા પ્રગટ થવા લાગે છે. બીજા લોકો તેની ઉપસ્થિતિને જે રીતે જોવા લાગે છે અને તેના વિચારોનો પ્રતિભાવ આપે છે તે મહત્વનું બની જાય છે.

વધુમાં, આપણે પંદર વષેની ઉંમરે પહોંચીએ તે પહેલાના થોડા વર્ષો દરમિયાન આપણા મનમાં વ્યક્તિગત અને સામુહિક જીવનને લગતા મુળભૂત ખ્યાલોની રચના થાય છે. આપણી વિશ્લેષણ શક્તિ વધારે મજબૂત બને છે અને આપણને પહેલાં શીખવવામાં આવેલી અનેક બાબતો વિશે પ્રશ્નો કરવા લાગીએ છીએ અને આપણી ચારેબાજુ વિશ્વમાં એવી વિસંગતતાઓથી પરિચિત થવા લાગીએ છીએ જેની આપણે પહેલાં નોંધ લીધી નથી. આપણને પહેલાની જેમ વડીલો દ્વારા નિર્ધારીત આદર્શોનું સહજ રીતે અનુસરણ કરવાની ઈચ્છા થતી નથી. બદલાવના આ સમયગાળામાં, એક વ્યક્તિ હંમેશા તેના પ્રશ્નોના જવાબ શોધે છે, તે મોટેભાગે દાર્શનિક(તર્કસંગત) હોય છે તથા નવીન સભાનતાનો ખૂબ ઝડપી વિકાસ થાય છે.

જો યુવા લોકોને તેમની ઉભરતી શક્તિઓનો ફળદાયી ઉપયોગ કરવામાં મદદ કરવાની હોય તો, જરૂરી છે કે આપણે તેમની સાથે એવું વર્તન નહિ કરીએ જે એક તરફ તેમની બાલ્યાવસ્થાની અવધિના સમયમાં વધારો કરતું હોય અને બીજી તરફ એવી પુખ્તતાના ઉદાહરણનું અનુસરણ કરવા પ્રોત્સાહન આપતું હોય, જે તેના અનેક તત્વોમાં કાલ્પનિક હોય -એવું વલણ જે દુર્ભાગ્યવશ, અનેક સમાજોમાં તેના ઊંડા મુળીયા જમાવી રહ્યુ છે. અબ્દુલ-બહા કહે છે :

> **"થોડા સમય પછી તે યુવાવસ્થામાં પ્રવેશ કરે છે જેમાં નવી જરૂરીયાતો તેની પહેલાંની પરિસ્થિતિઓ અને જરૂરિયાતોનું સ્થાન લેવા માંડે છે જે તેના વિકસિત સ્તર માટે યોગ્ય(ઉપયોગી) છે. અવલોકન કરવાની તેની ક્ષમતાઓ બહોળી અને ગહન થતી જાય છે; તેની બૌધિક ક્ષમતાઓ પ્રશિક્ષિત અને જાગ્રત થાય છે; બાલ્યાવસ્થાની મર્યાદાઓ અને પર્યાવરણ હવે તેની શક્તિઓ અને સિધ્ધિઓને નિયંત્રણ (અંકુશ)માં રાખી શકતી નથી."[૨]**

બાલ્યાવસ્થા અને યુવાવસ્થાના વર્ષો વચ્ચેના તફાવત વિશેની તમારી સમજમાં વધારો કરવા માટે, નીચેના પ્રશ્નો વિશે તમારા સમુહમાં ચર્ચા કરો :

૧ અવલોકન કરવાની ક્ષમતાઓ બહોળી અને ગહન થવાનો અર્થ શું છે ? શું તમે થોડા ઉદાહરણ દ્વારા તમારા મંતવ્યો રજુ કરશો ? ________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

૨ એક કિશોરની બૌધિક ક્ષમતાઓ કેવી રીતે એક બાળકની બૌધિક ક્ષમતાઓથી જુદી પડે છે ?

________________________________________

________________________________________

________________________________________

________________________________________

૩ બાલ્યાવસ્થાની કેટલીક મર્યાદાઓ કઈ છે જે હવે કિશોરોની શક્તિઓને નિયંત્રણમાં રાખી શકતી નથી ? ________________________________________

________________________________________

________________________________________

________________________________________

## વિભાગ ૩

પંદર વર્ષની વયના તરત પહેલાંના વર્ષોમાં દરેક વ્યક્તિએ એવી કેળવણી અને પોષણ મેળવવું જોઈએ જે યુવાવસ્થામાં વિધમાન ગુણોનો વિકાસ કરવાની અનુમતિ આપે. આ વય સુંધીમાં એક વ્યક્તિના વિચારો અને વર્તનની અનેક વૃતિઓ (વલણો) નિર્ધારિત થઈ જાય છે તેનો જ્યારે સ્વીકાર કરવામાં આવે છે ત્યારે ખાસ કરીને આવી કેળવણીની જરૂરીયાત સ્પષ્ટ થઈ જાય છે. અબ્દુલ-બહા કહે છે :

> **“એક વાર તરૂણાવસ્થા પસાર થઈ ગયા પછી એક વ્યક્તિને શીખવવું અને તેના ચરિત્રને સુધારવું ખૂબ કઠીન છે. અનુભવ દર્શાવે છે કે તેના પછી, તેની વૃત્તિ(વલણ)માં સુધારો કરવાનો દરેક પ્રયત્ન કરવામાં આવે છતાં તેનું કોઈ પરિણામ આવતું નથી. શક્ય છે કે, આજે તેનામાં થોડો સુધારો જોવા મળે પરંતું થોડા સમય પછી તે આ બધું ભૂલી જાય છે તથા તે તેની આદત અને મૂળ સ્થિતિમાં પાછો વળી જાય છે.”**[૩]

તમે “કિશોરાવસ્થા” શબ્દથી પરિચિત છો, જેનો ઘણીવાર લગભગ બાર વર્ષથી લઈને વધારેમાં વધારે અઢાર વર્ષ વચ્ચેની વયજૂથના યુવાનોનો સંદર્ભ આપવા માટે ઉપયોગ કરવામાં આવે છે. કેટલીક વખત, “પ્રારંભિક કિશોરાવસ્થા” નો એવી વયના લોકો માટે ઉપયોગ કરવામાં આવે છે જેમને સામાન્ય રીતે “કિશોર” તરીકે ઓળખવામાં આવે છે. અહિં આપણે આ સંદર્ભમાં વધુ પડતા ચોક્કસ થવાનો પ્રયત્ન કરતા નથી અને તેનો બાર થી પંદર વર્ષની વચ્ચેના યુવા લોકોનો સંદર્ભ આપવા માટે ઉપયોગ કરીએ છીએ. કિશોરાવસ્થા દરમિયાન કેળવણીનું મહત્વ વિશે વિચાર કરવા માટે, નીચેના વિધાનો ખરા છે કે નહિ તે નક્કી કરો :

— બાલ્યાવસ્થામાં ઉચિત કેળવણી પ્રાપ્ત કરવામાં નહિ આવે છંતા, કિશોરાવસ્થા દરમિયાનનો ઉચિત ઉછેર શરૂઆતમાં સ્થાપિત એવા વર્તનના અનિચ્છનીય વલણને સુધારવામાં મદદ કરી શકે છે.

— બાળપણમાં જે વ્યક્તિએ આધ્યાત્મિક અને નૈતિક કેળવણી પ્રાપ્ત કરી હોય, માત્ર તેઓ જ તેમની સંપૂર્ણ ક્ષમતાઓનો વિકાસ કરી શકે છે.

— બાળપણમાં એક વ્યક્તિએ નૈતિક અને આધ્યાત્મિક કેળવણી પ્રાપ્ત કરી હોવા છતાં, જો કિશોરાવસ્થામાં યોગ્ય ધ્યાન અને સંભાળ રાખવામાં નહિ આવે તો, તે સરળતાથી અવળે માર્ગે જઈ શકે છે.

— કિશોરાવસ્થા દરમિયાન વ્યક્તિઓ એવી શક્તિઓ સાથે તેમના જીવનને સુસંગત કરવાની શરૂઆત કરે છે જે સમાજનો વિકાસ કરે છે અથવા તેમની જાતને સામાજિક વિઘટનની તાકાતો દ્વારા તણાઈ જવાની અનુમતિ આપે છે.

## વિભાગ ૪

કિશોરાવસ્થા દરમિયાન ઉભરતી જાગૃતિને બે માંથી કોઈ એક દિશામાં દોરવણી આપી શકાય છે: ઈશ્વરીય ઈચ્છા પ્રત્યે સમર્પણ અને આત્મબલીદાનની ભાવનાથી માનવજાતની સેવા કરવા તરફ અથવા સ્વાર્થ અને વાસનારૂપી કારાવાસની ગુલામી તરફ. અબ્દુલ-બહા કહે છે:

> **"દરેક સર્જિત વસ્તુનું વ્યક્તિત્વ દિવ્ય વિવેક ઉપર આધારિત છે, કારણ કે પરમેશ્વરની સૃષ્ટિ (રચના)માં કોઈ ખામી નથી. આમ છતાં, વ્યક્તિત્વના કાયમી તત્વો નથી. માનવીમાં અમુક અંશે તે પરિવર્તશીલ ગુણ છે જેને કોઈપણ દીશામાં વાળી શકાય છે. કારણ કે, જો તે પ્રશંસનીય ગુણોં ધારણ કરે છે તો તે માનવીના વ્યક્તિત્વને પ્રબળ કરે છે અને તેની સુષુપ્ત શક્તિઓનો વિકાસ કરે છે; પરંતું જો તે ખામીઓ ધારણ કરે છે, તો તેના વ્યક્તિત્વનું સૌદર્ય અને સાદગી છીનવાઈ જશે અને તેના પ્રભુ-પ્રદત્ત ગુણોં સ્વાર્થના ગંદા વાતાવરણમાં દબાઈ જશે."**[૪]

આપણે એવા યુગમાં જીવી રહ્યા છીએ જ્યારે આક્રામક ભૌતિકવાદી સંસ્કૃતિ જીવનના દરેક ક્ષેત્ર પર આક્રમણ કરી રહી છે. આપણે કિશોરોને તેમની ક્ષમતાઓનો વિકાસ કરવામાં મદદ કરવાનો પ્રયત્નો કરીએ છીએ, તેની સાથે જ, આ વ્યાપક સંસ્કૃતિના તાણા-વાણામાં વણાઈ ગયેલી સ્વાર્થી વ્યસ્તતાનો અતિરેક, આપણી સમક્ષ અનેક પડકારો લાવે છે, એવા સાચા પ્રયત્નો જે યુવાનોને તેમની શક્તિઓને વિમૂક્ત કરવા અને તેમની ઉર્જાને સર્વહિત તરફ કેન્દ્રિત કરવાની સહાયતા કરે છે તે પણ નકારાત્મક પ્રભાવથી પિડિત હોઈ શકે છે જેના કેન્દ્રમાં વ્યક્તિત્વવાદનો દુન્યવી દૃષ્ટિકોણ રહેલો છે. સમસ્યા જટિલ છે. આજના વિશ્વની પ્રણાલી અનેક લોકોને ઉદ્દેશપુર્ણ જીવન જીવવા માટે જરૂરી એવા ધૈર્યથી વંચિત રાખે છે; તેથી, પોતાની નૈતિક શક્તિમાં વિશ્વાસ એક એવો વિષય છે જેની ચર્ચા થવી જોઈએ. તે લોકોના ઉચ્ચ ઉદ્દેશને ધુંધળી કરી દે છે; તેથી પોતાની કુલીન મહત્વાકાંક્ષાનો આત્મ-બોધ એ એક વાજબી ચિંતા છે. તે અનેક લોકોને આત્માના જીવન પ્રત્યે બેદરકાર બનાવી દે છે; તેથી પોતાની સાચી સુષુપ્ત ક્ષમતાઓની શોધ તરફ ધ્યાન આપવાની જરૂર છે. આમ છતાં 'સ્વ' ઉપર ભાર આપતા બધા કાર્યક્રમો આ સમસ્યાનો ઉકેલ લાવતા હોય એવું જરૂરી નથી. ઘણીવાર એવું થાય છે કે, આત્મ-બોધ, આત્મ-ખોજ, આત્મ-સમ્માનના નામે, આવા કાર્યક્રમો વ્યક્તિને રોમાંચિત કરી દે છે અને તેના અહંમને પ્રોત્સાહન આપે છે. આપણો પડકાર યુવાનોમાં સાચી આધ્યાત્મિક લાગણીશીલતાનો વિકાસ કરવાનો છે, જેથી તેમના કુમળા હૃદયો પરમ મહાન સૌદર્યના આકર્ષણથી અનુપ્રાણિત થઈ શકે અને માનવજાતની નિ:સ્વાર્થ સેવાના ઉચ્ચ આદર્શો તરફ ઉન્મુખ થઈ શકે. તેમના જીવનના આ રચનાત્મક તબક્કામાં તેમની શૈક્ષણિક જરૂરીયાતો પૂરી કરવાના આપણા

પ્રયત્નોએ આગ્રહી 'સ્વ'ને વધારે દૃઢ થતું અટકાવવું જોઈએ. આ પડકારના સ્વરૂપનું વિશ્લેષણ કરવા માટે હવે પછીના કેટલાક વિભાગોમાં પવિત્ર ગ્રંથોમાંથી લેવામાં આવેલા અહંમને લગતા કેટલાક અવતરણોં વિશે તમને ચિંતન કરવાનું કહેવામાં આવ્યું છે. પણ તેના પહેલાં, "આગ્રહી 'સ્વ' સ્વયં દૃઢ થાય છે" આ વાક્ય વિશે ચર્ચા કરવી તમારા માટે ઉપયોગી પુરવાર થશે. એક વ્યક્તિ કેવી રીતે સુનિશ્ચિત કરી શકે છે કે સેવા એવું ક્ષેત્ર ન બની જાય જેમાં 'સ્વ'માં વધારો થતો હોય?

## વિભાગ ૫

નીચે આપેલા અવતરણોના પહેલા સંકલનનો, "વ્યક્તિત્વ"ના એવા તત્વો સાથે સંબંધ છે જે પરમેશ્વરને પ્રિય છે અને તેનો વિકાસ થવો જોઈએ.

> **"હે મારા સવકો! જો તમે સમજી શકયા હોત કે હું તમારા આત્માને મારી ઉદારતા અને કૃપાની કેવી અદ્‌ભૂત અમાનત આપવા ઈચ્છુ તો ખરેખર, તમે સમસ્ત સર્જિત વસ્તુઓની આસક્તિથી તમારી જાતને મુક્ત કરી લીધી હોત અને તમારી પોતાની જાતનું સાચુ જ્ઞાન પ્રાપ્ત કરી લીધું હોત - એવું જ્ઞાન કે જે સ્વયં મારા પોતાના જ્ઞાન સમાન છે. તમે તમારી જાતને મારા સિવાય બીજા બધાથી સ્વતંત્ર નિહાળી હોત, તથા તમારી આંતરિક અને બાહ્ય દ્રષ્ટિથી મારા દૈદિપ્યમાન નામના પ્રગટીકરણની જેમ પ્રગટ રૂપમાં, મારી પ્રેમાળ-કરૂણા અને કૃપાના મહાસાગરને તારા અંતરમાં ગતિમાન હોવાનો અનુભવ કરી શકયા હોત."[૫]**

> **"નશ્વર માનવી તારી પુષ્ટિ કરે છે, તારા ગુણગાન કરે છે, તારી મહિમાની સ્તુતિ કરે છે તેના કરતાં તારી મહિમા અપાર છે, અપરંપાર છે! તારી ભવ્યતા અને મહિમાંના ગુણગાન કરવાનું તેં તારા સેવકો માટે જે કર્તવ્ય નિર્ધારિત કર્યું છે તે તારી કૃપાનું એક ચિન્હ માત્ર છે, જેથી તેઓ તેમના અંતરત્તમ અસ્તિત્વને, આશીવાર્દિત સ્થાન તરફ આરોહણ કરવા સમર્થ બનાવી શકે, જે તેમની પોતાની જાતના જ્ઞાનનું સ્થાન છે."[૬]**

> **"માતૃગ્રથની ક્ષિતિજથી ઉદય પામેલું પહેલું તરાઝ અને પહેલો પ્રકાશ આ છે કે, માનવીએ તેની પોતાની જાતને ઓળખવું જોઈએ અને તેનો સ્વીકાર કરવો જોઈએ જે મહાનતા કે નીચતા, મહિમા કે માનભંગ, સમૃધ્ધિ કે દરિદ્રતા તરફ લઈ જાય છે."[૭]**

> **"હે ચેતના પુત્ર! મેં તને શ્રીમત સર્જયો છે, શા માટે તું તારી જાતને દરિદ્રતામાં લઈ જાય છે? મેં તને કુલીન બનાવ્યો છે, શા માટે તું તારી જાતને અપમાનિત કરે છે. જ્ઞાનના સત્વમાંથી મેં તને અસ્તિત્વ આપ્યું છે, તો શા માટે તું મારા સિવાય અન્ય પાસે જ્ઞાનના પ્રકાશની ઝંખના રાખે છે? પ્રેમની માટીમાંથી મેં તારી રચના કરી છે, તો તેં કેવી રીતે તારી જાતને બીજા સાથે વ્યસ્ત કરી લીધી છે? સ્વયં તારી તરફ તારી નજર ફેરવ, જેથી તું શક્તિશાળી, બળશાળી અને સ્વયંજીવી સ્વરૂપમાં મને તારા અંતરમાં ઉભેલો જોઈ શકે.**

ઉપરોક્ત અવતરણોને આધરે નીચેના વાક્યો પરા કરો:

ક. જ્યારે આપણે સમજી જઈશું કે પરમેશ્વર આપણાં આત્માને તેની ઉદારતા અને કૃપાની કેટલી અદ્‌ભૂત અમાનત આપવા ઈચ્છે, તો ખરેખર આપણે ________________ ____________________________________________________ અને ______________ ________________________________________

ખ. આપણે આપણીજાતને ______________________ નિહાળશું તથા આપણી આંતરિક અને બાહ્ય દૃષ્ટિથી ______________________________________________

______________________________________________________________

ગ. પરમેશ્વરની ભવ્યતા અને મહાનતાના ગુણગાન કરવાનું આપણાં માટે જે કર્તવ્ય નિર્ધારિત કર્યું છે તે તેની કૃપાનું એક ચિન્હ માત્ર છે, જેથી આપણે ______________________

______________________________________________________________

ઘ. આપણેં આપણીજાતને ઓળખવું જોઈએ અને તેનો સ્વીકાર કરવો જોઈએ જે _____________ કે __________________ કે ___________, ______________ કે_____________ તરફ લઈ જાય છે.

ચ. આપણને ______________ સર્જયા છે, અને ______________ બનાવ્યા છે _________ ના સત્વમાંથી પરમેશ્વરે આપણને અસ્તિત્વ આપ્યું છે, અને _____________ ની માટી માંથી તેણેં આપણી ____________ કરી છે. પરમેશ્વર આપણને સ્વયં આપણી તરફ આપણી નજર ફેરવવાનું કહે છે, જેથી આપણેં

______________________________________________________________

______________________________________________________________

ઉપરના બધા અવતરણોં આપણું સાચું અસ્તિત્વ અને તેના સ્વરૂપ વિશે સમજવાના મહત્વનો સંદર્ભ આપે છે. નિ:શક, આપણે સમજી લેવું જોઈએ કે આપણાં અસ્તિત્વની શ્રેષ્ઠતાનું જ્ઞાન આપણને આત્મપ્રસંસા તરફ નહિ પરંતું પરમેશ્વર અને તેના સેવકો સમક્ષ વિનમ્રતા તરફ લઈ જાય છે. આપણા સાચા અસ્તિત્વનું જ્ઞાન કેવી રીતે આપણા 'સ્વ' સામેના આપણાં સંઘર્ષમાં આપણી સહાયતા કરે છે તેના વિશે તમારા સમુહમાં ચર્ચા કરો.

## વિભાગ ૬

અવતરણોનું બીજું સંકલન આપણને 'સ્વ'માં ગરકાવ થવાના પરિણામો વિશે ચેતવણી આપે છે:

**"દરેક અપૂર્ણ આત્મા સ્વ-કેન્દ્રિત છે અને માત્ર તેનું પોતાનું જ ભલું વિચારે છે."[૯]**

**"પણ, જો તે સ્વાર્થી ઈચ્છાઓ અને સ્વ-પ્રેમની અંશમાત્ર પણ ઝલક બતાવે છે તો તેના પ્રયત્નોનું કોઈ પરિણામ આવશે નહિ અને અંતે તેનો સર્વનાશ થશે અને તે નાશીપાસ થશે.""**

**"ચોક્કસ રીતે તમે સ્વ-હિતથી મુક્ત થવાની ઈચ્છા રાખો છો. આ ગુણ, એટલે કે ઘમંડે આ દુનિયામાં અનેક મહત્વપૂર્ણ આત્માઓનો સર્વનાશ કર્યો છે. જો એક વ્યક્તિ બધા પ્રશંસનીય સદ્ગુણોં ધરાવતો હોય, પરંતું તે અહંકારી હોય તો, બીજા બધા સદ્ગુંણો અને સારા લક્ષણો ઝાંખા પડી જશે અને અંતે સૌથી ખરાબ ખામીઓમાં પરિવર્તિત થશે"[૧૧]**

**"સ્વમાં વશીભૂત થવાથી આલોક અને પરલોકમાં તને માત્ર નિરાશા જ મળશે; ધર્માંધતા, મુર્ખ અને બુધ્ધિહિનો પરના વિશ્વાસમાંથી તને માત્ર નફરત અને દુ:ખની જ ઉપજ મળશે."[૧૨]**

**"આજે દુનિયામાં બધા લોકો સ્વ-હિતમાં ગરકાવ થઈ રહ્યા છે અને તેમના પોતાના ભૌતિક હિત સાધવા માટે મહત્તમ પુરૂષાર્થ અને પ્રયત્ન કરી રહ્યા છે. તેઓ દિવ્ય વાસ્તવિકતા કે માનવ જગતની નહિ પરંતું તેમની જાતની જ પૂજા કરી રહ્યા છે."[૧૩]**

**"તમે લખ્યું છે તેમ, સત્યનો સૂર્ય હદયરૂપી અરીસા ઉપર તેના કિરણો નહિ ફેલાવે ત્યાં સુંધી, આ કસોટીઓ તેના પરથી 'સ્વ' રૂપી ડાઘને સાફ કરતી રહેશે; કારણ કે 'સ્વ'થી વધારે બાધારૂપ બીજો કોઈ પડદો નથી, અને આ પડદો ગમે તેટલો શુક્ષ્મ હોવા છતાં, અંતે એક વ્યક્તિને તે સંપૂર્ણપણે વિમુખ કરી દેશે અને અનંત કૃપાના તેના આશીર્વાદથી તેને વંચિત કરી દેશે."[૧૪]**

**"જુઓ, કેવી રીતે સૂર્ય સમસ્ત સુષ્ટિ ઉપર પ્રકાશે છે, પણ માત્ર શુધ્ધ અને ચકચકિત વસ્તુઓ જ તેની મહિમા અને પ્રકાશને પ્રતિબિંબિંત કરી શકે છે. અંધકારમય આત્માને વાસ્તવિકતાના મહિમાવંત પ્રકાશના પ્રગટીકરણનો કોઈ આશિર્વાદ (અંશ) મળતો નથી; અને 'સ્વ'ની માટી, આ પ્રકાશનો લાભ મેળવવા અક્ષમ હોવાથી તેનો વિકાસ થતો નથી."[૧૫]**

**"કેટલો હીન છે તે આત્મા જે 'સ્વ' અને વાસનાનો ગુલામ બનીને, ભૌતિક દુનિયાના કિચ્ચડમાં લીન થઈને આ અંધકારમાંથી આનંદ મેળવે છે."[૧૬]**

"સ્વ-કેન્દ્રિકરણ", "સ્વ-પ્રેમ", "સ્વ-પૂજા", "સ્વ-સ્તુતિ", "સ્વ-હિત" માં ગરકાવ થઈ જવું" તથા "સ્વ અને વાસનાના ગુલામ બનવું" એવા પર્યાવરણનું નિર્માણ કરે છે જે આપણા વ્યક્તિત્વના પ્રભુ-પ્રદત ગુણોને ગુંગળવી નાંખે છે. ઉપરોક્ત અવતરણોંને આધારે, પૂર્વધારણાઓ કેવી રીતે આધ્યાત્મિક પ્રગતિ અને નૈતિક વિકાસને અવરોધે છે તથા સેવાની પ્રભાવશીલતાને ઝાંખી પાડી દે છે તેનું થોડા વાકયોમાં વર્ણન કરો.

____________________________________________________________________

____________________________________________________________________

____________________________________________________________________

____________________________________________________________________

____________________________________________________________________

____________________________________________________________________

____________________________________________________________________

____________________________________________________________________

____________________________________________________________________

## વિભાગ ૭

અવતરણોંનું ત્રીજુ સંકલન, આગ્રહી-સ્વ (જીદ્દીપણું)નો કેવી રીતે ઉકેલ લાવવો તેને લગતા, પવિત્ર ગ્રથોમાંથી મળતા અનેક પરામર્ષો પ્રસ્તુત કરે છે :

**"આજે આભા સામ્રાજ્યની સંપુષ્ટિ તેમની પાસે છે જેઓ તેમની જાતનો પરિત્યાગ કરી દે છે, પોતાના મંતવ્યો ભૂલી જાય છે, પોતાના વ્યક્તિત્વને બાજુ પર મુકીને બીજાના કલ્યાણ વિશે વિચાર કરે છે. જે કોઈએ પોતાની જાતને ભૂલાવી દીધી છે, તેણે બ્રહમાંડ અને તેના નિવાસીઓને પામી**

**લીધું છે. જે કોઈ પોતાની જાતમાં લીન રહે છે તે બેધ્યાન અને પશ્ચાતાપના રણમાં ભટકી રહ્યો છે. પોતાની જાત ઉપર પ્રભુત્વ મેળવવાની "ગુરૂચાવી" છે 'સ્વ'ને ભૂલી જવાની . જીવન રૂપી મહેલનો માર્ગ પરિત્યાગનો માર્ગ છે."[૧૭]**

**"પરમેશ્વરે આપણને વસ્તુઓની વાસ્તવિકતાને સમજવાની શક્તિ પ્રદાન કરી છે; પરંતું આપણે આત્મ-ત્યાગી બનવું જોઈએ, આપણી પાસે પાવન ચેતના, શુધ્ધ આશયો હોવા જોઈએ અને આપણે માનવ જગતમાં રહેતાં શાશ્વત મહિમા પ્રાપ્ત કરવા હૃદય અને આત્માથી પ્રયત્ન કરવો જોઈએ."[૧૮]**

**"તેથી, શૈતાની 'સ્વ'ના પડદાઓને પ્રેમની અગ્નિથી ભષ્મ કરી દેવા જોઈએ, જેથી ચેતના શુધ્ધ અને નિર્મળ બની શકે અને સર્વલોકના સ્વામીનું સ્થાન સમજી શકે."[૧૯]**

**"'સ્વ'ના વિચારોને ત્યાગી દો, અને માત્ર પ્રભુ-ઈચ્છા પ્રત્યે આજ્ઞાંકીત અને સમર્પિત બનવાનો પ્રયત્ન કરો. માત્ર આવી જ રીતે આપણે પ્રભુ સામ્રાજ્યના નાગરિક બની શકીશું અને શાશ્વત જીવન પામી શકીશું."[૨૦]**

**"'સ્વ'થી મુક્ત થવા માટે શકય એટલા બધા પ્રયત્નો કરો, અને તમારી જાતને તેજોમય મુખારવિંદના બંધનમાં બાંધી લો; અને એક વખત તમે દાસ્તત્વની આવી ઊંચાઈ પ્રાપ્ત કરી લેશો, તો તમારી છાયાં તળે સમસ્ત ચીજોને એકત્રિત થયેલી નિહાળશો. આ અસીમ કૃપા છે; આ સર્વોચ્ચ પ્રભુસત્તા છે; આ એવું જીવન છે જે કદી મરતું નથી. અંતે તેના સિવાયનું બીજું બધુ સપૂર્ણ વિનાશ અને સૌથી મોટુ નુકશાન છે."[૨૧]**

**"તેથી હે મિત્ર, 'સ્વ'નો ત્યાગ કરી દે જેથી તું તેને પામી શકે જે અતુલનીય છે, આ નાશવંત દુનિયામાંથી પસાર થઈ જા જેથી સ્વર્ગીય માળામાં તું તારૂં નિવાસ-સ્થાન પ્રાપ્ત કરી શકે. શૂન્ય સમાન બની જા, જો તું અસ્તિત્વની આગ પ્રગટાવવા અને પ્રેમ-પથ પર ચાલવા લાયક બનવા ઈચ્છતો હોય તો."[૨૨]**

**"ચાલો આપણે 'સ્વ'ના બધા વિચારોનો ત્યાગ કરી દઈએ; ધરતીની બધી ચીજો તરફ આપણી આંખો બંધ કરી દઈએ, ચાલો આપણે આપણી યાતનાઓને જાહેર નહિ થવા દઈએ કે નહિ આપણા પ્રત્યેના અન્યાયની ફરીયાદ કરીએ. તેના કરતાં ચાલો આપણે આપણી જાતને ભૂલી જઈએ અને સ્વર્ગીય કૃપાની મદિરાનું પાન કરતા રહીએ, ચાલો આપણે આપણી પ્રસન્નતાનો પોકાર કરીએ અને સર્વ-મહિમામયના સૌંદર્યમાં આપણી જાતને મુક્ત કરી દઈએ."[૨૩]**

**"હે દુનિયાના લોકો! 'સ્વ'ની ઉત્તેજનાઓનું અનુસરણ ન કરો, કારણ કે તે આગ્રહપૂર્વક દુષ્ટતા અને વાસના તરફ આહ્‌વાન કરે છે; તેના કરતાં, તેનું અનુસરણ કરો જે સમસ્ત સર્જિત ચીજોના માલિક છે, જે તમને પાવનતા પ્રગટ કરવાનો અને ઈશ્વરનો ડર પ્રદર્શિત કરવાનો આદેશ આપે છે."[૨૪]**

ઉપરોક્ત અવતરણોમાં સૂચિત વલણો આજના સમાજની લાક્ષણિકતાઓ -'સ્વ'ની પૂજા અને આત્મ-સ્તુતિની ઘેલછાથી એકદ્‌મ ભિન્ન છે. આ અવતરણોં માંથી એવા કેટલાક વલણો શોધી કાઢો, જેનો આપણોં સ્વ કે આપણી જાત તરફ વિકાસ કરવો જોઈએ. દાખલા તરીકે:

—<u>આપણે આપણી જાતનો પરિત્યાગ કરવાનો, પોતાના મંતવ્યો ભૂલી જવાનો, પોતાના વ્યક્તિત્વને બાજુ પર મુકીને બીજાના કલ્યાણ વિશે વિચાર કરવાનું શીખવું જોઈએ</u>

—<u>આપણે આત્મત્યાગી બનવાનું શીખવું જોઈએ</u>

—આપણે______________________________________________________________

______________________________________________________________ શીખવું જોઈએ.

—આપણે______________________________________________________________

______________________________________________________________ શીખવું જોઈએ.

—આપણે______________________________________________________________

______________________________________________________________ શીખવું જોઈએ.

—આપણે______________________________________________________________

______________________________________________________________ શીખવું જોઈએ.

—આપણે______________________________________________________________

______________________________________________________________ શીખવું જોઈએ.

—આપણે______________________________________________________________

______________________________________________________________ શીખવું જોઈએ.

તમે શોધી કાઢેલા વલણોં એક કુલીન અસ્તિત્વ બનવા અને સમર્થપણે સેવા-કાર્યો કરવામાં કેવી મદદ કરે છે તેના વિશે તમારા સમુહમાં ચાર્ચા કરો.

## વિભાગ ૮

અંતે, અબ્દુલબહાના નીચેના શબ્દો આપણાને સ્વ-બલીદાન અને સમાજના પરિવર્તનમાં યોગદાન આપવાની ક્ષમતા વચ્ચેના પરસ્પર સબંધની યાદ અપાવે છે :

**"મોટાભાગના લાકો સ્વાર્થ અને દુન્યવી ઈચ્છાઓમાં વ્યસ્ત છે, નશ્વર લોકના મહાસાગરમાં ડુબેલા છે અને પ્રકૃતિ-જગતના ગુલામ છે, સિવાય એવા આત્માઓ જેઓ ભૌતિક જગતની બેડીઓ અને બંધનોથી મુક્ત છે અને તીવ્ર ઝડપે ઉડાન ભરતા પક્ષીઓની જેમ બંધનહીન સામ્રાજયમાં વિહાર કરી રહ્યા છે. તેઓ જાગ્રત અને સર્તક છે, તેઓ પ્રકૃતિ-જગતના અંધકારથી દૂર છે, તેમની સર્વોચ્ચ ઈચ્છા અસ્તિત્વ(જીવન)માટે લોકો વચ્ચેથી સંઘર્ષનો અંત લાવવા, આધ્યાત્મિકતા અને સર્વોચ્ચ સામ્રાજયના પ્રેમને પ્રકાશિત કરવા, લોકો વચ્ચે સર્વાધિક દયાભાવ દર્શાવવા, ધર્મો અને સ્વ-બલીદાનનો આદર્શ વ્યવહાર વચ્ચેના પરસ્પર અને ગાઢ સબંધ પ્રગટ કરવા ઉપર કેન્દ્રિત હોય છે. તેના પછી માનવ જગતનું ઈશ્વરીય સામ્રાજ્યમાં પરિવર્તન થશે."**[૨૫]

**"હે પરમેશ્વરની સેના! આજે, આ દુનિયામાં દરેક જનસમુહ તેની પોતાના જ રણમાં માર્ગ ભૂલીને ભટકી રહ્યો છે, તેની વ્યર્થ કલ્પના અને ઈચ્છાઓ અનુસાર જ્યાં-ત્યાં રખડે છે અને તેની પોતાની ચોક્કસ કલ્પનાઓ પાછળ દોડી રહ્યો છે. ધરતીના સમસ્ત જનસમુહો વચ્ચે માત્ર પરમ મહાન નામનો આ સમુદાય જ માનવીય ષડયંત્રોથી મુક્ત અને નિર્મળ છે તથા તેમની પાસે પ્રસાર કરવાનો કોઈ સ્વાર્થી ઉદ્દેશ નથી. બધા વચ્ચે એક માત્ર આ સમુદાય જ નિ:સ્વાર્થ ઉદ્દેશ સાથે ઉભો થયો છે, ઈશ્વરીય શિક્ષણોનું અનુસરણ કરે છે, અત્યંત ઉત્સુકતા પૂર્વક એક માત્ર ઉદ્દેશ: માટીની આ અધમ**

**દુનિયાને સર્વોચ્ચ સ્વર્ગ બનાવવાનો, આ લોકને દિવ્ય સામ્રાજ્યનું દર્પણ બનાવવાનો, આ દુનિયાને એક અલગ દુનિયામાં બદલવાનો તથા સમસ્ત માનવજાત માટે ધર્મનિષ્ઠતા અને જીવનની નવી શૈલી અપનાવવાનું કારણ બનવવા માટે પુરૂષાર્થ અને પ્રયત્ન કરી રહ્યો છે."**[૨૬]

**"હે પરમેશ્વરના પ્રિયજન! આ બહાઈ યુગધર્મમાં પરમેશ્વરનો ધર્મ (મહાન ઉદેશ) એક પાવન ચેતના છે. તેનો ધર્મ ભૌતિક જગતનો નથી. તેનું આગમન સંઘર્ષ કે યુધ્ધ અથવા ષડયંત્રો કે કલંકિત કાર્યો માટે થયું નથી, નહિ બીજા ધર્મો સાથે ઝગડો કરવા કે નહિ રાષ્ટ્રો સાથે સઘર્ષ કરવા. તેની એક માત્ર સેના પરમેશ્વરનો પ્રેમ છે, તેની એક માત્ર પ્રસન્નતા પ્રભુ-જ્ઞાનની નિર્મળ મદિરા, તેનું એકમાત્ર યુધ્ધ 'સત્ય' અનાવૃત (પ્રગટ) કરવાનો છે; તેનું એક માત્ર ધર્મયુધ્ધ આગ્રહી 'સ્વ', માનવ હૃદયની દુષ્ટ લાલસાઓની વિરુધ્ધ છે. તેનો વિજય સમર્પણ અને શરણાગતિમાં, તથા તેની શાશ્વત મહિમામાં નિ:સ્વાર્થી બની રહેવામાં છે."**[૨૭]

ઉપરના અવતરણો એવા લોકોના કેટલાક વિશિષ્ટ ગુણોનું વર્ણન કરે છે જેનો અબ્દુલબહા "પરમેશ્વરની સેના" માં સમાવેશ કરે છે, જેમનો તેઓ "પરમેશ્વરના પ્રિયજન" તરીકે સંદર્ભ આપે છે અને જેઓ "ભૌતિક જગતની બેડીઓ અને બંધનોથી મુક્ત" છે. નીચેની ખાલી જગ્યા પૂરતાં આ લક્ષણો વિશે ચિંતન કરો:

૧. મોટાભાગના લાકો ________________________________________ માં વ્યસ્ત છે, ________________________ માં ડુબેલા છે અને _____________ ના ગુલામ છે.

૨. જે આત્માઓ ભૌતિક જગતની બેડીઓ અને બંધનોથી મુક્ત છે અને તીવ્ર ઝડપે ઉડાન ભરતા પક્ષીઓની જેમ બંધનહીન સામ્રાજયમાં વિહાર કરી રહયા છે, તેમની દ્રષ્ટિ ____________ અને _____________ છે,તેઓ ______________________ મિટાવવા, તેમની સર્વોચ્ચ ઈચ્છા _______________________ આધ્યાત્મિકતા અને _______________, લોકો વચ્ચે સર્વાધિક દયાભાવ દર્શાવવા, _____________________ વ્યવહાર વચ્ચેના પરસ્પર અને ગાઢ સબંધ પ્રગટ કરવા ઉપર કેન્દ્રિત છે.

૩. આજે, આ દુનિયામાં દરેક જનસમુહ તેની ________________________ ભટકી રહયો છે, તેની ____________________________________ રખડે છે અને તેની પોતાની __________________ લાગી રહ્યો છે.

૪. માત્ર પરમ મહાન નામનો આ સમુદાય જ ______________________ છે તથા તેમની પાસે ____________________________ નથી. બધા વચ્ચે એક માત્ર આ સમુદાય જ _____________________ થી ઉભો થયો છે, __________________ અનુસરણ કરે છે, અત્યંત ઉત્સુકતા પૂર્વક એક માત્ર ઉદ્દેશ: ______________________ બનાવવાનો, આ લોકને _____________________________ બનાવવાનો, આ દુનિયાને એક _____________________ બદલવાનો તથા સમસ્ત માનવજાત માટે ________________ __________________________ અપનાવવાનું કારણ બનવા ________________ કરી રહ્યા છે.

૫. પરમેશ્વરનો ધર્મ (મહાન ઉદેશ) એક ______________ છે. તેનો ધર્મ ____________ નથી. તેની એક માત્ર સેના ________________, તેની એક માત્ર પ્રસન્નતા

__________________ __________________ તેનું એકમાત્ર __________________ છે; તેનું એકમાત્ર ધર્મયુધ્ધ ______________________ ની વિરુધ્ધ છે. તેનો વિજય __________________ માં, તથા ____________________________ બની રહેવામાં છે.

### વિભાગ ૯

બહાઉલ્લાહ દ્વારા પ્રગટ કરવામાં આવેલી પ્રાર્થનાઓમાંથી તમે નીચેના ફકરા માઢે કરવા ઈચ્છશો:

**"હે મારા પ્રભુ! જેઓ તારા પોતાના અવતાર છે તેમની સમક્ષ કમજોર સમજવા માટે તેમને પ્રેરણાં આપો, તથા તારી સ્વનિર્ભરતા અને સમૃધ્ધિના અનેક ચિન્હો સમક્ષ તેમની પોતાની પ્રકૃતિની નિર્ધનતાનો સ્વીકાર કરવાનું શિક્ષણ આપો, જેથી તેઓ તારા ધર્મની ફરતે ભેગા થઈ જાય તથા તારી કૃપાના પાલવને પકડી રાખે અને તારી ઈચ્છાની સુ-પ્રસન્નતાની ડોરને વળગી રહે."**[૨૮]

**"તેથી, તારા સેવકોને સ્વાર્થ અને લાલસાના વસ્ત્રથી દૂર કર, હે મારા પ્રભુ! અને એવું વરદાન આપ કે તારા લોકોની દૃષ્ટિ એટલી ઊંચાઈએ કેન્દ્રિત થાય કે જ્યાંથી તેઓ તારી શાશ્વત મહિમાની કોમળ વાયુલહેર સિવાય કશું જ દેખે નહિ, અને પોતાના અંતરમાં તારા પોતાના સર્વદયામય સ્વરૂપના પ્રગટીકરણ સિવાય કોઈનો સ્વીકાર નહિ કરે, જેથી ધરતી અને સમસ્ત ચીજો તારા સિવાય તથા તારા સ્વરૂપને પ્રગટ કરતી હોય તેના સિવાયની બધી ચીજોથી નિર્મળ થઈ જાય."**[૨૯]

## વિભાગ ૧૦

કિશોરોનું પોષણ કરવાની તમારી અભિરૂચિમાં જેમ જેમ વધારો થશે તેમ તેમ, તમે કિશોરાવસ્થાનું વર્ણન કરવાનો પ્રયત્ન કરતા અનેક સિધ્ધાંતોથી પરિચિત થતાં જશો. તમને વારંવાર એક શબ્દનો સામનો કરવો પડશે, તે છે "કટોકટી"- જે વ્યક્તિની ઓળખ, લાગણીઓ, વાલીઓ સાથેના સંબધો, સત્તા કે અધિકાર પ્રત્યેની પ્રતિક્રિયા, વગેરે સાથે સબંધિત છે. તમને એવા સિધ્ધાંતો તરફ ટીકાત્મક દૃષ્ટિથી જોવાની જરૂર પડશે, જેથી 'કટોકટી'ને તમે દરેક કિશોરની એક અનિવાર્ય સ્થિતિ નહિ માની બેસો. શું એવું ખરેખર જરૂરી છે કે દરેક કિશોરનું જીવન મુળભૂત રીતે એક કે બીજા પ્રકારની ઉથલ-પાથલથી ભરેલું હોય? શું સમગ્ર ઈતિહાસમાં કિશોરોએ ઉથલ-પાથલ અને દ્વિધાનો સામનો કર્યો છે, અને શું આજે પણ દરેક સંસ્કૃતિ અને સમાજમાં તેઓ તેમાંથી પસાર થઈ રહ્યા છે?

આ પ્રશ્નોનો જવાબ આપવાનો પ્રયત્ન કરતાં, તમારે એક વાતથી જાગૃત થવું જોઈએ કે કિશોરાવસ્થાને લગતા મોટાભાગના પ્રચલિત અભ્યાસો એવા ઢાંચામાં રહીને કરવામાં આવે છે જે 'સ્વ' ઉપર, સ્વ-સ્તુતિ ઉપર, શારીરિક બદલાવ ઉપર, જાતિય જાગૃતિ ઉપર અને ભૌતિક સિધ્ધિઓ જેમકે - કારકિર્દી, આવક અને સામાજિક મોભો ઉપર વધારે પડતો ભાર આપે છે. ઘણીવાર તેમની દૃષ્ટિ સંકુચિતપણે વર્ગ, જાતિય અને લૈંગિક ઓળખ પર જ કેન્દ્રિત હોય છે, જ્યારે તેઓ માનવ આત્મામાં વિદ્યમાન પ્રભુ-પ્રદત ગુણોંની અવગણના કરે છે. આ અભ્યાસોમાંથી તમને મળતી કેટલીક અંતઃદૃષ્ટિ નિઃશક, કિશોર જૂથોની વિશેષતા સમજવાના તમારા પ્રયત્નમાં સહાયક બનશે, જેમની તમે મદદ કરવાની ઈચ્છા રાખો છો. પરંતુ, આ અભ્યાસો યુવા વર્ગને આજના સમાજના ધોરણો (આદર્શો) સાથે સમાધાન કરવા મદદ કરવાથી વધારે પરિણામ આપી શકશે તે શંકાસ્પદ છે, એવો સમાજ કે જેનો ભૌતિકવાદી દૃષ્ટિકોણ આધ્યાત્મિક ઉર્મિઓને નષ્ટ કરી દેવા માંગે છે. તેનાથી વિપરિત, તમે કિશોરોનો જે ખ્યાલ મેળવવા જઈ રહ્યા છો તે એવી વ્યક્તિઓની આધ્યાત્મિક આળખનો વિકાસ કરવાનો સંકેત આપે છે જેઓ

“સદા-વિકસિત સભ્યતાને આગળ વધારશે” થતા તેઓ “એકતાના ઘડવૈયા” અને “ન્યાયના વિજેતા” બનશે.

તેના સંદર્ભમાં તમારે એક વાત ધ્યાનમાં રાખવી મહત્વની છે કે યુવા-વર્ગને બીજા લોકો જે રીતે અને જે નજરથી જુએ છે, તેનો તેમના ઉપર ગહન પ્રભાવ પડે છે. તેથી, સમાજમાં પ્રવર્તમાન બહોળી રીતે વિસ્તરી રહેલું કિશોરાવસ્થાનું (અંધકારમય) નિરાશાવાદી ચિત્ર આચરણની અનિચ્છનીય જીવનશૈલીનો ફેલાવો કરતી પરિસ્થિતિનું નિર્માણ કરવા મદદ કરે છે. દાખલા તરીકે, સિગ્મન્ડ ફ્રોઈડના એક વિધાનમાં તેઓ કહે છે કે કિશોરાવસ્થા એક હંગામી માનસિક બીમારી છે, અથવા એના ફ્રોઈડનું સૂચન છે કે કિશોરાવસ્થા દરમિયાન સામાન્ય રહેવું એ સ્વયં અસામાન્ય સ્થિતિ છે. શું આવા વિધાનો એવા પડદા તરીકે કામ કરતા નથી, જે લોકોને કિશોરોની સાચી ક્ષમતાને જોવાથી રોકતા હોય ? કયા પુરાવા આ વૈજ્ઞાનિકોને આવા નકારાત્મક નિષ્કર્ષ તરફ લઈ જાય છે. નિ:શક, અનેક એવા કેળવણીકારો પણ છે જેમણેં કિશોરાવસ્થાનું વધારે સકારાત્મક શબ્દોમાં વર્ણન કર્યું છે, પણ તેમના વિચારો આ વિષયની ચર્ચામાં વર્ચસ્વ જમાવી શકયા નથી. વાલીઓ અને શિક્ષકોના મનમાં સમાન રીતે જે છબી અંકિત થતી રહે છે તે વિદ્રોહીપણાની, અવિવેકી અને બાલીશપણાની છે. તેથી આપણે સવાલ કરી શકીએ છીએ કે, જે સમાજની નશ-નશમાં આવા વિચારો વહેતા હોય તે સમાજ કેવી રીતે કિશોરોને એવા યુવાનો બનવામાં મદદ કરી શકશે, જેનું આ પુસ્તકના પ્રથમ એકમમાં વર્ણન કરવામાં આવ્યું છે ?

## વિભાગ ૧૧

ઉપરોક્ત ચર્ચાના સંદર્ભમાં, અમારૂં સૂચન છે કે તમે નીચેનો દ્રષ્ટિકોણ અપનાવો: જ્યારે પણ કિશોરોનું કોઈ એક જૂથ અન-ઈચ્છિત વર્તનનો વિકાસ કરતું હોય જે કુદરતી વિકાસની પ્રક્રિયાના કટોકટી અને વિજયના ક્રમિક ચરણોના સહજ પરિણામોથી વિપરિત હોય-તો સામાજિક વાતાવરણમાંથી, ખાસ કરીને આ ઉભરતા યુવા-માનસ, વયસ્કોના જીવનમાં જે વિરોધાભાષ જુએ છે જેમના ઉપર પહેલાં તેમને સંપૂર્ણ વિશ્વાસ હતો, અથવા બાળપણની આદતો છોડીને આગળ વધવાનો પ્રયત્ન કરી રહેલા લોકોની તકને સમજવાની અક્ષમતામાંથી તેના કારણો શોધવાનો પ્રયત્ન કરવો જોઈએ.

નિ:શક, આ દ્રષ્ટિકોણ કિશોરોના વર્તનમાં આવેશમય કે વિદ્રોહની સંપૂર્ણ ગેરહાજરીની દલીલ કરતો નથી. અહિં એવું સુચન કરવામાં આવે છે કે, ઘણીવાર, સામાજિક વાતાવરણ, ખાસ કરીને વયસ્કોનું વર્તન આ ઉમર સાથે સંબધિત નકારાત્મક વૃતિઓ માટે જવાબદાર હોય છે. આપણે જે દાવો કર્યો છે તેના પ્રભાવનું વિશ્લેષણ કરવા માટે, તમે કદાચ નીચે આપેલા વિધાનોની યથાર્થતા વિશે તમારા સમુહમાં ચર્ચા કરવા ઈચ્છશો અને આ વિષયની વધારે સ્પષ્ટતા કરતા વિધાનો તૈયાર કરવા ઈચ્છશો.

- વયસ્કો પોતે જે આદર્શો પર ચાલતા ન હોય, એવા આદર્શો પર કિશોરોને ચાલવાનું કહેતા હોય ત્યારે, કિશોરો વયસ્કો સામે વિદ્રોહ કરે છે.
- ઉપદેશના સ્વરમાં સલાહ આપવામાં આવે તો, કિશોરો એવી સલાહ સામે વિદ્રોહ કરતા હોય એવું લાગે છે.
- જયારે આ દુનિયા તેમને કાલ્પનિક પ્રવૃતિઓ સિવાય કશુંજ આપતી ન હોય, જે તેમની બૌધિક ક્ષમતાઓના વિકાસમાં બાધારૂપ બનતી હોય ત્યારે તેઓ વ્યર્થ બની જાય છે.
- વડીલો જ્યારે તેમના ઉપર કઠોર નિયમો ઠોકી બેસાડતા હોય ત્યારે તેઓ શિસ્તનો વિરોધ કરે છે, ખાસ કરીને જો બાળપણમાં તેમને અપ્રતિબંધિત સ્વતંત્રતા મળી હોય ત્યારે.

- જયારે તેમની આજુબાજુના વયસ્કો સમજતા ન હોય કે તેમને તેમના નિર્ણયોના દુરગામી પરિણામો વિશે વિચાર કરવામાં તેમની કેવી રીતે મદદ કરવી ત્યારે તેઓ આવેગમાં આવી જાય છે.
- સમાજની નિ:સ્વાર્થ સેવાને બદલે, જો તેમને 'સ્વ'નું મહત્વ શીખવવામાં આવે ત્યારે તેમના ઘમંડમાં વધારો થાય છે.
- જ્યારે એકધારો પ્રચાર તેમની શારીરિક ઈચ્છાઓને સંતોષવા પ્રેરણા આપતો હોય ત્યારે તેઓ સ્વયં ભોગ-વિલાસી બની જાય છે.

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

## વિભાગ ૧૨

વિશ્વ ન્યાય મંદિર "છૂટછાટ આપતા સમાજ" ની "શિથિલતા અને નીતિભ્રષ્ટતા" વિશે તથા તેના પ્રભાવ સામે યુવાનોને સુરક્ષિત રાખવાની જરૂરીયાત વિશે વાત કરે છે :

> **"... પ્રભુધર્મને અત્યંત લાભ થશે જ્યારે એવું જોવા મળશે કે બહાઈઓ, અને ખાસ કરીને બહાઈ યુવાનો એક છૂટછાટ આપતા સમાજની શિથિલતા અને નીતિભ્રષ્ટતાની વિરૂદ્ધ અડગ રહેશે, કે તેઓ જે આચરણના ઉચ્ચ સ્તરને સમર્થન આપવાનો પ્રયત્ન કરી રહ્યા છે તેના મૂળીયા દૃઢપણે આધ્યાત્મિક સિધ્ધાંતોમાં સ્થપાયેલા છે, તેમને આત્મવિશ્વાસ, આત્મસન્માન, અને સાચી ખુશી આપશે. બીજી તરફ માત્ર ત્યારે જ પ્રભુધર્મને મહાનત્તમ હાનિ પહોંચાડશે જયારે તેના શ્રધ્ધાળુઓ વર્તમાન લહેરમાં ગરકાવ થઈ જશે."**[૩૦]

નીચેના ફકરામાં, ધર્મસંરક્ષક આવા એક સમાજનું સ્વરૂપ અને આપણાં બધા ઉપર તે જે પ્રકારનો પ્રભાવ પાડે છે તેના વિશે ગહન અંત:દૃષ્ટિ પૂરી પાડે છે :

> **"વાસ્તવમાં, આજે સમાજમાં પ્રવર્તમાન બુરાઈનું મુખ્ય કારણ આધ્યાત્મિકતાનો અભાવ છે. આપણા યુગની ભૌતિકવાદી સંસ્કૃતિએ માનવજાતની ઉર્જા અને રૂચિ(હિત)ને એવી રીતે ભરખી લીધી છે કે (સામાન્ય રીતે) લોકો તેમના ભૌતિક જીવનની તાકતો અને પરિસ્થિતિઓથી તેમની જાતને ઉપર ઉઠાવવાની જરૂરનો અહેસાસ કરી શકતા નથી. આપણા ભૌતિક અસ્તિત્વની જરૂરીયાતો અને આવશ્યકતાઓથી જુદી પાડવા માટે જેને આપણે આધ્યાત્મિક કહી શકીએ, તેવી ચીજોની પુરતી માંગ નથી રહી."**[૩૨]

ધર્મસંરક્ષક જયારે આજે સમાજમાં કાર્યરત વિનાશકારી તાકતોનું વર્ણન કરે છે ત્યારે, તેઓ નૈતિક પતનના અનેક ચિન્હોની વાત કરે છે. તેમના સંદેશાવ્યવહારમાં તેઓ જે પરિસ્થિતિઓ ઉપર ભાર આપે છે તેમાં વિવાહ પ્રત્યે ગેરજવાબદાર વલણ અને તેના પરિણામે છૂટાછેડામાં થઈ રહેલો વધારો; પારિવારિક એકતાનું ખંડન અને વાલીઓના અંકુશમાં થઈ રહેલો ઉત્તરોત્તર ઘટાડો; દુન્યવી ક્ષુલ્લકતા, ધનસંપતિ અને આનંદ-પ્રમોદ પાછળ બેલગામ દોડ; અનહદ ભોગવિલાસમાં સપડાઈ જવું, કલા અને સંગીતની અધોગતિ; સાહિત્ય અને પ્રેસના ધોરણોની વિકૃતિ; જાતિય દ્વેષભાવ અને રાષ્ટ્રિય કટરવાદનો સમાવેશ છે. જ્યારે આ બીમારીઓના પ્રભાવોથી કોઈ સુરક્ષિત નથી ત્યારે, તેઓ ખાસ કરીને કિશોરોને પ્રભાવિત કરે છે. દાખલા તરીકે, મોટાભાગના નાના બાળકો પર છૂટાછેડાના કેટલાક પરિણામો વિશે વિચાર કરો. જ્યારે તેમના માતા-પિતાના છૂટાછેડા થાય છે ત્યારે નાના બાળકો ગહન નિરાશાનો અનુભવ કરે છે તેમાં કોઈ શંકા નથી તથા તેઓ એક સંગઠિત અને સંયુકત પરિવારની સુરક્ષા અને સલામતી માટે તલસે છે. પરંતુ જયારે તેમના માતા-પિતાનો વિવાહ ખંડિત થઈ જાય છે ત્યારે કિશોરાવસ્થા દરમિયાન તેઓ અપરાધભાવ, ક્રોધ, શરમ અને અપમાન જેવી ભાવનાઓમાં સપડાઈ જાય છે. તેઓ તેમના વાલીઓને જવાબદાર ઠેરવતા હોવા છતાં, તેમના પરિવારના દુર્ભાગ્ય માટે પોતાની જાતને દોષી માનવાથી સ્વયંને રોકી શકતા નથી. વિવાહ અને પારિવારિક જીવન પ્રત્યે તેમના મનમાં શંકાના બીજ રોપાઈ જાય છે અને સમાજમાં તેમની ચારેબાજુ જોવા મળતા છૂટાછેડાના પ્રમાણમાં ઉત્તરોત્તર વધારાની લહેરથી તેમના નિરાશાવાદી દૃષ્ટિકોણને સમર્થન મળે છે.

૧. ઉપર વર્ણવેલી કેટલીક સામાજિક પરિસ્થિતિઓ કેવી રીતે કિશોરોની વાસ્તવિક્તાની સમજ, પોતાના વિશે વિચારવાની રીત, જીવન પ્રત્યેનો તેમનો દૃષ્ટિકોણ, તેમની લાગણીઓ અને આવેગો, ખરા-ખોટા વચ્ચેનો ભેદ પારખવાની તેમની ક્ષમતા, બીજા સાથેનું તેમનું વર્તન અને સમાજની સંસ્થાઓમાં તેમના વિશ્વાસને આકાર આપે છે તેના વિશે ચિંતન કરવું તમને ઉપયોગી લાગશે. નીચે કેટલીક પરિસ્થિતિઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેને લગતા તમારા વિચારો લખવા માટે ખાલી જગ્યા આપવામાં આવી છે.

ક. છૂટછાટ આપતા સમાજની શિથિલતા અને નીતિભ્રષ્ટતા: ______________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

ખ. પારિવારિક એકતાનું ખંડન અને વાલીઓના અંકુશમાં થઈ રહેલો ઉત્તરોત્તર વધારે ઘટાડો:

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

ગ. દુન્યવી ક્ષુલ્લકતા, ધનસંપતિ અને આનંદ-પ્રમોદ પાછળ બેલગામ દોડ :

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

ઘ. કલા અને સંગીતની અધોગતિ તથા સાહિત્ય અને પ્રેસના ધોરણોની વિકૃતિ :

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

ચ. જાતિય દ્વેષભાવ અને રાષ્ટ્રિય કટરવાદ ______________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

૨. કિશોરોના જીવનને કેવી રીતે આ અધ:પતન તરફ જતી સામાજિક પરિસ્થિતિઓ પ્રભાવિત કરે છે તેના વિશે ચિંતન કરતાં તમારા મનમાં કેવા વિચારો અને લાગણીઓ ઉત્પન્ન થાય છે ? આવી જાગૃતિ તેમના સાચા સ્વભાવમાં વિદ્યમાન ક્ષમતાઓના વિકાસમાં તેમની સહાયતા કરવાના તમારા પ્રયત્નોને કેવી રીતે બળ પુરૂં પાડે છે ?

# વિભાગ ૧૩

વિઘટિત થઈ રહેલા વિશ્વના ચિન્હો તરફ ધ્યાન આકર્ષિત કરવાનો ઉદ્વેશ આજના સમાજમાં કાર્યરત રચનાત્મક શક્તિઓનો ઈન્કાર કરવાનો નથી. અહિં કિશોરોને એવું વાતાવરણ પુરૂં પાડવાની જરૂર છે જેમાં તેમની આધ્યાત્મિક શક્તિઓનો વિકાસ થઈ શકે, એવી રીતે, તેઓ સુયોગ્ય એવી સામાજિક શક્તિઓથી પ્રભાવિત થાય એવું સુનિશ્ચિત કરી શકાય. તેમને હાનિકારક સામાજિક પરિસ્થિતિઓથી સંપૂર્ણ રીતે અળગા રાખવાનો કોઈપણ પ્રયત્ન વ્યર્થ છે, તેમાં કોઈ શંકા નથી. તેના બદલે તેમની આજુબાજુની દુનિયા તેમના વિચારો અને લાગણીઓને કેવી રીતે પ્રભાવિત કરે છે તેનું મુલ્યાકન અને વિશ્લેષણ કરવા માટે તેમને સક્ષમ બનાવવાનો દરેક પ્રયત્ન કરવો જરૂરી છે. તેના સંદર્ભમાં પ્રચાર-પ્રસારના પ્રશ્ન પર વિશેષ ધ્યાન આપવું જોઈએ કારણકે મોટાભાગના સમાજોમાં, પ્રચાર-પ્રસાર કિશોરોના મૂલ્યો, વલણો, અને દષ્ટિકોણને ઉત્તરોત્તર આકાર આપી રહ્યા છે. આ વિષયનું ઉદાહરણ આપવા માટે જાહેરાતના થોડા લક્ષણોની એક ઝલક પર્યાપ્ત હશે.

પ્રચાર-પ્રસારનું સંચાલન કરતી ભૌતિક તાકતો વાસ્તવિક્તાને વિકૃત કરી દે છે. દાખલા તરીકે જાહેરાતોમાં પ્રસ્તુત એક સંપૂર્ણ, છતાં અપ્રાપ્ય એવી શારીરિક છબી, એવા સમયે કિશોરોની લાગણીઓ સાથે ખિલવાડ કરે છે જ્યારે તેમની આત્મ-જાગૃતિમાં વધારો થઈ રહ્યો છે. એક પછી બીજા સંદેશામાં સતત એવું બતાવવામાં આવે છે કે કુમળી વયની છોકરીઓનો મૂખ્ય વ્યવસાય પુરૂષોને આકર્ષિત કરવાનો છે. વધુમાં, મર્દાંનગીને માત્ર શારીરિક શક્તિના રૂપમાં પ્રસ્તુત કરવાની વૃત્તિનો જોર-શોરથી પ્રચાર કરવામાં આવે છે તથા તેના માટે ઘણીવાર હિંસક કાર્યો અને જોખમ ઉઠાવતા તથા જાતિય સાહસિકતાને પ્રોત્સાહિત કરતા દૃષ્યોનો ઉપયોગ કરવામાં આવે છે. કમજોરીને લગતી કોઈપણ ચીજોનો નિદર્યતાપૂર્વક ઈનકાર કરવામાં આવે છે અને આક્રામક સ્વભાવનો પધ્ધતિસર રીતે પ્રચાર કરવામાં આવે છે. રસપ્રદ વાત છે કે, મજબુતાઈને લગતી એક ચોક્કસ દમદાર પેદાશ (બ્રાંન્ડ) ને એવા ઉદ્વેશ સાથે આકર્ષક પેદાશ તરીકે પ્રસ્તુત કરવામાં આવે છે કે છોકરીઓ તેને અપનાવે.

યુવાનો તરફ કેન્દ્રિત મોટાભાગની જાહેરાતોનો પ્રાથમિક ઉદ્વેશ એક એવી સંસ્કૃતિનું નિર્માણ કરવાનો છે જેમાં જોડાવા માટે તેઓ આતુર હોય તેમાં કોઈ શંકા નથી. આ સંસ્કૃતિમાં તેઓ એક સમાન ભાષા બોલવાનું, સમાન રીતે વર્તન કરવાનું, અને બધાથી ઉપર, તેઓ અખૂટ પેદાશોની શ્રેણીનો ઉપભોગ કરશે એવી આશા રાખવામાં આવે છે. તેના કરતાં પણ વધારે મહત્વપૂર્ણ છે કે, તેમને એવી વિશાળ મૂલ્ય-પ્રણાલીમાં ઓત-પ્રોત કરવામાં આવે છે જે તેમના શેષ જીવનમાં તેમના ઉપભોગની રીત નિર્ધારિત કરશે. એક બાબત નોધપાત્ર છે કે, થોડા દશકા પહેલાં સમાજના આ વર્ગમાં રહેલા સંભવિત બજારનો લાભ ઉઠાવવા માટે જ તરૂણ પેઢી(ટિનેજર) શબ્દની શોધ કરવામાં આવી છે.

ઉભરતી ઈચ્છાઓનું સંપૂર્ણ રીતે શોષણ કરવા માટે, જાહેરાતના સ્થળો દ્વારા સર્જિત સંસ્કૃતિમાં જાતિયતા (કામવાસના) કિશોરોના જીવનના કેન્દ્રમાં હોય છે. જાતિયતા સાથે કોઈપણ પ્રકારનો સંબધ નહિ ધરાવતી પેદાશો, જેમકે ઠંડા પીણાના રોમાંચક સંબંધનો યુવાનોના માનસમાં ભ્રમ ઉભો કરવા માટે ઉપયોગ કરવામાં આવે છે. શરીરની દુર્ગધ, અપૂર્ણ ત્વચા કે અપ્રચલિત પહેરવેશને કારણે વ્યક્તિગત કમજોરી અને અસ્વીકાર્ય બનવાની ચિંતાની ભાવના ઉભી કરવામાં આવે છે, જેથી સૂંગારની પેદાશો તથા જાતિય આકર્ષણ અને લાજ-શરમથી છુટકારો આપવાનો વાયદો કરતી નવી શૈલીઓનો પ્રચાર કરી શકાય. મોટર-કારનું પણ 'હોટ' (કામુક), દેખાવડુ, હની ટુ હેન્ડલ (વાપરવા માટે મધ જેવું) જેવા કામુકતા સૂચક શબ્દો દ્વારા વર્ણન કરવામાં આવે છે. છેલ્લા થોડા દશકામાં નૈતિક આદર્શોનું અધ:પતન થયું છે ત્યારે નૈતિક દૃષ્ટિએ વાંધાજનક જાહેરાતોમાં અધિક વધારો થઈ રહ્યો છે. એવું સ્પષ્ટ દેખાઈ રહયું છે કે ધીરે ધીરે ઉપભોગતાવાદના કેટલાક તત્વો જાતિય પ્રવૃતિઓનું રૂપ લઈ રહ્યા છે.

વિકાસ પામી રહેલા વિશ્વવ્યાપી ટીન માર્કેટ (તરૂણ-બજાર)માં બ્રાન્ડ (પેદાશ)ની ભૂમિકા ખાસ ઉલ્લેખને પાત્ર છે. આ બજારની સંભવનાઓ (તકો)નો કેવી રીતે લાભ ઉઠાવવો, તેનું શંશોધન કરતા અભ્યાસો સૂચવે છે કે બ્રાન્ડ આઈકોન (પ્રતિભા)ની પૂજા એ ઉપભોગતાવાદનું એક શક્તિશાળી તત્વ છે. દેખિતી રીતે, બ્રાન્ડસ કિશોરાવસ્થાની અનિશ્ચિત દુનિયામાં લંગર પૂરી પાડે છે. તેનાથી વધારે, તેને વિજ્ઞાપનો દ્વારા પ્રેરિત કરવામાં આવી રહેલી વિશ્વવ્યાપી યુવા સંસ્કૃતિમાં પ્રવેશનો પાસપોર્ટ (અધિકૃત પરવાનો) તરીકે જોવામાં આવે છે. બજારની આ તકનિકો જે સંસ્કૃતિનું પ્રવર્તન કરે છે, તે અનેક રાષ્ટ્રોમાં વધી રહેલી ગરીબીથી અજાણ છે તેમાં કોઈ શંકા નથી; તેમાં સમૃધ્ધિની એવી છબીઓ પ્રસ્તુત કરવામાં આવે છે જેનો વિશ્વનો મર્યાદિત જનસમુહ જ આનંદ માણે છે, જેથી દરેક વર્ગના કિશોરોને વિશ્વાસ અપાવી શકાય કે વપરાશી પેદાશો અસીમ આનંદનો સ્ત્રોત છે.

'ટીન માર્કેટ'(તરૂણ બજાર)ના કેટલાક અભ્યાસોમાં, ચોક્કસ પ્રકારની પેદાશોનો ઉપભોગ કરવાની વૃતિઓ અને ગુણોને આધારે કિશોરોનું વર્ગીકરણ કરવામાં આવે છે, જે વિજ્ઞાપનોને વધારે પ્રભાવપૂર્વક તેમના ઉપર કેન્દ્રિત કરવાનું શક્ય બનાવે છે. દાખલા તરીકે, એક વિશેષ અભ્યાસમાં તેમનું છ વર્ગોમાં વિભાજન કરવામાં આવ્યું છે : "સંતુષ્ટ" જેઓ માને છે કે તેમનું નસીબ પૂર્વનિર્ધારિત (શીલબંધ)છે અને તેઓ ઓછામાં ઓછા પ્રયત્નોથી કામ ચલાવી લેવા પ્રયાસ કરે છે; 'મનમોજી' જેઓ આનંદ-પ્રમોદની શોધમાં હોય છે અને તેમના મન સામાજિક અને રાજકીય ચિંતાઓથી સ્વતંત્ર હોવાથી તેને બ્રાન્ડ પ્રતિભાનો શિકાર બનાવવું શરળ હોય છે; 'પરિશ્રમી' તેઓ અગાઉના વર્ગોથી માત્ર તેમની સખત પરિશ્રમ કરવાની ક્ષમતા અને તીવ્રતાની સરખામણીમાં જૂદા તરી આવે છે અને તેમના માટે પેદાશો અને સેવાઓ વિકાસ કરવાનું અને હરિફાઈમાં પોતાનું સ્થાન જાળવી રાખવાનું એક માધ્યમ હોય છે; 'શાંત સિધ્ધિ મેળવનાર' જેઓ સમર્થનકારી હોય છે, તેઓ રાજકીય અને સામાજીક વિદ્રોહથી દૂર હોય છે, તેમના પરિવાર સાથે ગાઢ રીતે સંકળાયેલા રહે છે તથા તેઓ પેદાશની ગુણવત્તા અને લાભને આધારે ખરીદી કરતા ગ્રાહકો છે; 'સમર્થકો' તેઓ પણ સમર્થક હોય છે પરંતું શૈક્ષણિક રીતે પ્રેરિત હોય છે તથા તેઓ રમત-ગમતની માહિતી, ટીમ કે ખેલાડીઓના નામથી પ્રેરિત હોય છે, અને તેમના મનમાં રાજકીય અને આર્થિક વિષયો માટે ખૂબ જ ઓછી જગ્યા હોય છે; અને અંતમાં "વિશ્વ રક્ષકો" જેઓ વિશ્વમાં સકારાત્મક બદલાવ લાવવા ઈચ્છે છે અને સામાજીક કારણોને વેચવા યોગ્ય પેદાશોમાં રૂપાંતરિત કરવા માટે વેચનારને તેઓ જે અવસરો પૂરા પાડે છે, તેમાં તેમનું મહત્વ રહેલું છે.

એવું લાગે છે કે, બધી વસ્તુઓ બ્રાન્ડિંગ અને ઉપભોગતાવાદ માટે સંવેદનશીલ છે. ખાસ કરીને સામાજિક મીડિયાના ઝડપથી બદલાતા ક્ષેત્રમાં, વ્યક્તિના જીવનનું દરેક પાસું વપરાશ માટે સામગ્રી બની શકે છે. "શેરિંગ", "મિત્રતા", અને "નેટવર્કિંગ" દ્વારા વિશ્વને વધુ સારૂં સ્થાન બનાવવા માટે દેખીતી રીતે બનાવેલ પ્લેટફોર્મ્સ હકીકતમાં જાહેરાતોની આશ્ચર્યજનક શ્રેણી માટે ચેનલો તરીકે સેવા આપે છે, તેમની પહોંચશે વિસ્તૃત કરે છે અને તેમના પ્રવેશને વધારે છે. આમ છતાં, અહિં પ્રસ્તુત સંક્ષિપ્ત વિશ્લેષણનો હેતુ જાહેરાતની નિંદા કરવાનો નથી. તેનો ઉદ્દેશ ધંધાકીય, રાજકીય, નૈતિક, સાંસ્કૃતિક પ્રચાર-પ્રસારનું ટિકાત્મક મુલ્યાંકન કરવાની તમારી ક્ષમતામાં વધારો કરવાનો છે જેથી કિશોરોના વિચારો અને વર્તન ઉપર તેની જે અસરો પડે છે તેને સમજવામાં તમે કિશારોની મદદ કરી શકો. આ જટીલ વિષય પર વધારે ચિંતન કરવામાં નીચેના સ્વાધ્યાય તમારી મદદ કરી શકે છે :

૧. જાહેરાતના માધ્યમો સામાન્ય પેદાશોને ઉત્તેજનાત્મક સ્ત્રોતમાં રૂપાંતરિત કરવા માટે ભાષા અને છબીઓનો ઉપયોગ કરે છે. વસ્તુઓ અને પ્રસંગોને તેની વાસ્તવિકતા કરતાં ખૂબ વધારે પડતું મહત્વ આપવા માટે ચિન્હોનો ઉપયોગ કરવામાં આવે છે. દાખલા તરીકે, એક પીણું તરસ સંતોષવાની ચીજ છે, તેને તેના મૂળ સ્વરૂપમાં દર્શાવાતું નથી, પરંતું તેને આનંદ-ઉલ્લાસ અને પરિપૂર્ણતાના આશ્રયદાતા તરીકે દર્શાવવામાં આવે છે. ફેશન ઉધોગ દ્વારા ઉપયોગમાં લેવામાં

આવતા પ્રતીકો કપડા અને સૌંદર્ય પ્રસાધનોને મોહક (ગ્લેમરાઈઝ)બનાવે છે. યુવા જોષના પ્રતીકો ચોકલેટ અને આઈસક્રીમ વેચે છે. સાહસિકતા અને ખેલકુદના પ્રતીકો દારૂને પ્રોત્સાહન આપવામાં મદદ કરે છે. શું તમે એવી ચોક્ક્સ જાહેરાતો વાક્યો અને છબીઓ વિશે વિચાર કરી શકો છો જેનો કોઈ વસ્તુને એવી રીતે બતાવવા માટે ઉપયોગ કરવામાં આવતો હોય જે વાસ્તવમાં અશકય હોય ?

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

૨. કોઈપણ પેદાશની ખરીદીમાંથી મળતી ખુશીનો ભ્રમ ક્ષણિક હોવો જોઈએ, નહિ તો આપણી પાસે જે ચીજો છે તેમાં જ આપણે સંતુષ્ટ રહીશું. તેથી, જાહેરાત દ્વારા ઈચ્છાઓનું સતત પુનઃ નિર્માણ કરતાં રહેવું પડે છે અને કાળજી રાખવી પડે છે કે આપણી પાસે જે ચીજો છે તેનાથી આપણે સંતુષ્ટ અને સંતોષી ન રહીએ. આ કેવી રીતે હાંસલ કરવામાં આવે છે. ?

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

૩. આપણે જોઈ ગયા છીએ કે ઘણીવાર સામાજિક કારણોને પણ વપરાશી પેદાશોમાં રૂપાંતરિત કરવામાં આવે છે. શું તમે તેના કેટલાક ઉદાહરણો આપી શકો છો ?

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

૪. પ્રવર્તમાન મિડિયા (પ્રસાર માધ્યમ) પર્યાવરણમાં, વેપારી ઉદ્દેશો માટે ઉચ્ચ મહત્વાકાંક્ષાઓનો દુરૂપયોગ કરવામાં આવે છે. એવા શબ્દો અને વિધાનો જે આપણાંમાં ઉમદા લાગણીઓ જગાડે છે તેનો પેદાશોની જાહેરાત કરવા માટે ઉપયોગ કરવામાં આવે છે, તેમજ માનવજાતના આધ્યાત્મિક વારસાના વિભિન્ન તત્વોનો ખરીદવા યોગ્ય પેદાશો તરીકે વિચાર કરવામાં આવે છે. શું તમે તેના કેટલાક ઉદાહરણ આપી શકો છો ?

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

૫. સામાજિક મિડિયાના એવા માધ્યમો વિશે વિચાર કરો જેની સાથે તમારા ક્ષેત્રના કિશોરો જોડાયેલા હોય. આ માધ્યમોમાં તેમની સહભાગીતા તેઓ જે મિત્રતાની સ્થાપના કરે છે, પોતાના પ્રત્યેના તેમના મંતવ્યો, તેમજ તેમની આશાઓ અને મહત્વાકાંક્ષાઓને કેવી રીતે પ્રભાવિત કરે છે? આ સંદર્ભમાં, નીચેના વિધાનની માન્યતા વિશે વિચાર કરો: સામાજિક મિડિયામાં તેમની સહભાગીતા દ્વારા, કિશોરો અસભાનપણે તેમની જાતને પેદાશ તરીકે સમજવા અને પ્રસ્તુત કરવા લાગે છે.

## વિભાગ ૧૪

અહિં સતર્ક રહેવું જરૂરી છે. કિશોરો પર વર્તમાન સમાજની ગમે તેટલી હાનિકારક અસરો પડતી હોવા છતાં, તમારા પ્રયત્નોમાં તેના ઉપર વધારે પડતો ભાર આપવો એ એક ભૂલ હશે. કિશોરોને એવા કોમળ (નાજુક) જીવ તરીકે સમજવાની આદતમાં સપડાઈ જવું એકદ્મ સરળ છે, જેમને હંમેશા પર્યાવરણના દુષ્પ્રભાવોથી સુરક્ષિત રાખવાની જરૂર હોય. આવો અભિગમ કદી તેમને આધ્યાત્મિક સશક્તિકરણ તરફ લઈ જશે નહી. સામાજિક પરિવર્તનના દૃઢનિશ્ચયી પ્રતિનિધિ તરીકે કાર્ય કરવા માટે, તમારે તેમની ક્ષમતાના ઉપયોગ પર તથા વધારે સારા સમાજની રચનામાં યોગદાન આપવાની તેમની ઈચ્છા પર જ તમારા પ્રયત્નો કેન્દ્રિત કરવા જોઈએ. વર્તમાન મુશ્કેલીઓથી સભર દુનિયામાં પણ દરેક સંસ્કૃતિમાં અસંખ્ય કિશોરોના એવા ઉદાહરાણો છે, જેઓ જે પર્યાવરણમાં તેઓ રહે છે તેની દયાજનક પરિસ્થિતિઓને પાર કરી ગયા છે અને તેમણે અવિરતપણે સેવા માટે ઉત્સાહ, શીખવાની તીવ્ર ઈચ્છા, ન્યાયની ઉત્કટ સમજ અને પરોપકાર તરફ ગહન લગાવ જેવા ગુણોં દર્શાવ્યા છે.

અનેક કેળવણીકારો છે જેમણે જન્મજાત બૌધિક અને આધ્યાત્મિક શક્તિઓનો સંદર્ભ આપ્યો છે જે કિશોરાવસ્થાના સંક્રાતિ કાળમાં સ્વયં પ્રગટ થવા લાગે છે. દાખલા તરીકે, એવા કેટલાક લોકો છે જેમણેં કિશોરો દ્વારા દર્શાવવામાં આવતી સૈધાંતિક સમશ્યામાં તેમની રૂચિ પર ભાર આપે છે જેનો રોજબરોજની વાસ્તવિકતા સાથે કોઈ સંબંધ હોતો નથી. એક કેળવણીકારે સામાજિક પરિવર્તનમાં તેમની ભૂમિકા ઉપર ભાર આપતાં કિશોરોની દરેક પેઢીનો "ઉત્ક્રાતિની પ્રક્રિયામાં એક સક્રિય પુનરૂઉધ્ધારક" તરીકે ઉલ્લેખ કર્યો છે જેઓ તેમની વફાદારી અને ઉર્જા, એમ બંનેને તેની સુરક્ષા માટે અપર્ણ કરી શકે છે જે હંમેશા સાચું લાગે છે તથા તેમાં ક્રાતિકારી પરિવર્તન લાવવા માટે જેણે તેના પુનઃનિર્માણનું મહત્વ ગુમાવી દીધું છે. અને એક વિચારકે કિશોરાવસ્થામાં વિદ્યમાન પરિવર્તનની ક્ષમતા તરફ ધ્યાન કેન્દ્રીત કરતાં કહ્યું છે કે, જીવનના આ તબક્કામાં માનવી "ખાલી છતાં જૈવિક પાત્ર જેવા", "સંપૂર્ણ રચના છતાં હજી વિકસિત છે, જે તેના સંપૂર્ણ અસ્તિત્વ દરમિયાન ગ્રહણ કરવા માટે સક્ષમ છે." શિક્ષણે જ્ઞાનની વિભિન્ન પધ્ધતિનો લાભ ઉઠાવવો જોઈએ જેમાં યુવાનો દ્વારા કોઈપણ અનુભવમાં લાવવામાં આવતી તીવ્રતાનો પણ સમાવેશ થાય છે, તેનો સ્વીકાર કરતાં, તેમણે નોંધ લીધી છે કે "અસ્તિત્વની અખંડતા સાથે મળીને" આવી તીવ્રતા માનવ સમાજને "એક નિર્જીવ, યાંત્રિક, પોકળ સૈધાંતિક ખ્યાલને બદલે એક સજીવ, આબાદ, ખરેખર પ્રેમાળ, પ્રસન્નતાપૂર્ણ અને સમૃધ્ધ સજીવ-એકમમાં રૂપાંતરિત કરી શકે છે." તેઓ કહે છે, "આ પરિવર્તનનો જાદુ છે અને તે કિશોરાવસ્થાની શુષુપ્ત શક્તિ છે."

ઉપરના આ કેટલાક સંદર્ભની સાથે, છેલ્લા કેટલાક વિભાગોનું વિશ્લેષણ સ્પષ્ટ કરે છે કે, કિશોરાવસ્થાનો ખ્યાલ સ્પષ્ટ કરતી વખતે તમારે કેટલી કાળજી રાખવાની જરૂર છે. આવનાર વર્ષો દરમિયાન તમે આ વિષય પર આધારિત વિભિન્ન વિચારોનું ટિકાત્મક મુલ્યાંકન કરશો તેમાં કોઈ શંકા નથી, આમછતાં માનવ જીવનના આ નિર્ણાયક તબક્કાના મહત્વને લગતી તમારી સમજ મુખ્યત્વે આ અને પહેલાંના એકમમાં આપેલા અવતરણો દ્વારા આકાર લેશે. કિશોર જૂથો સાથેની તમારી પોતાની કામગીરીથી તમારી સમજને સમર્થન મળશે તેમાં કોઈ શંકા નથી.

## વિભાગ ૧૫

કિશોરોના અભ્યાસ માટે રૂહિ સંસ્થા દ્વારા વિકસિત અભ્યાસક્રમના પુસ્તકો, તેની મુખ્ય શ્રેણીના પુસ્તકોની જેમ જ પહેલી નજરમાં ભ્રામક રીતે સરળ લાગી શકે છે. આ સાદગી મોટાભાગે તેમાં ઉપયોગ કરવામાં આવેલી ભાષા અને તેમાં આપવામાં આવેલા સ્વાધ્યાયમાં છે. તેમાં સામેલ કરવામાં આવેલા ખ્યાલો જટિલ અને ગહન છે. આખા સાહિત્યમાં વ્યાપ્ત વિચારોનો પ્રવાહ બાલીશતાથી ખૂબ અલગ છે અને વાસ્તવમાં ચોક્ક્સ વિષયોનો ગહન અભ્યાસ કરતા ઘણાં યુવાનો માટે તે પડકારયુક્ત સાબિત થશે. કિશોરોની ક્ષમતા વિશે સમજવામાં મદદ કરવાના હેતુથી, આ અને હવે પછીના કેટલાક વિભાગોમાં અમે કેટલાક કિશોરોએ પોતાના શબ્દોમાં વ્યક્ત કરેલા વિચારોના ઉદાહરણોનું એક સંકલન તમારી સમક્ષ પ્રસ્તુત કરીએ છીએ, આ એવા કિશોરોના કથનો છે જેઓ એક અથવા બીજા પ્રકારે હિંસાથી પ્રભાવિત થયા છે. પ્રચાર-માધ્યમોમાં આવા કિશોરોના હિંસક વર્તનના એટલા બધા દ્રશ્યો બતાવવામાં આવતા હોવાથી આપણાં માટે તેમના નુકશાન અને આશાની અનકહી વાર્તાઓ સાંભળવી જરૂરી બની જાય છે.

કથનોની શ્રેણીમાં સૌપ્રથમ એક તેર વર્ષના કિશોરના શબ્દો છે -જેણે આઠ વર્ષની નાની ઉંમરથી જ હિંસા અને યુધ્ધના પરિણામો નજરે જોયા છે -આ બાળકની ઓળખ છુપાવવા માટે આપણે તેને ‘પિટર’ના નામથી ઓળખીશું. જયારે તે તેર વર્ષનો હતો ત્યારે તે શાળાઓ અને યુવા સંગઠનોમાં શાંતિનો પ્રચાર કરવા લાગ્યો હતો, તેણે તેના કેટલાક સમવયના સાથીઓની સખત ઠઠ્ઠા-મશ્કરી સહિતના તેના પરિણામોનો પણ સ્વીકાર કર્યો હતો.

> *આ બધાની મને પરવા ન હતી. મારા પરિવારનું માનવું હતું કે સમુદાયની સેવા કરવી અને તેની મદદ માટે આપણાંથી શક્ય એટલા પ્રયત્નો કરવા મહત્વનું હતું. હું માત્ર તેર વર્ષનો હોવા છતાં, હું જોઈ શકતો હતો કે અમારી સામે સૌથી મોટી સમસ્યા હિંસા અને યુધ્ધની હતી. બીજી કોઈપણ બાબત કરતાં શાંતિની વધારે જરૂર હતી. એક બાળક માટે, શાંતિ લાવવાના પ્રયત્નો કરવા ખૂબ કઠીન છે તેમાં કોઈ શંકા નથી. પરંતું પ્રયત્ન કરવો એ કંઈક હાંસલ કરવાનો એક જ માર્ગ છે...*
>
> *મારા દેશમાં અનેક વર્ષોથી એટલા બધા જૂઠાણાં ફેલાવવામાં આવ્યા છે કે લોકોને ખબર પડતી નથી કે કઈ વાત ઉપર અને કોના ઉપર વિશ્વાસ કરવો. વર્તમાનપત્રો, રેડિયો કે ટેલિવિઝન, રાજકારણીઓ, હથિયારબંધ સંગઠનો ઉપર તેઓ હંમેશા ભરોસો કરી શકતા નથી-પણ જ્યારે તેઓ હિંસા અને તે કેવી રીતે બાળકોને પ્રભાવિત કરે છે તથા આપણને શાંતિની કેટલી જરૂર છે તેના વિશે વાત કરતાં બાળકોને સાંભળે છે ત્યારે તેઓ જાણે છે કે તેઓ સત્ય સાંભળી રહ્યા છે...*
>
> *કેટલાક લોકો કહે છે કે તેઓ ગરીબો માટે લડી રહ્યા છે, પરંતું યુધ્ધમાં બીજા બધા કરતાં ગરીબો જ વધારે પીડાય છે. મને લાગે છે કે કેટલાક લોકો બદલો લેવા માટે, કે સત્તા માટે, અથવા તેમને લાગે છે કે તેમની પાસે બીજો કોઈ વિકલ્પ નથી એટલે લડાઈ-ઝગડા કરે છે. કેટલાક યુવાનો આ હથિયારબંધ સંગઠનોમાં એટલા માટે સામેલ થાય છે કારણ કે તેમનો પરીવાર ગરીબ છે અને તેમને બીજો કોઈ માર્ગ દેખાતો નથી.*

શહેરમાં ચાલતા ગૃહયુધ્ધ દરમિયાન પિટર અને તેના પરિવારને ધમકી મળી અને તેમને ઘર છોડી જવાની ફરજ પડી. તેઓ જયાં રહેતા હતા ત્યાંથી તેમના પિતાજી તેમના કાર્યાલયમાં અવર-જવર કરતા હતા, પરંતું આ સાપેક્ષ શાંતિને લાબો સમય જાળવી શકાય એવું હતું નહિ. શાંતિની પ્રક્રિયામાં તેમના પિતાના સક્રિય સમર્થનના પરિણામ સ્વરૂપે અંતે તેમની હત્યા કરવામાં આવે છે.

> *મને લાગતું હતું કે હું યુધ્ધ વિશે સમજતો હતો કારણકે હું ભીષણ સઘર્ષ વચ્ચે રહેતો હતો. રસ્તાઓ પર આખી રાત લડાઈ ચાલતી હતી. ઘણીવાર બંદુકના અવાજથી હું જાગી જતો. સવારે જ્યારે હું શાળામાં જતો હતો ત્યારે સડક ઉપર પડેલા લોહીના ડાઘા, મકાનો ઉપર ગોળીબારના નિશાનના*

*રૂપમાં લડાઈના પુરાવા જોઈ શકતો હતો. અને આ હિંસાનો શિકાર બનેલા લોકોને મે 'શબઘર'માં જોયા છે, જે મારા પિતાજીના કાર્યાલયથી દૂર ન હતું.*

*જાણે કે હું યુધ્ધનો મતલબ સમજતો હોઉ એવી રીતે, આત્મવિશ્વાસથી તેના વિશે વાત કરતો હતો, પણ જ્યારે મારા પિતાજીની હત્યા થઈ ત્યારે હું શોકના લીધે પડી ભાંગ્યો, એટલું જ નહિ પણ ત્યારે હું યુધ્ધનો અર્થ સમજી ગયો. હું સમજી ગયો કે યુધ્ધ કરવાની ઈચ્છા કેવી હોય છે. હું સમજી ગયો કે શાંતિ માટેની તમારી ઈચ્છા ગમે તેટલી પ્રબળ હોવા છંતા, જ્યારે યુધ્ધની હિંસા વ્યક્તિગત રીતે તમારા ઉપર પ્રહાર કરે છે ત્યારે તમે હિંસા તરફ એક કદમ ઉપાડો છો. આ એવી જાળ છે, જેમાં મારા દેશના અનેક લોકો ફસાઈ ગયા છે...*

*તેના પછી કશુંજ પહેલા જેવું રહ્યું ન હતું. ઘર એક મૃતપાય અને ખાલી ખંડેર જેવું લાગવા માડયું. ગલીઓથી પરિચિત હોવા છતાં, હવે તે મને અજાણી લાગવા માંડી હતી. કશું જ અને કયાંય પણ સલામતીનો અહેસાસ થતો ન હતો. હું વિચારતો હતો કે શાંતિ માટેના મારા બધા પ્રયત્નો વ્યર્થ હતા, કારણકે તે મારા પિતાજીને બચાવી શક્યા નહિ. જે ભયંકર હિંસા અમારા શહેરને ભરખી ગઈ હતી, તેણે અંતે મારા પરિવારના કેન્દ્ર ઉપર પ્રહાર કર્યો અને તેને રોકવામાં હું અસમર્થ હતો. મેં મારીજાતને જવાબદાર ઠેરવ્યો. મે મારી જાતને પુછયું, મે એવું શું કર્યું હતું કે મારા પિતાને આટલી હિંસક રીતે મરવાનો વારો આવ્યો.*

આ પરિવારને સતત ધમકીઓ મળતી રહી, અને તેમના પ્રિયજનોની સુરક્ષાના હેતુથી પિટરે એક બંદુક ખરીદી લીધી. તેના પિતાની હત્યાના લગભગ દશ દિવસ પછી, એક સાંજે, પિટરના ઘરના બધા સભ્યો તેમના ઘરના ઉપલા માળે એક ઓરડામાં ભેગા થયા હતા. પિટર રસોડામાં જવા માટે નીચે આવ્યો ત્યારે એકાએક તેની નજર બગીચા તરફ ગઈ અને તેણેં એક બળવાખોરને જોયો. તે હાથમાં બંદુક લઈને ઉપરના માળની બિડકી તરફ જોઈ રહ્યો હતો :

*હું જાણતો હતો કે હું બંદુક લાવીને તે માણસને મોતને ઘાટ ઉતારી શકતો હતો... તે મારા પિતાના મોતનો બદલો હોત. મેં મારા પરિવારનું રક્ષણ કર્યું હોત. અને એવું લગભગ કોઈ ન હતું જેણે આ માણસને ગોળી મારવા બદલ મને દોષી ઠેરવ્યો હોત...આ બધું સાચું હોવા છતાં, મે કશું જ કર્યુ નહિ... મારા પિતા ઈચ્છતા હતા કે હું શાંતિ માટે કામ કરૂં તો, હવે હું કેવી રીતે હિંસક બની શકું? મારા પિતા પ્રત્યે આદર અને પ્રેમ વ્યક્ત કરવાની એક માત્ર રીત, મારા પરિવારને બચાવવામાં મદદ કરવાની એક માત્ર રીત શાંતિ માટે પ્રયત્ન કરવાની હતી. તેને મારીને મને, મારા પરિવારને કે મારા દેશને શાંતિ મળવાની ન હતી. વાસ્તવમાં, તેની હત્યા કરીને મેં બધું જ ગુમાવી દીધુ હોત. હું તેના કરતાં પણ વધારે ખરાબ બની ગયો હોત.*

પિટર ચુપચાપ બળવાખોરને જોતો રહ્યો, જે થોડીવાર પછી કોઈ કારણ વગર પાછો વળ્યો અને ત્યાંથી જતો રહ્યો. થોડા દિવસો પછી પિટરે તેની બંદુકથી છૂટકારો મેળવી લીધો અને ફરીથી કદી હાથમાં બંદુક નહિ લેવાનો નિશ્ચિય કર્યો.

બીજી વાર્તા વાંચતા પહેલાં, તમે કદાચ, પિટરના કેટલાક વિશિષ્ટ ગુણો શોધી કાઢવા અને ગહન વિષયો ઉપર ચિંતન કરવાની તેની ક્ષમતા વિશે કંઈક કહેવા ઈચ્છશો.

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

## વિભાગ ૧૬

મેરી પણ એક કાલ્પનિક નામ છે, તેનો એવા વાતાવરણમાં ઉછેર થયો હતો જેમાં હંમેશા સંઘર્ષ અને ટકરાવનો ભય રહેતો હતો; તે નાની ઉંમરમાં જ મિત્રોના સમૂહ સાથે અસહમત થવા માટે ચૂકવવી પડતી કિંમત વિશે સમજી ગઈ હતી:

*જ્યારે હું અગિયાર વર્ષની હતી ત્યારે મારી સાથે ઉદાસિન વર્તન કરવામાં આવ્યું, કારણકે મે એક વાદવિવાદમાં કોઈનો પક્ષ લેવાનો ઈન્કાર કર્યો. મારા મિત્રોના એક સમૂહે અમારા વર્ગની એક છોકરી પર ચોરીનો આરોપ લગાવ્યો, અને તેના કારણે મોટો ઝગડો ઉભો થયો. પરિસ્થિતિ એવી હતી કે, કયાં તો તમારે છોકરી તરફ રહેવાનું હતું અથવા તેની વિરુદ્ધમાં, અને મારા બધા મિત્રો તેની વિરુદ્ધમાં હતા. બધાને વિશ્વાસ હતો કે હું પણ તેમનો જ પક્ષ લઈશ, પણ એવા કોઈ પુરાવા ન હતા કે છોકરી ચોર છે. હું કોઈ નિર્ણય કરી શકતી ન હતી. છતાં હું મારા મિત્રોનો વિરોધ કરવા ઈચ્છતી ન હતી તેથી, હું ચૂપ રહી. બધા મારાથી એકદ્મ નારાજ થઈ ગયા, અને એક વર્ષ સુધી કોઈએ મારી સાથે વાત નહિ કરી.''*

એક છોકરાની મેરી સાથે દોસ્તી હતી અને તેને લઈને બીજી છોકરીઓ તેને ચીડવતી હોવા છતાં, તેના મનમાં તેના દોસ્ત પ્રત્યેની લાગણી વધતી ગઈ. તેઓ દૂર દૂર સુધી સાથે ચાલવા જતા અને તેમના ભવિષ્ય વિશે વાતો કરતા. એક દિવસ મેરીએ તેના દોસ્તને બંદુકની સફાઈ કરતાં જોયા. મેરીને આજ સુધી એવો કોઈ અણસાર ન હતો કે તેના દોસ્ત પાસે કોઈ બંદુક હતી.

*જ્યારે હું અંદર આવી તો તે મને જોઈને મીઠું હસવા લાગ્યો, જાણે કે તે કોઈ સામાન્ય કામ કરી રહ્યો હોય. હું હંમેશા હિંસાને ધિક્કારતી હતી. બંદૂક અને યુદ્ધને પણ ધિક્કારતી હતી. તેણે બહાનું બનાવવાનો પ્રયત્ન કર્યો કે લોકોને આવું કરવાનું ગમે છે, પણ મે સ્પષ્ટ કહી દીધું કે આપણી વચ્ચેના સંબંધનો અંત આવી થઈ ગયો છે. મે કહ્યું, 'હું મારા માટે અને મારા બાળકો માટે આવી જીંદગી ઈચ્છતી નથી.' હું એટલી નાદાન હતી કે હવે બધું હાસ્યાસ્પદ લાગતું હતું, પણ તે વખતે મારી દુનિયા બે ટુકડામાં વહેંચાઈ ગઈ હોય એવો મને અહેસાસ થઈ રહ્યો હતો.*

આ ઘટના પછી મેરીના પરીક્ષાના ગુણમાં ઘટાડો થતો ગયો અને તેની માતાને ચિંતા થવા લાગી. તેના પછી મેરીએ તેના એક શિક્ષક સાથે વાત કરી:

*મેં મારા દોસ્ત, બંદુક, મારા મિત્રોની ઉદાસીનતા, છોકરીઓ મને ચિડવતી હતી તેના વિશે, મારી લાજ-શરમ અને મારા ટુટેલા હ્રદય વિશે સંપૂર્ણ વાત કરી. તે મારી પર જરાય હસ્યા નહિ, કે નહિ મને નાદાન કે હાસ્યાસ્પદ હોવાનો અહેસાસ કરાવ્યો.*

*તેણે મને કહ્યું, તારે સમજવું જોઈએ કે તારૂં ભવિષ્ય તારા હાથમાં છે. તારૂં ભવિષ્ય બીજા કોઈની જાગીર નથી, તે તારા માતા-પિતાની જાગીર નથી, અને ખાસ કરીને પેલા છોકરાની તો નથી જ. આ તારૂં જીવન છે અને તેને તું ઈચ્છે તેવું બનાવી શકે છે.''*

૧૪ વર્ષની ઉંમરમાં મેરી તેના શાળાની એક વિદ્યાર્થી નેતા બની ગઈ હતી, તે તેના સહધ્યાયીઓને શાંતિ માટે પ્રોત્સાહન આપતી હતી. આ દિવસોમાં તેના મનમાં જે પ્રકારના વિચારો હતા, તેની એક ઝલક નીચે આપેલી છે :

*અમે જાણતા હતા કે ગરીબીનો અંત લાવવાથી યુદ્ધનો અંત લાવવાના કાર્યમાં મદદ મળી શકે છે, પણ અમે તેના વિશે કશું કરી શકતા ન હતા. અમે જાણતા હતા કે બેરોજગારીમાં ઘટાડો કરવાથી મદદ મળી શકે છે, પણ અમે તેના વિશે પણ કશું જ કરી શકતા ન હતા. અમે ગોળીઓ અને*

*તલવારોને રોકી શકતા ન હતા. અમે હિંસાનો અંત લાવી શકતા ન હતા. પણ અમને વિશ્વાસ હતો કે અમે અમારી વચ્ચે શાંતિનું નિર્માણ કરવાની શરૂઆત કરી શકતા હતા...*

*હું જાણતી હતી કે શાંતિ માટે કામ કરવું જોખમી હતું, અને હું એવી કોઈપણ બાબતે સંવેદનશીલ હતી જે અસામાન્ય હતી. ઘણીવાર માત્ર એવા ડરથી કે ગમે તે થઈ શકે છે, ખાસ કરીને મારા પરિવાર સાથે, તો મને રડવું આવતું અને કયાંક દૂર ભાગી જવાની ઈચ્છા થતી. પણ બીજા બાળકો મારા ઉપર નિર્ભર હતા, અને એક તરફ મને લાગતું હતું કે મારા અજન્મા બાળકો પણ મારા ઉપર નિર્ભર હતા. હું ગમે તેટલી ગભરાયેલી હોવા છતાં, પાછી ફરી શકતી ન હતી. હું માત્ર સતર્ક રહીને સલામત રહેવાની કોશીશ કરી શકતી હતી.''*

મેરીના કેટલાક વિશિષ્ટ ગુણો કયા છે ?

______________________________________________________________________________

______________________________________________________________________________

______________________________________________________________________________

______________________________________________________________________________

______________________________________________________________________________

______________________________________________________________________________

______________________________________________________________________________

## વિભાગ ૧૭

બીજા ત્રણ નવયુવાનોના કથનો નીચે આપેલા છે જેમાં તેઓ શ્રેષ્ઠતમ વિચારો અને અતિશય નાજુક લાગણીઓ વ્યક્ત કરે છે. તેમાંથી પહેલું કથન એક સોળ વષેની છોકરીનું છે, જેણે બાર વર્ષના તેના સૌથી પ્રિય મિત્રને એક ટોળકીના ઝગડાનો શિકાર બનવાના કારણે છરીના ઘા વડે ઘાયલ થઈને મરતાં જોયો હતો. તે તેના મિત્રને કદી ભૂલાવી શકી નહિ અને શાંતિની સ્થાપના માટે તેણે તેની જાતને સમર્પિત કરવાનો નિશ્ચય કર્યો. પછીથી, તેણેં હિંસાનો ભોગ બનેલા બાળકોની મદદ કરવાની શરૂઆત કરી હતીઃ

*આઠ થી નવ વર્ષની નાની વયના બાળકો ગેન્ગ (ટોળકી) માં સામેલ થતા હતા, કારણકે તેઓ તેને તેમની શાન સમજતા હતા અથવા તેઓ વિચારતા હતા કે આ ટોળકી તેમને રસ્તા પર સુરક્ષા પૂરી પાડશે. મોટાભાગના કિસ્સામાં, તેઓ તેમના ઘરમાં થતી હિંસાથી બચવાનો પ્રયત્ન કરતા હતા, પણ રસ્તા પર તો તેમને તેના કરતાં વિકટ પરિસ્થિતિ જોવા મળતી.*

*મને... સુંધી બસ પકડવી પડે છે, પણ મોટાભાગના ડ્રાઈવરોને ખબર છે કે હું શું કામ કરવાનો પ્રયત્ન કરૂં છું. તેઓ મને પરવડે એટલું જ ભાડું લે છે અને ઘણીવાર તો મને મફતમાં લઈ જાય છે. ...સુંધીની સડક ઉભી  શીલાઓની નજીક, જોખમી સ્થિતિમાં ટકી રહેલી ઝૂંપડીઓની બાજુમાંથી પસાર થઈને ઉપર તરફ વળાંક લે છે. બાધકામ માટે પથ્થરો ખોદી કાઢવામાં આવ્યા હોવાથી પહાડી વિસ્તારમાં મોટી ખીણો બની ગઈ છે. આવું કામ ખૂબ મુશ્કેલ છે, કમરતોડ છે, અને ખૂબ ઓછુ વળતર મળે છે, છતાં વિસ્થાપિત પરિવારોના ઘણાં બાળકો આવી જગ્યાએ કામ કરે છે. તેમના પરિવારો એટલી ભયંકર ગરીબીમાં સપડાયેલા છે કે બાળકો શાળા છોડીને પૈસા કમાવવા માટે તેમનાથી બનતા પ્રયત્નો કરે છે.*

*સડકથી આગળ જતાં, હું એડી સુંધી ઉંડી ભીની અને ચીકણી માટીમાંથી ચાલીને એક ગંદી વાસ મારતી અને દુષિત નદી પર લટકતા કામચલાઉ પુલ પરથી પસાર થાંઉ છું. પતરાની છત વાળી અડધો ડઝન ખંડેર ઓરડાની અમારી શાળા છે. લાકડાની પાટલીઓ જર્જરિત અને તૂટેલી છે.*

*વર્ગખંડોની આજુ-બાજુ કચરાના ઢગલા છે. વિજળી નથી. એક વર્ગખંડમાં એક અજવાશિયું છે અને કોઈ ખિડકી નથી. ભોંયતળીયું માટીનું બનેલું છે. પતરાના કારણેં વરસાદનો એટલો બધો અવાજ આવે છે કે, એકબીજાને સાંભળવા માટે બધાને મોટેથી ઘાંટા પાડવા પડે છે, અને બધી જગ્યાએથી પાણી ટપકે છે. એક વર્ગની દિવાલ બાળકોએ દોરેલા સુંદર ઘરોના ચિત્રોથી સજાવેલી છે, જે તેની આજુબાજુની હાલતથી એકદ્મ અલગ છે. કદાચ, આ એવા ઘરોના ચિત્રો છે, જેવા ઘરો પહેલાં તેમની પાસે પણ હતા અથવા ભવિષ્યમાં આવા ઘરો મેળવવા માટે તેઓ તરસે છે...*

*ઘણાં વાલીઓના ચહેરા પર ઉદાસી છે. તેઓ તેમના બાળકો સાથે તેમના નામ લઈને અપશબ્દો અને આક્રામકતાથી વાત કરે છે. પણ કાર્યશાળા દરમિયાન કયારેક તેમનામાં પરિવર્તન આવવા લાગે છે. તેમાંથી કેટલાકનું માનવું છે કે સદાચરણ શીખવવા માટે બાળકો સાથે મારપીટ કરવું જરૂરી છે, પણ તેઓ સમજવા લાગે છે કે માર-પીટ બાળકોને તેમનાથી દૂર કરી શકે છે અને તેમને સડક પર લાવી શકે છે.*

નીચેના ફકરામાં એક નાની વયની છોકરીના શબ્દો છે જે અગિયાર વર્ષની વયે ઘર છોડી ગઈ હતી, નશીલા પદાર્થોની લતે ચઢી ગઈ હતી, પણ એક મિત્રના મક્કમ પ્રયત્નોથી બચી ગઈ હતી અને શાંતિ માટે સમર્પિત એક યુવા ચળવળમાં જોડાઈ હતીઃ

*અમારૂં જીવન ખરેખર કેવું હતું તેનું વર્ણન કરવું ખુબ કઠીન છે. હું એક વાત સ્વીકારવા ડરતી હતી કે શાંતિ લાવવા માટે તમે ગમે તેટલા પ્રયત્નો કરતા હોવા છતાં, તમે હિંસા તરફ પુનઃઘસડાઈને જઈ શકો છો... હંમેશા હું આવા પ્રકારના જીવનથી દૂર ભાગી જવા માટે તરસી છું. સ્વીકારવું કઠીન છે પણ હાલમાં ફરીથી હું શાંતિની ચળવળથી દૂર જઈ રહી છું. હું મારી જાત સાથે જુઠુ બોલી રહી છું અને એવો દેખાવ કરવાનો પ્રયત્ન કરી રહી છું કે બધું બરાબર છે. આ સાચું નથી. ક્યારેક મારો સ્વભાવ ઉગ્ર બની જાય છે. ઘરમાં દરરોજ રાત્રે ઝગડા થાય છે. મારી માતા અને સાવકા પિતા એકબીજા સાથે નહિ તો, મારી સાથે ઝગડતા હોય છે. એટલે હું ભાગીને રસ્તા પર આવી જાવું છું, અને ત્યાં તો એવું ઘણું બધુ છે જે એક યુવાન છોકરીને નુકશાન પહેચાડી શકે છે... હું એક સાથે બે રસ્તે ચાલી રહિ છું અને ઈચ્છુ છુ કે, જો હું હંમેશા શાંતિના માર્ગે ચાલતી હોત તો કેટલું સારૂં હોત. મને લાગે છે કે મારો સંઘર્ષ અને જેવી રીતે હું બચી ગઈ છું તેનું કંઈક તો મૂલ્ય હોવું જોઈએ...હું વિચારૂં છું કે જો સહકાર આપવા, અમે જે શીખ્યા છે તેના વિશે સાંભળવા અને અમારી સાથે કામ કરવા જો મોટી સંખ્યામાં વડીલો તૈયાર થશે તો, શાંતિ લાવવાના પ્રયત્નોમાં યુવાનો ઘણી સફળતા મેળવી શકશે. જો આપણાં ઘરમાં શાંતિ હોય તો તે ખૂબ મોટી શરૂઆત હોત.*

છેલ્લાં ફકરામાં ૧૫ વર્ષના એક બાળકનું કથન છે જેના ભાઈનું એક ક્રાંતિકારી જૂથ દ્વારા અપહરણ કરવામાં આવ્યું હતું. થોડા સમય પછી, તેમના પરિવારને સમાચાર મળ્યા કે તેને બંદી બનાવવામાં આવ્યા હતા અને તેઓ તેની સાથે પત્રવ્યવહાર કરી શકતા હતાઃ

*વિશ્વાસુ અને આશાવાદી રહેવા માટે મેં તેને થોડી કવિતા મોકલી છે. હું તેને કહું છું કે હું તેની સલાહ માનીને ખૂબ મહેનતથી અભ્યાસ કરુ છું. તેણે વળતો જવાબ આપતા લખ્યું કે 'તું શાળામાં સારી પ્રગતિ કરી રહ્યો છું તેનાથી મને ખુશી થાય છે' તેનાથી મને ખૂબ ખુશી થઈ... મેં તેમાં જ ભૂલ કરી હતી. મેં મારા અભ્યાસમાં બરાબર ધ્યાન આપ્યું નથી તેનો મને પૂરેપૂરો અફસોસ છે... દાખલા તરીકે મને વાંચવાનું ગમતું ન હતું, પણ અહિં મે ત્રીસથી વધારે વિવિધ પ્રકારના પુસ્તકો વાંચી લીધા છે અને મારી પાસે વાંચવા માટે હજું ઘણું બધુ છે. હું શબ્દકોષનો ઉપયોગ કરૂં છું અને મને નહિ આવડતા શબ્દોનો અર્થ સમજવાનો પ્રયત્ન કરૂં છું. મે પહેલાં મારી જાતે કદી આવું કર્યું નથી...*

*તે સલામત હોય એવું લાગતું હોવા છતાં હું ચિંતિત છું. જેમણે મારા ભાઈને બંદી બનાવ્યા છે તેમની સાથે જો મારી વાત થઈ શકતી હોત તો તેમની સાથે સહાનુભૂતિ રાખવા અને તેઓ જે યાતનાઓનું કારણ બન્યા છે તેના વિશે સમજવાની મેં તમને વિનંતી કરી હોત.*

*હું માનું છું કે જો આપણે શાંતિ લાવવા ઈચ્છતા હોઈએ તો ક્ષમાશીલતા તેની મૂળભુત જરૂરિયાત છે. ક્ષમા વિના યુધ્ધનો અંત લાવવો શક્ય નથી. ખાસ કરીને મારા જેવા લોકો માટે જેમણે યાતના સહન કરી છે તેમના માટે ક્ષમા કરવી ખૂબ મહત્વનું છે.*

*મને લાગે છે કે આ એજ છે જેના માટે હું કામ કરી રહ્યો છું- હું ક્ષમાશીલતા માટે કામ કરૂં છું.*

આ વિભાગમાં આપેલા કથનોમાં યુવાનો દ્વારા દર્શાવવામાં આવેલા કેટલાક ગુણો વિશે તમારા જૂથમાં ચર્ચા કરો અને તમારા થોડા વિચારો લખો.

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

## વિભાગ ૧૮

અંતમાં કિશોરાવસ્થાની પ્રકૃતિ કે સ્વરૂપનું આ વિશ્લેષણ ગમે તેટલું ટૂંકું હોવા છતાં, પ્રભુધર્મના વીર નવયુવાન રૂહુલ્લાહના જીવનની અવગણના કરી શકતું નથી, જેણે બાર વર્ષની વયે ખુશી-ખુશી શહાદતનો જામ પીધો હતો. સાત વર્ષની નાની વયે તેના પિતા, ધર્મભૂજા શ્રી. વર્ગા અને તેના મોટાભાઈની સાથે રૂહુલ્લાહને તીર્થ યાત્રા માટે પવિત્ર ભૂમિ જવાનુ સૌભાગ્ય મળ્યું હતું. આ પાવન વાતાવરણમાં રૂહુલ્લાહ આધ્યાત્મિક રીતે પાંગરવા લાગ્યો અને બહાઉલ્લાહના સાંનિધ્યના પ્રકાશનો આનંદ માણ્યો. કહેવામાં આવે છે કે, એક દિવસે બહાઉલ્લાહે રૂહુલ્લાહને પુછયું ‘ આજે તેં શું કર્યું ?

તેણેં જવાબ આપ્યો, “હું...(એક શિક્ષક) પાસેથી પાઠ શીખતો હતો.”

બહાઉલ્લાહે પુછયું ‘તું કયો વિષય શીખતો હતો ?

“અવતારોના પુનરાગમન વિશે,” રૂહુલ્લાહે કહ્યું.

“શું તું મને સમજાવીશ કે તેનો અર્થ શું છે ?” બહાઉલ્લાહે પુછયું.

તેણેં જવાબ આપ્યો : “પુનરાગમન એટલે વાસ્તવિકતાઓ અને ગુણોંનું પુનરાગમન.”

બહાઉલ્લાહે કહ્યું: “આ તો તારા શિક્ષકના શબ્દો છે. આ વિષયની તારી પોતાની સમજ વિશે તારા શબ્દોમાં મને બતાવ.”

રૂહુલ્લાહે જવાબ આપતા કહ્યું: "તે આ વર્ષે કોઈ છોડ પરથી એક ફૂલ તોડવા જેવું છે. બીજા વર્ષનું ફુલ એકદ્દમ તેના જેવું જ હશે, પણ તે પહેલાનું ફુલ હશે નહિ."

આશીર્વાદિત સૌંદર્યએ આ વિવેકપૂર્ણ જવાબ માટે આ બાળકની પ્રશંસા કરી અને વારંવાર તેને જનાબ-એ-મુબાલ્લિગ (આદરણીય બહાઈ શિક્ષક) કહીને બોલાવવા લાગ્યા.

બીજા એવા અનેક પ્રસંગો છે જે રૂહુલ્લાહના શ્રેષ્ઠ ગુણોંને પ્રકાશમાં લાવે છે. એક વાત તદ્દ્ન સાચી છે, તેણેં બાર વર્ષની કુમળી વયે બલીદાનની જે ઊંચાઈ પ્રાપ્ત કરી હતી, તે બતાવે છે કે તે કોઈ સાધારણ બાળક ન હતો. નિઃશક, પ્રભુધર્મ પ્રત્યે સમર્પણ અને પરમ પ્રિયત્તમના માર્ગમાં ત્યાગની શહાદત સાથે સરખામણી કરવી જોઈએ નહિ. આમછતાં, કેટલી તીવ્ર આકાંક્ષા અને અપાર પ્રસન્નતાથી તેઓ તેમની વાસ્તવિકતાનું વર્ણન કરે છે તનું નીચેના ભાગમાં વર્ણન કરવામાં આવ્યું છે.

દિવ્ય આશીષના જામનું મને પાન કરાવ
તથા પાપ અને કમજોરીથી મને મુક્તિ અપાવ
કારણકે, મારા પાપ છે અનેક પણ
મારા સ્વામીની દયા છે ખરેખર અપાર.

સ્વાગત છે તારૂં, હે દિવ્ય ભોજના શાકી!
આવ તું, તાજગી આપ મારા આત્માને
બલીદાનને યોગ્ય બનાવ તું મને
પરમ પ્રિયત્તમના પથ પર

તમે ટૂંક સમયમાં જે જૂથની સ્થાપના કરશો તેના કિશોરો રૂહુલ્લાહનું જીવન જીવશે નહિ. આમછતાં, છેલ્લા થોડાક વિભાગો, એક વ્યક્તિ નાની વયથી જ માનવ અસ્તિત્વની કયા પ્રકારની શ્રેષ્ઠતા પ્રદર્શિત કરી શકે છે તેની એક ઝલક આપે છે. આપણને આ એકમના પ્રારંભિક કથનોની ફરીથી યાદ આપવામાં આવી છે કે, કિશોરોની ઉભરતી સભાનતાને બે દિશાઓમાં પ્રવાહિત કરી શકાય છે, એક દિશા પરમેશ્વરની ઈશ્છા પ્રત્યે સમર્પણ અને માનવજાતની આત્મ-ત્યાગી સેવા તરફ લઈ જાય છે, જ્યારે બીજી સ્વાર્થ અને કામનાની કેદ તરફ. તેના પછી આપણી ચર્ચા આપણને કિશોરાવસ્થાની પ્રકૃતિ કે સ્વરૂપ, કિશોરોની શુષુપ્ત શક્તિ અને તેમના જીવન ઉપર પર્યાવરણના પ્રભાવની શોધ તરફ લઈ ગઈ. હવે થોડો વિરામ લઈને, તમે જે ગુણોને કિશોરોના જન્મજાત (કુદરતી) ગુણોં માનો છો તથા તેમના આધ્યાત્મિક અને બૌધિક વિકાસ માટે તમારા મતે જે કરવું જરૂરી છે તેના વિશે થોડા ફકરા લખવાનો આ ઉચિત સમય હોઈ શકે છે:

___________________________________________________________________________

___________________________________________________________________________

___________________________________________________________________________

___________________________________________________________________________

___________________________________________________________________________

___________________________________________________________________________

___________________________________________________________________________

____________________________________________________________________

____________________________________________________________________

____________________________________________________________________

____________________________________________________________________

____________________________________________________________________

____________________________________________________________________

____________________________________________________________________

____________________________________________________________________

____________________________________________________________________

____________________________________________________________________

____________________________________________________________________

## વિભાગ ૧૯

આ એકમનાં મોટાભાગના વિભાગો દરમિયાન કિશોરાવસ્થાની શુષુપ્ત શક્તિઓનું વિશ્લેષણ કર્યા પછી, હવે આપણે કિશોર આધ્યાત્મિક સશકિતકરણ કાર્યક્રમમાં તમારી સહભાગીતા વિશે થોડી ચર્ચા કરવી જોઈએ. આ વય જૂથની એક તીવ્ર ઈચ્છા હોય છે કે તેઓ તેમની સમવયના સાથીઓના સમૂહનો હિસ્સો બને. સલાહ સૂચન માટે એવા મિત્રો તરફ ઉન્મુખ થવાથી કિશોરોને આશ્વાસન મળે છે જેઓ તેમને સમજે છે અને તેમના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવે છે. તેથી , આ વાજબી જરૂરીયાતનો એક સહજ પ્રતિભાવ છે કે, ‘‘કિશોર જૂથ’’ના ખ્યાલને કેન્દ્રમાં રાખીને રૂહિ સંસ્થા દ્વારા સૂચિત આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે, એક એવો કાર્યક્રમ જેના સભ્યો નિયમિતપણે સાથે મળે છે તથા કાર્ય કરવા અને શીખવા માટે તેમને પધ્ધતિસર માર્ગદર્શન આપવામાં આવે છે. આ બેઠકોનું વાતાવરણ આનંદમય, મિત્રતાપૂર્ણ અને આત્મિય હોય છે, પણ તે અર્થહિન હોવી જોઈએ નહિ તથા તે પ્રભુધર્મ અને માનવજાતની સેવા માટે સમર્પિત જીવન માટે જરૂરી ગુણોં અને વલણોંના વિકાસમાં ફાળો આપતી હોવી જોઈએ. તેમની બેઠકોમાં, જૂથના સભ્યો, નિંદા કે ઉપહાસ (ઠઠા-મશ્કરી)ના ડરથી મુક્ત થઈને, તેમના વિચારો વ્યક્ત કરી શકે અને તેમના મનને સતાવતા પ્રશ્નોના જવાબ મેળવવાની અપેક્ષા રાખી શકે. તેઓ સાંભળવાનું, બોલવાનું, ચિંતન કરવાનું, વિશ્લેષણ કરવાનું, નિર્ણય લેવાનું અને નિર્ણયનો અમલ કરવાનું શીખે છે.

દરેક જૂથમાં, તેમના કરતાં મોટી ઉંમરની એક વ્યક્તિની જરૂર હોય છે જે યુવાનોના સાચા મિત્ર તરીકે તેમની ક્ષમતાઓના વિકાસમાં તેમની મદદ કરી શકે. જેઓ આવી ભૂમિકા ભજવે છે તેમને ‘‘અનુપ્રેરકો’’ તરીકે ઓળખવામાં આવે છે. અનુપ્રેરકની હાજરી જૂથના દરેક સભ્યને આશાવાદી અને નિશ્ચિંત રહેવામાં મદદ કરે છે કે, તેઓ તેમની આજુબાજુ વિઘટિત થતા સમાજમાં રહેલા નકારાત્મક પ્રભાવોથી તેમની જાતનું રક્ષણ કરી શકશે એટલું જ નહિ પરંતું તેઓ સમાજને બહેતર બનાવવામાં પણ યોગદાન આપશે. અનુપ્રેરક તરીકે સેવા કરવાનો કોઈ ચોક્કસ ઉંમરના લોકોનો વિશેષાધિકાર નહિ હોવા છતાં, સત્તર વર્ષથી વધારે વયના યુવાનો સહજ રીતે ઉત્કૃષ્ટ અનુપ્રેરક બની શકે છે, કારણકે તેમના માટે કિશોરો સાથે બાળકો જેવું નહિ પરંતું, સમાન વર્તન કરવું તથા પ્રશ્નો પૂછવા, શંકા વ્યકત કરવા અને વાસ્તવિકતાની શોધમાં સામેલ કરવા માટે કિશોરોને પ્રોત્સાહિત કરવું શરળ લાગે છે. નીચેના અવતરણમાં, કિશોરોના આત્માઓનો કેવી રીતે વિકાસ કરવો જોઈએ તેના સંદર્ભમાં અબ્દુલ-બહા તેમની આશા વ્યક્ત કરે છે :

**“અબ્દુલ-બહાની એવી આશા છે કે ગહન જ્ઞાનની શાળામાં આ કિશોરોને એવી વ્યક્તિની દેખરેખ હેઠળ રાખવામાં આવે જે તેમને પ્રેમ કરવાની તાલીમ આપે. ઈશ્વર કરે કે તેઓ બધા, ચેતનાની પહોંચના ક્ષેત્રોમાં, ગૂઢ રહસ્યો વિશે સારૂં જ્ઞાન પ્રાપ્ત કરી શકે; એટલું સારૂં જ્ઞાન પ્રાપ્ત કરી શકે કે સર્વમહિમામય સામ્રાજ્યમાં, તેમાંથી દરેક, મધૂર વાણીથી આશીવાર્દિત કોકિલાની જેમ સ્વર્ગીય સામ્રાજ્યના રહસ્યોની ઘોષણાં કરી શકે તથા એક ઉત્કટ આકાંક્ષી પ્રેમીની જેમ, પરમ પ્રિયત્તમની તેની આવશ્યક જરૂરિયાત અને પરમ ઈચ્છા પ્રગટ કરી શકે.”**[૩૩]

કિશોર જૂથ કોઈ બાળવર્ગ નથી. તેમાં જ્ઞાન કેન્દ્રના કેટલાક લક્ષણોં જેવા મળે છે, પણ તેનું પ્રાથમિક કાર્ય તેના સભ્યો માટે પસ્પર સહયોગનું વાતાવરણ પુરૂં પાડવાનો છે, જેમાં તેઓ આધ્યાત્મિક બોધ તથા વિચાર અને વર્તનની એવી શૈલીઓનો વિકાસ કરી શકે જે તેમને જીવનભર વિશિષ્ટ બનાવશે. રૂહી સંસ્થાના વિભિન્ન પાઠયક્રમોમાં ભાગ લીધો હોવાથી તમને એક જ્ઞાન કેન્દ્રના સભ્ય તરીકેનો પ્રત્યક્ષ અનુભવ છે, અને ત્રીજા પાઠયક્મના પ્રેક્ટિસ ઘટકનો અમલ કરતી વખતે તમે કદાચ બાળકોને પણ શીખવ્યું હશે. નીચે આપેલા લક્ષણો તરફ જુઓ. તમારા સમૂહમાં ચર્ચા કરો કે એક કિશોર જૂથ તથા એક તરફ બાળવર્ગ અને બીજી તરફ જ્ઞાન કેન્દ્ર વચ્ચે તમે કયા પ્રકારની સમાનતા અને ભિન્નતાની અપેક્ષા રાખો છો :

- પ્રવૃતિનું સ્વરૂપ
- સહભાગીઓ વચ્ચેનો સંબધ
- બેઠકોનું વાતાવરણ
- શિક્ષક, અનુપ્રેરક અને સમૂહના ટયુટર તરીકે સેવા કાર્ય કરતી વ્યક્તિની ભૂમિકા

## વિભાગ ૨૦

જયારે તમે સેવાના આ ક્ષેત્ર માટે તમારી જાતને સમર્પિત કરશો ત્યારે થોડા વખતમાં જ તમે સમજી શકશો કે તમારા પ્રયત્નોની અસરકારકતા, મોટેપાયે એક કિશોર જૂથના સભ્યો સાથે તમે જે પ્રકારના સંબધની સ્થાપના કરો છો તેની ગુણવત્તા ઉપર નિર્ભર હોય છે. તેમની વાત સાંભળવા, તેમને સલાહ આપવા અને જરૂર પડે તો તેમને દિલાસો આપવા માટે તમે તૈયાર રહેશો, તેમાં કોઈ શંકા નથી. તેમની સત્યનિષ્ઠામાં તમારો દૃઢ વિશ્વાસ, તેમજ તેમાંથી દરેક પ્રત્યેનો તમારો આદરભાવ અને નિખાલસ પ્રેમ, તેમને ઉત્કૃષ્ટતા માટે સખત પ્રયત્ન કરવાની પ્રેરણા આપશે. પિતૃત્વવાદ, દંભ કે અધિકારવાદી અંકુશ જેવા વલણો -જે કિશોરોના વિકાસને કોઈ અવસર આપતા નથી- તેની અંશમાત્ર ઝલક વિના, તેમના કલ્યાણ અને વિકાસ માટે તમને તમારી વચનબધ્ધતા પ્રદર્શિત કરવાની જરૂર પડશે. તેની સાથે, તેમના હૃદય અને મનમાં સાચી શ્રધ્ધાનો પાયો મજબૂત કરવા અને તેમનામાં ઉજ્જવળ ભવિષ્યની આશા જગાડવા માટે તમારે દરેક તકનો લાભ ઉઠાવવો પડશે.

**“સૌપ્રથમ, એક-બીજા માટે તમારા જીવનનું બલીદાન આપવા, તમારા અંગત કલ્યાણને બદલે જનકલ્યાણને પ્રાધાન્ય આપવા તૈયાર રહો. એવો સંબંધ બાંધો જેને કશું હલાવી શકે નહિ; એવી સભાની સ્થાપના કરો જેનો કોઈ ભંગ કરી શકે નહિ; એવું મન ધારણ કરો જે એવી સંપતિ પ્રાપ્ત કરવા કદી અટકતું નથી જે સંપતિનો કોઈ નાશ કરી શકતું નથી. જો પ્રેમનું અસ્તિત્વ ન હોત તો, કઈ વાસ્તવિકતાનું અસ્તિત્વ રહ્યું હોત? એ પરમેશ્વરના પ્રેમની અગ્નિ જ છે, જે મનુષ્યને જાનવરથી શ્રેષ્ઠ બનાવે છે. આ શ્રેષ્ઠ શક્તિને મજબૂત બનાવો જેનાથી દુનિયામાં બધા પ્રકારની પ્રગતિ હાંસલ કરવામાં આવે છે.”**[૩૪]

નીચેના વલણો કેવી રીતે એક કિશોર જૂથના સભ્યોને અશક્ત બનાવશે, તથા કયા વિચારો, લાગણીઓ અને આચરણ એક અનુપ્રેરકને આવી વૃતિઓનો પ્રતિકાર કરવામાં મદદ કરશે.

પિતૃત્વવાદ :

દંભ :

અધિકારવાદી અંકુશ :

## વિભાગ ૨૧

તમે જે ઉદાહરણ પુરૂં પાડશો તે પણ મોટેપાયે એક કિશોર જૂથના સભ્યો સાથેના તમારા સંબંધને પ્રભાવિત કરશે. એક યુવાનના જીવનમાં ઉદાહરણના પ્રભાવનું ઓછું મુલ્યાંકન કરી શકાય નહિ. તેથી, આ સંદર્ભમાં આપણા હૃદયને નિર્મળ કરવાના આપણા પોતાના પ્રયત્નો અધિક મહત્વના બની જાય છે. ‘‘ઘોર ભૌતિકવાદ,’’ ‘‘સંસારિક ચીજો પ્રત્યે આસક્તિ જે માનવ આત્માઓને ભરખી રહી છે’’; ‘‘ભય અને ચિંતા જે તેમના મનને વિચલિત કરી રહી છે’’; ‘‘ભોગ-વિલાસ અને ઉડાવગીરી જે તેમનો સમય છીનવી રહી છે’’; ‘‘પૂર્વગ્રહ અને દ્વેષ (વેરભાવ)જે તેમની દ્રષ્ટિને ધુંધળી કરી રહી છે’’; ‘‘ઉદાસીનતા અને સુસ્તી જે તેમની આધ્યાત્મિક શક્તિઓનો ક્ષય કરી રહી છે,’’ આ બધા એવા ભયાનક અવરોધો છે જેના વિશે ધર્મસંરક્ષક કહે છે કે, ‘‘તે બહાઉલ્લાહના દરેક ભાવિ યોધ્ધાના સેવાના માર્ગમાં આવનારા અવરોધો છે.’’ આગળ તેમણે આપણને યાદ અપાવી છે કે આ અવરોધોને દૂર કરવાની આપણી ક્ષમતા, આપણે પોતે કેટલા પ્રમાણમાં ‘‘આ અશુધ્ધિઓ,’’થી વિશુદ્ધ છીએ, ‘‘આ તુચ્છ પૂર્વધારણાઓ અને વિનાશકારી ચિંતાઓથી મુક્ત છીએ, ‘‘આ પૂર્વગ્રહો અને દ્વેષ’’ થી સ્વતંત્ર છીએ, ‘‘અહંકારથી મુક્ત’’ અને ‘‘પરમેશ્વરની આરોગ્યદાયી અને શાશ્વત શક્તિથી સભર છીએ’’, તેના ઉપર નિર્ભર છે.

કિશોરોના આધ્યાત્મિક સશક્તિકરણમાં યોગદાન આપવાના હેતુથી તમે જે પ્રયત્નો કરશો તેના સંદર્ભમાં ધર્મસંરક્ષકે આપેલા પરામર્શોના કેટલાક આશયો શું છે ?

## વિભાગ ૨૨

કિશોરોના એક સાચા મિત્રની સાથે તેમના વિવેકી સલાહકાર તરીકે, તમારા માટે જરૂરી હશે કે આનંદ અને મુશ્કેલીના સમયમાં તમે તેમને સાથ આપો. ઉત્કૃષ્ટતાના ઉત્તરોત્તર શિખરો સર કરવા માટે તેમને હંમેશા પ્રોત્સાહનની જરૂર પડશે. કેટલા પ્રમાણમાં તમે તેમની ભૂલો પર નહિ પરંતું તેમની સિધ્ધિઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરો છો, તેને આધારે તમે તેમની સહાયતા કરી શકશો. તમે તેમને પ્રોત્સાહન આપશો, પરંતું એવી રીતે નહિ કે તે તેમના અહંમમાં વધારો કરે. તમે તેમની સિધ્ધિઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરશો, પરંતું જો તમે તેમને એવી પરિસ્થિતિમાં જોશો જેમાં તેઓ નૈતિક વફાદારી સાથે સમાધાન કરતા હોય તો તમે તેમને સલાહ આપતાં ડરશો નહિ.

જૂથ સાથેની તમારી મિત્રતાના સ્વરૂપ વિશે વિચાર કરવા માટે, ધર્મસંરક્ષક તરફથી લેખિત એક પત્રમાંથી લેવામાં આવેલા નીચેનો ફકરો વાંચો. તે પ્રભુધર્મની સંસ્થાઓનો એક વ્યક્તિગત શ્રધ્ધાળુ સાથેના સંબંધનું વર્ણણ કરતો હોવાછતાં, તે એક કિશોર જૂથના અનુપ્રેરક તરીકેના તમારા પ્રયત્નો સાથે સુસંગત છે.

> **"મોટાભાગના વિસ્તારોમાં, પ્રભુધર્મના શ્રધ્ધાળુઓ યુવાન છે, અને તેઓ ભૂલ કરે ત્યારે જો તેમને-આમ કરો અને તેમ નહિ કરો-એવું કહીને હમેશા તેમના ઉત્સાહને કચડી નાંખવામાં આવે તો તેનું કોઈ મહત્વ રહેતું નથી."**[૩૫]

એક યુવાનને વારંવાર તેની ભૂલો યાદ કરાવવામાં આવે અને તેમણે શુ કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ તેના વિશે વારંવાર કહેવામાં આવે તો, તે કેવી રીતે એક યુવા વ્યક્તિના ઉત્સાહને કચડી નાંખશે તેના વિશે ચર્ચા કરો. તમારા થોડા વિચારો અહિં લખો.

પ્રોત્સાહન એ વિવેકહીન પ્રશંસા જેવું નથી; તે નિખાલસ હોવું જોઈએ અને દંભથી મુક્ત હોવું જોઈએ, નહિ તો તે ઘમંડ કે વિશ્વાસના અભાવ તરફ લઈ જશે. અબ્દુલબહા પ્રભુધર્મની સેવા માટે શ્રધ્ધાળુઓને કેવી રીતે પ્રોત્સાહિત કરતા હતા, તેના કેટલાક ઉદાહરણ નીચે આપવામાં આવ્યા છે :

> **"ખરેખર હું પરમેશ્વરનો આભાર માનું છું કે તેણે તને તેની મહાન દ્રાક્ષાવાડીમાં પ્રભુધર્મની સેવા કરવામાં તને મદદ કરી છે."[૩૫]**
>
> **"ખરેખર હું મારા પરમોચ્ચ પ્રભુના ગુણગાન કરૂં છું કારણ કે તેણેં લોકો વચ્ચે તેના નામનું આહ્વાન કરવા માટે, સર્વ મહિમામયના સૌંદર્ય તરફ તને આકર્ષિત કરવા માટે અને તેના ધર્મને વિજયી બનાવવા માટે તારી પસંદગી કરી છે."[૩૬]**
>
> **"ખરેખર, પરમેશ્વરે તેની કૃપાના મહાસાગરમાં ડુબાડીને તથા આસ્થા અને જ્ઞાન રૂપી મદિરાનો જામ પિવડાવીને તને અશુધ્ધિઓથી મુક્ત કરી દીધો છે. શાબાશ! શાબાશ! કારણકે તેં પરમેશ્વરની ઈચ્છા માટે તારી ઈચ્છાને સમર્પિત કરી દેવાની અને પરમેશ્વર પ્રત્યેના તારા પ્રેમમાં વૃધ્ધિ કરવાની, પરમેશ્વર વિશેના તારા જ્ઞાનને ગહન બનાવવાની અને પ્રભુ-માર્ગમાં અડગ રહેવા માટે તારી ઈચ્છાને પરમેશ્વરની ઈચ્છામાં સમર્પિત કરી દેવાની તીવ્ર ઈચ્છા રાખી કરી છે."[૩૭]**
>
> **"હે મારા આધ્યાત્મિક પ્રિયજન! પરમેશ્વરના ગુણગાન હો, તમે આવરણોંને દૂર હટાવીને દયાળુ પ્રિયત્તમનો સ્વીકાર કર્યો છે, અને આ નિવાસથી સ્થળ રહિત સામ્રાજ્ય તરફ પ્રયાણ કરવાની શીઘ્રતા કરી છે. તમે પરમેશ્વરના સામ્રાજ્યમાં તમારો તંબુ તાણી દીધો છે, અને સ્વયંભુ એવા પરમેશ્વરના ગુણગાન કરવા તમે મધૂર સુરોનો નાદ ગજાવ્યો છે અને હ્રદયસ્પર્ષી ગીતો ગાયા છે. શાબાશ! એક હજાર વાર શાબાશ! કારણકે તમે પ્રગટીત પ્રકાશનું દર્શન કર્યું છે, અને તારા પુન:જન્મેલા અસ્તિત્વથી તમે પોકાર કર્યો છે, ધન્ય છે તે પ્રભુ, જે સમસ્ત સૃષ્ટિમાં સર્વશ્રેષ્ઠ છે."[૩૮]**
>
> **"હે સત્યનિષ્ઠ લોકો, તીવ્ર ઝંખના કરતા લોકો, તમે જેઓ ચુંબકની જેમ આકર્ષિત છો, તમે જેઓ પ્રભુધર્મની સેવા માટે, તેના શબ્દોની સ્તુતિ કરવા અને તેની મધુર સુરભીને ચારે દિશામાં ફેલાવવા માટે ઊભા થયા છો! મેં તારો ઉત્કૃષ્ટ પત્ર વાચ્યો, તેની શૈલી સુંદર છે, શબ્દો છટાદાર છે, અર્થ ગહન છે અને હું પરમેશ્વરની સ્તુતિ કરૂં છું અને તેનો આભાર માનું છું કે, તેણેં તારી સહાયતા કરી છે અને તેના સર્વ-વ્યાપી ઉપવનમાં સેવા કરવા માટે તને સક્ષમ બનાવ્યો છે."[૩૯]**
>
> **"તારો પત્ર સુગંધિત ફુલદાની જેવો હતો, તથા આ ફુલદાનીમાંથી આસ્થા અને આશ્વાસનની મધૂર સુગંધ માણી. શાબાશ! શાબાશ! કે તેં અદૃશ્ય સામ્રાજ્ય તરફ તારૂં મુખ ફેરવ્યું છે. અતિ ઉત્તમ! અતિ ઉત્તમ કે તું સર્વશક્તિશાળી પરમેશ્વરના સૌંદર્ય તરફ આકર્ષાયો છે. શાબાશ! શાબાશ! તું કેટલો ભાગ્યશાળી છે કે તેં પરમેશ્વરનો પરમ મહાન ઉપહાર પ્રાપ્ત કરી લીધો છે."[૪૧]**

અબ્દુલ-બહા જેવી રીતે મિત્રોની પ્રશંસા કરતા હતા તેનાથી પ્રેરણા મેળવીને, તમે ટૂંક સમયમાં જે જૂથના સભ્યોની સહાયતા કરશો, તેમને તમે કેવી રીતે પ્રોત્સાહિત કરશો, તેનું થોડાક શબ્દોમાં વર્ણન કરો :

________________________________________

________________________________________

________________________________________

## વિભાગ ૨૩

અંતે, તમને યાદ રાખવાની જરૂર પડશે કે કિશોર જૂથ સાથે પ્રેમાળ મિત્રતાનો ગાઢ સંબંધ બાંધવા તથા ઉત્કૃષ્ટતા માટે પ્રયત્ન કરવા માટે તેમને પ્રોત્સાહન આપવાનું કાર્ય એટલા જ પ્રમાણમાં ફળદાયી પુરવાર થશે જેટલા પ્રમાણમાં તમે આનંદીત વાતાવરણનું નિર્માણ કરશો.

> **"ખુશી આપણને પાંખો આપે છે! ખુશીના સમયમાં આપણી શક્તિ વધારે સક્રિય, આપણી બુધ્ધિ વધારે તેજ અને આપણી સમજ ઓછી ઢંકાયેલી હોય છે. દુનિયાનો સામનો કરવા અને આપણી ઉપયોગીતાના ક્ષેત્રો શોધી કાઢવા આપણે વધારે સક્ષમ હોવાનો અહેસાસ કરીએ છીએ."**[૪૧]

જૂથ માટે આનંદીત વાતાવરણનું નિર્માણ કરવા, તમને ખુશીની અનુભૂતિ કરવાની જરૂર છે. એવા કિશોર જૂથ વિશે વિચાર કરો, જેની સાથે તમે કામ કરી રહ્યા હોય અથવા કામ કરશો. તમારા મનમાં એવા કયા વિચારો આવે છે જે તમને ખુશી આપે છે?

એક કિશોર જૂથની બેઠકોને ક્ષુલ્લક (અર્થહિન) બનાવ્યા વગર, તેને આનંદમય બનાવવાના હેતુથી તમે કયા વ્યવહારીક પગલા લઈ શકો છો?

આ વિચારોને ધ્યાનમાં રાખીને, વિશ્વ ન્યાય મંદિર તરફથી લેખિત એક પત્રમાંથી લેવામાં આવેલો નીચેનો ફકરો વાંચો :

**"આંતરિક આનંદ જેને દરેક વ્યક્તિ પ્રાપ્ત કરવા ઈચ્છે છે, તે ક્ષણિક ભાવનાથી અલગ છે, તે બાહ્ય પ્રભાવ ઉપર નિર્ભર નથી; આ એક એવી પરિસ્થિતિ છે, જે યકીન અને સભાન જ્ઞાનમાંથી જન્મે છે, એવા એક શુધ્ધ હૃદય દ્વારા વિકાસ પામે છે જે એવી બાબતો, જે કાયમી છે તેને જે કાલ્પનિક છે  તેનાથી જૂદી પાડવા સક્ષમ હોય છે."** [૪૨]

ચાલો આપણે અબ્દુલબહાના નીચેના શબ્દો ઉપર ચિંતન કરીને આ એકમનો આપણો અભ્યાસ પૂરો કરીએ :

**"માનવીનો સર્વોત્કૃષ્ટ ઉપહાર છે સાર્વભૌમિક પ્રેમ -એવું ચુંબક જે અસ્તિત્વને શાશ્વત બનાવે છે. તે વાસ્તવિકતાને આકર્ષે છે અને જીવનને અનંત આનંદથી ભરી દે છે. જો આ પ્રેમનો માનવ હૃદયમાં સંચાર થાય છે તો, તેમાં બ્રહ્મમાંડની બધી શક્તિઓનો સાક્ષાત્કાર થશે, કારણકે  આ દિવ્ય શક્તિ છે જે તેને દિવ્ય સ્થાન સુંધી લઈ જાય છે, અને જ્યાં સુંધી તે તેનાથી પ્રકાશિત નહિ થાય ત્યાં સુંધી તે કોઈ વિકાસ કરશે નહિ. વાસ્તવિકતાની પ્રેમ-શક્તિમાં વધારો કરવા માટે, તમારા હૃદયને આકર્ષણના પ્રબળ કેન્દ્રો બનાવવા માટે તથા નવા આદર્શો અને સબંધોનું નિર્માણ કરવા માટે પુરૂષાર્થ કરો"**[૪૩]

# સંદર્ભસુચિ


૧. વિશ્વ ન્યાય મંદિર દ્વારા વિશ્વના બહાઈઓને સંબોધિત રિઝવાન ૨૦૧૦ ના સંદેશમાંથી.

૨. ધ પ્રમોલગેશન ઓફ યુનિવર્સલ પીસ: અબ્દુલબહાના વક્તવ્યો

૩. સિલેકશન્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ અબ્દુલબહા

૪. અબ્દુલબહા ઓન ડિવાઈન ફિલોસોફી

૫. ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૫૩

૬. ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૫

૭. ટેબ્લેટસ ઓફ બહાઉલ્લાહ રિવિલ્ડ આફટર કિતાબ-એ-અકદસ

૮. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, અરબી નં ૧૩

૯. સિલેકશન્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. ૩૪.૨

૧૦. સિલેકશન્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. ૩૫.૭

૧૧. ટેબ્લેટસ ઓફ અબ્દુલબહા અબ્બાસ

૧૨. અબ્દુલબહા, ધ સિક્રેટ ઓફ ડિવાઈન સિવિલાઈઝેસન, નં. ૬૮.૩

૧૩. સિલેકશન્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. ૧૩૬

૧૪. સિલેકશન્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. ૧૫૫

૧૫. ધ પ્રમોલગેશન ઓફ યુનિવર્સલ પીસ: અબ્દુલબહાના વક્તવ્યો

૧૬. ધ પ્રમોલગેશન ઓફ યુનિવર્સલ પીસ: અબ્દુલબહાના વક્તવ્યો

૧૭. અબ્દુલબહા, બહાઈ સ્ક્રીપ્ચર્સ

૧૮. ધ પ્રમોલગેશન ઓફ યુનિવર્સલ પીસ: અબ્દુલબહાના વક્તવ્યો

૧૯. બહાઉલ્લાહ, કોલ ઓફ ધ ડિવાઈન બિલોવ્ડ

૨૦. અબ્દુલબહા, પેરિસ ટોકસમાંથી

૨૧. સિલેકશન્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. ૩૬.૫

૨૨. બહાઉલ્લાહ, કોલ ઓફ ધ ડિવાઈન બિલોવ્ડ

૨૩. સિલેકશન્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. ૧૯૫.૫

૨૪. બહાઉલ્લાહ, કિતાબ-એ-અકદસ, ફકરો નં. ૬૪

૨૫. સિલેકશન્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. ૨૨૩.૧

૨૬. સિલેકશન્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. ૩૫.૪

૨૭. સિલેકશન્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. ૨૦૬.૯

૨૮. બહાઉલ્લાહ, પ્રેયર્સ એન્ડ મેડિટેશન

૨૯. બહાઉલ્લાહ, પ્રેયર્સ એન્ડ મેડિટેશન

૩૦. વિશ્વ ન્યાય મંદિર તરફથી એક શ્રધ્ધાળુને ૨૩ નવેમ્બર ૧૯૮૩ ના રોજ લેખિત એક પત્રમાંથી.

૩૧. શોઘી અફેન્દી તરફથી એક શ્રધ્ધાળુને ૮ ડિસેમ્બર ૧૯૩૫ ના રોજ લેખિત એક પત્રમાંથી

૩૨. સિલેકશન્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. ૧૦૭.૧

૩૩. અબ્દુલબહા ઓન ડિવાઈન ફિલોસોફી

૩૪. શોઘી એફેન્દી દ્વારા એક રાષ્ટ્રિય આધ્યાત્મિક સભાને સંબોધિત ૩૦ જૂન ૧૯૫૭ ના એક પત્રમાંથી

૩૫. ટેબ્લેટસ ઓફ અબ્દુલબહા અબ્બાસ

૩૬. ટેબ્લેટસ ઓફ અબ્દુલબહા અબ્બાસ

૩૭. ટેબ્લેટસ ઓફ અબ્દુલબહા અબ્બાસ

૩૮. સિલેકશન્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. ૨૩૬.૪

૩૯. સિલેકશન્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. ૧૯૯.૧

૪૦. ટેબ્લેટસ ઓફ અબ્દુલબહા અબ્બાસ

૪૧. અબ્દુલબહા, પેરિસ ટોકસ

૪૨. વિશ્વ ન્યાય મંદિર દ્વારા શ્રધ્ધાળુઓના એક સમુહને લેખિત ૧૯ એપ્રિલ ૨૦૧૩ ના અપ્રકાશિત એક પત્રમાંથી.

૪૩. અબ્દુલબહા ઓન ડિવાઈન ફિલોસોફી



# અનુપ્રેરક તરીકે સેવા આપવી

## ઉદ્દેશ

કિશોર આધ્યાત્મિક સશક્તિકરણ કાર્યક્રમને આકાર
આપતા ખ્યાલો વિશે ચિંતન કરવું

## વિભાગ ૧

આ પુસ્તકના બીજા એકમમાં, આપણે ચર્ચા કરી કે પ્રારંભિક કિશોરાવસ્થા દરમિયાન એક યુવાનના જીવનમાં સામાજિક પર્યાવરણ ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવે છે. તેને અનુરૂપ "કિશોર જૂથ"ના ખ્યાલને કેન્દ્રમાં રાખીને કિશોર આધ્યાત્મિક સશક્તિકરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આપણે સ્પષ્ટતા કરી છે કે કિશોર જૂથ કોઈ બાળવર્ગ નથી. તેમાં જ્ઞાન કેન્દ્રના કેટલાક લક્ષણો જોવા મળે છે, પણ તેનું પ્રાથમિક કાર્ય તેના સભ્યો માટે પરસ્પર સહયોગનું વાતાવરણ પુરૂં પાડવાનો છે જેમાં તેઓ આધ્યાત્મિક સમજ તથા વિચાર અને વર્તનની એવી શૈલીઓનો વિકાસ કરી શકે જે જીવનભર તેમના લક્ષણો બની રહેશે.

એક કિશોર જૂથ ત્રણ વર્ષ સુંધી ઓછામાં ઓછું અઠવાડિયામાં એક વાર મળે છે, અને વાર્ષિક રીતે આયાજિત કેટલીક શિબિરોમાં ભાગ લે છે. એક જૂથ તરીકે તેના સભ્યો સાથે મળીને જે સમય પસાર કરે છે તે બાર થી પંદર વર્ષના વય-જૂથ માટે ખાસ તૈયાર કરેલા સાહિત્યનો અભ્યાસ પર કેન્દ્રિત હોય છે. કિશોરો પરિયોજનાઓ વિશે પરામર્શ કરે છે, અને સમુદાયમાં સેવા પરિયોજનાનો અમલ કરે છે, રમતો રમે છે, અને તેમના માહોલને અનુરૂપ નાટક અને હસ્તકલા જેવી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કરે છે. શિબિરો, જે થોડા દિવસો માટે હોય છે તેમાં, વ્યક્તિગત જૂથ તરીકે સઘન અભ્યાસમાં ભાગ લે છે તેમજ કાર્યક્રમમાં ભાગ લઈ રહેલા તેમના મહોલ્લા કે ગામના બીજા જૂથો સાથે મળીને સામુહિક પ્રસંગો અને પ્રવૃતિઓમાં સહભાગી થાય છે. આ એકમમાં આપણે આ આધ્યાત્મિક સશક્તિકરણ કાર્યક્રમના વિભિન્ન તત્વોનું વિશ્લેષણ કરીશું જેનાથી તમારે પરિચિત થવું જોઈએ.

## વિભાગ ૨

સૌથી પહેલા ચાલો આપણે જૂથના સભ્યપદ વિશે વિચાર કરીએ. જ્યારે એક સમુદાયના કિશોરો આ કાર્યક્રમમાં રૂચિ દર્શાવે છે ત્યારે, દશ થી પંદર સભ્યોના એક જૂથની સ્થાપના કરવાનું શક્ય બને છે. તેમાં મોટાભાગના સભ્યોની ઉંમર બાર અને તેર વર્ષની હશે ત્યારે, તેમાંથી કેટલાક કદાચ બાર વર્ષથી થોડા નાના હશે જ્યારે કેટલાક ૧૪ વર્ષના પણ હોઈ શકે છે. અનુભવ દર્શાવે છે કે, ઉંમર ગમે તેટલી હોય, પરંતું જ્યારે તેના સભ્યો ત્રણ વર્ષ સુંધી એકસાથે રહે છે અને એક જૂથ તરીકે આ કાર્યક્રમ પૂરો કરે છે ત્યારે તે વધારે અસરકારક પુરવાર થાય છે. તે બિંદુએ, તેમાંથી જે લોકો ઈચ્છતા હોય તેઓ એકસાથે મળીને શૈક્ષણિક પ્રક્રિયાના આગળના ચરણમાં જઈ શકે છે, સંસ્થાન પાઠયક્રમની મુખ્ય શ્રેણીનો અભ્યાસ કરીને તેના દ્વારા તેમની સમક્ષ ખુલતા સેવાના માર્ગોનું અનુસરણ કરી શકે છે.

કેટલીક જગ્યાએ જે કિશોરો એક જૂથનો ભાગ બનશે તેમણેં બહાઈ બાળ વર્ગોમાં ભાગ લીધો હશે, પરંતું એક વાત યાદ રાખવી જોઈએ કે, અનેક પરિસ્થિતિઓમાં, જે કિશોરો આ કાર્યક્રમમાં આવશે તેમનો પ્રભુધર્મ સાથે પહેલાં કોઈ સંપર્ક હશે નહિ. તેથી, ઉંમરમાં તફાવતની સાથે, ઘણીવાર તેમની પૃષ્ઠભૂમિ અને અનુભવમાં પણ તફાવત જોવા મળશે. જૂથો કદી એક સરખા હોતા નથી અને અનુપ્રેરકોને કિશોરોની વિભિન્ન અભિરૂચિનો પ્રતિભાવ આપવાના પડકારનો નિરંતર સામનો કરતાં રહેવું પડે છે. આ સંદર્ભમાં મોટા પ્રમાણમાં લચકતા અને સર્જનાત્મકતાની જરૂર પડે છે અને દર વખતે તમે જ્યારે જૂથ સાથે મળશો ત્યારે, તમારે આ પડકારનો સામનો કરવા માટે તમારી જાતને તૈયાર કરવાની જરૂર પડશે. દાખલા તરીકે, તમે નીચેની પરિસ્થિતિઓનો કેવી રીતે સામનો કરશો ?

- તમે જે કિશોર જૂથની સહાયતા કરી રહ્યા છો, તેના અમુક સભ્યો, ફકરો વાંચવામાં મુશ્કેલી અનુભવી રહ્યા છે.
- જૂથના ઓછી વયના સભ્યો સાથે તમે જ્યારે અલગથી કામ કરવાનો પ્રયત્ન કરો છો તો તેમને અપમાનજનક લાગે છે.

- મોટી ઉંમરના એક-બે સભ્યોને જૂથની પ્રવૃત્તિઓ પુરતા પ્રમાણમાં પડકારયુક્ત લાગતી નથી.
- જૂથના કેટલાક સભ્યો, કોઈ ચોક્કસ પ્રવૃત્તિમાં ભાગ લેવાનો ઈન્કાર કરે છે.
- જૂથના કેટલાક સભ્યો, બીજા સભ્યોની સરખામણીમાં સાહિત્યનો ઝડપથી અભ્યાસ પૂરો કરી લેવાની ક્ષમતા દર્શાવે છે.
- જૂથના છોકરા અને છોકરીઓ ચોક્ક્સ પ્રવૃત્તિઓમાં એકસાથે ભાગ લેવાની અનિચ્છા દર્શાવે છે.
- જૂથના કેટલાક સભ્યો પાસે ફાળો આપવા માટે પૂરતા પૈસા નથી, દાખલા તરીકે જૂથના પ્રવાસ માટે.
- એક - બે સભ્યો તેમની હાજરીમાં અનિયમિત છે.
- એક સભ્ય બેઠકો દરમિયાન અનુચિત જોક કે મજાક કરે છે.
- જૂથમાં કેટલાક સભ્યો બેઠકો દરમિયાન તેમના નાના ભાઈ-બહેનોને સાથે લઈને આવે છે.
- એક-બે સભ્યો જૂથની ચર્ચામાં ભાગ લેતા નથી.

તમારા સમુહમાં આ અને તેના જેવી બીજી પરિસ્થિતિઓ વિશે ચર્ચા કરો. તમે જેમ જેમ સેવાના આ ક્ષેત્રમાં અનુભવ મેળવતા જશો તેમ તેમ, તમે તમારા સાથી અનુપ્રેરકો સાથેની સમયાંતર ચિંતન બેઠકોમાં સમયે સમયે અને વારંવાર આવા પડકારોનું વિશ્લેષણ કરશો તથા નવી અંતઃદૃષ્ટિ પ્રાપ્ત કરશો.

________________________________________

## વિભાગ ૩

જે પુસ્તકોનો અભ્યાસ આ કાર્યક્રમના કેન્દ્રમાં છે -પુસ્તક ૨ માં આપેલ સૂચનનું અનુસરણ કરીને તમે કેટલાક પુસ્તકો વાંચ્યા હશે -તેની ભાષા અને તેમાં વિશ્લેષણ કરવામાં આવતા ખ્યાલો એમ બંન્નેની કઠીનતાના સ્તરને આધારે ક્રમબધ્ધ ગોઠવણી કરવામાં આવેલી છે. તેને બે વર્ગોમાં વિભાજિત કરવામાં આવ્યા છે. પ્રથમ વર્ગના પુસ્તકો બહાઈ દૃષ્ટિકોણ મુજબ વિષયોની ચર્ચા કરે છે, પરંતું તે ધાર્મિક ઉપદેશોના રૂપમાં ચર્ચા કરતા નથી. આ સંદર્ભમાં તેને "બહાઈ પ્રેરિત" પુસ્તકો ગણી શકાય છે. તે આ કાર્યક્રમના એક મુખ્ય ઘટકની રચના છે. બીજા વર્ગમાં એવા પાઠયપુસ્તકોનો સમાવેશ થાય છે જે વિશિષ્ટ રીતે બહાઈ ઘટક છે, જેની સંખ્યા પ્રમાણમાં ઓછી છે. આ ઘટકની આપણે આગળના વિભાગમાં વિશ્લેષણ કરીશું અને અહિં આપણે બહાઈ પ્રેરિત પાઠયપુસ્તકો ઉપર ધ્યાન કેન્દ્રિત કરીશું.

સામાન્ય રીતે, એવા વિશ્વાસ સાથે આ પ્રકારનું શૈક્ષણિક સાહિત્ય તૈયાર કરવામાં આવે છે કે, બહાઉલ્લાહના પ્રગટીકરણના મહાસાગરમાં વિવેકના અસંખ્ય મોતી છે જેને રસ ધરાવતી વ્યક્તિઓને આપવા જોઈએ, પછી ભલે તેમણેં હજું સુંધી તેમના સ્થાનનો સ્વીકાર નહિ કર્યો હોય. તમે જ્યારે પુસ્તક ૨ ના ત્રીજા એકમ "બહાઈ માન્યતાઓનો પરિચય" માં, આધ્યાત્મિક જ્ઞાન અને તેમાંથી પ્રાપ્ત અંત:દૃષ્ટિને તમારા વાર્તાલાપમાં સામેલ કરવાના હેતુથી અબ્દુલબહાના વક્તવ્યો અને પાતીઓમાંથી લેવામાં આવેલા ફકરાઓનો અભ્યાસ કર્યો હતો, તેનાથી તમે આ ખ્યાલ વિશે પહેલાંથી જ પરિચિત છો.

તમારા અનુભવમાંથી તમે જાણો છો તે મુજબ, તે એકમમાં ચર્ચા કરવામાં આવેલા વિષયોની બીજા સાથે ચર્ચા કરતી વખતે, કેટલાક અવસરે તમે સહજ રીતે તમારી પ્રેરણાના સ્ત્રોતનો ઉલ્લેખ કરી શકો છો, જ્યારે કેટલાક અવસરે તેનો ઉલ્લેખ નહિ કરવાનું તમને ઉચિત લાગી શકે છે જે દરેક પરિસ્થિતિની માંગ ઉપર નિર્ભર હોઈ શકે છે. આજ સિધ્ધાંત બહાઈ પ્રેરિત સાહિત્યના કિસ્સામાં પણ લાગુ પડે છે. તેના સંદર્ભમાં વિશ્વ ન્યાય મંદિર તરફથી લેખિત એક પત્ર કહે છે :

> **"બહાઈ સામાજિક અને આર્થિક વિકાસને સંચાલિત કરતા પાયાના સિધ્ધાંતોમાંથી એક સિધ્ધાંત છે કે, મિત્રોએ બહાઉલ્લાહના શિક્ષણોને ઉદારપણે અને બિનશરતે માનવજાતને આપવા જોઈએ કે જેથી દરેક જગ્યાએ લોકો તાકીદના સામાજિક મુદ્દાઓ માટે તેનો ઉપયોગ કરી શકે અને ભૌતિક અને આધ્યાત્મિક આયામો -એમ બન્નેના સંદર્ભમાં, તેમના વ્યક્તિગત અને સામુહિક જીવનને બહેતર બનાવી શકે. ઈશ્વરના શબ્દોની પહોંચ (ઉપલબ્ધિ) બહાઉલ્લાહને આજના યુગના અવતાર તરીકેના સ્વીકારની શરત ઉપર નિર્ભર હોવી જોઈએ નહિ. વધુમાં, પરિસ્થિતિની માંગ અનુસાર, તેના શિક્ષણોને આધારે વિકસિત કરવામાં આવેલા શૈક્ષણિક કાર્યક્રમના મૂળમાં રહેલા પ્રેરણાના સ્ત્રોતના ઉલ્લેખથી દૂર રહેવું અનુચિત હશે નહિ. આ સંદર્ભમાં, એવા અનેક વિકલ્પો છે જેનો મિત્રગણ શૈક્ષણિક સાહિત્યનું નિર્માણ કરવામાં વિચાર કરી શકે છે જે પ્રભુધર્મના શિક્ષણો અને સિધ્ધાંતો ઉપર આધારિત હોય."[૧]**

વિશ્વ ન્યાય મંદિર તરફથી લેખિત બીજા એક પત્રમાં વિશ્વ ન્યાય મંદિર કહે છે :

> **"અમને આપને સૂચિત કરવાનું કહેવામાં આવ્યું છે કે, જો એવું કરવામાં વિવેક હોય તો બહાઈ પ્રેરિત અભ્યાસક્રમમાં બહાઈ લખાણોંમાંથી લેવામાં આવેલા અવતરણોનો ઉપયોગ કરતી વખતે તેના લેખકનો ઉલ્લેખ કરવો જરૂર નથી."[૨]**

આવી રીતે, બહાઉલ્લાહના પ્રગટીકરણના પ્રત્યક્ષ પ્રભાવ હેઠળ બહાઈ પ્રેરિત સાહિત્યનો વિકાસ કરવામાં આવે છે ત્યારે પ્રભુધર્મનો કેટલા પ્રમાણમાં ઉલ્લેખ કરવો તે સાહિત્યના દરેક સેટનું સ્વરૂપ અને તેના અપેક્ષિત ઉપયોગને આધારે નક્કી કરી શકાય છે. અમુક સાહિત્યમાં, પવિત્ર લખાણોંમાંથી અવતરણોનો સમાવેશ કરવાનું એકદ્દમ ઉચિત હોય છે. બીજામાં, કોઈપણ અવતરણો વિના બહાઈ શિક્ષણોનું વર્ણન કરી શકાય છે. બંન્ને પરિસ્થિતિમાં, મુળ સ્ત્રોતના સંદર્ભનો સમાવેશ કરી શકાય છે, અથવા

નહિ પણ કરી શકાય. આમછતાં, એમ સમજવું જરૂરી છે કે, જ્યાં પ્રભુધર્મનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવતો નથી એવી પરિસ્થિતિમાં પણ, શીખવા-શીખવવાના અનુભવનો સંદર્ભ સ્પષ્ટ કરે છે કે, ચોક્કસ સાહિત્ય બહાઉલ્લાહના પ્રગટીકરણ દ્વારા પ્રેરિત છે.

આપણે અહિં જે બહાઈ પ્રેરિત સાહિત્ય ઉપર વિચાર કરી રહ્યા છીએ તે, પવિત્ર લખાણોંમાંથી પ્રત્યક્ષ રીતે અવતરણોનો સમાવેશ કરીને તથા બૌધિક, નૈતિક અને આધ્યાત્મિક વિષયો ઉપર આધારિત પ્રસ્તુતિઓ એમ બંન્નેમાં, ઈશ્વરના શબ્દની શક્તિને આકર્ષિત કરે છે. પાઠયપુસ્તકો સ્વયં સંદર્ભ આપતા નથી, અને તેને સામાન્ય રીતે અનુપ્રેરકોના વિવેક ઉપર છોડવામાં આવે છે કે, તેઓ જૂથની પરિસ્થિતિ તથા તેની ઈચ્છા અને રૂચિને આધારે તેનો નિર્ણય કરે કે, તેમણેં અવતરણોના સ્ત્રોતનો ઉલ્લેખ કરવો જોઈએ કે નહિ, અને જો ઉચિત હોય તો કયા બિંદુ સુંધી એવું કરવું. મોટેભાગે કિશોર જૂથો દ્વારા સૌથી પહેલાં અભ્યાસ કરવામાં આવતા "સંપુષ્ટિની સુરભી" નામના પુસ્તકના એક પાઠમાંથી લેવામાં આવેલો એક અંશ નીચે આપવામાં આવ્યો છે. તે વાંચો અને કેવી રીતે તેને બહાઈ પ્રેરિત માની શકાય છે તેના વિશે ચર્ચા કરો.

ગોડવિનનો એક સહપાઠી છે ચિશિંબા, તે એનો સારો મિત્ર પણ છે. તે ઘણીવાર મુલેન્ગાના પરિવારને મળવા આવે છે અને આજે રાત્રે તે ભોજન માટે રોકાવાનો છે. ભોજનના ટેબલ પર ચર્ચાનો વિષય એક પર થી બીજો, એમ બદલાતો હતો. મુસોન્દા સંપુષ્ટિનો વિષય લાવવા માંગે છે અને તેના માટે તે અધીરી બની રહી છે. આખરે થોડી ક્ષણ માટે શાંતિ છવાઈ જાય છે. મુસોન્દા બોલી, "રોઝ અને હું સંપુષ્ટિ વિષે વાત કરી રહ્યા હતા."

"લો, મારી નાની બહેન શરૂ થઈ ગઈ," ગોડવિને ગળું ખોંખારતા કહ્યું. પરંતું તેને આશ્ચર્ય થયું કે, ચિશિંબાને રસ પડયો.

"તારા માટે આ શબ્દનો અર્થ શું છે ?" તેણેં મુસોન્દાને પુછયું.

મુસોન્દાએ પણ આશ્ચર્ય પામતાં રોઝ સામે જોયું, એ આશા સાથે કે તે જવાબ આપશે.

"સંપુષ્ટિ... ઈશ્વર આપણને સંપુષ્ટિ આપે છે અને આપણે જે કાર્ય કરીએ છીએ તેમાં આપણી સહાય કરે છે," રોઝે કહ્યું.

ચિશિંબા થોડી વાર માટે કંઈ બોલ્યો નહિ. તેની આંખોમાં દુઃખ છલકાતું હતું. "થોડા મહિના પહેલાં," તેણેં ધીરેથી શરૂઆત કરી, "મારા પિતાએ તેમની નોકરી ગુમાવી દીધી. તે પ્રમાણિક અને જવાબદાર છે અને બધા તે જાણે છે. ૧૮ વર્ષ સુંધી તેમણે એક કંપનીમાં ચોકીદાર તરીકે કામ કર્યું, અને પછી અચાનક જ એમણેં તેમને નોકરીમાંથી કાઢી મુક્યા. અમે બધા કારણ જાણીએ છીએ. જો તેઓએ તેમને બે વર્ષ વધારે નોકરીમાં રાખ્યા હોત તો તેઓ નિવૃત થઈ જાત અને કંપનીએ તેમને પેન્શન આપવું પડત. અમારી પાસે કંઈ વધારે બચત નથી. મારો મોટો ભાઈ અમને મદદ કરે છે. છતાં પણ એમ લાગે છે કે હું આવતા વર્ષે શાળામાં ભણવા પાછો નહિ જઈ શકું, કારણકે હું મારો ભણવાનો અને રહેવાના રૂમનો ખર્ચો નહિ આપી શકું. મને ખરેખર શાળા પ્રત્યે ખૂબ જ પ્રેમ છે. હું વિચારૂં છું કે ઈશ્વર મારી મદદ કેમ નથી કરતા ?"

બધા એવી અપેક્ષાથી શ્રી. મુલેન્ગા તરફ જુએ છે કે તેઓ આ પ્રશ્નનો જવાબ આપશે.

શ્રી. મુલેન્ગા મલકાય છે અને કહે છે, ‘‘આપણે જયારે પ્રયત્ન કરીએ છીએ ત્યારે ઈશ્વર આપણને સંપુષ્ટિ આપે છે તેનો અર્થ એવો નથી કે જીવન સરળ છે. તમારા જીવન કઠીનાઈઓથી ભરેલા હશે, અને બદનસીબે તેમાંની ઘણી બધી અન્યાયને કારણે હશે. પરંતું તમારે કઠીન પરિશ્રમ કરવો પડશે અને થોડા સમય માટે વસ્તુઓ તમારી ઈચ્છા અનુસાર ના બને તો પણ તમારે ઈશ્વરની સંપુષ્ટિમાં શ્રધ્ધા રાખવી જોઈએ. અન્યાયને દૂર કરવાના તમારા પ્રયત્નોને ઈશ્વર વિશેષ રીતે સંપુષ્ટિ આપશે.’’ તેઓ ચિશિંબા તરફ ફરીને કહે છે, ‘‘તારૂં કુટુંબ મહેનતુ છે અને તેમાં એકતા છે. મારૂં દિલ કહે છે કે તમારી પરિસ્થિતિ બદલાશે અને તું તારૂં ભણતર પુરૂ કરી શકીશ, તું મારા શબ્દો ઉપર ભરોસો રાખ.’’

વિગાગ ૨૦ અને ૨૧ માં આપણે વધારે વિગતે ‘સંપુષ્ટિની સુરભી’વિશે જોઈશું, પરંતું હમણા તમે કદાચ તમારા સમુહમાં નીચેના પ્રશ્નોની ચર્ચા કરવા ઈચ્છશો :

૧. ઉપરોક્ત વાર્તાલાપમાં કયા મુખ્ય આધ્યાત્મિક ખ્યાલની ચર્ચા કરવામાં આવી છે ?

૨. શું કિશોરો સમજી શકે એવી રીતે ખ્યાલ પ્રસ્તુત કરવામાં આવ્યો છે ?

૩. આ પુસ્તકના બીજા એકમમાં આપણે ‘‘સ્વ’’ ઉપર વધારે પડતો ભાર આપવાના જોખમો વિશે વિચાર કર્યો હતો. એક એવી શૈક્ષણિક પ્રક્રિયા જે પ્રયનશીલ રહેવા અને ઈશ્વરની સંપુષ્ટિને આકર્ષિત કરવાના મહત્વ ઉપર ભાર આપે છે તે એવી પ્રક્રિયાથી કેવી રીતે જૂદી પડે છે જે આત્મ બોધ, આત્મ ખોજ અને આત્મ સન્માનની આજુબાજુ સંયોજિત છે, જેનું આ એકમમાં વર્ણન કરવામાં આવ્યું છે.

૪. શું બહાઈ પરિવારોમાંથી આવતા કિશોરો સહિત, બધા પ્રકારની પૃષ્ઠભૂમિમાંથી આવતા, બધાજ કિશોરો માટે અહિં ધ્યાનમાં લેવામાં આવેલા બહાઈ પ્રેરિત સાહિત્યનો અભ્યાસ લાભદાયી છે ? શા માટે ?

## વિભાગ ૪

બીજા વર્ગના પાઠયપુસ્તકો બહાઈ બાળ વર્ગોમાં પ્રાપ્ત કરવામાં આવેલી આધ્યાત્મિક કેળવણીનું સાતત્ય જાળવી રાખવા માટેનો વિષય પૂરો પાડે છે. તે મુળભૂત બહાઈ માન્યતાઓના તેમના ઉપયોગમાં સ્પષ્ટ છે અને કેવી રીતે આ માન્યતાઓને સામુદાયિક જીવનના સંદર્ભમાં ક્રિયામાં રૂપાંતરિત કરવામાં આવશે તેના વિશે ચર્ચા કરે છે. બહાઉલ્લાહનું આજના યુગના ઈશ્વરીય અવતાર તરીકેનું સ્થાન, માનવજાત માટેના તેમના ઉદ્દેશના સાકારરૂપમાં સંપૂર્ણ વિશ્વાસ, તેમના કાયદાઓનું આજ્ઞાપાલન, અને તેમની સંવિદાની શક્તિમાં દ્રઢવિશ્વાસ દ્વારા આપણે જે અપાર સ્વતંત્રતા અને આનંદ પ્રાપ્ત કરીએ છીએ તેની ખાતરી -આ કેટલીક એવી માન્યતાઓ છે જે પુસ્તકોમાં કેવી રીતે વિષયોની ચર્ચા કરવામાં આવી છે તેની માહિતી આપે છે.

આ વર્ગના સાહિત્ય વિશે વિચાર કરતી વખતે, ધર્મસંરક્ષક તરફથી લેખિત નીચેનો ફકરો તમને મદદરૂપ પુરવાર થશે :

**"... આધુનિક યુવાનો જે જોખમોનો સામનો કરી રહ્યા છે તે ઉત્તરોત્તર ગંભીર બનતા જાય છે અને તે તાત્કાલિક ઉકેલ માટે આહ્વાન કરે છે. પણ અનુભવ સ્પષ્ટ કરે છે તે મુજબ, આ ખરેખર દુ:ખદ અને જટિલ પરિસ્થિતિનો પરંપરાગત અને પુરોહિતવાદી ધર્મમાંથી ઉકેલ મેળવી શકાતો નથી. ગીરજાઘરના કટ્ટરવાદનો હંમેશ માટે અસ્વીકાર કરવામાં આવ્યો છે. આ દુનિયામાં બહાઉલ્લાહ દ્વારા પ્રગટીત એક સાચા, રચનાત્મક અને સજીવ ધર્મની શક્તિ યુવાનોને અંકુશમાં રાખી શકે છે અને આ યુગની જડ ભૌતિકવાદની જાળમાંથી બચાવી શકે છે. ભૂતકાળની જેમ, આજે પણ ધર્મ જ દુનિયાની એક માત્ર આશા છે, પણ ધર્મનું એવું સ્વરૂપ નહિ, જેનો આપણો પુરોહિત વર્ગ ઉપદેશ આપવાનો વ્યર્થ પ્રયત્ન કરે છે. સાચા ધર્મથી વિમુખ થઈને, નૈતિકતા તેનો પ્રભાવ ગુમાવી દે છે તથા માનવીના વ્યક્તિગત અને સામાજિક જીવનને માર્ગદર્શિત અને નિયંત્રિત કરવાનું બંધ કરી દે છે. પણ જ્યારે સાચા ધર્મને સાચા મૂલ્યો સાથે જોડી દેવામાં આવે છે ત્યારે નૈતિક પ્રગતિ માત્ર એક આદર્શ નહિ રહેતાં એક સંભાવના બની જાય છે."[૩]**

ઉપરોક્ત ફકરો સ્પષ્ટ કરે છે કે, પરંપરાગત ધર્મના ઘટતા જતા પ્રભાવથી વિપરિત, એક સજીવ ધર્મની શક્તિ આજે સમાજમાં એટલા વધારે પ્રમાણમાં વ્યાપ્ત એવી "જડ ભૌતિકવાદની જાળ"માંથી યુવાનોને બચાવી શકે છે. યુવાનો જેનો અભ્યાસ કરે છે તેના વિષયોમાં અને તેમની આધ્યાત્મિક ક્ષમતાઓના વિકાસમાં તેમની મદદ કરવામાં આવે છે તે રીત એમ બંન્નેમાં આ શક્તિ પ્રતિબિંબિત થવી જોઈએ. આ વિચારધારાઓ અંગે આગળ વિચાર કરવા માટે, "આસ્થાની ચેતના" માંથી લેવામાં આવેલા એક અંશ ઉપર નજર કરીએ - જે અહિં સમીક્ષા કરવામાં આવનાર વર્ગના પાઠયપુસ્તકોમાંથી એક છે.

*આસ્થાની ચેતના* મૂળભૂત રીતે દાર્શનિક વિષયોની ચર્ચા કરે છે, કારણકે આ ઉંમરમાં યુવાનો અસ્તિત્વના એવા મૂળભૂત પ્રશ્નો સાથે ઝઝુમે છે જેનો યોગ્ય જવાબ આપવો જોઈએ, જો આપણે તેમને ભાવિ જીવનમાં દ્વિધા અને વિશ્વાસ ગુમાવી દેવાથી બચાવવા ઈચ્છતા હોય તો. બહાઈ ધર્મના શિક્ષણોમાંથી માનવ મનને મુંઝવતી અનેક સમસ્યાઓનો જવાબ મેળવી શકાય છે: જેમકે, માનવ અસ્તિત્વનું વાસ્તવિક સ્વરૂપ, ભલાઈ અને બુરાઈ, સ્વતંત્ર ઈચ્છા અને નસીબ, ઉત્કાતિ અને માનવ ચેતનાનું પ્રગટ-સ્વરૂપ, માનવ -બુધ્ધિ અને આસ્થાની ચેતના. 'આસ્થાની ચેતના' આ વિષયો પર પ્રકાશ પાડવાના હેતુથી પવિત્ર ગ્રંથોમાંથી, ખાસ કરીને 'સમ આન્સવર્ડ કવેશ્ચન્સ'માં અબ્દુલ-બહાની હૃદય-સ્પર્ષી સ્પષ્ટતાઓમાંથી પ્રાપ્ત અંત:દૃષ્ટિ પૂરી પાડે છે. તે અઠવાડિક બેઠકો દરમિયાન અને પછીથી જ્યારે તેઓ શિબિરમાં એકસાથે મળીને સમય વિતાવે છે તેમાં કિશોરોના જૂથમાં થતા વાર્તાલાપ દ્વારા દરેક વિષયની રજુઆત કરે છે. નીચેનો વિભાગ એક પાઠમાંથી લેવામાં આવ્યો છે જેમાં યુવાનો તેમના અનુપ્રેરક, નટાલીયા પેટ્રોવના સાથે 'નસીબ'ને લગતા પ્રશ્ન વિશે ચર્ચા કરે છે:

“ચાલો જોઈએ કે અત્યાર સુંધી આપણે શું સમજ્યા છીએ,” નટાલીયા એ કહ્યું. “સારા કે ખરાબ કાર્ય કરવા માટે આપણી પાસે સ્વતંત્ર ઈચ્છાશક્તિ છે અને એક શ્રેષ્ઠ જીવન જીવવા માટે આપણી સંકલ્પશક્તિનો ઉપયોગ કરવો પડે છે. પરંતું સ્વતંત્ર ઈચ્છા હોવાનો અર્થ એવો નથી કે આપણે બધી જ વસ્તુઓ પર નિયંત્રણ રાખી શકીએ છીએ. આપણી સાથે એવી ઘટનાઓ બને છે જેના પર આપણું બહુ નિયત્રણ હોતું નથી. હવે હું તમને એક બીજા વિચાર વિશે પ્રશ્ન કરવા ઈચ્છું છું. “નસીબ” શબ્દ વિશે તમે શું સમજો છો ?”

“મારા વિચાર પ્રમાણે નસીબ એ છે જેને આપણે આપણા જીવનમાં બદલી શકતા નથી,” ઈગોરે કહ્યું.

“સાંભળવામાં આ સારૂ લાગે છે. શું કોઈ થોડા ઉદાહરણ આપી શકે છે ?” નટાલીયાએ પૂછયું.

“આપણે આપણા માતા-પિતાની પસંદગી કરી શકતા નથી,” નાદીયા કહે છે.

“આપણે એ જગ્યા નક્કી કરી શકતા નથી જ્યાં આપણો જન્મ થાય છે,” અન્ટોન કહે છે.

“મારા માતા-પિતા હંમેશા કહેતા આવ્યા છે કે મારા નસીબમાં એક મહાન પીયાનો વાદક બનવાનું છે,” વાડીકે કહે છે.

“પરંતું આમ કરવું તારા માટે અનિવાર્ય નથી. તું ઈચ્છે તો બીજું કંઈક પસંદ કરી શકે છે,” મરીન બોલી.

“આ સાચુ છે. નસીબ એટલું સરળ નથી,” નટાલીયાએ કહ્યું. “એક સરસ ઉદાહરણ છે, જેના દ્વારા આપણે નસીબ વિશે વધારે સારી રીતે સમજી શકીશું. શું તમારામાંથી કોઈએ કદી જોયું છે જાજમ કેવી રીતે વણાય છે ?”

બધાના ચહેરા ખાલી ખાલી નજરમાં આવી રહ્યા હતા, એટલે નટાલીયાએ બોલવાનું ચાલું રાખ્યું.” એક ઢાંચો હોય છે. આ ઢાંચામાં દોરા સમાંતર રીતે એક છેડાથી બીજા છેડા સુધી ખેંચીને બાંધવામાં આવે છે. વણકર અલગ અલગ રંગના દોરાનો ઉપયોગ કરીને એક આકૃતિ બનાવે છે. શરૂઆતના અનુયાયીઓમાંથી કોઈએ અબ્દુલ-બહાને એક વાર આમ કહેતાં સાંભળ્યું હતું કે આપણે વણકર જેવા છીએ. આપણને ઢાંચો અને દોરા આપી દેવામાં આવ્યા છે, જેની તુલના તમે એવી પ્રતિભાઓ અને શક્તિઓ સાથે કરી શકો છો જેની સાથે આપણો જન્મ થાય છે. આ આપણું નસીબ છે. પરંતુ ઢાંચો કે શાળ પર તૈયાર થતી આકૃતિ આપણે પસંદ કરીએ છીએ. પોતાના કાર્યો માટે આપણને સ્વતંત્રતા છે. દરેક કાર્ય એ આકૃતિના એક નાના ભાગનું નિર્માણ કરે છે. જ્યારે આપણે મોટા થઈએ છીએ ત્યારે આપણે વણીને તૈયાર કરેલા જાજમ જેવા હોઈએ છીએ. સ્વતંત્ર ઈચ્છાશક્તિ અને સંકલ્પશક્તિ દ્વારા આપણે એ શક્તિઓ અને પ્રતિભાઓનો વિકાસ કરીએ છીએ જે ઈશ્વરે આપણને પ્રદાન કરેલી છે.”

---

**ચિંતન:**

ઈશ્વરે આપણને અલગ અલગ ક્ષમતાઓ આપી છે. કોઈ જીવ વિજ્ઞાનમાં કુશળ હોઈ શકે છે, જ્યારે બીજા કોઈની પ્રતિભા સંગીતમાં હોઈ શકે છે. પરંતુ આપણામાંથી બધાને એ બાબતો આપવામાં આવી છે જે શ્રેષ્ઠ મનુષ્ય બનવા માટે આવશ્યક છે. એટલા માટે પોતાની ખામીઓ માટે નસીબને કોસવું યોગ્ય નથી, જ્યારે આપણે આવું કરીએ છીએ ત્યારે આપણી જાતને સુધારવા માટેના પ્રયત્નો બંધ કરી દઈએ છીએ. નીચે આપેલી દરેક પરિસ્થિતિ માટે એવા વિચારોની પસંદગી કરો જેનાથી કોઈ વ્યક્તિને પોતાની પરિસ્થિતિ બદલવામાં મદદ મળતી હોય:

ક. કોઈ વ્યક્તિ વારંવાર બીમાર પડે છે, કારણ કે તે હાનિકારક આહાર લે છે. તે વિચારે છે કે:

____ આ મારૂં નસીબ છે કે હું બીમાર અને કામજોર રહું.

____ મારે બહાના બનાવવાનું છોડી દઈને મારી ખાવાની આદતો બદલવી જોઈએ.

ખ. કોઈ વ્યક્તિ વાંચતો નથી અને તેથી પરીક્ષામાં તે સારા ગુણ મેળવી શકતો નથી. તે વિચારે છે :

____ હું કદાચ સર્વશ્રેષ્ઠ વિધાર્થી નહિ બની શકું પરંતુ સખત મહેનતથી હું વધારે સારૂં કરી શકું છું.

____ શાળામાં સફળતા મેળવવી એ મારા નસીબમાં જ નથી.

ગ. કોઈ વ્યક્તિ મુશ્કેલીમાં આવી જાય છે ત્યારે દારૂ પીએ છે. જ્યારે તે નશામાં નથી રહેતો ત્યારે તે વિચારે છે :

____ મારૂં જીવન મને દારૂ પીવા માટે મજબૂર કરે છે.

____ જીવનની સમસ્યાઓનો હું સામનો કરી શકું છું, મને દારૂની જરૂર નથી.

ઘ. કોઈ વ્યક્તિને પોતાના મિત્રોની નિંદા કરવાની ટેવ છે, તેથી તેઓ તેમનાથી દૂર રહે છે. તે વિચારે છે :

____ કોઈ મને પસંદ કરતું નથી.

____ મારે નિંદા કરવાનું છોડી દેવું જોઈએ અને મારા મિત્રોના સારા ગુણો જોવા જોઈએ.

ચ. કોઈ વ્યક્તિ પરીક્ષામાં ચોરી કરે છે અને પકડાઈ જાય છે. તે વિચારે છે :

____ આ મારૂ નસીબ છે ! બીજા પણ ચોરી કરે છે અને ક્યારેય પકડાતા નથી.

____ એવું કામ હું કેવી રીતે કરી શકું છું ? મારે ઈમાનદારીના વસ્ત્રથી વિભૂષિત થવું જોઈએ.

---

"શું આપણે એમ કહીએ છીએ કે કોઈના નસીબમાં અપરાધી બનવાનું નથી હોતું ?" ઈવાને પુછયું. "ક્યારેય નહિ," નટાલીયાએ જવાબ આપ્યો. "જે ઉદાહરણ મે અત્યારે આપ્યુ, તે મુજબ દરેક વ્યક્તિને આપવામાં આવેલો ઢાંચો અને દોરા વડે તે એક સુંદર આકૃતિ બનાવી શકે છે. ભિન્નતા હોવા છતાં, આપણામાંથી દરેક પાસે સારા વ્યક્તિ બનવાની ક્ષમતા રહેલી છે."

જે કંઈપણ કહેવામાં આવી રહ્યું છે તેની સાથે ઈવાન સહમત થાય છે. પરંતુ તે સારી રીતે સમજી શકતો નથી કે તે શું છે. ત્યારે એકાએક બોલી ઉઠે છે : "પરંતુ આ બધુ ખુબ કઠિન છે."

ઈવાન શું કહેવા માંગે છે તે કોઈ સારી રીતે સમજી શકતું નથી.

"શું કઠિન છે ?" નટાલિયાએ પુછયું.

"સશક્ત અને સારા બનવા માટે હંમેશા પ્રયત્ન કરતા રહેવું," ઈવાને જવાબ આપ્યો.

"તું સાચુ કહે છે ઈવાન," હસતા ચહેરે નટાલીયાએ કહ્યું. "પરંતુ યાદ રાખો કે ઈશ્વર દરેક સમયે આપણી મદદ કરે છે. તે આપણને ક્યારેય એકલા છોડતા નથી. તરતી હોડીને આગળ લઈ જવા માટેની શક્તિ સ્વયં હોડીથી નહિ, પણ હવાથી મળે છે. પરંતુ એ નાવિક જ છે જે હવાની મદદથી હોડીને તેના અંતિમ મુકામ સુધી લઈ જાય છે. બધી જ શક્તિઓ ઈશ્વર તરફથી આવે છે. એમની સહાયતા વગર આપણે શક્તિહીન છીએ. જ્યારે આપણે ફક્ત પોતાની તરફ જ જોઈએ છીએ ત્યારે આપણને પોતાની ખામીઓ જ

દેખાય છે. પરંતુ જ્યારે આપણે ઈશ્વર તરફ ઉન્મુખ થઈએ છીએ અને એમની મદદ અને સહાયતાની યાચના કરીએ છીએ ત્યારે આપણને એવું કાર્ય કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે જે ઈશ્વરને પ્રિય છે.”

તેના પછી યુવાનો નીચે આપવામાં આવેલા અવતરણો કંઠસ્થ કરવા માટે બબ્બેની જોડીમાં વહેચાઈ જાય છે :

**“અતુલનીય સર્જનહારે બધા માનવીઓને એક જ સારત્વમાંથી બનાવ્યા છે અને બીજા પ્રાણીઓ કરતા એમની વાસ્તવિકતાને મહાન બનાવી છે. તેથી સફળતા કે નિષ્ફળતા, લાભ કે હાની, મનુષ્યના પોતાના પ્રયાસ પર જ ચોકકસપણે આધારિત છે. જેટલો વધારે તે પ્રયાસ કરે છે એટલી જ મહાન એમની પ્રગતિ હશે”**

**હે મારા ઈશ્વર, હે મારા ઈશ્વર! તું મને મારી નિર્બળતા તથા દુર્બળતામાં, સર્વોત્તમ કાર્યોમાં લાગેલા, જનસમુહની વચ્ચે તમારી વાણીને ઉપર ઉઠાવવા અને તારા શિક્ષણને લોકોની વચ્ચે ફેલાવવાનો સંકલ્પ લેતાં જોઈ રહ્યો છે. પવિત્ર આત્માના શ્વાસથી તું મારી મદદ નહિ કરે તો હું કેવી રીતે સફળ થઈ શકીશ, તારા મહિમામય સામ્રાજ્યના સમુહ દ્વારા મારી સહાયતા નહિ કરે અને મારા ઉપર તારી એ સંપુષ્ટિની વર્ષા નહિ કરે જે એક મગતરૂંને ગરૂડ, પાણીના એક ટીંપાને નદીઓ અને સાગર, તથા એક અણુંને નક્ષત્રો અને સૂર્યોમાં બદલી શકે છે? હે મારા સ્વામી! તારી વિજયી અને પ્રભાવશાળી શક્તિથી મારી સહાયતા કર, જેથી બધા જ લોકો વચ્ચે મારી જીભ તારી પ્રશંસા અને ગુણોની સ્તુતિ કરી શકે અને મારો આત્મા તારા પ્રેમ તથા જ્ઞાનના અમૃતથી સભર બની શકે**

**તું છે સર્વશક્તિમાન અને તારી ઈચ્છા મુજબ કરવાવાળો.”**

વિભાગ ૨૨ માં તમને *‘આસ્થાની ચેતના’* નામના સંપૂર્ણ પુસ્તકનો અભ્યાસ કરવાનો અવસર મળશે, આમ છતાં, અહિં થોડી વાર થોભીને નીચેના મુદ્દાઓની ચર્ચા દ્વારા ઉપરોક્ત ફકરાના વિષયની સમીક્ષા કરવી તમારા માટે ફળદાયી બનશે :

૧. આ સાહિત્ય ‘નસીબ’ના ખ્યાલની કેવી રીતે રજુઆત કરે છે? શું તે હઠધર્મી છે?

૨. આ ખ્યાલની હઠધર્મી પ્રસ્તુતિ કેવી હશે?

૩. શું આ સાહિત્ય, આધ્યાત્મિક ખ્યાલો સમજવામાં કિશોરોની મદદ કરવા ઉપર યોગ્ય ભાર આપે છે, કે જડપણે વિચારો પ્રસ્તુત કરે છે?

૪. તેમના જીવનમાં નસીબ અને સ્વતંત્ર ઈચ્છાને લગતા પવિત્ર લખાણોનો અર્થ સમજવામાં આ સાહિત્ય કેવી રીતે કિશોરોની મદદ કરે છે?

૫. શું આ ખ્યાલો સમજવાનો પ્રયત્ન કરતા કિશોરોના અલગ અલગ મંતવ્યો અને લાગણીઓ પ્રત્યે અહિં સહનશીલતા જોવા મળે છે? જો હા, તો તેને કેવી રીતે દર્શાવવામાં આવી છે?

૬. આ સંદર્ભમાં જો કિશોરોને મુક્ત રીતે તેમના વિચારો પ્રસ્તુત કરવાની અનુમતિ આપવામાં આવી ન હોત તો શું થયું હોત?

૭. નટાલીયા પેટ્રોવના કેવી રીતે વિચારોની સ્પષ્ટતાનો વિકાસ કરવામાં કિશારોની મદદ કરે છે?

૮. શું જૂથના સભ્યો વચ્ચે જે પ્રશ્નોની ચર્ચા થાય છે તે બધા કિશોરોને લાગુ પડે છે, પછી તે કોઈપણ પૃષ્ઠભૂમિના હોય?

## વિભાગ ૫

પ્રારંભિક કિશોરાવસ્થા જીવનનો એક એવો સમયગાળો છે જેમાં ચીજવસ્તુઓના બાહ્ય દેખાવથી આગળ જોવાની આપણી ક્ષમતાનો મોટાપાયે વિકાસ થાય છે; આપણે જે જોઈએ અને જે અનુભવીએ છીએ તેના વિશે વધારે ગહન સમજ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરીએ છીએ. તે સુચવે છે કે, કિશોરોને આધ્યાત્મિક બોધ (સમજ)ની જરૂર છે; આધ્યાત્મિક શક્તિઓને ઓળખવા, દરેક પરિસ્થિતિની આધ્યાત્મિક વાસ્તવિકતા જોવા અને સંબંધિત આધ્યાત્મિક સિધ્ધાંતો શોધી કાઢવા માટે તેમની સહાયતા કરવી જોઈએ. પ્રભુધર્મના લખાણો આવી ક્ષમતાઓનો ‘‘અંતર દ્રષ્ટિ’’, ‘‘આંતરિક નેત્ર’’ અને ‘‘આત્માની આંખ’’ તરીકે સંદર્ભ આપે છે. દાખલા તરીકે નીચેના અવરતરણમાં, અબ્દુલ-બહા તહેરાનની તરબિયત શાળાને સલાહ આપે છે:

> **‘‘તેમને ઓછામાં ઓછી સમયાવધિમાં સૌથી વધારે પ્રગતિ કરવા દો, તેમને તેમની આંખો સંપૂર્ણ રીતે ખોલીને સમસ્ત ચીજોની આંતરિક વાસ્તવિકતા બહાર લાવવા દો, દરેક કલા અને કૌશલમાં નિપૂણ થવા દો, તથા સમસ્ત ચીજોના રહસ્યોની સમજ પ્રાપ્ત કરવાનું શીખવા દો- પવિત્ર ઉંબરે દાસત્વના સ્પષ્ટ દેખાતા પ્રભાવોની આ એક ક્ષમતા છે.’’[૪]**

અબ્દુલ-બહા આધ્યાત્મિક બોધની એવી એક શક્તિ તરીકે ગણના કરે છે જે માનવીને પ્રાણીઓથી જૂદા પાડે છે:

> **‘‘આ સ્પષ્ટ રીતે દેખીતું છે કે માનવી પ્રાણીઓ જેવી શક્તિઓ ધરાવતો હોવા છતાં, બૌધિક સિધ્ધિઓ, આધ્યાત્મિક બોધ, સદ્ગુણોંની પ્રાપ્તિ, દિવ્ય વરદાનો, ઈશ્વરીય ઉદારતા અને સ્વર્ગીય દયા પ્રાપ્ત કરવાની ક્ષમતાના કારણે તે પ્રાણીથી વિશિષ્ટ છે. આ મનુષ્યનો શણગાર છે, તેનું સન્માન અને ગૌરવ છે. માનવજાતે આ સર્વોચ્ચ સ્થાન તરફ પુરૂષાર્થ કરવો જોઈએ.’’[૫]**

અને તેઓ આપણી અંત:દ્રષ્ટિ અને આંતરિક શ્રવણશક્તિનો આધ્યાત્મિક કૃપા તરીકે સંદર્ભ આપે છે:

> **‘‘તેણેં આપણને ભૌતિક ઉપહાર અને આધ્યાત્મિક કૃપા આપી છે, સૂર્યના પ્રકાશને જોવા માટે બાહ્ય દ્રષ્ટિ આપી છે તેમજ અંતરની દ્રષ્ટિ આપી છે જેનાથી આપણે ઈશ્વરની મહિમાંના દર્શન કરી શકીએ. તેણેં બાહ્ય કાનની રચના કરી છે જેથી આપણે અવાજના સુરોનો આનંદ માણી શકીએ અને આંતરિક શ્રવણશક્તિ આપી છે જેનાથી આપણે આપણાં સર્જનહારનો અવાજ સાંભળી શકીએ.’’[૬]**

બીજા એક પ્રસંગે તેઓ આપણને યાદ અપાવે છે કે આપણું આંતરિક નેત્ર ખોલવું કેટલું આવશ્યક છે:

> **‘‘આપણો આધ્યાત્મિક બોધ, આપણી અંત: દ્રષ્ટિ ખુલી જવી જોઈએ, જેથી આપણેં બધી ચીજોમાં ઈશ્વરની ચેતનાના ચિન્હો અને સંકેતો જોઈ શકીએ. દરેક વસ્તુ આપણી સમક્ષ દિવ્ય ચેતનાના પ્રકાશને પ્રતિબિંબિત કરી શકે છે.’’[૭]**

અને આ ફકરામાં અબ્દુલ-બહા એક ઉદાહરણ આપે છે જેમાં આધ્યાત્મિક બોધ સમજદારીમાં વધારો કરે છે:

> **‘‘વિનાશનો ખ્યાલ માનવીના અધ:પતનનું એક પરિબળ (તત્વ) છે, માનવીની પડતી અને હીનતાનું એક કારણ છે, માનવીય ભય અને દુર્દશાનો એક સ્ત્રોત છે. તે માનવ વિચારના વિક્ષેપ અને કમજોરીમાં સહાયક બન્યું છે, જ્યારે અસ્તિત્વ અને સાતત્યની અનુભૂતિએ માનવને આદર્શોની પરમોચ્ચતા તરફ ઉન્નત કર્યું છે, માનવ પ્રગતિના પાયાની સ્થાપના કરી છે અને સ્વર્ગીય ગુણોંના**

**વિકાશની પ્રેરણાં આપી છે; તેથી, માનવી માટે જરૂરી છે કે તે અનઅસ્તિત્વ અને મૃત્યુના વિચારોનો પરિત્યાગ કરે, જે સંપૂર્ણપણે કાલ્પનિક છે અને તેના સર્જનના દિવ્ય ઉદ્દેશમાં તેનીજાતને સદા જીવંત અને શાશ્વત નિહાળે. તેણેં એવા વિચારોથી વિમુખ થવું જોઈએ જે માનવ આત્માની અવનતિ કરે છે જેથી દિવસે-દિવસે અને દર કલાકે તે માનવીની વાસ્તવિકતાના સાતત્યના આધ્યાત્મિક બોધ તરફ ઉત્તરોતર પ્રગતિ કરી શકે."[૮]**

આધ્યાત્મિક બોધ માનવ સમજને કેવી રીતે નવી દિશાઓ આપે છે, જે એકલી માનસિક શક્તિઓના ઉપયોગ દ્વારા જ પ્રાપ્ત થતી નથી, શું તમે તેનું નીચે આપેલી ખાલી જગ્યામાં વર્ણન કરી શકો છો ?

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

## વિભાગ ૬

આધ્યાત્મિક બોધ મેળવવાની જરૂરનું વિશ્લેષણ કર્યા પછી, કેવી રીતે તેનો વિકાસ થાય છે તેના વિશે હવે આપણી જાતને પ્રશ્ન કરવો જોઈએ. નિ:શક, આ પ્રશ્નનો કોઈ સરળ જવાબ નથી અને અહિં આપણેં કેટલાક સંબંધિત વિચારોનું જ વિશ્લષણ કરીશું.

આ સ્પષ્ટ છે કે આધ્યાત્મિક બોધ શુધ્ધ હૃદયનો એક ગુણધર્મ છે. અબ્દુલ-બહા આપણને કહે છે કે:

**"માનવીનું હૃદય જેટલું વધારે શુધ્ધ અને પવિત્ર છે, એટલું જ તે પરમેશ્વરની વધારે નિકટ જાય છે અને તેમાં વાસ્તવિકતાના સૂર્યનો પ્રકાશ પ્રગટ થાય છે. આ પ્રકાશ હૃદયોને પ્રભુ-પ્રેમની અગ્નિથી પ્રજવલિત કરે છે, તેમાં જ્ઞાનના દ્વાર ખોલે છે અને દિવ્ય રહસ્યો અનાવરિત કરે છે કે જેનાથી આધ્યાત્મિક સંશોધનો શક્ય બને છે."[૯]**

આધ્યાત્મિક બોધના વિકાસ માટે ઈશ્વરનું જ્ઞાન મહત્વપૂર્ણ છે તે પણ સ્પષ્ટ છે:

**"વસ્તુઓની વાસ્તવિકતાની સમજ અસ્તિત્વ જગતમાં ભૌતિક લાભ આપે છે, અને તેનાથી બાહ્ય સભ્યતાનો વિકાસ થાય છે; પરંતું ઈશ્વરનું જ્ઞાન આધ્યાત્મિક પ્રગતિ અને આકર્ષણ, સાચી દ્રષ્ટિ અને અંતદ્રષ્ટિ, માનવજાતિનો ઉત્કર્ષ, દિવ્ય સંસ્કૃતિનું પ્રગટીકરણ, નૈતિકતાનું શુદ્ધિકરણ, અને અંત:કરણના તેજનું કારણ છે."[૧૦]**

અને જો આંતરિક નેત્રને મજબૂત કરવું હોય તો ઈશ્વરનો પ્રેમ સ્પષ્ટપણે અનિવાર્ય છે:

**"હે મારા મિત્ર! ઈશ્વરનો આભાર માન કે તેણેં સત્યના સૂર્યમાંથી ઝળહળતા કિરણોથી તારી દ્રષ્ટિને પ્રકાશિત કરી છે, તથા જીવન જળ અને પ્રભુ પ્રેમની અગ્નિ દ્વારા તને જાગ્રત કર્યો છે અને તને પાવન કર્યો છે."[૧૧]**

**"પ્રભુ-પ્રેમને અગ્નિ તરીકે ઓળખવામાં આવે છે, કારણકે તે પડદાઓને ભષ્મ કરી દે છે, અને તેને જળ તરીકે ઓળખવામાં આવે છે, કારણકે તે જીવનનો સ્ત્રોત છે. ટૂંકમાં, પ્રભુ પ્રેમ માનવ જગતના ગુણોની અંતરત્તમ વાસ્તવિકતા છે. તેનાથી, માનવ સ્વભાવ નિર્મળ થાય છે. પ્રભુ પ્રેમ દ્વારા એક વ્યક્તિ માનવ જગતની ખામીઓથી મુક્ત થાય છે. પ્રભુ પ્રેમ દ્વારા એક વ્યક્તિ ગુણોના લોકમાં પ્રગતિ કરે છે. પ્રભુ પ્રેમ આ દુનિયાના પ્રકાશનું કારણ છે."**[૧૨]

ઉપરોક્ત અવતરણોના મહત્વ વિશે ચર્ચા કરતી વખતે નીચેનો સ્વધ્યાય તમને ઉપયોગી પુરવાર થશે.

૧. નીચેની દરેક પરિસ્થિતિ કેવી રીતે આધ્યાત્મિક બોધમાં વધારો કરે છે તેના વિશે થોડા વાક્યો લખો:

ક. હૃદયની શુધ્ધતા: ______________________________

______________________________

______________________________

______________________________

ખ. ઈશ્વરનું જ્ઞાન: ______________________________

______________________________

______________________________

______________________________

ઘ. ઈશ્વરનો પ્રેમ: ______________________________

______________________________

______________________________

______________________________

૨. નીચેના વિધાનો ખરા છે કે નહિ તે નક્કી કરો:

—— માત્ર તર્કશક્તિ દ્વારા, ઈશ્વરના શિક્ષણોની મદદ વિના, આપણે ખરા ખોટા વચ્ચે તફાવત કરી શકીએ છીએ.

—— તે ઈશ્વરીય અવતારોનો સ્વીકાર અને તેમના શિક્ષણોંનું આજ્ઞાપાલન છે જે આપણાને સત્ય સમજવા માટે સક્ષમ બનાવે છે.

—— હૃદયની શુધ્ધતા માનવીને સરળ અને નિષ્કપટ બનાવે છે.

—— હૃદય જેટલું વધારે શુધ્ધ હશે, તેટલી વધારે વફાદારીથી તે દિવ્ય ગુણોંને પ્રતિબિંબિંત કરશે, જેનો પ્રકાશ તેને વસ્તુઓની આંતરિક વાસ્તવિકતા સમજવામાં સક્ષમ બનાવે છે.

—— પ્રભુ-પ્રેમની અગ્નિ અહંકારના પડદાઓને ભસ્મ કરી દે છે, અને સત્યને જોવાની અંત: દૃષ્ટિ પ્રદાન કરે છે.

—— પ્રભુ-પ્રેમની શક્તિ આપણાને સ્પષ્ટ દ્રષ્ટિની સાથે ઈશ્વરની ઈચ્છા અને તેનો ઉદ્વેશ પુર્ણ કરવાનો પુરૂષાર્થ કરવા સક્ષમ બનાવે છે.

— વિનાશનો ડર આપણી બૌધિક અને આધ્યાત્મિક ક્ષમતાઓને કમજોર બનાવે છે અને જ્યારે આપણે આપણાં અસ્તિત્વના સાતત્યમાં વિશ્વાસ કરીએ છીએ ત્યારે આપણો આધ્યાત્મિક બોધ તેજ બને છે.

— દિવ્ય સિંહાસન સમક્ષ નિઃસ્વાર્થ સેવા, વસ્તુઓની આંતરિક વાસ્તવિકતા જોવામાં આપણને મદદ કરે છે.

— અંતઃદષ્ટિથી આપણેં દિવ્ય સંપુષ્ટિના દર્શન કરી શહીએ છીએ.

## વિભાગ ૭

છેલ્લા વિભાગનું અંતિમ અવતરણ આપણાં વિશ્લેષણને લગતો એક મુળભૂત ખ્યાલ કે વસ્તુઓની વાસ્તિવિકતા નિહાળવામાં અનેક પડદાઓ આપણા આંતિરિક નેત્ર માટે બાધારૂપ બને છે, તેનો સંકેત આપે છે. આધ્યાત્મિક બોધનો વિકાસ આ પડદાઓને દૂર કરવાનું કારણ બને છે. અબ્દુલ-બહા કહે છે :

> **"જે ઈશ્વરીય કૃપા આખા દશ્ય જીવનમાં પ્રગટ છે, તે ઘણીવાર માનસિક અને નશ્વર દૃષ્ટિ સામે આવતા પડદાઓના કારણે છુપાયેલી રહે છે જે માનવીને આધ્યાત્મિક રીતે આંધળો અને અક્ષમ બનાવી દે છે, પણ જ્યારે આ આવરણોને દૂર કરવામાં આવે છે અને પડદાઓને ચીરી નાંખવામાં આવે છે, ત્યારે ઈશ્વરના મહાન ચિન્હો દશ્યમાન થાય છે અને માનવી સંસારને શાશ્વત પ્રકાશથી સભર નિહાળે છે. ઈશ્વરની સમસ્ત કૃપા સદા પ્રગટીત હોય છે. સ્વર્ગીય વચનો સદા મોજુદ છે. ઈશ્વરનો અનુગ્રહ સર્વ-વ્યાપી છે, પરંતુ જો માનવ આત્માનું સભાન નેત્ર પડદામાં અને અંધારામાં રહે તો તે આ સાર્વભૌમિક ચિન્હોનો અસ્વીકાર કરવા વિવસ થઈ જશે અને દિવ્ય અનુકંપાના આ પ્રગટીકરણોથી વંચિત રહેશે. તેથી, આપણે હૃદય અને આત્માથી પ્રયત્ન કરવો જોઈએ કે જેથી, અંતઃદષ્ટિના નેત્રને આવરણમાં રાખતા પડદાને હટાવી શકાય અને આપણેં ઈશ્વરના ચિન્હોના પ્રગટીકરણો જોઈ શકીએ, તેની રહસ્યમય કૃપાઓનો બોધ પામી શકીએ અને અનુભૂતિ કરી શકીએ કે આધ્યાત્મિક આશીષોની તુલનામાં ભૌતિક વરદાનો શૂન્ય સમાન છે."**[૧૩]

> **"દરેક આત્માએ પ્રયત્ન કરવો જોઈએ કે જે પડદા માનવીની આંખોને ઢાંકી રાખે છે તે ચીરાઈ જાય અને તરત જ સૂર્ય જોઈ શકાય તથા તેનાથી હૃદય અને દ્રષ્ટિ પ્રકાશિત થાય."**[૧૪]

શાબ્દિક અર્થઘટન, વ્યર્થ કલ્પનાઓ, અંધાનુકરણ, 'સ્વ' તથા કામના અને લાલસાનું અનુસરણ, આ એવા કેટલાક પડદાઓ છે જેનો પવિત્ર લખાણોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એવી જ રીતે આપણી ભૌતિક ઈન્દ્રિઓ પણ પડદા તરીકે કામ કરી શકે છે.

> **"તમારા માટે મારી પ્રાર્થના છે કે તમારી આધ્યાત્મિક શક્તિઓ અને આકાંક્ષાઓ દિવસે-દિવસે વધતી જાય, અને તમે કદી પણ સ્વર્ગીય પ્રકાશના દર્શન માટે તમારી આંખો સમક્ષ ભૌતિક ઈન્દ્રિઓને આવરણ બનવાની અનુમતિ નહિ આપો."**[૧૫]

> **"આ પડદાઓમાં એક છે શાબ્દિક અર્થઘટન. અંતઃનિહિત મહત્વ શોધી કાઢવા માટે મહાન પ્રયત્નની જરૂર પડે છે."**[૧૬]

> **"ઈશ્વરના ગુણગાન કરો કે તમે ભવ્યતાના સામ્રાજ્યનો તમારો માર્ગ શોધી કાઢયો છે, અને વ્યર્થ કલ્પનાઓના પડદાઓને ફાડીને ફેંકી દીધા છે, અને તેથી તમે આંતરિક રહસ્યોનું કેન્દ્ર વિશે જાણી શકયા છો."**[૧૭]

**"હું સંપૂર્ણ વિનમ્રતાથી ઈશ્વરને પ્રાર્થના કરૂં છું કે તે તમારી અંત:દૃષ્ટિના આવરણને દૂર કરી દે અને તમારી સમક્ષ તેના મહાન ચિન્હો પ્રગટ કરે; તથા તેના સિવાય બીજા બધાથી અનાસક્ત કરીને તને તેના પ્રેમની અગ્નિથી પ્રજવલિત, તેના ગુણગાનમાં મગ્ન અને ચીજોની વાસ્તવિકતા સમજતા માર્ગદર્શનની ધજા બનાવી દે; જેથી તું તારી પોતાની આંખે જોઈ શકે, તારા કાનથી સાંભળી શકે અને તારા પૂર્વજોનું આંધળુ અનુકરણ નહિ કરે; તમારા પ્રભુમાં વિશ્વાસ રાખો, કારણકે લોકો અંધકારના પડદામાં છે."[૧૮]**

**"... કારણકે, 'સ્વ'થી વધારે મોટો કોઈ પડદો નથી અને તેનો પડદો ગમે તેટલો શુક્ષ્મ હોવા છતાં, અંતે તે માનવીને સંપૂર્ણ રીતે ઢાંકી દેશે અને અનંત કૃપાના આશીર્વાદથી વંચિત કરી દેશે."[૧૯]**

**"વાસના અને લાલસાનું અનુસરણ, આંખોને એવા એક હજાર પડદાઓમાં વિંટાળી દેશે, જે દૃષ્ટિ અને અંત:દૃષ્ટિને આંધળી બનાવી દેશે."[૨૦]**

**"હે સમજદારીના બાળકો! જો પાપણ ગમે તેટલી નાજુક હોય, છતાં તે માણસની આંખને વિશ્વ અને તેમાંની દરેક વસ્તુને જોવાથી વંચિત કરી શકે છે, તો પછી વિચાર કરો કે જો લોભનો પડદો તેની આંતરિક આંખ પર આવી જાય તો શું થશે. કહો: હે લોકો! જેવી રીતે વાદળો સૂર્યના પ્રકાશને અવરોધે છે એવી જ રીતે લોભ અને ઈર્ષાનો અંધકાર આત્માના તેજને ઢાંકી દે છે."[૨૧]**

**"હું આશા રાખું છું કે તમે પૃથ્વીની વસ્તુઓ નહિ જોતાં, ખૂલ્લી આંખોથી સત્યના સૂર્ય તરફ વળશો...; દિવ્ય સૂર્યને તમને તેની શક્તિ આપવા દો, તેના પછી પૂર્વગ્રહના વાદળો તમારી આંખોથી તેના પ્રકાશને ઢાંકી દેશે નહિ! ત્યારે દિવ્ય સૂર્ય તમારા માટે વાદળા વગરનો હશે."[૨૨]**

ઉપરના પહેલા અવતરણમાં અબ્દુલબહા કહે છે કે "ઈશ્વરીય કૃપા સદા અને હંમેશા દૃષ્યમાન છે", "સ્વર્ગીય વચનો સદા મોજુદ છે", અને "ઈશ્વરના અનુગ્રહ સર્વવ્યાપી છે". તેઓ આગળ વર્ણવે છે કે, "જો માનવ આત્માનું સભાન નેત્ર પડદામાં અને અંધારામાં રહેશે" તો તે ઈશ્વરીય ચિન્હોનો ઈન્કાર કરવા પ્રેરાશે અને આ પ્રગટીત કૃપાઓથી વંચિત રહી જશે.

૧. તમારા મતે એવી કઈ અનુકંપાઓ અને કૃપાઓ છે જેનો અબ્દુલબહા સંદર્ભ આપે છે ?

________________________________________

________________________________________

________________________________________

૨. હવે નીચે આપેલા પડદાઓ આપણને આ અનુકંપાઓ અને કૃપાઓના દર્શન કરવાથી કેવી રીતે વંચિત રાખે છે તેનું વર્ણન કરો.

ક. પવિત્ર લખાણોંનું શાબ્દિક અર્થઘટન: ____________________

________________________________________

________________________________________

________________________________________

ખ. વ્યર્થ કલ્પનાઓ : ______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

ગ. અંધાનુકરણ : ______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

ઘ. 'સ્વ': ______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

ચ. કામના અને લાલસાનું અનુસરણ : ______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

છ. લોભ અને ઈર્ષા :______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

જ. પૂર્વગ્રહ : ______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

૩. નીચેના વિધાનો ખરા છે કે નહિ તે નક્કી કરો.

—આપણા અંતરનું નેત્ર, આપણી માનસિક શક્તિઓ અને શારીરિક આંખોની સહાયતા વગર પણ જોઈ શકે છે.

—આપણી ભૌતિક ઈન્દ્રિયો અને માનસિક શક્તિઓ આધ્યાત્મિક વાસ્તવિકતા સમજવાથી હંમેશા આપણને રોકે છે.

—ઈશ્વર સિવાયની સમસ્ત ચીજોથી આપણી ભૌતિક ઈન્દ્રિયોની શુધ્ધતા, સત્ય સમજવા માટે આપણી અંતરની શક્તિઓને મદદ કરે છે.

૪. અંતમાં, આધ્યાત્મિક બોધ માટે બાધારૂપ બનતા પડદાઓના સ્વરૂપ વિશે વધારે અંત:દૃષ્ટિ મેળવવા માટે, અબ્દુલબહાના આ અવતરણ પર ચિંતન કરો-જો તમે ઈચ્છો તો તેને મોઢે કરો.

> **"તમે ખરેખર સમજી લો, એવા અનેક પડદાઓ છે જે સત્યને છુપાવી રાખે છે : અંધકારમય પડદા; પછી શુક્ષ્મ અને પારદર્શક પડદા; તેના પછી પ્રકાશનું આવરણ, જેનું દૃશ્ય કે તેજ આંખોને આંજી દે છે, જેવી રીતે સૂર્ય પોતાના જ પ્રકાશથી ઢંકાયેલો રહે છે, અને આપણે તેના તરફ નજર કરીએ છીએ ત્યારે દૃષ્ટિ આંધળી બની જાય છે અને આંખો અંજાઈ જાય છે.**
>
> **"હું ઈશ્વરને યાચના કરૂં છું કે, તેઓ બધા પડદાને હટાવી દે અને બધી આંખોને પ્રકાશથી પરિચિત કરાવે, જેથી સત્યના સૂર્યના સાક્ષી બનવાથી કોઈ પડદામાં નહિ રહે."**[૨૩]

## વિભાગ ૮

કિશોરો દ્વારા અભ્યાસ કરવામાં આવતા બહાઈ પ્રરિત સાહિત્ય પેકી બીજુ એક પુસ્તક *'આશાના કિરણો'*નો એક પાઠ નીચે આપેલો છે. તે એક બાર વર્ષનો છોકરો, કિબોમીની વાર્તા કહે છે, જે તેના માતા-પિતાને ગુમાવી દીધા પછી, તેની બહેનની શોધમાં નિકળી પડે છે. કિબોમી અદુન્બા જનજાતિનો છે. એક ગૃહયુધ્ધમાં કુંગુ જનજાતિના લોકોએ તેના માતા-પિતાને મારી નાંખ્યા હતા. તેના પહેલાંના પાઠમાં કુંગુ જનજાતિના એક વૃધ્ધ માણસ સાથેની તેની મુલાકાતનું વર્ણન કરવામાં આવ્યું છે, જેઓ તેમની સાથે ખૂબ દયાળુ વર્તન કરે છે. આ પાઠમાં તેની પોતાની જનજાતિના સૈનિકોના દળ સાથે તેની મુલાકાત થાય છે.

થોડું ખાઈ લીધા પછી કિબોમીને થોડી વધારે તાકત મળે છે અને ઝડપથી ચાલવા લાગે છે. જ્યારે તે તેના ગામથી ભાગ્યો ત્યારે તેની અંદર ભય અને ક્રોધ ભરેલો હતો. હવે તે બીજા પ્રત્યેની સારી ભાવનાઓને પુનઃ મેળવવા લાગ્યો છે જે તેના મનમાં પહેલાં હતી. તે વૃધ્ધ ભલે કુંગુ હતો, પરંતુ તે દયાળુ અને બુધ્ધિમાન હતો. તેણે મને ભોજન આપ્યું. તેણેં જે શબ્દો કહ્યા તે સુંદર અને ઉમ્મીદ ભર્યા હતા: ‘‘આપણને જીવનમાં અનેક પસદગી કરવી પડે છે. આપણું સર્જન પ્રેમ કરવા માટે થયું છે, ઘૃણા કરવા માટે નહિ.’’

કિબોમી નાન્ગાટા તરફ નદીના કિનારે કિનારે આગળ વધે છે. થોડે દૂર ચાલ્યા પછી તેને અવાજ સંભળાય છે, અને તે ઝડપથી એક મોટા ઝાડની પાછળ છુપાઈ જાય છે. કેટલાક યુવાનો નજીક આવી રહ્યા છે. તેઓ અદુમ્બા ભાષામાં વાત કરી રહ્યા છે. કિબોમીને પોતાની ભાષા સાંભળીને ખુશી થઈ અને તે ધીમેથી ઝાડની પાછળથી બહાર આવે છે. તેઓ બધા વર્દીમાં છે. તે બધા યુવાનો અદુન્બા વિદ્રોહી દળના સૈનિક છે. એમાંથી કેટલાક એકદ્દમ યુવાન છે, અને એક તો કિબોમીની ઉંમરનો લાગી રહ્યો છે. કિબોમીને જોઈને સૈનિકો ઊભા રહ્યા અને બંદુક તેની સામે ધરી દીધી. ‘‘થોભો !’’ કિબોમી બોલી ઉઠયો. ‘‘હું તમારી જેમ જ અદુમ્બા છુ !’’

તેમના નેતાએ અધીરાઈ પૂર્વક પુછયું, ‘‘તું એકલો શું કરી રહ્યો છે ?’’

‘‘કુંગુ જનજાતિના લોકોએ અમારા ગામ ઉપર હુમલો કર્યો અને તેમાં મારા માતા-પિતા માર્યા ગયા, માટે મારે ગામ છોડીને ભાગવું પડયું,’’ કિબોમી જવાબ આપે છે.

‘‘આવ હવે તું અમારી સાથે જોડાઈ જા,’’ નેતા કહે છે. ‘‘આપણે કુંગુઓને પાઠ ભણાવવાનો છે. એ લોકોએ તારા પરિવાર સાથે કર્યું છે તેનો બદલો લઈ લે.’’

કિબોમી લલચાય છે. થોડીવાર વિચાર કરીને સ્વીકાર કરવાની તૈયારી કરે છે. બાળ સૈનિક આગળ આવે છે અને કિબોમીને હાથ આપે છે. કિબોમી તેની આંખોમાં જુએ છે અને એમાં રહેલી નિરાશા જોઈને એનું મન વ્યાકુળ બની જાય છે. તે સંકોચ કરવા લાગે છે. *‘‘હું કદાચ તમારી સાથે પછીથી સામેલ થઈ જઈશ,’’* લથડતા અવાજમાં કહે છે *‘‘ હમણાં મારે મારી બહેનને શોધવા જવું છે.’’*

*સૈનિક આગળ જાય છે ત્યારે તેમાંથી એક સૈનિક પાછળ ફરીને કહે છે, યાદ રાખજે, લડીને બદલો લેવો એજ માત્ર રસ્તો છે.’’ કિબોમી કોઈ જવાબ આપતો નથી.*

**પ્રશ્ન :**

૧. કિબોમીએ જ્યારે તેનું ગામ છોડયું ત્યારે તેને કેવો અનુભવ થયો હતો ?

૨. વૃધ્ધ માણસને જોઈને કિબોમીની ભાવના કેમ બદલાઈ ગઈ ?

૩. કિબોમી ઝાડની પાછળ કેમ છુપાઈ ગયો ?

૪. વર્દીમાં જે યુવાનોને તે મળ્યો હતો તેઓ કોણ હતા ?

૫. નેતા કિબોમીને શું કરવાનું કહે છે ?

૬. કિબોમી સૈનિકની આંખમાં શું જુએ છે ?

**કાર્યપ્રવૃતિ :**

૧. બાળ સૈનિકની આંખમાં કિબોમી નિરાશા જુએ છે, જે એની જેમ જ ભયભીત અને ક્રોધિત થઈને યુધ્ધ અને હત્યા કરવાનું પસંદ કરે છે. આપણા બધાનાં જીવનમાં દુ:ખ અને નિરાશાની ક્ષણો આવે છે, એવી ક્ષણે આપણે અંધારા તરફનો માર્ગ પસંદ કરવો જોઈએ નહિ, પરંતુ એવા પ્રકાશની શોધ કરવી જોઈએ જે આશાને પુન:જીવિત કરે. નીચેની પ્રાર્થના વાંચો અને તેના શબ્દો ઉપર મનન કરો :

**"એ કરૂણાસાગર છે ! પૂર્ણ ઉદાર છે ! હે પ્રભુ, મારા પરમેશ્વર ! તું મને જુએ છે, જાણે છે, તું મારો આશ્રય અને શરણું છે. તારા સિવાય બીજુ કદીયે મેં માગયું નથી અને માગવાની ઈચ્છા પણ નથી. તારો પ્રેમપંથ છોડીને બીજા માર્ગે હું કદાપી ચાલ્યો નથી કે ચાલવા માંગતો પણ નથી. દુ:ખની અંધારઘેરી રાતમાં મારી આંખો આસ્થા અને આશા ભરી નજરે તારી અનંત કૃપાના પ્રભાતની ક્ષિતિજમાં મંડાય છે. અને અરૂણોદય થતાં જ મારો ઉધરેટો આત્મા નવસ્ફૂર્તિમય રહે છે અને તારા સૌદર્ય અને પરિપૂર્ણતાને યાદ કરીને બળ પ્રાપ્ત કરે છે.**

હવે તમે ઉપરની પ્રાર્થના મોઢે કરવાની આશા રાખી શકો છો.

૨. નીચેની પરિસ્થિતિમાં કયા વિચારો અને કાર્યો નિરાશા લાવશે અને કયું કાર્ય આશાને પુન:જીવિત કરશે તે નક્કી કરો

| ક. તમે પરીક્ષામાં એક વિષયમાં સારૂં કરતા છો. | આશા | નિરાશા |
|---|---|---|
| _ તમે ભણવાનું છોડી દો છો અને મોટા ભાગનો સમય રમવામાં વિતાવો છો. | ☐ | ☐ |
| _ તમે તમારી જાતને કહો છો કે તમે મુર્ખ છો | ☐ | ☐ |
| _ *તમે બીજા વિધાર્થીને તમારી સહાયતા કરવા વિનંતી કરો છો.* | ☐ | ☐ |
| _ *તમે પોતાના પ્રત્યે ધૈર્યવાન છો અને એ વિષય સમજવા માટે વધારે મહેનત કરો છો.* | ☐ | ☐ |
| _ *મદદ નહિ કરવા બદલ તમે તમારા શિક્ષકને દોષી માનો છો.* | ☐ | ☐ |

| *ખ. તમે એકલતા અનુભવો છો અને તમને લાગે છે કે તમારો કોઈ મિત્ર નથી.* | *આશા* | *નિરાશા* |
|---|---|---|
| _ *તમે એકલા જ રહીને મોટા ભાગનો સમય ઉદાસ રહો છો.* | ☐ | ☐ |
| _ *તમે તમારા વિશે ઓછું વિચારો છો અને બીજા વિશે વધારે ચિંતા કરો છો.* | ☐ | ☐ |
| _ *તમે હંમેશા બીજાનાં દોષો વિશે જ વિચારો છો.* | ☐ | ☐ |
| _ *તમે બીજાઓમાં સારા ગુણો શોધો છો.* | ☐ | ☐ |
| _ *તમે બીજા સાથે વાત કરવા અને મિત્રતા વધારવા માટે પહેલ કરો છો.* | ☐ | ☐ |

| | | |
|---|---|---|
| ગ. તમને તમારા કેટલાક સગાસંબંધીઓ વચ્ચે ઈર્ષા અને કલહની ભાવનાનો અનુભવ થાય છે. | આશા | નિરાશા |
| તમે પણ ઈર્ષાળુ બની જાઓ છો અને એમની સાથે ઝગડો કરો છો. | ▭ | ▭ |
| તમે તેમની સાથે વધારે ઉદાર બનવાની કોશિશ કરો છો. | ▭ | ▭ |
| તમે તમારા પરિવારના સદસ્યોની વચ્ચે એકતા માટે પ્રાર્થના કરો છો. | ▭ | ▭ |
| તમે તમારા પરિવારના બાળકોને પ્રેમ અને ઉદારતા વિશે શીખવો છો. | ▭ | ▭ |
| તમે તમારી જાતને કહો છો કે તમે તમારા સંબંધીઓને બદલવા માટે કશુંજ કરી શકતા નથી. | ▭ | ▭ |
| ઘ. તમને નુકશાન પહોચાડવા માટે તમારો એક મિત્ર કંઈક કરે છે. | આશા | નિરાશા |
| _ તમે બદલો લેવા અને તમારા મિત્રને નુકશાન પહોચાડવાનો નિર્ણય કરો છો. | ▭ | ▭ |
| _ તમે તમારા મિત્રને માફ કરી દો છો. | ▭ | ▭ |
| _ તમે કોઈને પણ આવી રીતે નુકશાન નહિ પહોંચાડવાનો નિર્ણય કરો છો. | ▭ | ▭ |
| _ તમે બીજાને કહો છો કે તમારો મિત્ર કેટલો ખરાબ છે. | ▭ | ▭ |
| _ તમે તમારી મિત્રતા ખતમ કરી દો છો. | ▭ | ▭ |

એવી કેટલીક આધ્યાત્મિક હકીકતો (તથ્યો) જણાવો જેને કિશોરો આ પાઠમાંથી શોધી શકશે. આશા અને નિરાશા, જેની સરખામણી પ્રકાશ અને અંધકાર સાથે કરવામાં આવી છે-આ વિષયોનું કેવી રીતે વર્ણન કરવામાં આવ્યું છે ? શું આ વાર્તા અને તેની સાથેની પ્રવૃત્તિઓ કિશોરોને આધ્યાત્મિક બોધ વિકસિત કરવાના પ્રયત્નોમાં તેમની સહાયતા કરે છે ? કેવી રીતે ?

________________________________________________
________________________________________________
________________________________________________
________________________________________________
________________________________________________
________________________________________________
________________________________________________
________________________________________________
________________________________________________
________________________________________________
________________________________________________
________________________________________________

## વિભાગ ૯

"આશા" અને "સંપુષ્ટિ" અનેક વિષયો પૈકીના બે ઉદાહરણો છે જેની કિશોર આધ્યાત્મિક સશક્તિકરણ કાર્યક્રમમાં ચર્ચા કરવાની જરૂર છે. આ વિષયોની કાળજીપૂર્વક કરવામાં આવતી ચર્ચા આધ્યાત્મિક બોધનું સર્જન કરે છે અને સભાનતાના વિકાસમાં ફાળો આપે છે. 'અબ્દુલ-બહા કહે છે :

> **"પ્રભુધર્મના અડગ સમર્થકો તરીકે કેટલાક સ્તંભોની સ્થાપના કરવામાં આવી છે. તેમાં સર્વાધિક શક્તિશાળી સ્તંભ છે શીખ (વિદ્વતા) અને મગજનો ઉપયોગ, સભાનતાનું વિસ્તરણ, તથા બ્રહમાંડની વાસ્તવિકતાઓ અને સર્વશક્તિમાન પરમેશ્વરના ગૂઢ રહસ્યોમાં અંતઃ દૃષ્ટિ."[૨૪]**

મનુષ્ય સભાનતાના અલગ અલગ સ્તરે છે જીવી શકે છે. દિવ્ય ઈચ્છા અને ઉદ્દેશ વિશે જાગ્રત થવા માટે, આપણને અને આપણાં સમુદાયોને પ્રભાવિત કરતા પરિબળોને ઓળખવા, તથા એક નવા વિશ્વનું નિર્માણ કરવાના હેતુથી આપણી માનસિક અને આધ્યાત્મિક શક્તિઓને સમર્પિત કરવા સખત પ્રયત્ન કરવા માટે ભૌતિક ચિંતાઓ પર જીવનને કેન્દ્રિત કરવા કરતાં સભાનતાનું ઉચ્ચ સ્તર જરૂરી છે. કિશોર જૂથના અનુપ્રેરક સમક્ષ રહેલા મુખ્ય પડકારો માંથી એક પડકાર છે, યુવાનોને સભાનતાના ઉંચા અને ઉંચા શિખરો સર કરવા માટે સહાયતા કરવાની. જો તેમણે આવું કરવું હોય તો, યુવાનોને એવા ખ્યાલો સમજવાની જરૂર છે, જે આધ્યાત્મિક જીવનના મુખ્ય વિષયો સાથે સુસંગત હોય. એવી જ રીતે, તેમણેં એવા ખ્યાલો પર ચિંતન કરવાની અને તેનું વિશ્લેષણ કરવાની અને તેનો અમલ કરવાની ક્ષમતામાં વધારો કરવો જોઈએ. આશા અને સંપૂષ્ટિ ઉપરાંત એવા કેટલાક વિષયો અને સંબંધિત ખ્યાલો કયા છે જેને કિશોરોએ તેમના ચિંતનનું કેન્દ્ર બનાવવું જોઈએ?

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

## વિભાગ ૧૦

છેલ્લા કેટલાક વિભાગોમાં આપણે આધ્યાત્મિક બોધનો પ્રશ્ન અને તેની સાથે સંબંધિત કેટલાક ગુણો -હૃદયની શુદ્ધતા, ઈશ્વરનું જ્ઞાન, અને ઈશ્વરના પ્રેમનું વિશ્લેષણ કર્યું છે. આપણે એવા "પડદાઓ" વિશે પણ વિચાર કર્યો જે આપણને આપણી "અંતરની આંખ" દ્વારા જોવાથી વંચિત રાખી શકે છે તથા તેના વિશે પણ ચર્ચા કરી કે કેવી રીતે કેટલાક ખ્યાલોની સમજ આપણા આધ્યાત્મિક બોધને પ્રબળ અને આપણી સભાનતાને બહોળી કરી શકે છે.

કિશોરાવસ્થા દરમિયાન માનવ આત્મામાં વિધમાન શક્તિઓ સ્વયં વધારે પ્રમાણમાં પ્રગટ થાય છે. તેમાંથી વિચાર અને અભિવ્યક્તની શકિત ખાસ મહત્વની છે તથા સભાનતાને બહોળી કરવા માટે તેનો વિકાસ ખૂબ મહત્વનો છે. ભાષા અને વિચાર વચ્ચે પરસ્પર સબંધ છે. વિચારની શક્તિ વાણીના રૂપમાં પ્રગટ થાય છે અને વાણીની શક્તિનો વિકાસ સમજદારીના વિકાસ માટે અનિવાર્ય છે. અભિવ્યક્તિની શક્તિ અને વાસ્તવિક્તા પ્રત્યેની પોતાની સમજદારીની દૃઢતા, આ બંને એક બીજાની સાથે વિકાસ પામે છે. અને સમજાદારી માટે ધ્યાન અને ચિંતન જરૂરી છે, જે ભાષા સાથે ગાઢપણે જોડાયેલી છે. બહાઉલ્લાહ કહે છે :

**"હે 'બહા'ના લોકો! ચિંતન શક્તિ હુન્નર, વિજ્ઞાન અને કલાનો સ્ત્રોત છે. તમે દરેક પ્રયત્ન કરો કે આ આદર્શોની ખાણમાંથી વિવેક અને વાણીના એવા મોતી ચમકી ઉઠે જે ધરતીના સમસ્ત નિવાસીઓના કલ્યાણ અને સદભાવમાં વધારો કરે."[૨૫]**

માનવીની સમજદારી અને અભિવ્યક્તિની શક્તિને નિ:શક, દિવ્ય વાણી દ્વારા પ્રકાશિત થવાની જરૂર છે. બહાઉલ્લાહ આપણને કહે છે:

**"તેઓ તમારા મોક્ષ માટે આવ્યા છે, અને તેણે યાતનાઓ સહન કરી છે, જેથી તમે વાણી રૂપી સીડી દ્વારા સમજદારીના શિખરે આરોહણ કરી શકો."[૨૩]**

અભિવ્યક્તની શક્તિનો વિકાસ કરવામાં માત્ર વાંચવા, લખવા અને બોલવાના યાંત્રિક કૌશલ્યોનો જ સમાવેશ થતો નથી. તેના માટે કેટલીક ક્ષમતાઓ: સારી સમજદારીથી વાંચવાની, સ્પષ્ટતા અને વાક્પટુતાથી વિચારોનું વર્ણન કરવાની તથા તાર્કીક સચોટતાથી ખ્યાલોને વ્યક્ત કરવાની ક્ષમતા જરૂરી છે. આ ક્ષમતાઓના ઉપયોગ દ્વારા  કિશોરો તેમની આજુબાજુની દુનિયાનું વિશ્લેષણ કરવા અને વ્યક્તિગત દૃઢપ્રતિતિની રચના કરવા માટે સુસંગત વૈજ્ઞાનિક, નૈતિક અને આધ્યાત્મિક ખ્યાલોનો ઉપયોગ કરવાનું શીખે છે, જેના ઉપર તેમની ભાવિ સામાજિક વિચારધારાની રચના કરી શકાશે.

અબ્દુલબહાએ સમજાવ્યું છે કે "જનસમુહનો મોટો હિસ્સો આ મહત્વની શકિતઓથી બેખબર છે જે સમાજના ગંભીર રોગોના તાત્કાલિક ઉપચારનું કારણ બની શકે છે". અને વર્તમાનમાં તો "તેમના અપૂરતા શિક્ષણને કારણેં મોટાભાગના જનસમુહો પાસે તો પોતાની જરૂરીયાતોનું વર્ણન કરવા માટે શબ્દ-ભંડોળનો અભાવ છે." તેથી, જેઓ તેમની યુવાનીની શરૂઆતમાં અભિવ્યકતની શકિતનો વિકાસ કરી શક્યા છે અને માનવજાતના ગંભીર રોગોના દિવ્ય ઉપચાર વિશે સભાન બની રહ્યા છે, સ્વર્ગીય વિચારોથી તેમના મનને તરબોળ કરી રહ્યા છે, અને એવી રીતે તેમની સમજદારીમાં વધારો કરી રહ્યા છે અને તેમની સભાનતાને બહોળી કરી રહ્યા છે તેઓ કેટલા ભાગ્યશાળી છે.

કિશોરો બહાઈ પ્રેરિત સાહિત્યના અભ્યાસમાં આગળ જતાં, અનેક પુસ્તકો પૈકી 'ઈશ્વરના શબ્દની શકિતનો પ્રયોગ'નો અભ્યાસ કરે છે, તેમાંથી નીચે આપેલા એક પાઠમાં કિશોરોનું જૂથ "શબ્દ"ના ખ્યાલની ચર્ચા કરે છે. તેનો અભ્યાસ કરો અને તે કેવી રીતે યુવાનોની સભાનતાનો વિકાસ કરે છે તેનું વર્ણન કરવાનો પ્રયત્ન કરો.

સ્થાપનાના પહેલા મહિનામાં એલેગ્રિયાસ યુવા જૂથ દ્વારા કરવામાં આવેલા ઉત્સાહવર્ધક કાર્યોમાં એક વૃક્ષારોપણની પરિયોજના હતી. યુવાનો દ્વારા તેમની શાળાની આજુબાજુ ફળફળાદીના પચાસ વૃક્ષો રોપ્યા પછી તેઓએ એક નાના સમારોહમાં તેમના વાલીઓ, મિત્રો અને પડોશીઓને આમંત્રિત કર્યા જેમાં એલીજાએ પર્યાવરણને બહેતર બનાવવાનું મહત્વ પર એક નાનું વક્તવ્ય પ્રસ્તુત કર્યું. સમુદાયે આ પરિયોજનાના વખાણ કર્યા કેમકે જે વૃક્ષ તેમણે રોપ્યા હતા, તે આગળ જઈને ફળ આપશે અને તેમના ગામને સુંદર બનાવશે.

આ સમારોહના બીજા દિવસે ગામ છોડતા પહેલા એલીજાએ યુવાનોની એક ખાસ બેઠક બોલાવી. "આજે હું ઈચ્છુ છુ કે આપણે એવા વિષયો પર વાત કરીએ જે આવનારા મહિનાઓમાં આપણી ચર્ચાનું કેન્દ્ર બિન્દુ બની રહેશે," તેણે ખૂબ જ ઉત્સાહ સાથે તેઓને કહ્યું. "તેનો પરિચય કરાવતા પહેલા હું તમને એક પ્રશ્ન પૂછુ છુ: તમારા વિચાર પ્રમાણે ઈશ્વરે આપણને કેમ વનાવ્યા? મારિયેલાએ તરત જવાબ આપ્યો, ઈશ્વરે આપણને એટલા માટે બનાવ્યા કેમકે તે આપણને પ્રેમ કરે છે. 'તારૂં સર્જન મને પ્રિય હતું, તેથી મે તારૂં સર્જન કર્યુ.' મે

આ અવતરણ ત્યારે મોઢે કર્યુ જયારે હું નાની હતી અને તેને આજ સુધી ભુલી નથી.

બહુ સારૂ, એલીજાએ કહ્યું, ઈશ્વરે આપણા પ્રત્યે તેમના અનંત પ્રેમના કારણે આપણને ઉત્પન્ન કર્યો છે. અને આજ પ્રેમના કારણે તેમણે આપણામાંથી પ્રત્યેકને અદ્‌ભૂત ઉપહાર પ્રદાન કરેલ છે. આ ઉપહારમાંથી એક અધિક મુલ્યવાન ઉપહાર છે 'શબ્દ'નો પ્રયોગ કરવાની ક્ષમતા. બીજા કોઈપણ જીવમાં શબ્દોનું ઉચ્ચારણ કરવાનું, વાંચવાની, લખવાની અને તેને સમજવાની ક્ષમતા આપવામાં આવી નથી. શબ્દો દ્વારા જ આપણે એકબીજાની સાથે વાતચીત કરીએ છીએ અને એકબીજાને બતાવીએ છીએ કે આપણે શું વિચારીએ છીએ અને શું મહેસુસ કરીએ છીએ. ઈશ્વરીય અવતારો દ્વારા પ્રગટ કરેલા ઈશ્વરના શબ્દોને વાંચીને આપણે તેને સમજી શકીએ છીએ. હવે જે વિષય મેં ચર્ચા માટે પસંદ કરેલો છે તે છે, શબ્દની શક્તિ."

"મેં સાંભળ્યું છે કે શબ્દ તલવારથી પણ અધિક શક્તિશાળી હોય છે," કારલોટાએ કહ્યું.

"આ સાચુ છે, એન્ટોનિયાએ કહ્યું. પરંતુ શબ્દોમાં શક્તિ લાવવા માટે તે કર્મની સાથે જોડાયેલા હોવા જોઈએ. નહિ તો શબ્દ તો ખોખલા હોય છે અને હવા તેને આસાનીથી ઉડાવી લઈ જાય છે. એક અવતરણ જે મને ખૂબજ પસંદ છે, તેમાં કહેવામાં આવ્યું છે: સાવધ રહો, હે બહાના લોકો! તમે તેમના રસ્તે ન ચાલો જેમની કથની અને કરનીમાં અંતર છે."

"હા," એના મારિયાએ આગળ જોડયું, "તમે કોઈને પણ કહી શકો છો કે તે તમારો સૌથી સારો મિત્ર છે, પરંતુ જ્યારે તેને તમારી મદદની જરૂર હોય અને તમે તેની મદદ ન કરો, ત્યારે તમે તેના સારા મિત્ર ના કહેવાઓ."

એના મારિયાની ટિપ્પણીએ બધાની કલ્પનાને જગાડી દીધી અને તેઓ ખોખલા શબ્દ અને એવા શબ્દ જે કર્મની સાથે જોડાયેલા હોય છે, તેના ઉદાહરણ આપવા લાગ્યા.

અંતમાં એલીજાએ કહ્યું, "બહુ સારૂં. તમે બધા સહમત છો કે શબ્દ જે કર્મની સાથે ચાલે છે તે ખૂબ શક્તિશાળી હોય છે. શબ્દોમાં ખૂબ શક્તિ હોય છે, તે દુનિયાને બદલી શકે છે. એટલા માટે લોકો, જેઓ એક બહેતર સંસાર બનાવવા ઈચ્છે છે તેમણેં, શબ્દોનો યોગ્ય પ્રયોગ કરવાનું શીખવું જોઈએ, એનો અર્થ છે શબ્દો વિશે વિચારવું, શબ્દોને સમજવું, શબ્દોનું ઉચ્ચારણ કરવું અને શબ્દોને કર્મમાં ઉતારવા."

થોડીવાર સુધી એલીજા દ્વારા કરવામાં આવેલી વાત પર વિચાર કરતા શાંત રહે છે. ત્યારે ડિયેગોના મનમાં અચાનક એક વિચાર આવ્યો. ઉત્સાહિત થઈને તે સમુહની સામે ઉભો રહી ગયો અને કહ્યું, "હવે મને ખબર પડી કે આપણે ભૌતિક અને આધ્યાત્મિક પ્રગતિ કેવી રીતે પ્રાપ્ત કરી શકીએ છીએ: શબ્દોની શક્તિના માધ્યમથી જે શુદ્ધ કર્મોની સાથે જોડાયેલ હોય."

બધા ચુપ હતા. કોઈએ કંઈ કહ્યું નહિ. ડિયોગો ત્યાં ઉભો ઉભો બેચેની મહેસુસ કરી રહ્યો હતો. તેને સમજમાં આવતું ન હતુ કે તે બેસી જાય કે ઉભો રહે. મદદ માટે તે એલીજા તરફ જોવા લાગ્યો. એલીજા ધીમેથી ઉઠી, તેની તરફ આગળ વધી અને તેનો હાથ પોતાના હાથમાં લીધો. તેં એક ખૂબ જ ગહન સત્યને શોધી કાઢયું છે, એલીજાએ ડિયોગોને કહયું. સમયની સાથે તમે સમજી શકશો કે આ વાત કેટલી મહત્વપૂર્ણ છે.

**અભ્યાસ**

૧. નીચેના શબ્દોનો તેની નીચે આપવામાં આવેલા વાકયોને પૂરા કરવા માટે ઉપયોગ કરો:

સાથે (સંગાથે), કલ્પના, વ્યક્ત, કર્મ, વાતચિત, બહેતર, પ્રદાન,

ઉત્પન્ન, પર્યાવરણ, ચારેબાજુ, ઉપહાર, પ્રગટ, સહમત, ગહેરી

ક. શબ્દોની શક્તિના માધ્યમથી જ આપણે પોતાને ____________ કરી શકીએ છીએ.

ખ. જુલિયા તેના નાના ભાઈને એકલાને બજારમાં મોકલવા ઈચ્છતી ન હતી
એટલા માટે તે તેની ____________ ચાલતી ચાલતી ગઈ.

ગ. ડોકટરને આ જોઈને ખુશી થઈ કે બાળકીનું સ્વાસ્થ ____________ થવા લાગ્યું હતું.

ઘ. કેટલીક વાર પૂછયા પછી જ તે તેને સભામાં બોલવા માટે ____________ કરી શકયો હતો.

ડ. ઈશ્વરે આપણને જીવનનો ____________ આપ્યો છે. અને આપણે તેને બરબાદ કરવો જોઈએ નહી.

ચ. જ્યારે પણ કારલોસ કોઈ વાયદો કરે છે, તો તેને પૂરો કરવાનો ભરપુર પ્રયાસ કરે છે.
તેના શબ્દ હંમેશા ____________ ની સાથે ચાલે છે.

છ. આપણા પ્રત્યેના તેમના પ્રેમના કારણે ઈશ્વરે આપણને અનેક ઉપહાર આપ્યા છે. શબ્દોનો ઉપયોગ કરવાની ક્ષમતા સૌથી મહત્વપૂર્ણ એક ઉપહાર છે. જે તેંમણેં આપણી સમક્ષ ____________ કરેલ છે.

જ. લઘુ વાર્તા પૂર્ણ રીતે લેખકની ____________ ના આધાર પર લખવામાં આવી હતી.

ઝ. બીજા લોકો સાથે ____________ કરી શકવા માટે આપણે તેને સાંભળતા શીખવું જોઈએ.

ટ. સિસિલીયા ____________ વિશે ચિંતિત છે અને તેણે સામુદાયિક કેન્દ્રમાં સાફ સફાઈના વિષય પર એક અભ્યાસક્રમ ચલાવવાનો નિશ્ચય કર્યો.

ઠ. જ્યારે પણ કોઈ યોજના બનાવવામાં આવે છે ત્યારે, તેના માટે ડિયેગો બધાને પ્રોત્સાહિત કરી શકે છે.
તે ઉત્સાહ ____________ કરી શકે છે.

ઢ. આખો દિવસ કામ કર્યા પછી રોબેર્ટો એટલો થાકી ગયો હતો કે તે ઉંઘી ગયો અને કોઈપણ તેને જગાડી શકયું નહી, તે ____________ ઉંઘમાં હતો.

દ. મારી દાદી કયારેય કોઈને તેમની ઉંમર બતાવવાનું પસંદ કરતી નથી, પરંતુ જ્યારે તે સો વર્ષની થઈ ગઈ ત્યારે અંતે તેમણે પોતાની ઉંમરનો રાજ ____________ કરી દીધો.

ધ. એનાએ ઘરની બાજુમાં બગીચા બનાવ્યા છે એટલા માટે અલગ અલગ રંગ અને આકારના સુંદર ફૂલ ____________ ખિલ્યા હતા.

૨. નીચે આપવામાં આવેલા શબ્દ સમુહનો ઉપયોગ કરીને વાક્ય બનાવો.

શુદ્ધ કાર્યો : ____________________________________________

____________________________________________

પર્યાવરણને બહેતર બનાવવું : ______________________________________________

______________________________________________

ખૂબ ઉત્સાહપૂર્વક : ______________________________________________

______________________________________________

શબ્દોને કાર્યમાં ઉતારવું : ______________________________________________

______________________________________________

જે કહેવામાં આવ્યું છે તેના પર મનન કરવું : ______________________________________________

______________________________________________

૩. શબ્દોમાં આપણને સારી અથવા ખરાબ દિશામાં લઈ જવાની શક્તિ હોય છે, અને જે શબ્દનો આપણે પ્રયોગ કરીએ છીએ, તેના પર નિર્ભર હોય છે કે આપણે બીજાને સાચી કે ખોટી સલાહ આપીએ છીએ. નીચે આપવામાં આવેલા કથન જે સારી સલાહ પ્રસ્તુત કરે છે તેની સામે 'સ' લખો અને જે ખરાબ સલાહ છે તેની સામે 'ખ' લખો.

—— આપણે એકતામાં રહીને કયારેય લડવું જોઈએ નહિ.

—— જો તને કંઈ જોઈએ તો લઈ લે, ભલે તેના માલિકને ખરાબ લાગે.

—— પીઠ પાછળ નિંદા ન કરો.

—— આપણે બધા કયારેક ને કયારેક આળસાઈ મહેસુસ કરીએ છીએ, જો કોઈવાર એવો અનુભવ થાય તો કંઈ ન કરવું બહેતર છે.

—— જે આજે કરી શકો તેને કાલ પર ન છોડો.

—— જો તમે બેઠકોમાં થોડા મોડા પહોંચો છો તો એમાં કોઈ વાધો નથી.

—— કામ કેટલું પણ નાનુ કેમ ન હોય, તેને ઉત્કૃષ્ત રીતે કરવું જોઈએ.

—— કયારેક કયારેક થોડુ ઘણુ જુઠુ બોલવું યોગ્ય છે.

—— બીજા માટે કંઈ પણ ન કરો, તેમાં કોઈ લાભ મળતો નથી.

—— જીવનનો એકમાત્ર ઉદ્વેશ મજા કરવાનો છે.

—— આપણે દરરોજ પોતાને બહેતર બનાવવાનો પ્રયાસ કરવો જોઈએ.

—— કામ એક સજા છે.

—— આપણને નિયમોનું પાલન કરવાની શી જરૂર છે. આપણે બધાને ખબર છે કે આપણા માટે શું સારૂ છે.

—— આ સંસારમાં આવવાનો આપણો ઉદ્વેશ ઈશ્વરને ઓળખવાનો અને તેની પૂજા કરવાનો છે.

—— જયારે આપણે આપણુ કામ સેવાની ભાવનાથી કરીએ છીએ ત્યારે આપણે ઈશ્વરની પૂજા

કરીએ છીએ.

— તમારા માતા પિતા ઘરડા થઈ ગયા છે. આજના જીવન વિશે તેમને શું ખબર પડે ?

— કયારેક કયારેક થોડે દારૂ પીવાથી કોઈને નુકશાન થતું નથી.

— જીંદગી ટૂંકી છે. વધારે કામ કરીને આપણે આપણી જાતને કેમ મારીએ!

૧. આ પાઠ કિશોરોને "શબ્દ"ના ખ્યાલ ઉપર ચિંતન કરવામાં મદદ કરીને તેમની સભાનતાનો વિકાસ કરે છે. તે કેવી રીતે હાંસલ કરે છે ? ________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

૨. ઉપરોક્ત પાઠના અભ્યાસ પછી વિચારની શક્તિ અને વાણીની શક્તિ વચ્ચે તમે કયા પ્રકારનો સંબંધ જુઓ છો ? ________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

## વિભાગ ૧૧

કિશોરો માટે જરૂરી છે કે તેઓ સહજતાથી વાંચવાની અને તેઓ જે વાંચે છે તેનો સારી રીતે અર્થ સમજવાની ક્ષમતાનો વિકાસ કરે. દુનિયાના અનેક ભાગોમાં આ વય-જૂથ માટે ઉપલ્બધ શૈક્ષણિક પાઠય-પુસ્તકોથી લઈને વિનોદી સાહિત્યમાં વ્યાપક વિવિધતા જોવા મળે છે. આ સાહિત્યના અનેક તત્વો કિશોરોના વિકાસમાં સહાયક બનતા હોવા છતાં, પવિત્ર લખાણોંમાંથી મળતા સત્યના મોતીઓનો એક કિશોરના આત્મા ઉપર પડતા પ્રભાવ સાથે તેની સરખામણી થઈ શકતી નથી. આપણે જાણીએ છીએ કે આ યુગમાં બહાઉલ્લાહે તેમના પ્રગટીકરણમાં દરેક શબ્દને એક નવી શક્તિ પ્રદાન કરી છે. તેઓ કહે છે :

**"અમે અમારી મહિમાની કલમ દ્વારા, સર્વશક્તિમાન વિધાતાના આદેશોનુસાર, દરેક માનવ શરીરમાં નવ-જીવનનો શ્વાસ ફૂંકયો છે, અને દરેક શબ્દમાં નવીન શક્તિનો સંચાર કર્યો છે. સમસ્ત સર્જિત ચીજો આ વિશ્વ-વ્યાપી પુનઃજીવનના પુરાવા પ્રસ્તુત કરે છે."[૨૭]**

કિશોરોમાં અભિવ્યક્તિની શક્તિનો વિકાસ કરવા માટે સાહિત્યમાં જે કોઈ વિષયો અને ખ્યાલોનો સમાવેશ કરવામાં આવે, તેનો અર્થ ગાઢ રીતે પ્રભુધર્મના શિક્ષણોને પ્રતિબિંબિત કરતો હોવો જોઈએ. દાખલા તરીકે, ન્યાયના ખ્યાલ વિશેની આપણી સમજ જો બહાઉલ્લાહના શિક્ષણોથી પ્રકાશિત હશે તો, તે એવા ગહન અર્થોનો તાગ મેળવી શકશે જે આધ્યાત્મિક વાસ્તવિકતાના સ્પર્ષથી દૂર થઈ રહેલી દુનિયામાં સહજ રીતે અપ્રાપ્ય છે. કાલ્પનિક રીતે વિસ્તૃત શૈક્ષણિક સાહિત્યની મદદથી પવિત્ર લખાણોમાં નિહિત વિવેકના રત્નોની શોધ, કિશોરોના મનને પ્રકાશિત કરે છે અને તેમના હદયમાં આનંદ ઉત્પન્ન કરે છે :

**"ઈશ્વર કરે કે તમારા આત્માઓ ઈશ્વરના શબ્દોના પ્રકાશથી રોશન થાય, અને તમે ઈશ્વરના રહસ્યોના ભંડાર બનો, કારણ કે દિવ્ય શિક્ષણોની આધ્યાત્મિક સમજદારીથી વધારે મોટું કોઈ સુખચેન અને વધારે મધુર કોઈ ખુશી નથી. જો એક વ્યક્તિ સેક્સપિયર જેવા મહાન કવીની કવિતાના શબ્દોનો સાચો અર્થ સમજી જાય છે તો તે પ્રસન્ન અને આનંદિત થાય છે. તો જ્યારે તે પવિત્ર ગ્રંથોની વાસ્તવિકતા સમજી જતો હોય અને પ્રભુ સામ્રાજ્યના રહસ્યોથી પરિચિત થઈ જતો હોય તો તેનો આનંદ અને ખુશી કેટલી વધારે હશે !"[૨૮]**

નીચેના ફકરા 'શબ્દની શક્તિનો પ્રયોગ' નામના પુસ્તક માંથી લેવામાં આવ્યા છે. આ પુસ્તકના સપૂર્ણ સાહિત્યમાં 'પ્રગતિ'ના વિષયની ચર્ચા કરવામાં આવી છે. આ સાહિત્ય યુવા મનને પ્રભુધર્મના શિક્ષણોને અનુરૂપ પ્રગતિનો ખ્યાલ સમજવામાં મદદ કરે છે. તમને આજના પ્રસાર માધ્યમોમાં પ્રસ્તુત પ્રગતિનો અર્થ અને નીચેના ફકરાઓમાં પ્રસ્તુત પ્રગતિનું મહત્વ વચ્ચેનો તફાવત શોધી કાઢવાનો પ્રયત્ન કરવાનું કહેવામાં આવ્યું છે :

થોડા સમય પહેલા આ ગામમાં એક સમ્માનિત શિક્ષકનું આગમન થયું. તેમણે ગામ લોકોને કહ્યું, અલેગ્રિયાસ એક આદર્શ સમુદાય બની શકે છે, જ્યાં આપણે ભૌતિક તથા આધ્યાત્મિક પ્રગતિ બંન્ને પ્રાપ્ત કરી શકીએ. શરૂ-શરૂમાં ડિયેગોને બરાબર સમજમાં આવ્યું નહિ કે ભૌતિક તથા આધ્યાત્મિક પ્રગતિ નો શું અર્થ છે, પરંતુ પૂરા સમુદાયના ઉત્સાહમાં તે પણ સામેલ હતો. ત્યારથી તે આ વિષય ઉપર ઘણું બધુ શીખ્યો છે. આ વાતથી તે પરિચિત થયો છે કે તે શારીરિક રીતે નાનો છે, પરંતુ તે હવે બાળક નથી રહ્યો અને અને પોતાના ગામને આ ભૌતિક અને આધ્યાત્મિક પ્રગતિ પ્રાપ્ત કરવામાં સહાયતા કરી શકે છે.

a a a

એવી જ એક વાતચિત દરમિયાન ડિયેગોએ નિર્ણય કર્યો કે ભૌતિક અને આધ્યાત્મિક પ્રગતિના વિષયમાં તે બધાને તેમના વિચાર પુછશે. મારિયા, જેની પાસે કહેવા માટે હંમેશા કંઈ દિલસ્પ વાત હોય છે. તેણે તરત જવાબ આપ્યો : મને સારી રીતે ખબર છે કે ભૌતિક પ્રગતિનો શું મતલબ થાય છે, આનો અર્થ એ છે કે આપણે ગરીબ છીએ અને એ ચીજો મેળવવા માટે આપણને અધિક જરૂર હોય છે જેનાથી આપણને ખુશી મળે છે. મેરીયેલાની ટિપ્પણીએ બધાને ઉત્સાહથી ભરી દીધા અને તે બધા તેમના વિચાર વહેંચવા લાગ્યા. તેમની વચ્ચે જે ચર્ચા થઈ તે કંઈક આ પ્રકારે રહીઃ

એન્ટોનિયાઃ હું આ નથી માનતો કે સુખી થવા માટે આપણે શ્રીમંત હોવું જરૂરી છે, હું એવા ઘણા ગરીબ લોકોને જાણું છુ જે સુખી છે.

કારલોટાઃ મારો ભાઈ રજાઓમાં વિશ્વવિધાલયથી ઘરે આવ્યો છે અને તે કહે છે કે શ્રીમંત લોકોએ 'ખુશાલ

ગરીબ'વિચારને જન્મ એટલા માટે આપ્યો કેમકે ગરીબ તેમના માટે કામ કરીને સંતુષ્ટ રહે.

એના મારિયા: આ વાત સાચી હોઈ શકે છે, પરંતુ હું આ જાણુ છુ કે સાચી ખુશી આપણી અંદરથી આવે છે અને તે એના ઉપર નિર્ભર નથી કરતી કે વ્યક્તિ પાસે શું છે.

ડિયેગો: છતાંપણ, ગરીબ હોવામાં કોઈ ખાસ મજા નથી હોતી. આપણે આપણા જીવનને બહેતર બનાવવાની પૂરી કોશિશ કરવી જોઈએ.

એન્ટોનિયા: પરંતુ આમ કરતી વખતે આપણે ખુશ રહેવું જોઈએ. હું મારા સમુદાય માટે મહેનત કરવા ઈચ્છું છુ, પરંતુ આમ કરવાની સાથે હું ખુશીનો પણ આભાસ કરવા ઈચ્છુ છુ. મને કારલોટાના ભાઈ સાથે સમય વિતાવવાનું સારૂ લાગે છે, પરંતુ જ્યારથી તેણે શ્રીમંત અને ગરીબ વિશે વાતો કરવાનું શરૂ કર્યું છે ત્યારથી તેની વાતો સાંભળવી મને સારી નથી લાગતી. તે કેટલો ગુસ્સાથી ભરાયેલો રહે છે.

રોબેર્ટો: હું જાણું છું કે સાચી ખુશી ઈશ્વરની નજીક હોવામાં અને તેના નિયમોનું આજ્ઞાપાલન કરવામાં છે.

ડિયેગો: આ સાચુ છે, પરંતુ આપણે એ નથી ભૂલી શકતા કે ઈશ્વરને પ્રેમ કરવા માટે આપણે આપણા સાથી જનોને પ્રેમ કરવો પડશે અને તેમની મદદ કરવી પડશે.

કારલોટા: સાથે આપણે એ પણ યાદ રાખવું જોઈએ કે ઈશ્વરના નિયમોનું પાલન કરવાનો અર્થ છે, એક એવો બહેતર સંસાર બનાવવા માટે સાથે મળીને કામ કરવું જેમાં કોઈપણ ગરીબ ના હોય.

ત્યારે અચાનક ડિયેગોને એવો અહેસાસ થાય છે કે અત્યાર સુધી તેઓ અધિકતર ભૌતિક પ્રગતિના વિષયમાં જ વાતો કરતા રહ્યા. આધ્યાત્મિક પ્રગતિનું શું થયું. પરંતુ બધા થાકી ગયા હતા અને તેમણે ચર્ચાને આગલી વખત આગળ વધારવાનો નિશ્ચય કર્યો.

યુવાનોએ ભૌતિક અને આધ્યાત્મિક પ્રગતિની ચર્ચા માટે ઘણી બેઠકો સમર્પિત કરી. એક મહિના પછી, એલિસાની મુલાકાત પહેલાં, તેમણેં તેમના નિષ્કર્ષ પર પહોંચવા માટે એક ખાસ બેઠક ગોઠવી. જયારે યુવાનોએ એલીસા સમક્ષ તેમના વિચારો રજુ કર્યા, ત્યારે તે ખૂબ ખુશ થઈ ગઈ. તેણીએ તેમને તેમના નિષ્કર્ષને સંગઠિત કરવા અને નીચેની ઉદ્ઘોષણા લખવામાં તેમની મદદ કરી:

**યુવા ઉદઘોષણા**

આપણે હવે બાળકો નથી રહ્યા અને આપણે આપણા ભવિષ્યનાં વિષયમાં ગંભીરતાપૂર્વક વિચારવું જોઈએ. જે સંસારમાં આપણે રહીએ છીએ તે દુ:ખોથી ભરાયેલો છે, અને કુસંપથી પીડીત છે. અમે એવો નવો સંસાર બનાવવા ઈચ્છીએ છીએ જ્યાં લોકો હળીમળીને રહે અને જ્યાં યુદ્ધ તથા ગરીબીનું અસ્તિત્વ ન હોય. એક નવો સંસાર બનાવવા માટે આપણે આપણા સમુદાયથી શરૂઆત કરવી જોઈએ. એટલા માટે અમે હવે અમારા નાનકડા ગામ, અલેગ્રિયાસમાં ભૌતિક અને આધ્યાત્મિક પ્રગતિની વાતો કરીએ છીએ. ભૌતિક પ્રગતિ મેળવવા માટે આપણે આપણી ખેતીવાડીને વધારે સારી બનાવવી જોઈએ, પોતાના સ્વાસ્થ્યની વધારે દેખભાળ રાખવી જોઈએ, અધિક સ્કુલો બનાવવી જોઈએ તથા વ્યાપાર અને ઉધોગમાં આપણે સક્રિય બનવું જોઈએ. પોતાની મહેનત દ્વારા આપણે આપણા ઘરોને, આપણા ગામને અને ચારેતરફના સ્થળોને અત્યંત સુંદરતાથી ભરેલા સ્થળોમાં બદલી દેવા જોઈએ જ્યાં આપણે બધા સાફ અને સ્વસ્થ વાતાવરણનો આનંદ ઉઠાવી શકીએ.

બધા લોકો માટે ભૌતિક પ્રગતિ ત્યાં સુધી પ્રાપ્ત થતી નથી જ્યાં સુધી આપણે આધ્યાત્મિક પ્રગતિ પ્રાપ્ત કરી લેતા નથી. આધ્યાત્મિકતા વગર થોડાક લોકો પૈસાદાર બને છે જ્યારે બાકીના બધા ગરીબાઈમાં જ રહે છે. એક સમુદાયના રૂપમાં આપણા લક્ષ્યો સુધી પહોચવા માટે આપણામાં એકતા હોવી જોઈએ, આપણે ન્યાયપૂર્ણ રીતે કાર્ય કરવું જોઈએ. એકબીજા સાથે સહયોગ અને મિત્રતાનો વ્યવહાર કરવો જોઈએ તથા

ઉદાર, ઈમાનદાર અને વિશ્વાસપાત્ર બનવું જોઈએ. ન્યાય, ઉદારતા, પ્રેમ અને દયાળુતા, ઈમાનદારી તથા વિશ્વાસપાત્રતા એવા આધ્યાત્મિક ગુણો છે જેના દ્વારા આપણે ભૌતિક અને આધ્યાત્મિક પ્રગતિ પ્રાપ્ત કરી શકીએ છીએ.

ફકત એક બહેતર સંસાર બનાવવા માટે જ આપણને આધ્યાત્મિક ગુણોની જરૂરીયાત નથી હોતી. આપણને તેની જરૂરીયાત આપણા આત્માના જીવન માટે પણ છે જેનો અંત શારીરીક જીવન સાથે નથી હોતો. ભૌતિક અને આધ્યાત્મિક પ્રગતિનો અર્થ છે કે આપણે દરરોજ આપણા જીવનના ભૌતિક અને આધ્યાત્મિક પાસાઓમાં ઉત્કૃષ્ટતા મેળવવા પ્રયાસ કરીએ, એક ન્યાયપૂર્ણ અને શાતિમય સંસાર બનાવવા માટે આપણે સખત મહેનત કરીએ અને સ્વયંને ઉલ્લાસ અને આનંદ ભર્યા અનંત જીવન માટે તૈયાર કરીએ.

a a a

ડિયેગોએ તેના વક્તવ્ય વિશે વિચારતાં કેટલાક કલાકો વિતાવ્યા હતા. સ્વભાવિક રીતે એલેગ્રિયાસની આધ્યાત્મિક અને ભૌતિક પ્રગતિના વિષય પર જ તે સંબોધન કરવા ઈચ્છતો હતો. પરંતુ, તે આ વિષય પર ન તો ભારી ભરકમ ભાષણ આપવા ઈચ્છતો હતો, અને ન તે તેના મિત્રોને ઉપદેશ આપવા ઈચ્છતો હતો. અંતે તેણે તેનો વિચાર કંઈક આ પ્રકારે વ્યક્ત કર્યો :

એલેગ્રિયાસના યુવા સમુહનો ભાગ હોવું મારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. યુવા સમુહના સદસ્યો મારા સૌથી સારા મિત્ર છે, અને મારી સૌથી ખુશીની પળોમાંથી કેટલીક તે છે જ્યારે હું તેમની સાથે રહું છુ. મને લાગે છે કે જ્યારથી આપણે મળવાનું અને મળીને સાથે કામ કરવાનું શરૂ કર્યુ, આપણા બધામાં પરિવર્તન આવ્યું છે. જ્યારે આપણે મળવાનું ચાલુ કર્યુ હતુ, ત્યારે આપણે લગભગ બાળકો જ હતા અને આપણા એક સાથે મળવાથી આપણને આપણા જીવનના આગલા ચરણમાં અર્થપૂર્ણ રૂપથી પ્રવેશ કરવામાં સહાયતા મળી છે. આપણી ગતિવિધિઓ અને ચર્ચાના કારણે આપણે આપણી યુવાવસ્થામાં ઉલઝન અથવા નિરાશાની અવસ્થામાં પ્રવેશ નથી કરી રહ્યા. આપણે જાણીએ છીએ કે આપણા જીવનનો એક ઉદ્દેશ છે અને આપણે પોતાના લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં એકબીજાની સહાયતા કરીશું. મને લાગે છે કે આપણે હંમેશ માટે મિત્ર બની રહીશું.

એક વિષય જેના વિશે આપણે આપણા સમુહની રચનાથી લઈને અત્યાર સુધી હંમેશા ચર્ચા કરી છે, તે અલેગ્રિયાસનો આધ્યાત્મિક અને ભૌતિક વિકાસ છે. મારા વિચાર પ્રમાણે શરૂઆતમાં આપણે ફકત તેના અર્થને સમજવા માટે જિજ્ઞાસુ હતા. પરંતુ હવે આપણામાંથી મોટાભાગના માટે, તેમના સમુદાયની પ્રગતિ એક એવો ઉદ્દેશ છે જેના તરફ આપણે આપણી પૂરી શક્તિને સર્મપિત કરવા ઈચ્છુક છીએ. હું આશા કરૂ છુ કે આપણો ઉત્સાહ ચેપી હોય અને તેનો પ્રભાવ ગામમાં રહેવાવાળી દરેક વ્યક્તિ પર પડે.

એલીઝાના પ્રેમપૂર્વક માર્ગદર્શનના કારણે હવે આપણે પ્રગતિના વિષયમાં મહત્વની વાતો જાણીએ છીએ. આપણે જાણીએ છીએ કે આપણા બધામાં હંમેશા એકતા હોવી જોઈએ, નહિ તો આપણા બધા પ્રયાસો વ્યર્થ થઈ જશે. આપણે જાણીએ છીએ કે આપણે ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરવા માટે પ્રયાસ કરવો જોઈએ, પ્રત્યેક દિવસને બહેતર બનાવવો જોઈએ. આપણે એ પણ જાણીએ છીએ કે પ્રકાશમય શબ્દો અને પવિત્ર કર્મોમાં પરિવર્તન લાવવાની શક્તિ હોય છે. પરંતુ શબ્દોમાં આવી શક્તિ કેમ હોય છે ? તેનું એક મહત્વનું કારણ એ છે કે શબ્દ દ્વારા આપણે જ્ઞાનની શોધ, પ્રાપ્તિ અને આપ-લે કરીએ છીએ. પ્રગતિના મૂળમાં જ્ઞાન રહેલું છે.

એક દિવસ મે મારા ઘરની પાસે કેટલીક ગાયોને ચરતી જોઈ. હું વિચારવા લાગ્યો, આ ગાયો પાસે બધુ જ છે જેની તેમને જરૂર છે. જેટલુ પણ ઘાસ તે ઈચ્છે તે તેની પાસે છે. ગોચર પાસે થઈને એક નાની નદીએ જાય છે જેમાથી તેઓ જ્યારે પણ ઈચ્છે ત્યારે પાણી પી શકે છે. તે જ્યારે પણ ઈચ્છે ત્યારે તડકામાં અથવા છાંયડામાં બેસી શકે છે. તેઓને બીજુ શુ જોઈએ? પરંતુ ત્યારે મને આભાસ થયો કે તેમની પાસે બસ આ બધુ જ છે. તેમની પાસે જ્ઞાન નથી હોતુ અથવા સમજવાની ક્ષમતા નથી હોતી કે તેઓ શું કરી રહી છે.

> પ્રકૃતિના તેઓ ગુલામ છે. એ જ સમયે મે નિર્ણય કર્યો કે હું નિશ્ચિતપણે એક ગાયની જેમ જીવન જીવવા નથી માંગતો. પછી હું મારા પોતાના વિશે વિચારવા લાગ્યો, જો હુ ખૂબ ધનવાન અને શક્તિશાળી બની જાઉં પણ અજ્ઞાનતામાં રહુ તો શુ થશે? તેનાથી શું લાભ થશે? આટલું ધન અને શક્તિની સાથે હું એક ગુલામથી વધીને કંઈપણ રહીશ નહિ, જે મને મારી પોતાની વાસનાની ગુલામીમાં, તે બધુ કરવા માટે પ્રેરિત કરશે જેને હું સમજી નથી શકતો, લાલચનો ગુલામ, મારાથી વધારે ધનવાન અને શક્તિશાળી લોકોના ગુલામ. આજ કારણે જ્ઞાન પ્રગતિનો આધાર છે. જ્ઞાન આપણને સ્વતંત્રતા પ્રદાન કરે છે.

તમારા મતે કિશોરોએ પ્રગતિના ખ્યાલ વિશે શું સમજવું જોઈએ અને શા માટે? તેનું વર્ણન કરતા થોડા ફકરા નીચે આપેલી ખાલી જગ્યામાં લખો.

## વિભાગ ૧૨

પ્રભુધર્મના લખાણોમાં વાણી (ઉચ્ચારણો)ની ગુણવત્તા દર્શાવવા માટે ‘‘સ્ફટિક જેવી સ્પષ્ટ’’, ‘‘છટાદાર’’, ‘‘હૃદય સ્પર્શી ’’, ‘‘પ્રભાવશાળી’’, ‘‘સંયમી’’ , ‘‘ વિવેકી’’ અને ‘‘ઉત્કૃષ્ટ અર્થથી ભરપુર’’ જેવા વિશેષણોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આશા રાખવામાં આવે છે કે આવા ગુણો ધરાવતા શબ્દોનો એટલો અદ્‌ભૂત પ્રભાવ પડશે કે તે ‘‘સ્વાર્થ અને વાસનાના પડદાને ભષ્મ કરી દેશે ’’ તથા ‘‘ દ્વેષ અને ઘૃણાની આગને બુઝાવી દેશે.’’ એમ પણ કહેવામાં આવ્યું છે કે શબ્દોનું ઉચ્ચારણ કરતી વ્યક્તિના આધ્યાત્મિક ગુણોંને અનુરૂપ તેનો પ્રભાવ પડી શકે છે.

> **‘‘કહો: માનવ વાણી એક એવું અર્ક (સારત્વ) છે જે પ્રભાવ પાડે એવી અપેક્ષા રાખવામાં આવે છે અને તેમાં સંયમ જરૂરી છે. તેના પ્રભાવનો સવાલ છે ત્યાં સુંધી, તે શુધ્ધિકરણની શરત ઉપર નિર્ભર છે, અને શુધ્ધિકરણની શરત અનાસક્ત અને શુધ્ધ હૃદય ઉપર નિર્ભર છે.’’[૨૯]**

**"વધુમાં, શબ્દો અને વાણી -બંને પ્રભાવશાળી અને હદય-સ્પર્ષી હોવા જોઈએ. આમ છતાં, કોઈ પણ શબ્દ જ્યાં સુંધી માત્ર પરમેશ્વર માટે તથા લોકો અને પ્રસંગોની આવશ્યકતા અનુસાર આદરપૂર્વક ઉચ્ચારવામાં નહિ આવે ત્યાં સુંધી, તે આ બે ગુણોંથી વિભૂષિત થઈ શકશે નહિ."[૩૦]**

**"હુ ઈશ્વરને પ્રાર્થના કરૂં છું કે તેઓ તમારા મસ્તકને તેની કૃપાના મોતીઓથી સુશોભિત કરે, તમારા હૃદયમાં પ્રભુ-પ્રેમની જ્વાળા પ્રગટાવે, તમારી જીભને ધર્મનિષ્ઠ લોકોની સભામાં છટાદાર શબ્દો તથા ઉત્કૃષ્ટ અર્થો અને રહસ્યોથી સભર વાણીના ઉચ્ચારણ માટે સ્વતંત્રતા પ્રદાન કરે, તમને અલ-આભા સ્વર્ગના ગુલાબ, સ્વર્ગના દેવદૂત, તમારા મંતવ્યોમાં એકીકૃત, વિચારોમાં સુસંગત અને લોકો વચ્ચે તમારા મુખેથી પ્રભુ-સામ્રાજ્યની પાવનતાના ચિન્હો પ્રગટ કરે."[૩૧]**

**"જો તમે ઈચ્છતા હોય કે તમારા શબ્દો અને વાણી સૌથી કઠોર હૃદયોને પ્રભાવિત કરે તો, તમારે આ લોકના બધાજ બંધનોથી મુક્ત થઈને પ્રભુ-સામ્રાજ્ય તરફ ઉનમુખ થવું જોઈએ."[૩૨]**

૧. ઉપરના અવતરણો માંથી એવા કેટલાક આધ્યાત્મિક ગુંણો શોધી કાઢો, જે માનવ વાણીને શક્તિ પ્રદાન કરતા હોય. ________________________________________________

________________________________________________________________

________________________________________________________________

૨. તમારા મતે કિશોર આધ્યાત્મિક સશક્તિકરણ કાર્યક્રમમાં કિશોરો દ્વારા અભ્યાસ કરવામાં આવતા પુસ્તકોના ખ્યાલોનું વિશ્લેષણ તેમને આ ગુણોનો વિકાસ કરવામાં કેવી રીતે મદદ કરે છે ? _____

________________________________________________________________

________________________________________________________________

## વિભાગ ૧૩

પવિત્ર લખાણોમાં આપણને કહેવામાં આવ્યું છે કે, આપણે શબ્દની શક્તિને મહાન ઉદ્દેશોની સિધ્ધિ તરફ દોરવણી આપવી જોઈએ:

**"આ ઘડી છે સર્વોચ્ચની કલમથી પ્રવાહિત થતા અનાસક્તિના જળથી તમારી જાતને શુધ્ધ કરવાની, અને માત્ર પરમેશ્વર માટે, સમયે-સમયે ધરતી પર અવતરીત થયેલા પ્રગટીકરણો પર વિચાર કરવાની, અને તેના પછી, તમારા વિવેક અને વાણીની સંપૂર્ણ શક્તિથી આ દુનિયાના લોકોના હૃદયોમાં ધગધગતી દુશ્મનાવટ અને ઘૃણાની આગને ઓલવવાનો પ્રયત્ન કરવાની."[૩૩]**

**"આ સેવક દરેક કર્મઠ અને ઉધમશીલ આત્માને આહ્વાન કરે છે કે તેઓ સર્વશક્તિમાન, સર્વકૃપાળુ, અતુલનીય, એવા પરમેશ્વર પ્રત્યેના તેમના અસીમ પ્રેમની કૃપાથી બધાજ ક્ષેત્રોની પરિસ્થિતિમાં પુનસ્થાપન કરવા, તથા વિવેક અને વાણીરૂપી જીવન-જળથી મૃતપાય લોકોને સજીવંત કરવાના શક્ય બધા જ પ્રયત્નો કરે."[૩૪]**

**"દરેક શબ્દ ચેતનાથી સંપન્ન છે, તેથી વક્તા કે વ્યાખ્યાકારે યોગ્ય સમયે અને સ્થળે કાળજી પૂર્વક તેના શબ્દનો ઉપયોગ કરવો જોઈએ, કારણ કે દરેક શબ્દનો પ્રભાવ એકદ્મ સ્પષ્ટ અને દેખીતો છે. મહાન અસ્તિત્વ કહે છે : એક શબ્દની આગ સાથે સરખામણી કરી શકાય છે જ્યારે બીજાની પ્રકાશ**

**સાથે, અને આ દુનિયામાં આ બંનેનો પ્રભાવ દેખીતો છે. તેથી એક વિવેકી વ્યક્તિએ દુધ જેવા મૃદુલ શબ્દોનો ઉપયોગ કરવો જોઈએ, જેથી માનવ સંતાનો ઉછેર અને કેળવણી પામી શકે તથા માનવ અસ્તિત્વનું પરમ લક્ષ્ય હાંસલ કરી શકે, જે સાચી સમજદારી અને શ્રેષ્ઠતાનું સ્થાન છે. અને તેઓ આગળ કહે છે: એક શબ્દ વસંતઋતુ જેવો છે જે જ્ઞાનરૂપી ગુલાબ-વાટિકામાં કુમળા છોડને લીલાછમ અને પલ્લવિત કરે છે જ્યારે બીજો શબ્દ ઘાતક ઝેર જેવો હોઈ શકે છે. તેથી જ્ઞાની અને વિવેકી વ્યક્તિ માટે શોભનીય છે કે તે વિનમ્રતા અને સંયમ પૂર્વક વાત કરે, જેથી તેના શબ્દોની મીઠાસ દરેકને માનવ કલ્યાણ માટે કાર્ય કરવાની પ્રેરણાં આપી શકે."[૩૫]**

૧. નીચેના વાક્યો ખરા છે કે કેમ તે નક્કી કરો. અભિવ્યક્તિની શક્તિને શેના તરફ દોરવણી આપવી જોઈએ:

— વાદ-વિવાદમાં જીત મેળવવા તરફ

— સ્પષ્ટ તર્ક પ્રસ્તુત કરીને સત્યની શોધ કરવા તરફ

— લોકોના હૃદયમાંથી દુશ્મનાવટ અને ઘૃણાની આગ ઓલવવા તરફ.

— બીજા ઉપર વર્ચસ્વ જમાવવા તરફ.

— સત્યને છુપાવવા તરફ.

— બ્રહ્માંડના રહસ્યોનું વર્ણન કરવા તરફ.

— જટીલ વિષયોની સ્પષ્ટતા કરવા તરફ.

— ગેરસમજ દૂર કરીને ઉદ્દેશની એકતા લાવવા તરફ.

— પોતાના મંતવ્યોની શ્રષ્ઠતા પ્રદર્શિત કરવા તરફ.

— વાસ્તવિકતાની શોધ કરવા તરફ.

— લોકોની પરિસ્થિતિમાં સુધારો કરવા તરફ.

— અત્યાચાર પીડિતોના અધિકારોનું રક્ષણ કરવા તરફ.

૨. અભિવ્યક્તિની શક્તિનો વિકાસ, કિશોરોને તેમના વ્યક્તિગત પરિવર્તનના માર્ગમાં અને સમાજના પરિવર્તનમાં ફાળો આપવા માટેના તેમના પ્રયત્નોમાં કેવી રીતે મદદરૂપ પૂરવાર થાય છે તેનું થોડા શબ્દોમાં વર્ણન કરો:

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

## વિભાગ ૧૪

અભિવ્યક્તિની શક્તિનો વિકાસ કરવામાં કિશોરોની મદદ કરતી વખતે આપણે કદી ભુલવું જોઈએ નહિ કે, ઈશ્વરના શબ્દો જ માનવ વાણીમાં શક્તિનો સંચાર કરે છે અને માનવીના મન-માનસને સાચી સમજદારી પ્રદાન કરે છે. આ વિષયથી તમે પરિચિત હોવા છતાં અહિ થોડી વાર થોભીને, તમને નીચેના અવતરણો પર ચિંતન કરવાનું કહેવામાં આવે છે :

> **"દિવ્ય પ્રગટીકરણના દિવ્ય વસંતમાંથી તેજસ્વીપણે પ્રકાશિત વાણીના દિવા નક્ષત્રએ આ લેખો અને પાતિઓને એવી રીતે રોશન કરી છે કે વાણીનું સામ્રાજ્ય અને સમજદારીનું પાવન ક્ષેત્ર આનંદ અને ઉલ્લાસથી તરંગીત થઈ ગયું છે અને પ્રભુ-પ્રકાશના તેજથી ઝગમગી રહ્યું છે..."[૩૬]**
>
> **"કહો: અમે અમારા સિંહાસનમાંથી દિવ્ય વાણીની સરિતા પ્રવાહિત કરી છે, કે જેથી તમારી હૃદય રૂપી માટીમાંથી વિવેક અને સમજદારીના ફૂલ-છોડ ઉગી નિકળે."[૩૭]**
>
> **પ્રભુ-વાણીના શ્વાસથી સમજદારીનું સ્વર્ગ શુશોભિત છે, અને તેની કલમના પ્રવાહથી દરેક હાડપિંજર ચેતનવંતું થઈ ગયું છે."[૩૫]**
>
> **"તેથી, આ સ્પષ્ટ અને દેખિતું છે કે, ઈશ્વરનું પ્રથમ વરદાન છે તેનો 'શબ્દ' તથા તેના શોધક અને ગ્રહણકર્તા છે સમજશક્તિ. આ 'શબ્દ' અસ્તિત્વની શાળાનો સૌપ્રથમ પ્રશિક્ષક અને સર્વશક્તિમાનને પ્રગટ કરનાર છે. આજે જે કંઈપણ દેખિતું છે તે માત્ર તેની બુધ્ધિમત્તાના પ્રકાશથી જ દૃશ્યમાન છે. જે કંઈપણ પ્રગટીત છે તે માત્ર તેના જ્ઞાનનું પ્રતિક છે. બધાજ નામો તેના જ નામ છે તથા સમસ્ત ચીજોનો આદિ અને અંત તેના પર જ નિર્ભર છે."[૩૬]**

ઉપરોક્ત અવતરણોંમાંથી તમે ઈચ્છો એટલા અવતરણો મોઢે કરવાની ઈચ્છા રાખી શકો છો :

## વિભાગ ૧૫

આજે આપણે એવા સમયમાં જીવી રહ્યા છીએ જ્યારે માનવજાત નૈતિક નાદારીનો સામનો કરી રહી છે. સદીઓથી જે આદર્શોએ માનવજાતને માર્ગદર્શન આપ્યું છે, તે ધીરે-ધીરે તેનો પ્રભાવ ગુમાવી રહ્યા છે અને તેની જગ્યાએ બેકાબુ ભૌતિકવાદ, અતિશય સાપેક્ષવાદ અને બેલગામ વ્યક્તિત્વવાદની વિચારધારાના મૂલ્યો ધીરે ધીરે તેના મૂળીયા જમાવી રહ્યા છે. યુવાનો ઉપર તેના પ્રભાવ વિશે વિચાર કરતાં પહેલાં, ચાલો આ વિષય અંગે વધારે ચર્ચા કરીએ.

છેલ્લી કેટલીક સદીઓના ઈતિહાસમાંથી એ જોવું શક્ય છે કે લાંબા સમયથી અનેક જંજીરોમાં જકડાયેલી માનવતા કેવી રીતે ધીરે ધીરે ધાર્મિક કટ્ટરવાદ, અત્યાચાર, અંધવિશ્વાસ, વગેરેમાંથી મુક્ત થઈ રહી છે. ઘણું હાંસલ કરવાનું બાકી હોવા છતાં, ગહન રીતે ઘર કરી ગયેલા પૂર્વગ્રહ ઉપર વિજય મેળવવામાં આવી રહ્યો છે, ન્યાય માટે કાયદા ઘડવામાં આવ્યા છે, તથા વ્યક્તિઓ અને સમુહોના અધિકારોનો સ્વીકાર કરવામાં આવ્યો છે. દુર્ભાગ્યવશ, આ મૂલ્યવાન એવું ઐતિહાસિક આંદોલન હવે પ્લેગમાં ફેરવાયું છે, અને તેમાં લગાતાર વધારો થઈ રહ્યો છે, અને તેનો અતિરેક થઈ રહ્યો છે. અતિશય સાપેક્ષવાદ અને બેલગામ વ્યક્તિત્વવાદ કેન્દ્રમાં આવી રહ્યો છે તથા નિરપેક્ષતાના અસ્તિત્વને બાજુમાં ધકેલી દેવામાં આવી રહ્યું છે. પોતાની વ્યક્તિગત પસંદગીનું અનુસરણ કરવાની સ્વતંત્રતાને સર્વોચ્ચ આદર્શ માનવામાં આવી રહ્યું છે, અને તેના પરિણામ સ્વરૂપે સાચા અને ખોટા વચ્ચેની ભેદરેખા ધુંધળી થતી જાય છે. અધિકાધિક જગ્યાએ એકદ્મ અલગ અલગ પ્રકારના મૂલ્યો પર આધારિત વર્તન શૈલીઓને એક સમાન ગણવામાં આવે છે તથા એક સમુદાયના સભ્યોને પરંપરાગત રીતે એક સાથે જોડી રાખતા બંધનોએ તેની શક્તિ ગુમાવી દીધી છે.

આવા વાતાવરણમાં યુવાનોને કોઈપણ પ્રકારના નૈતિક માર્ગદર્શન વિના છોડી દેવામાં આવી રહ્યા છે અને તેઓ ખરા-ખોટા વચ્ચેનો ભેદ પારખવાની મુશ્કેલી અનુભવી રહ્યા છે. ઈશ્વરના શબ્દો સિવાય બીજી કોઈ ચીજમાં આધ્યાત્મિક ઈન્દ્રિયોને પુનર્જીવિત કરવાની શક્તિ નથી જે માનવીને ભેદ પારખવા સક્ષમ બનાવી શકે. અબ્દુલબહા આપણને કહે છે કે, 'ઈશ્વરના શબ્દો' વિચાર અને નૈતિકતાના સામ્રાજ્યને પ્રકાશિત કરે છે :

> **"...બુધ્ધિમત્તા અને આદર્શવાદના આધ્યાત્મિક સામ્રાજ્યમાં, પ્રકાશનું એક કેન્દ્ર હોવું જોઈએ, અને તે કેન્દ્ર છે શાશ્વત, સદા-પ્રકાશિત સૂર્ય રૂપી 'ઈશ્વરના શબ્દો'. તેનો પ્રકાશ વાસ્તવિકતાનો પ્રકાશ છે જે વિચાર અને નૈતિકતાના સામ્રાજ્યને પ્રકાશિત કરીને, માનવી ઉપર દિવ્ય જગતના આશીર્વાદ વરસાવીને માનવજાતને પ્રકાશિત કરી રહ્યા છે."**[૪૦]

નૈતિક પસંદગી કરવા સક્ષમ બનવા માટે, એક વ્યક્તિ માટે માત્ર નિયમોનો સંગ્રહ જ પૂરતો નથી; એક યુવાનના મન-માનસમાં મજબૂત સામાજિક ઉદ્દેશ ધરાવતા એક સંપૂર્ણ નૈતિક ઢાંચાનું નિર્માણ કરવાની જરૂર છે- એક એવો ઢાંચો જે આધ્યાત્મિક ખ્યાલો, આચરણની શૈલીઓ, અને પરિણામોના જ્ઞાનને પરસ્પર જોડતો હોય, તથા તે સંકલ્પશક્તિ અને સાહસની શક્તિના સહારે ઉભો હોય. આવો નૈતિક ઢાંચો વ્યક્તિના મનમાં સંચાલિત ભાષાના ઢાંચા સાથે પરસ્પર સંકળાયેલો હોવો જોઈએ. પાછલા વિભાગોમાં સ્પષ્ટતા કરી છે તે મુજબ, આ ભાષા એટલી સમૃધ્ધ હોવી જોઈએ કે, તે યુવાનોને નૈતિક મૂલ્યોનું ઘડતર કરી રહેલા શક્તિશાળી સામાજિક, સાંસ્કૃતિક અને આદર્શવાદી પરિબળો તથા તેમનામાં પરિવર્તન લાવવા માટે જરૂરી આધ્યાત્મિક શક્તિઓ વિશે સમજવા સક્ષમ બનાવી શકે.

એક વ્યક્તિ જે ભાષામાં પોતાના વિચારો વ્યક્ત કરે છે તે ભાષાની સંરચના તથા તેના વિચારો અને વર્તનનું સંચાલન કરતા નૈતિક ઢાંચા વચ્ચેનો ગાઢ સંબંધ, ભાષા અને નૈતિકતા શીખવવાની અપેક્ષિત પધ્ધતિ માટે ખૂબ મહત્વની ભૂમિકા ભજવે છે. ભાષા શીખવવા માટે ઉપયોગમાં લેવામાં અવતા સાહિત્યમાં, તેને તૈયાર કરતા લોકોના મૂલ્યોને અનુરૂપ તફાવત જોવા મળશે. તે સ્પષ્ટ નૈતિક ખ્યાલો પ્રસ્તુત કરી શકે છે, નૈતિક દ્વિધા ઉત્પન્ન કરી શકે છે અથવા આધ્યાત્મિક નુકશાનનું કારણ બની શકે છે. નૈતિક કેળવણીના વિષયમાં પણ નૈતિકતાના ખ્યાલો મુજબ તફાવત હોઈ શકે છે. દાખલા તરીકે, અનેક શૈક્ષણિક સાહિત્યોમાં જોઈ શકાય છે કે, આચરણમાં સુધારો લાવવાના હેતુથી નૈતિક ખ્યાલોને માત્ર ગુણોં, કર્તવ્યો, નિયમો અને તથ્યોની શ્રેણીના રૂપમાં જ પ્રસ્તુત કરી દેવામાં આવે છે, તેમાં ભાષા અને વિચારના તત્વોને ધ્યાનમાં લેવામાં આવતું નથી જે આધ્યાત્મિક બોધનો વિકાસ કરે છે અને સામાજિક પરિવર્તન પ્રત્યેની વચનબધ્ધતામાં વધારો કરે છે. તમે નૈતિક કેળવણીના એવા કાર્યક્રમો પણ જોઈ શકો છો જે વિધાર્થીઓને માત્ર તેમની પસંદ અને પ્રાથમિકતાઓ વિશે ચર્ચા કરવાનું કહે છે જેથી, તે સ્પષ્ટ થઈ ગયા પછી, તેઓ તેમનીજાતને વ્યક્તિગત રીતે સમજી શકે અને પોતાનીજાત ઉપર નિયંત્રણ પ્રાપ્ત કરી શકે. નૈતિક કેળવણીને બે માંથી કોઈપણ દિશામાં લઈ જવું ગેરવાજબી છે. કિશોર આધ્યાત્મિક સશક્તિકરણ માટે સમર્પિત એક કાર્યક્રમ એક ઉચ્ચ નૈતિક માપદંડથી દૂર હોઈ શકે નહિ, કે નહિ તે એવો ઈન્કાર કરી શકે છે કે આવું માપદંડ એક વ્યક્તિ પાસેથી શંકા રહિત હોવાની માંગ કરે છે. તેની સાથે, આપણે પહેલાં જોઈ ગયા તે મુજબ, આવા કાર્યક્રમને મોટા પ્રમાણમાં ચર્ચા કરવાની અને વિચારોની ધીરે ધીરે સ્પષ્ટતા કરવાની અનુમતિ આપવી જોઈએ. તેને તેનાથી આગળ જવાની જરૂર હોય છે. ખાસ કરીને, તેણે નૈતિક ઢાંચાની રચનામાં ભાષાની ભૂમિકા વિશે પુરતું ધ્યાન આપવું જોઈએ અને આગળના બે વિભાગોમાં આપણેં આ ભૂમિકા વિશે વિચાર કરીશું.

## વિભાગ ૧૬

આધ્યાત્મિક સશક્તિકરણને લગતા શૈક્ષણિક કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવેલું સાહિત્ય એવી ભાષામાં લખાયેલું હોવું જોઈએ જે નિષ્પક્ષ અને વિશ્લેષણાત્મક હોવા છતાં એવા સાપેક્ષવાદથી રક્ષણ પૂરૂં પાડતું હોવું જોઈએ જેનાથી તાજેતરના દશકામાં નૈતિક કેળવણી ખૂબજ સંક્રમિત થયેલી છે.

કિશોરોના અભ્યાસ માટે રૂહિ સંસ્થા દ્વારા સૂચિત બીજા એક પુસ્તકનું નામ છે *'સીધા માર્ગ પર ચાલવું'*. તેમાં વીસ વાર્તા છે અને દરેક વાર્તા કોઈ એક નૈતિક વિષયને લગતી છે. અનેક સંસ્કૃતિઓમાં, પેઢી દર પેઢી માહિતી અને જ્ઞાનને આગળ લઈ જવા માટે વાર્તાના માધ્યમનો ઉપયોગ કરવામાં આવે છે. આ પુસ્તકમાં, કેટલીક જાણિતી વાર્તાઓને એવી રીતે ફરીથી લખવામાં આવી છે જેથી તેમાં પરંપરાગત રીતે પ્રસ્તુત અસ્પષ્ટ સંદેશને દૂર કરી શકાય. દરેક પાઠમાં નૈતિક ઢાંચાના સંગીન વિકાસ માટે ભાષાને લગતા સ્વાધ્યાયનો સમાવેશ કરવામાં આવ્યો છે જેથી ભાષાકીય કૌશલ્યો અને ક્ષમતાઓનો વિકાસ કરી શકાય. નીચે આપેલા પાઠની એક એવી દંતકથાથી શરૂઆત થાય છે જેનાથી તમે પરિચિત છો. વિચાર અને વર્તનની શૈલીના વિકાસના હેતુથી તે ફરીથી લખવામાં આવી છે, જે સંપૂર્ણ રીતે નૈતિક છે. આ વાર્તા વાંચો અને ચર્ચા કરો કે, તેનો સંદેશ કેવી રીતે સાપેક્ષવાદના આદર્શો અને નકારાત્મક સાંસ્કૃતિક ધોરણોના સ્વીકારથી મુક્ત છે :

> *બુધ્ધિમાન લોકો ખોટી પ્રસંશાથી ભરમાઈ જતા નથી. અલબત્ત, કોઈપણ વ્યક્તિ પ્રસંશા સાંભળીને પ્રોત્સાહિત થાય છે. પરંતુ યાદ રાખવું જોઈએ કે પ્રશંસાની કામના આપણા ડહાપણને કમજોર બનાવી દે છે.*

*એક વાર એક શિયાળે એક કાગળાને ચાંચમાં પનીરનો ટુકડો લઇને ઉડતાં જોયો. ''મને એ પનીર જોઈએ જ છે,'' આમ વિચારી શિયાળ કાગળાના પડછાયાનો ત્યાં સુંધી પીછો કરતો રહ્યો, જ્યાં સુધી તે એક ઝાડની ડાળી પર જઈને બેઠો.*

*''મનસ્કાર, પ્રિય મિત્ર,'' શિયાળે પોતાનો સર્વોત્ત્મ વ્યવહાર બતાવતા કહ્યું. ''તમે આજે ખુબ સુંદર લાગો છો. તમારા પીછાં ચમકદાર છે અને આંખો તો મોતીઓ જેવી ચમકી રહી છે. તમારો અવાજ પણ અવશ્ય ખૂબ જ સુરીલો હશે ! કાશ, હું એક વાર આપને ગાતા સાંભળી શકયો હોત.''*

*આ શબ્દો, કાગળાની પ્રશંસા રૂપી તરસને તાજા પાણીથી સંતુષ્ટ કરવા પૂરતા હતાં. તેથી તેણે અભિમાનથી પોતાનું માથું ઊંચુ કર્યું અને તેમના મોહક મિત્રનાં સમ્માનમાં ગીત ગાવા માટે તૈયાર થઈ ગયો.*

*પણ, જે ક્ષણે તેણે ગાવા માટે ચાંચ ખોલી તે જ ક્ષણે પનીરનો ટુકડો નીચે પડી ગયો. શિયાળે તે ટુકડો જમીન પર પડે તે પહેલાં જ ઝડપી લીધો અને ભાગી ગયો. કાગળાનો બેસુરો અવાજ હવામાં ગુંજી રહ્યો.*

***સ્વાધ્યાય :***

*નીચેના પ્રશ્નોનો સંપૂર્ણ વાક્યોમાં જવાબ આપો.*

*૧. શિયાળે શું જોયું ?* ______________________________

______________________________

૨. કાગળાની ચાંચમાં શું હતું? ____________________________________________

____________________________________________________________

૩. શિયાળે પનીર મેળવવા માટે શું કર્યું? ______________________________________

____________________________________________________________

૪. શું કાગળાનો અવાજ ખરેખર સુરીલો હતો? ___________________________________

____________________________________________________________

૫. શું શિયાળ કાગળાની ખરેખર પ્રશંસા કરી રહ્યું હતું? __________________________

____________________________________________________________

૬. આ વાર્તા કઈ જગ્યાએ બની-શહેરમાં, ગામમાં કે જંગલમાં? _____________________

____________________________________________________________

**શબ્દભંડોળ**

નીચેના શબ્દો પૈકી યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો.

પ્રોત્સાહન, તીવ્ર ઈચ્છા, મોહક,
પડછાયો, પ્રશંસા, સંતુષ્ટ, અભિમાન,
આનંદદાયક, ડહાપણ, કમજોર

૧. શિક્ષકોને લાગતું હતું કે તેના વિધાર્થીઓ ખૂબ જ મહેનતુ હતા અને તે હંમેશા તેમની _________________ કરતી.

૨. અરમાન્ડો અને તેના ભાઈએ સાથે મળીને કામ કરતાં કરતાં ભવિષ્ય વિશેની યોજનાની ચર્ચા કરીને ખુબજ_________________ દિવસ પસાર કર્યો.

૩. હોંગમે ને હરવા ફરવાનો શોખ હતો, અને તેને નવા નવા સ્થળો જોવાની ____________ હતી.

૪. તેનો અવાજ સુરીલો છે એટલે તેના શિક્ષક તેને સંગીત શીખવા________________ આપે છે.

૫. વરસાદ પડયા પછી તરત જ વાવણી કરીને ખેડુતે સારુ_________________ દેખાડયું.

૬. ચંદુ પરીક્ષાના પરિણામથી_______________ ન હતો તેથી તેણે વધારે મહેનત કરવાનો નિર્ણય લીધો.

૭. ઝોંગ જીઆંગ મુશ્કેલીમાં હતો પરંતુ એના વધારે પડતાં________________ ને કારણે તેણે બીજા કોઈની મદદ સ્વીકારી નહી.

૮. દિવસના ઢળતા સમયે વૃક્ષનો લાંબો________________ બગીચામાં પડે છે.

*૯. આ બહુ જ_______________ વાર્તા હતી અને બાળકો તેને વારંવાર સાંભળવા ઈચ્છતા.*

*૧૦ બીમારીના કારણે તે ખૂબ જ______________ બની ગયો હતો, ત્યારે પણ તેણે કામ પર જવાનું ચાલું રાખ્યું.*

***ચર્ચાનો વિષય***

*આપણે ખોટી પ્રશંસાથી બેવકુફ ના બનીએ તે માટે શું કરવું જોઈએ ?*

***કંઠસ્થ કરો***

***"ખુબ જ સાવચેતી પૂર્વક તમારી જાતનું રક્ષણ કરો,***

***જેથી તમે છળ-કપટની જાળમાં ફસાઈ ના જાઓ."***

તમારા જૂથમાં નીચેના પ્રશ્નો વિશે ચર્ચા કરો :

૧. જો કોઈ વ્યક્તિ કાળજી નહિ રાખે તો, આ વાર્તા એવી રીતે કહી શકાય છે- અને એવી રીતે કહેવામાં આવે છે- જેમાં શિયાળની ચાલાકીની પ્રશંસા કરવામાં આવે છે. વાર્તાની આ આવૃતિ કેવી રીતે આવી છાપ દૂર કરે છે ? ____________________________________________

____________________________________________

____________________________________________

____________________________________________

૨. આ વાર્તાનો મુખ્ય નૈતિક સંદેશ શું છે ? ____________________________________________

____________________________________________

____________________________________________

૩. આ મુખ્ય સંદેશ સાથે સંબંધિત બીજા સંદેશા કયા છે ? ____________________________

____________________________________________

____________________________________________

૪. કિશોરોને નૈતિક ખ્યાલો સમજાવવા માટે આવી વાર્તાનું માધ્યમ કેટલું અસરકારક છે ?

____________________________________________

____________________________________________

____________________________________________

૫. આ સ્વાધ્યાયો કિશોરોમાં કયા ગુણોંનો વિકાસ કરે છે ? ____________________________

____________________________________________

____________________________________________

____________________________________________

૬. ચર્ચા નો સ્વાધ્યાય કેવી રીતે વિચાર અને ચિંતન શક્તિના વિકાસમાં વધારો કરે છે ? તે અભિવ્યકત કરવાની શક્તિનો કેવી રીતે વિકાસ કરે છે ? ____________________

____________________

____________________

____________________

____________________

૭. પાઠના અંતમાં મોઢે કરવાનો સ્વાધ્યાય કેવી રીતે આ શક્તિઓને પ્રબળ કરે છે ? ____________

____________________

____________________

____________________

## વિભાગ ૧૭

જો કિશોરોને, તેમના નિર્ણયો સાથે સંકળાયેલા નૈતિક સિધ્ધાંતોને ઓળખવામાં તેમની મદદ કરવી હોય તો, તેમની સક્ષમ તેમની વાસ્તવિકતા સાથે ગાઢ રીતે સંકળાયેલી પરિસ્થિતિ પ્રસ્તુત કરવી મહત્વપૂર્ણ છે. આમ છતાં, તેનો અર્થ એવો નથી કે વાસ્તવિકતાના નામ પર માનવીના નિમ્ન સ્વભાવ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે. કિશોરો સાથે ચર્ચા કરવામાં આવતી પરિસ્થિતિ, વિઘટીત થઈ રહેલા સમાજમાં સર્વ-સામાન્ય હોવી જોઈએ એવું જરૂરી નથી, પણ તે વિચાર અને આચરણના એવા આદર્શો પ્રસ્તુત કરતી હોવી જોઈએ જે કિશોરોને ઉત્કૃષ્ટતા માટે પુરુષાર્થ કરવા પ્રેરણાં આપી શકે. આ ત્યારે શકય છે જ્યારે પિતૃત્વ વર્તન, બાલીશ વાતો, અને સદાચરણના ઉપદેશની ભાષાથી દૂર રહેવામાં આવે. કિશોરો માટેના બીજા એક પુસ્તક *''શ્રેષ્ઠતા વિશે શીખવું''* માંથી લેવામાં આવેલા નીચેના પાઠ વિશે વિચાર કરો. આ પાઠમાં શ્રીમતી ચેન તેમના પૌત્ર-પૌત્રીને પવિત્રતાનો ખ્યાલ સમજાવી રહી છે અને કેટલાક સ્વાધ્યાયની મદદથી, તેના મહત્વની વધારે સારી સમજ પ્રાપ્ત કરવામાં તેમની મદદ કરી રહી છે :

શ્રીમતિ ચેન જણાવે છે કે ઉત્કૃષ્ટતાની બીજી શરત છે એક શુદ્ધ અને પવિત્ર જીવન જેમાં સુશીલતા, પાવનતા, સંયમ, સભ્યતા અને મનની શુદ્ધતાનો સમાવેશ થઈ જાય છે. તે પાવનતાનું એવા પાયા તરીકે વર્ણન કરતાં શરૂઆત કરે છે જેના ઉપર પવિત્ર જીવનનું ઘડતર કરવું જોઈએ:

“એક અરિસો લો. જો તેને બધા પ્રકારના ધુળના રજકણોથી સ્વચ્છ કરી દો છો તો તે પ્રકાશને પ્રતિબિંબિત કરશે. એવી જ રીતે જ્યારે એક હૃદય ઈર્ષા, ધિક્કાર અને ઘમંડ જેવી અશુદ્ધિઓથી નિર્મળ છે તો તે શુદ્ધ બને છે અને તે સ્વર્ગીય પ્રકાશને પ્રતિબિંબિત કરી શકે છે. મેન્સીયસે કહ્યું છે કે ઉમદા વ્યક્તિ તેના બાળક જેવા હૃદયને કયારેય ગુમાવી દેતી નથી. નિ:શક, આ સત્ય છે, પરંતુ આપણે યાદ રાખવું જોઈએ કે બાળકનું હૃદય નિર્દોષ અને નબળાઈઓથી નિર્મળ હોય છે પરંતું બાળકની નિર્મળતાની હજી કસોટી થયેલી નથી. તમે એવી વયે પહોંચી ગયા છો કે તમે હવે બાળકો રહ્યા નથી. તમારો વિકાસ થશે તેમ તેમ, તમે તમારા હૃદયની નિર્મળતા ગુમાવી નહિ દો તેના માટે તમારે પુરતી કાળજી રાખવી પડશે. આ દુનિયાની અશુદ્ધિઓને તમારા હૃદયરૂપી અરિસા ઉપર ડાઘ પાડવાની તમારે અનુમતિ આપવી જોઈએ નહી. અને તમારે તર્ક અને આસ્થાની શક્તિ દ્વારા આવું કરવું જોઈએ. તમે માત્ર તમારા પ્રયત્નો અને ઈચ્છા-શક્તિના ઉપયોગથી જ નિર્મળ રહી શકો છો.

શ્રીમતિ ચેન તેના પછી સમજાવે છે કે પવિત્રતાના ખ્યાલને ઘણી વખત ખોટી રીતે સમજાવવામાં આવે છે અને તેના પછી નીચે આપેલી યાદીમાંથી પવિત્રતા પ્રદર્શિત કરતા ગુણો તથા તેની વિરૂદ્ધના ગુણોને જુદા પાડવાનું કહે છે.

—પ્રમાણિક બનવું

—નિષ્ઠાવાન બનવું

—નિખાલસ બનવું

—દંભથી નિર્મળ બનવું

—સ્વચ્છ મન ધરાવવું

—સ્વચ્છ શરીર ધરાવવું

—મુર્ખ બનવું

—ઘમંડથી મુક્ત થવું

—કટ્ટરવાદી બનવું

—સરળ-માનસવાળા બનવું

—છેતરપિંડીથી મુક્ત થવું

—સ્વાર્થી બનવું

—કમજોર હોવું

—ભાવનાશીલ બનવું

—બુદ્ધિશાળી બનવું

—દયાળુ બનવું

—ઢોંગી નહી બનવું.

યુવાનો નીચેના અવતરણો મોઢે કરે છે અને તેના પછી આપેલા પ્રશ્નો વિશે તેમના નાના-નાની સાથે ચર્ચા કરે છે :

**"મારો પ્રથમ ઉપદેશ આ છે: એક શુદ્ધ, દયાળુ અને પ્રફૂલ્લિત હૃદય ધારણ કર, જેથી તને સનાતન, અવિનાશી અને શાશ્વત પ્રભુત્વ પ્રાપ્ત થાય."**

**"માનવ અસ્તિત્વના જીવનના માર્ગમાં સૌ પ્રથમ શુદ્ધતા, તેના પછી તાજગી, સ્વચ્છતા અને ચેતનાની સ્વતંત્રતા હોવી જોઈએ. સૌ પ્રથમ ઝરણાના તટને સ્વચ્છ કરવું જોઈએ, ત્યાર પછી નદીના મધુર જળને તેમાં વહેવા દઈ શકાય."**

૧. દંભી વ્યક્તિ એ છે જે પ્રમાણિક હોવાનો ડોળ કરે છે જ્યારે ખરેખર તે પ્રમાણિક નથી. અનેક નબળાઈઓ હોવી અને દંભી હોવું, આ બંનેમાંથી સૌથી ખરાબ શું છે ?

૨. એવી કેટલીક અશુદ્ધિઓ કઈ છે જેનાથી આપણે આપણાં વિચારોને નિર્મળ કરવા જોઈએ ?

૩. વાસ્તવમાં આ દુનિયામાં કોણ વધારે સિદ્ધિઓ હાંસલ કરે છે, હૃદયથી નિર્મળ વ્યક્તિ કે અપ્રમાણિક ?

નીચેના પ્રશ્નો વિશે તમારા જૂથમાં ચર્ચા કરો :

૧. આ પાઠ પવિત્રતાના ખ્યાલ વિશેની સામાન્ય ગેરસમજ દૂર કરવામાં કેવી રીતે મદદ કરે છે ?

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

૨. શ્રીમતી ચેન દ્વારા ઉપયોગમાં લેવામાં આવેલી ભાષાના કેટલાક લક્ષણો શું છે ?

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

૩. આ પાઠ કેવી રીતે કિશોરોને આધ્યાત્મિક ઉત્કૃષ્ટતા તરફ પ્રયત્ન કરવામાં મદદ કરે છે ?

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

## વિભાગ ૧૮

છેલ્લા બે વિભાગોમાં, ભલે ટૂંકમાં પરંતું, આપણે નૈતિક ઢાંચાના નિર્માણમાં ભાષાની ભૂમિકા વિશે વિચાર કર્યો છે. "સીધા માર્ગ પર ચાલવું" અને "ઉત્કૃષ્ટતા વિશે શીખવું" નામના પુસ્તકોમાંથી લેવામાં આવેલા એક એક એમ કુલ બે પાઠના આપણાં વિશ્લેષણથી, ભાષાને લગતી ક્ષમતાઓ અને કૌશલ્યોનો વિકાસ કરવાના હેતુથી તૈયાર કરવામાં આવેલા સ્વાધ્યાયો સહિતના કેટલાક વિષયો અને ખ્યાલો કેવી રીતે સંગીન નૈતિક પસંદગી કરવા માટે સુયોગ્ય એવી વિચાર શૈલીને સુદઢ કરે છે તેના વિશે વિચાર કરવામાં સહાયતા મળી છે. આવી રીતે ભાષાની પ્રવિણતામાં વધારો કરવો ગમે તેટલો મહત્વપૂર્ણ હોવા છતાં, આપણે યાદ રાખવું જોઈએ કે એક વ્યક્તિનો નૈતિક ઢાંચો પરસ્પર સંકળાયેલા પરિબળો ઉપર નિર્ભર છે. ખાસ કરીને, અહિં ચર્ચા કરવામાં આવતી વિચાર શૈલીઓને વૈજ્ઞાનિક વિચારધારાથી દૂર રાખવું કઠીન છે. યુવાનોને વૈજ્ઞાનિક રીતે વાસ્તવિકતાની શોધ કરવા માટે તૈયાર કરવાની જરૂર છે. તેઓ ઘણાં પાઠયપુસ્તકોનો અભ્યાસ કરશે, તેના પછી, તેઓ ગણિત અને વિજ્ઞાનના ક્ષેત્રોમાં પ્રવેશ કરશે -એક વિષય તરીકે શીખવવાના પ્રયત્નમાં નહિ પરંતું તેમાંથી પરિણમતી તાર્કીક ક્ષમતાને સશક્ત બનાવવા માટે. એવા લોકો જેઓ કિશોરો સાથે ઘણાં વર્ષોના લાંબા સમય સુંધી કાર્ય કરવાની ઈચ્છા રાખે છે, તેમની સાથે શાખા પાઠયક્રમના રૂપમાં આ સાહિત્યના સંદર્ભમાં વિસ્તારથી ચર્ચા કરવામાં આવશે. હાલમાં, કિશોરો જે શૈક્ષણિક પ્રક્રિયામાં સંલગ્ન થવાના છે તેના આ તત્વ વિશે જાણવું તમારા માટે પર્યાપ્ત છે.

## વિભાગ ૧૯

આધ્યાત્મિક બોધનો વિકાસ કરવો, અભિવ્યક્તની શક્તિનો વિકાસ કરવો અને સંગીન નૈતિક ઢાંચાનું નિર્માણ કરવું-આ બધું આધ્યાત્મિક સશક્તિકરણની પ્રક્રિયા માટે મહત્વનું છે. દુર્ભાગ્યવશ, શક્તિ સંપન્ન બનવાને ઘણીવાર એવા મૂલ્યો સાથે જોડી દેવામાં આવે છે જે માનવીના આધ્યાત્મિક સ્વભાવથી વિપરિત હોય છે. સશક્તિકરણના ખ્યાલની ચર્ચા કરવામાં આવે છે ત્યારે સામાન્ય રીતે જે છબી મનમાં આવે છે તે છે અંકુશ, કબજો, આધિપત્ય, શાશન, સર્વોપરિતા, આધિનતા. તમારો ઉદ્દેશ કિશોરોને એક અલગ પ્રકારની શક્તિનો વિકાસ કરવામાં મદદ કરવાનો છે. પ્રેમ, ન્યાય, જ્ઞાન, સમજદારી, તીક્ષ્ણ બોધ અને સેવા માંથી નૈતિક શક્તિ ઉત્પન્ન થાય છે. અહિં આપણે જે સશક્તિકરણની પ્રક્રિયાની વાત કરીએ છીએ તે એક જંતુને ગરૂડ બનાવી શકે છે, પાણીના એક ટિંપાને નદીઓ અને મહાસાગર, એક અણુંને પ્રકાશપૂંજ અને સૂર્ય બનાવી શકે છે. બહાઉલ્લાહ અને અબ્દુલ-બહાની પ્રાર્થનાઓમાંથી લેવામાં આવેલા કેટલાક અંશો પર ચિંતન કરો, જેમાં આપણે વિશિષ્ટ ગુણોં માટે ઈશ્વરને યાચના કરીએ છીએ, જે આપણને આધ્યાત્મિક અને નૈતિક સશક્તિકરણના સ્વરૂપ વિશે અંતઃ દ્રષ્ટિ પ્રદાન કરે છે :

> **"હે સમસ્ત નામોના સ્વામી તથા ધરતી અને સ્વર્ગના સમ્રાટ ! હું તને પ્રાર્થના કરૂં છું કે, જે તને પ્રિય છે તેમને તારી દયાનું પાત્ર બનાવ, જેથી તેઓ તારા સેવકોના હૃદયોને સજીવંત કરી શકે. હે મારા ઈશ્વર! તેમને સશક્ત બનાવ જેથી તેઓ તારી કૃપાના વાદળો માંથી વરસતા વરસાદના ટીંપા બની શકે, અને તારી પ્રેમાળ-કરૂણાંની વસંત-બહાર બની શકે, જેથી તેમના દ્વારા તારા સમસ્ત જીવોના હૃદયોની માટી પર હરીયાળી છવાઈ જાય અને એવી ચીજો ઉત્પન્ન થાય, જે તારા સમસ્ત સામ્રાજ્યમાં તેની સુવાસ ફેલાવી શકે, અને દરેકને તારા પ્રગટીકરણના આભૂષણની મધુર સુગંધ મળી શકે."**[૪૧]

> **"હે મારા પ્રભુ ! મને સશક્ત બનાવ જેથી હું તારી સૃષ્ટિમાં દૂર દૂર તારા ચિન્હોનો ફેલાવો કરી શકું અને તારા જગતમાં તારા ધર્મની સુરક્ષા કરી શકું."**[૪૨]

**"હે મારા ઈશ્વર! મને સશક્ત બનાવ કે જેથી, જેઓ તારા મુખારવિંદ પર જ તેમની દૃષ્ટિ કેન્દ્રિત કરીને માત્ર તારા માટે જ તારા કાયદા અને આદેશોને વળગી રહ્યા છે તેમનામાં મારી ગણના થઈ શકે."[૪૩]**

**"હે મારા ઈશ્વર! અમને સશક્ત બનાવ કે અમે અમારી જાતને ન્યોછાવર કરીએ અને તેને દૃઢપણે વળગી રહીએ જે તારા સ્વરૂપનું પ્રગટીકરણ છે, પરમ સ્તુત્ય, પરમોચ્ચ છે."[૪૪]**

**"હું તને પ્રાર્થના કરૂં છું, જે તારા નામોના દિવાસ્ત્રોત અને તારા ગુણોનું ઉદય-સ્થાન છે, તે મને એવા આદેશ આપે જે મને તારી સેવા માટે તત્પર થવા અને તારા ગુણગાન કરવા સક્ષમ બનાવે."[૪૫]**

**"મને તારી એવી સેવિકાઓમાંથી એક બનવા સક્ષમ બનાવ જેમણે તારી સુપ્રસન્નતા પ્રાપ્ત કરી લીધી છે."[૪૬]**

**"આ બાળકોનું રક્ષણ કર, ઉદારપણે તેમની સહાયતા કર જેથી તેઓ કેળવણી પામે અને તેમને સમર્થ બનાવ જેથી તેઓ માનવ જગતની સેવા કરી શકે."[૪૭]**

**"હે મારા પ્રિયતન! મારા પર આશીર્વાદ વરસાવ જે મને પ્રભુ-માર્ગમાં દૃઢ બનાવી શકે, જેથી નાસ્તિકોની શંકા મને તારી તરફ ઉન્મુખ થતાં અટકાવી શકે નહિ."[૪૮]**

**"મને તારા સાંનિધ્યમાં સત્યનું આસન મેળવવા માટે સમર્થ બનાવ, મને તારી દયાનું ચિન્હ પ્રદાન કર અને મને તારા એવા સેવકોમાં સામેલ કરી લે જેમને કોઈ પ્રકારનો ડર નથી, કે નથી કોઈ દુઃખની આશંકા."[૪૯]**

**"હે મારા ઈશ્વર! તારા સેવકોને તારા પાવન 'શબ્દ'નો ફેલાવો કરવા, તથા વ્યર્થ અને મિથ્યા વાતોનો પ્રતિકાર કરવા, સત્ય સિધ્ધ કરવા, પવિત્ર શબ્દોનો દૂર દૂર ફેલાવો કરવા, તારૂં તેજ પ્રગટ કરવા, અને સદાચારી હૃદયોને તારા ઉષાઃકાળના અરૂણોદયથી પ્રકાશિત કરવા માટે સહાયતા કર."[૫૦]**

**"તેમને તારા લોકો વચ્ચે વિશિષ્ટતા પ્રદાન કર જેથી તેઓ તારા 'શબ્દ'નું યશોગાન કરી શકે અને પ્રભુધર્મનો ફેલાવો કરી શકે. હે મારા ઈશ્વર! તારી ઈચ્છા અને પ્રસન્નતા મુજબ કાર્ય કરવા માટે તેમની સહાયતા કર."[૫૧]**

## વિભાગ ૨૦

છેલ્લા કેટલાક વિભાગો દરમિયાનની આપણી ચર્ચા -આધ્યાત્મિક બોધના સ્વરૂપ વિશેનું આપણું વિશ્લેષણ જે વાસ્તવિકતાને સમજવા માટે ખૂબ મહત્વપૂર્ણ છે; અભિવ્યક્તિની શક્તિ વિશેનું આપણું વિશ્લેષણ જે સર્વોચ્ચ ઉદ્દેશોની પ્રાપ્તિ માટે ખૂબ મહત્વપૂર્ણ છે; ભાષા અને નૈતિક ઢાંચા વચ્ચેના સબંધનું વિશ્લેષણ જે પસંદગી કરવા માટે નિર્ણાયક છે; તથા નૈતિક સશક્તિકરણની પ્રક્રિયા વિશેનું આપણું ચિંતન -ને ધ્યાનમાં રાખીને ચાલો આપણે કિશોરો દ્વારા અભ્યાસ કરવામાં આવતા બે પુસ્તકોનો થોડો વિગતવાર અભ્યાસ કરીએ. આ અને હવે પછીના વિભાગમાં આપણે *સંપુષ્ટિની સુરભી* વિશે વિચાર કરીશું, તથા વિભાગ ૨૨ અને ૨૩ માં *આસ્થાની ચેતના* ની સમીક્ષા કરીશું. સામાન્ય રીતે આ બંન્ને પુસ્તકોનો એવા

વિભાગ ૨૨ અને ૨૩ માં *આસ્થાની ચેતના* ની સમીક્ષા કરીશું. સામાન્ય રીતે આ બંન્ને પુસ્તકોનો એવા કરવામાં આવે છે.

બહાઈ પ્રેરિત પુસ્તક 'સંપુષ્ટિની સુરભી' આપણને મુસોન્દાની વાર્તા કહે છે, જે એક કિશોરી છે, જેના હમણાં જ ૧૩ વર્ષ પૂરા થયા છે અને તેના કરતાં મોટી તેની પિતરાઈ બહેન રોઝ તેની શાળાની રજામાં તેને મળવા આવી છે. મુસોન્દાનો ભાઈ ગોડવિન અને તેનો મિત્ર ચિશિંબાની સાથે બંન્ને છોકરીઓ તેમના ભવિષ્યનો વિચાર કરે છે અને તેમની આશાઓ અને સંભવનાઓ વિશે ચર્ચા કરે છે. આ પુસ્તકમાં અનેક વિચારો છે જેની તમારા જૂથમાં ચર્ચા કરવાની જરૂર છે, પણ પહેલાં, તમને આખુ પુસ્તક વાંચી જવા અને પછી ધ્યાનપૂર્વક વાંચવા અને તેના સ્વાધ્યાય પૂરા કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે. એકવાર પુસ્તકથી સુપરિચિત થઈ ગયા પછી નીચે આપેલ પુનરાવર્તનમાં આગળ વધો.

નિ:શક, તમે જોયું હશે કે આખા પુસ્તકમાં એક મુખ્ય વિષય- 'સંપુષ્ટિ'ની ચર્ચા કરવામાં આવી છે. પુસ્તકના એવા કેટલાક ફકરા નીચે આપવામાં આવ્યા છે જે વાર્તાના મુખ્ય પાત્રોની વાતચિત દ્વારા કે પ્રસંગો દ્વારા તેમાં કાર્યરત દિવ્ય સંપુષ્ટિ પ્રગટ કરે છે. દરેક ભાગ કોઈ એક પાઠમાંથી લેવામાં આવ્યો છે અને તે પુસ્તકના ક્રમ મુજબ પ્રસ્તુત કરવામાં આવ્યા છે. તેની નીચે આપેલી ખાલી જગ્યામાં વર્ણન કરો કે, દરેક ભાગમાં સંપુષ્ટિનો ખ્યાલ કેવી રીતે પ્રસ્તુત કરવામાં આવ્યો છે અને દરેક પાઠની સાથે, પુસ્તકના મુખ્ય વિષયને લગતી સહભાગીઓની સમજમાં કેવી રીતે વિકાસ થશે.

*"હું સેવા વિશે વિચારું છું. હું એવું કંઈ કરવા માગું છું જેના દ્વારા હું લોકોને મદદ કરી શકું. હું નર્સ બનવા ઈચ્છું છું પરંતુ તેના માટે ખૂબ મહેનત પૂર્વક ભણવું પડે. તેના માટે ખૂબ પૈસાની પણ જરૂર પડે અને મને લાગે છે કે મારા માતા-પિતા પાસે એટલા બધા પૈસા નથી," મુસોન્દાએ કહ્યું.*

*"હા, મુસોન્દા, પણ તું કોશિશ તો કરી શકે છે, રોઝે કહ્યું." એક શબ્દ છે, "સંપુષ્ટિ" જે હું થોડા વખત પહેલાં જ મારા વર્ગમાં શીખી. મારા શિક્ષક કહે છે કે ઈશ્વર આપણને સંપુષ્ટ કરે છે અને આપણે જે કંઈ કાર્ય કરીએ છીએ તેમાં સહાયતા કરે છે. મને હવે આ શબ્દ ખૂબજ ગમે છે. મને પૂરો વિશ્વાસ છે કે જો તું ખરા દિલથી નર્સ બનવાનું નક્કી કરીશ તો તને ઈશ્વરની સંપુષ્ટિ પ્રાપ્ત થશે."*

___

___

___

___

*તે રાતે મોડેથી જ્યારે બંને છોકરીઓ પથારીમાં સૂતી હતી ત્યારે મુસોન્દાએ ધીમા અવાજે રોઝને કહ્યુ, રોઝ, તેં સંપુષ્ટિ શબ્દ વિશે વાત કરી. શું એનો અર્થ એમ થાય છે કે જો હું મારૂં શાળાનું કાર્ય બહુ મહેનતથી અને ઉત્તમ રીતે કરૂં તો ઈશ્વર અમને પૈસા આપશે કે જેનાથી હું નર્સિંગનું ભણી શકું?"*

*રોઝે પડખું ફેરવીને મુસોન્દા તરફ જોયું. ''એકદમ એવું તો ના કહેવાય. એટલે મારો મતલબ છે કે મને ખબર નથી. આપણે કોશિશ કરીને જોવું જોઈએ કે કેવો અવસર મળે છે. પરંતું મને એ ખબર છે કે ઈશ્વરે આપણને બધાને પ્રતિભા આપી છે. આપણે એ જાણવું જોઈએ કે આપણામાં શું પ્રતિભા છે. એ શીખવું જોઈએ કે તેનો ઉપયોગ કઈ રીતે કરવો .'' રોઝે જવાબ આપ્યો.*

*ગોડવિનનો એક સહપાઠી અને સારો મિત્ર છે, તેનું નામ ચિશિંબા છે. તે ઘણીવાર મુલેન્ગાના પરિવારને મળવા આવે છે અને આજે રાત્રે તે ભોજન માટે રોકાવાનો છે. ભોજન વખતે ચર્ચાનો વિષય એક પર થી બીજા વિષય પર બદલાતો હતો. રોઝ, સંપુષ્ટિનો વિષય લાવવા માંગે છે અને તે અધીરી બની રહી છે. આખરે થોડી ક્ષણો માટે શાંતિ છવાઈ ગઈ. મુસોન્દા બોલી, ''રોઝ અને હું સંપુષ્ટિ વિશે વાત કરી રહ્યા હતા.''*

*''લો, મારી નાની બહેન શરૂ થઈ ગઈ,'' ગોડવિને ગળુ ખોંખારતા કહ્યું. પરંતુ આશ્ચર્યજનક રીતે ચિશિંબાને રસ પડયો.*

*''તારા માટે આ શબ્દનો અર્થ શું છે ? '' તેણે મુસોન્દાને પુછયું.*

*મુસોન્દાએ પણ આશ્ચર્ય પામીને જોયુ, એ આશા સાથે કે તે જવાબ આપશે.*

*''સંપુષ્ટિ... ઈશ્વર આપણને સંપુષ્ટિ આપે છે અને આપણે જે કાર્ય કરી રહ્યા છીએ તેમાં આપણી સહાય કરે છે.'' રોઝે કહ્યું.*

*ચિશિંબા થોડી વાર માટે બોલ્યો નહિ. તેની આંખોમાં દુ :ખ છલકાતું હતું. ''થોડા મહિના પહેલા'', તેણે ધીરેથી શરૂઆત કરી, ''મારા પિતાની નોકરી છુટી ગઈ. તે પ્રમાણિક અને જ્વાબદાર છે અને બધા જ તે જાણે છે. ૧૮ વર્ષ માટે તેમણે એક કંપનીમાં ચોકીદાર તરીકે કામ કર્યુ. અને પછી એકદમ જ એમને નોકરી માંથી કાઢી મુકયા. અમે બધા કારણ જાણીએ છીએ. જો તેઓએ તેમને બે વર્ષ વધારે નોકરીમાં રાખ્યા હોત તો તેઓ નિવૃત થઈ જાત અને કંપનીએ તેમને પેન્શન આપવું પડત. અમારી પાસે કંઈ વધારે બચત નથી. મારો મોટો ભાઈ અમને મદદ કરે છે. છતાં પણ એમ લાગે છે કે હું આવતા વર્ષે શાળામાં ભણવા પાછો નહિ જઈ શકું, કારણ કે હું મારો ભણવાનો અને રહેવાના રૂમનો ખર્ચો નહિ આપી શકું. મને ખરેખર શાળા પ્રત્યે ખૂબ જ પ્રેમ છે. હું વિચારુ છું કે ઈશ્વર મારી સહાયતા કેમ નથી કરતા ?''*

બધાં શ્રી. મુલેંન્ગા તરફ જુએ છે, એ આશા સાથે કે તેઓ આ પ્રશ્નનો જવાબ આપશે.

શ્રી. મુલેન્ગા હસે છે અને કહે છે, ''આપણે જ્યારે પ્રયત્ન કરીએ છીએ ત્યારે ઈશ્વર આપણને સંપુષ્ટિ આપે છે તેનો અર્થ એવો નથી કે જીવન સરળ છે. તમારૂં જીવન કઠિનાઈઓથી ભરેલું હશે, અને બદનસીબે તેમાંની ઘણી બધી અન્યાયનું પરિણામ હશે. પરંતુ તમારે કઠિન પરિશ્રમ કરવો પડશે અને થોડા સમય માટે વસ્તુઓ તમારી ઈચ્છા અનુસાર ના બને તો પણ તમારે ઈશ્વરની સંપુષ્ટિમાં શ્રધ્ધા રાખવી જોઈએ. અન્યાયને દૂર કરવાના તમારા પ્રયત્નોને ઈશ્વર વિશેષ રીતે સંપુષ્ટિ આપશે.'' તેઓ ચિશિંબા તરફ ફરીને કહે છે, ''તારૂં કુટુંબ મહેનતુ છે અને તેમાં એકતા છે. મારૂં દિલ કહે છે કે તારી પરિસ્થિતિ બદલાશે અને તું તારૂં ભણતર પુરુ કરીશ, તું મારા શબ્દો ઉપર ભરોસો રાખ.''

________________________________________

________________________________________

________________________________________

________________________________________

પછીના સોમવારે તેઓ બંને શ્રીમતિ. ફીરી સાથે સ્વાસ્થ કેન્દ્ર પર જાય છે. જ્યારે માતાઓના વર્ગનો સમય થાય છે ત્યારે મુસોન્દા અને રોઝ બાળકોને બહાર લઈ જાય છે અને ઝાડના છાયાં નીચે બેસાડે છે. તેઓ સાથે મળીને ગીતો ગાય છે અને રમતો રમે છે અને રોઝ બાળકોને વાર્તા કહે છે. જેમ વાર્તા પતે છે તેમ માતાઓ તેમના બાળકોને લેવા આવે છે. બધા ખુશ છે. શ્રીમતિ. ફીરી અને સ્વાસ્થ કેન્દ્રના અન્ય કાર્યકરો ખુશ થાય છે અને બંને છોકરીઓને આવતા અઠવાડિયે ફરી આવવાનું કહે છે.

ઘરે પાછા ફરતી વખતે મુસોન્દા ખૂબજ વિચારમગ્ન છે. અંતે તે મૌન તોડીને રોઝને કહે છે, ''શું તને લાગે છે કે આજે જે કંઈ થયું તેનો સંબંધ સંપુષ્ટિ સાથે છે? તારે શિક્ષિકા બનવું છે અને મારે નર્સ બનવું છે, અને અહિં આપણે સ્વાસ્થ કેન્દ્રમાં બાળકોને શીખવતા હતા અને તેમની સારસંભાળ લેતા હતા.''

________________________________________

________________________________________

________________________________________

________________________________________

રોઝ તેમની સાથે રહેવા આવી ત્યાર પછીના થોડાક અઠવાડિયામાં બંન્ને છોકરીઓએ ઘણા બધા વિષયો ઉપર વાત કરી છે અને હવે તેનાં દિમાગમાં ઘણા બધા વિચારો ભર્યા છે. તેથી એક સવારે તે તેની મનપસંદ જગ્યાએ જવાનું નક્કી કરે છે. તે પથ્થર પર સુતાં સુતાં સ્વાસ્થ કેન્દ્ર પર વિતાવેલા દિવસ વિશે વિચારે છે. તે મનમાં વિચારે છે, ''કંઈક ઉપયોગી કાર્ય કરી શકાયું તે સારું છે.'' તેને યાદ આવે છે કે તેના પિતાજી હંમેશા કહે છે કે વૃક્ષોએ ફળ આપવા જોઈએ.. પછી તે વિચારે છે, ''હું શું કરૂ કે જેથી મારી જીંદગી પણ ચોક્કસપણે સુંદર ફળદાયી બને ?'' તે તરત જ ''સંપુષ્ટિ'' શબ્દનો વિચાર કરે છે.

ત્યારે જ હવાની એક જોરદાર લહેર આવે છે. તેના લીધે થોડા પાંદડા હવામાં ઉડવા લાગે છે. પાંદડાની વચ્ચે મુસોન્દા એક નાના પીળા રંગના પક્ષીને ઉડતું જુએ છે. હવા બંધ થાય છે તેમ બધાં પાદડા પાણીમાં પડે છે, પરંતુ પક્ષી ઉડવાનું ચાલુ રાખે છે. તે જેમ પક્ષીને જુએ છે તેમ તેના મનમાં એક વિચાર આવે છે. હવાએ નાના પક્ષીને ધક્કો મારીને ઉડવા માટે થોડી મદદ કરી અને હવે તે ઉંચે ને ઉંચે ઉડી રહ્યું છે. કદાચ આનો  જ અર્થ ''સંપુષ્ટિ'' છે. પક્ષીએ ઉડવાની કોશિશ કરી અને હવાની લહેરે તેને મદદ કરી.

''ગોડવિન, શું તું તારા ભવિષ્ય વિશે વિચારે છે ?'' મુસોન્દા પુછે છે, ''તારે શું બનવું છે ?''

ગોડવિન સાયકલની મરામત કરવાનું ચાલુ રાખે છે, ''મને ખબર નથી. મારે પૈસા કમાવા છે. મારે આપણા માતા-પિતાને મદદ કરવી છે અને પછીથી મારે ઘર વસાવવું છે,'' તે જવાબ આપે છે.

''પણ તું કયારેય તારી પ્રતિભા વિશે અને તેનો ઉપયોગ કઈ રીતે કરવો તે વિશે વિચારે છે ?'' મુસોન્દા પૂછે છે, ''હું અને રોઝ આ વિશે ખૂબ વાતો કરીએ છીએ.''

''હા, હા, મને ખબર છે,'' પક્કડ ઉપાડતાં ઉપાડતાં તે બોલ્યો. ''અને તું હંમેશા 'સંપુષ્ટિ' વિશે વાત કરે છે કે, જ્યારે આપણે પ્રયત્ન કરીએ છીએ ત્યારે ઈશ્વર આપણને સહાયતા કરે છે.''

''પણ ગોડવિન, એ સાચું છે.'' પછી તે એને પીળા નાના પક્ષી અને હવાની લહેરની વાત કરે છે. પછી તે એને દવાખાનામાં બાળકો સાથે રોઝ અને તે જે કાર્ય કરી રહ્યા છે તેના વિશે પણ વાત કરે છે.

ત્યારે જ ચિશિંબા આવે છે. ''હેલો'', તે કહે છે. ''સાયકલનું શું છે ? તને ખબર પડી કે શું તકલીફ છે ?,'' તે પૂછે છે.

"તેના ગિયરમાં તકલીફ હતી. હું હજી તેના ઉપર કામ કરી રહ્યો છું," ગોડવિન બોલ્ટ ટાઈટ કરતાં કરતાં કહે છે. "મને ખાતરી હતી કે તું તેને ઠીક કરી શકીશ," ચિશિંબા કહે છે અને મુસોન્દા સામે જોઈને કહે છે, "તને ખબર છે કે તારો ભાઈ એક કુશળ મિકેનિક છે?"

"હું એક સાઈકલની મરામત કરી શકું તેનો અર્થ એ નથી કે હું એક મિકેનિક છું," ગોડવિન કહે છે. "મારે તાલીમની જરૂર પડશે."

બાકીના ત્રણ હસીને કહે છે, "તો પ્રયત્ન કર!" બધા હસે છે, ગોડવિન પણ.

"ગોડવિન, તું મિકેનિકશ્રી, ચિયેસુ કે જેની દુકાન બજાર પાસે છે તેની સાથે કેમ વાત નથી કરતો? કદાચ એ તને શિખવાડે," ચિશિંબા એ ઉત્સાહપૂર્વક કહ્યું.

રોઝે કહ્યું, "હા એ બહુ સારી શરૂઆત કહેવાય."

"શું?" ગોડવિન કહે છે, "હું એમને એમ જ તેમની પાસે જઈને કઈ રીતે પુછું, હુ તો એમને ઓળખતો પણ નથી."

"હું તેમને ઓળખું છું. હું તારો પરિચય એમની સાથે કરાવીશ! આપણે કાલે સાથે જઈશું," ચિશિંબાએ કહ્યું. મોડેથી, જ્યારે તેઓ એકલા હોય છે ત્યારે રોઝ મુસોન્દાને કહે છે, "આવતીકાલે ગોડવિનને સંપુષ્ટિ શબ્દનો અર્થ ખબર પડશે," તેઓ હસે છે પરંતુ નક્કી કરે છે કે તેઓ છોકરાઓને આ વિશે કંઈ નહિ કહે.

બટકા અને ઉમરલાયક શ્રી. ચિયેસુ તેમની દુકાનની બહાર બેઠા છે. તેઓ એક નાના એન્જિનના ભાગોને સાફ કરતાં કરતાં એક મધુર ગીત ગાઈ રહ્યા છે. તે જેમ ચિશિંબાને જુએ છે તેમ તેમનો ચહેરો ખિલી ઉઠે છે અને તેઓ હાથ મિલાવે છે.

ચિશિંબા, ગોડવિનનો પરિચય કરાવે છે અને કહે છે કે તે બધી વસ્તુઓની મરામત કરવામાં ખૂબ હોંશિયાર છે. ગોડવિન થોડો ગભરાયેલો છે પરતુ તે બોલવાની હિંમત ભેગી કરે છે અને ગળું ખોંખારીને કહે છે, "શ્રી. ચિયેસુ, મને મિકેનિક બનવામાં રસ છે. તેથી હું વિચારતો હતો કે હું કદાચ તમને તમારી દૂકાનમાં મદદ કરી શકું અને તમારી પાસેથી શીખી શકું."

"મને પણ મદદની જરૂર છે," શ્રી. ચિયેસુએ કહ્યું. "પરંતુ મારી પાસે તને આપવા માટે પૈસા નથી."

"તેનો કોઈ વાંધો નથી. મારે ખાલી શીખવું છે." ગોડવિને કહ્યું, "હું ક્યારથી શરૂ કરી શકું?"

*"અત્યારથી વધારે સારો સમય બીજો કોઈ નથી." શ્રી. ચિયેસુએ જવાબ આપ્યો. "શું તું આજે સવારે રોકાઈ શકે છે? આ ભાગને ઓઈલીગ કરવાનું છે. અને પછી આપણે એન્જિનને પાછું ભેગુ કરીને બાંધવાનું છે."*

*"અત્યારે? શું હું હમાણાંથી જ શરૂ કરી શકું છું?" આશ્ચર્યચકિત થઈને ગોડવિને પુછયું.*

*"હા ચોક્કસ!" શ્રી. ચિયેસુએ હસીને કહ્યું. "તારી બાંયો ઉપર ચડાવીને કામ શરૂ કરી દે."*

*ગોડવિન આતુરતાપૂર્વક પોતાનું નવું કામ શરૂ કરે છે. થોડા વખત પછી ચિશિંબા જવા માટે ઉભો થાય છે. તે શ્રી. ચિયેસુને આવજો કહે છે અને વાંકા વળીને ગોડવિનના કાનમાં જતાં જતાં ધીરેથી કહે છે, "સંપુષ્ટિ."*

*ઘરે પાછા જતા ચિશિંબા સ્વાસ્થ કેન્દ્ર પાસેથી પસાર થાય છે અને રોઝ અને મુસોન્દાને બાળકોને મદદ કરતા જુએ છે. શું થયું હતું તેના વિશે જાણવા છોકરીઓ ઉત્સુક છે અને પૂછે કે, "બધું કેવું રહ્યું?"*

*ગોડવિને પ્રયત્ન કર્યો અને સફળ થયો. તે અત્યારે ત્યાં જ છે. મને લાગે છે કે શ્રી. ચિયેસુ તેની પરીક્ષા લેવા માંગે છે." ચિશિંબાએ જવાબ આપ્યો.*

*એક સવારે ચિશિંબા તેની માતા માટે માછલી ખરીદવા બજારમાં જાય છે. તે છેલ્લા ઘણા દિવસોથી વિચારી રહ્યો હતો કે શાળા માટે પૈસા કઈ રીતે કમાવવા. તેને પાક ઉગાડીને વેચવાનો વિચાર આવ્યો, પરંતુ, વાવણીની મોસમ પતી ગઈ હતી. તેને રસ્તા પર બેસીને કોલસા વેચવાનો વિચાર આવ્યો, પરંતુ, એવું તો ઘણા લોકો કરે છે. "એવું કરવાનો પ્રયત્ન કર જે બીજું કોઈ ના કરતું હોય," તેને રોઝના શબ્દો યાદ આવ્યા.*

*તે જ્યારે શ્રીમતી. મુસોલેની દૂકાને માછલી ખરીદવા પહોચે છે ત્યારે તેને ખબર પડે છે કે તે ત્યાં નથી. બાજુની દૂકાનવાળી સ્ત્રીએ કહ્યું,"તે તાજી માછલી ખરીદવા શહેરમાં ગઈ છે. તે અઠવાડિયામાં બે વાર જાય છે. ચિશિંબાને ખબર છે કે શ્રી. ચિયેસુ પણ કોઈવાર ગાડીના છૂટા ભાગો ખરીદવા શહેરમાં જાય છે."*

*આના પરથી તેને એક વિચાર આવે છે. તે મનમાં વિચારે છે, "હું લોકોના બદલે શહેરમાં જઈને તેમના માટે જરૂરી વસ્તુઓ લાવી શકું છું. શહેર જવાના બદલે અહિંયા રહીને કામ કરવાથી તેઓ એટલા પૈસા નહિ ગુમાવે."*

*તે રાત્રે ઘરે ચિશિંબા તેના માતા-પિતા સાથે વિચાર-વિમર્શ કરે છે અને તેમને આ વિચાર ગમે છે. બીજા દિવસે તે પાછો બજાર જાય છે અને શ્રીમતિ. મુસોલે અને શ્રી. ચિયેસુ સાથે વાત કરે છે. ''તમે બંને શહેરમાં જવા માટે બસ ભાડાના જે પૈસા સામાન્ય રીતે વાપરો છો તે જો તમે બંને મને આપો તો હું તેમાંથી અડધા પૈસા શહેરમાં જઈને તમને જે વસ્તુઓ જોઈએ તે લાવવા માટે વાપરીશ અને બાકીના અડધા મારી શાળા માટે બચાવીશ.'' તેઓ બંને માની જાય છે કે આ અજમાવી જોવા જેવું તો છે. અને તેને બે દિવસ પછી આવવાનું કહે છે. '' જો આ યોજના બરાબર કામ કરે,'' શ્રી. ચિયેસુ કહે છે, ''તો તારી નોકરી પાકી.''*

*તેના માતા-પિતાને ખુશ ખબર આપવા ઘરે જતાં ચિશિંબા ગોડવિન અને તેના પરિવારજનોને મળવા રોકાય છે. તે પોતાની યોજના વિશે તેમને કહેવા આતુર છે. તેની વાત સાંભળ્યા પછી શ્રીમતિ. મુલેન્ગા ચિશિંબાને બીજા ખુશખબર આપે છે. તે સમજાવે છે કે શ્રી. મુલેન્ગાને એક દિવસ પહેલા કાબવે જવાનું થયું અને તેમણે તેના પિતરાઈ ભાઈ સાથે વાત કરી. અને તેણે કહ્યું છે કે ચિશિંબા તે અને તેના પરિવારની સાથે ખુશીથી રહી શકે છે અને તેમનું ઘર તેની શાળાથી એક કીલોમીટર દૂર છે. તેમણે કહ્યું, ''રહેવા અને ખાવાના બદલામાં તું તેમના ખેતરમાં મદદ કરજે.''*

*''આ તો સૌથી સારી ખબર છે, આભાર, શ્રીમતિ. મુલેન્ગા.'' ચિશિંબાએ કહ્યું.*

*શ્રી. મુલેન્ગાએ કહ્યું. ''ચિશિંબા, લાગે છે કે તું જલ્દી થોડા પૈસા કમાવશે. તારે એ ધ્યાન રાખવું પડશે કે તું તે તારી શાળા માટે બચાવે, જો કે ઘણીવાર તે ઘણુ મુશ્કેલ લાગશે. તે પૈસાને નાની નાની વસ્તુઓ ઉપર ખર્ચ કરવાની લાલચ ના  કરતો.''*

*''તમે ચિંતા ના કરતા શ્રી. મુલેન્ગા,'' ચિશિંબા એ હસીથી છલકાતા ચહેરા સાથે કહ્યું. ''હું વચન આપું છું કે હું એવું નહિ થવા દઉ.'' તે બધાને આવજો કરીને જવા માટે વળે છે અને જતાં રોઝ અને મુસોન્દા સામે જુએ છે અને કહે છે, ''અવસરો મળી રહ્યા છે.''*

*રજાઓ પતવા આવી છે. રોઝનો ઘરે પાછા જવાનો અને પાછી શાળા શરૂ કરવાનો સમય આવી ગયો છે. તે જ્યારે જવાની તૈયારી કરે છે ત્યારે તે અને મુસોન્દા વાતો કરે છે.*

*''તારે પાછુ જવું ના પડતું હોત તો કેટલું સારૂ થાત.'' મુસોન્દા કહે છે.*

*"મને પણ એવું જ લાગે છે," રોઝે કહ્યું. ખરેખર આ ખૂબ જ અદ્‌ભૂત રજાઓ હતી. જે કંઈ બન્યું તેના ઉપર હજુ મને વિશ્વાસ નથી બેસતો.*

*"હા," મુસોન્દાએ કહયું. ગોડવિનને તો તેની નોકરી એટલી પસંદ આવી કે તે હવે શાળાનું ભણતર પતાવ્યા પછી યાંત્રિક હુન્નર વિશે તાલીમ લેવા માગે છે. અને ચિશિંબાની યોજના ખરેખર કામ કરી ગઈ. તેને એટલા બધાં ગ્રાહકો મળ્યા છે કે તે લગભગ દરરોજ શહેરમાં જવા લાગ્યો છે."*

*"અને આપણને જો," રોઝે કહ્યું. "સ્વાસ્થ્ય કેન્દ્રમાં કામ કરવાનો અનુભવ ખૂબ સુંદર હતો. હવે મને વધારે ખાત્રી થઈ ગઈ છે કે મારે શિક્ષિકા બનવું છે. મારી ગ્રામસભા દર અઠવાડીયે જુદી જુદી ઉમરના બાળકો માટે વર્ગોનું આયોજન કરે છે અને લગભગ બધાં જ બાળકો એમાં જાય છે. આ વખતે હું કોઈપણ એક વર્ગમાં ભણાવવાનું વિચારી રહી છું."*

*" અને હું સ્વાસ્થ કેન્દ્ર પર કામ કરવાનું ચાલુ રખવાનો પ્રયત્ન કરીશ."મુસોન્દાએ કહ્યું. "હું શાળાના કારણે દર સોમવારે તો નહિ જઈ શકું, પરંતુ કદાચ હું કોઈક વાર બપોરે મદદ કરી શકીશ. તું જાણે છે રોઝ, પહેલા દિવસે જ્યારે આપણે 'સંપુષ્ટિ' વિશે વાતો કરી હતી ત્યારે મે કલ્પના પણ નહોતી કરી કે તે કેટલું અગત્યનું છે અને તેને સમજવાથી કઈ રીતે આપણી જીંદગી બદલાઈ જશે."*

*"તે સાચુ છે," રોઝે સહમત થતા કહ્યું. "આપણે પ્રયત્ન કરવા અને 'સંપુષ્ટિ' મેળવવા વિશે શીખ્યા પછી આપણે બધા કેટલા બદલાઈ ગયા છીએ."*

*ઘરે પાછા જતા મુસોન્દા પુછે છે કે "શુ તે નદી કિનારે જઈ શકે છે ?" તે તેની વિશિષ્ટ જગ્યાએ દોડી જાય છે અને પથ્થર પર ચડીને પીઠ પર સુઈ જઈને આકાશ સામે જુએ છે. તેના મનમાંથી ઘણા વિચારો પસાર થઈ રહ્યા છે. તે શાળાની રજાઓ વિશે વિચારે છે અને વિચારે છે કે આવતા વર્ષે શું થશે. તે દિવસે ખૂબ હવા છે અને તેને પીળુ પક્ષી યાદ આવે છે. તે પોતાની જાતને ધીમા અવાજે કહે છે, "હું જે પણ કંઈ પ્રયત્ન કરીશ તેમાં મને ઈશ્વર સહાય કરશે." તે જેમ જવા માટે ઉભી થાય છે તેમ હવા આવે છે અને તેના બરડાને સ્પર્શે છે અને તેને તાકત આપે છે.*

## વિભાગ ૨૨

આપણે પહેલાં જોઈ ગયા તે મુજબ, 'આસ્થા ની ચેતના' કેટલાક પાઠયપુસ્તકોમાંથી એક છે જે બહાઈ બાળ વર્ગોના સાતત્ય માટે વિષય પુરો પાડે છે અને તેમાં પ્રભુધર્મની કેન્દ્રિય વિભૂતિઓનો સ્પષ્ટ સંદર્ભ આપવામાં આવ્યો છે. અમે પહેલાં ઉલ્લેખ કર્યો છે કે, કિશોરાવસ્થા જીવનનો એવો એક તબક્કો છે જ્યારે એક વ્યક્તિ દર્શનશાસ્ત્ર કે તત્વજ્ઞાનના પ્રશ્નોના જવાબ મેળવવામાં વધારે રૂચિ દર્શાવે છે, ખાસ કરીને માનવ અસ્તિત્વનો ઉદ્દેશ અને સ્વરૂપને લગતા પ્રશ્નો વિશે. "આસ્થાની ચેતના" આ પ્રશ્ન સાથે શરૂ થાય છે કે "માનવ હોવાનો અર્થ શું છે ?" આ પ્રશ્નનો જવાબ આપવાના પ્રયત્ન રૂપે, આ પુસ્તકના વિવિધ ભાગો તેની સાથે સંકળાયેલા નીચેના વિચારોની શ્રેણીનું વિશ્લેષણ કરે છે: જેમ કે માનવીની કુલીનતા, માનવીનો ઉચ્ચ અને નિમ્ન (દૈવી અને પાશવી) સ્વભાવ, બુરાઈના અસ્તિત્વનો અભાવ, સ્વતંત્ર ઈચ્છા, સંકલ્પ-શક્તિ, નસીબ, બુધ્ધિ-શક્તિ, વૈજ્ઞાનિક સંશોધન, ભૌતિક ઉત્ક્રાંતિ, માનવ ચેતના અને અંતમાં આસ્થાની ચેતના.

'સંપુષ્ટિની સુરભી' ની જેમ, તમને એકવાર આ પુસ્તકનું પુનરાવર્તન કરવાની અને પછી 'ચિંતન' ને લગતા ભાગ ઉપર ખાસ ધ્યાન આપીને તેનો ફરીથી અભ્યાસ કરવાની જરૂર પડશે. તેના પછી આ પ્રશ્નોના જવાબ આપતાં આ પુસ્તક કેવી રીતે તેનો ઉદ્દેશ પુરો કરે છે તેની તમારે સમીક્ષા કરવી જોઈએ:

૧. પાઠ-૧ માં બહાઉલ્લાહના લખાણોમાંથી કેટલાક અવતરણો લેવામાં આવ્યા છે જેમાં એવી છબીઓનો સમાવેશ થાય છે જે કિશોરોને તેમની સાચી ઓળખ વિશે વિચાર કરવામાં મદદ કરે છે. તેના સંદર્ભમાં દરેક છબી કઈ અંત:દૃષ્ટિ પુરી પાડે છે ? આ પાઠમાં 'ચિંતન'ની દરેક પ્રવૃત્તિ કેવી રીતે આ વિષયને લગતી તેમની સમજમાં વધારો કરે છે ? ____________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

૨. પાઠ-૨ ના પહેલા ભાગમાંથી કિશોરો કેવી રીતે ઈશ્વરની સૃષ્ટિ અને માનવ અસ્તિત્વની શ્રેષ્ઠતા વિશેની સમજ પ્રાપ્ત કરે છે ? ____________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

૩. આ પાઠનું પ્રથમ 'ચિંતન' કેવી રીતે તેમને તેમના જીવનમાં શ્રેષ્ઠતાના ખ્યાલનો અમલ કરવામાં મદદ કરે છે ? ____________________________________________________

____________________________________________________________

____________________________________________________________

૪. આ પાઠના બીજા ભાગમાં તેઓ તેના વિશે વિચાર કરે છે જેના માટે લોકો તેમનીજાતને અપમાનિત કરે છે. તે શું છે ? ________________________________________________

____________________________________________________________

____________________________________________________________

૫. માનવ અસ્તિત્વના ઉચ્ચ અને નિમ્ન સ્વભાવનો ટૂંકમાં અભ્યાસ માંથી તમારા મતે, કિશોરો કેવી સમજ હાંસલ કરી શકશે એવી તમે આશા રાખો છો ? ______________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

૬. આ પાઠના બીજા 'ચિંતન'દ્વારા કિશોરો તેમના ઉચ્ચ સ્વભાવના વિકાસ વિશે શું શીખે છે ?

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

૭. માનવીનો નિમ્ન સ્વભાવ 'દુષ્ટ' નથી, આ વાતની સમજ, કિશોરો જ્યારે કોઈ ભૂલ કરે છે ત્યારે તેના અપરાધ-ભાવથી તેમને કેવી રીતે બચાવે છે ? આ વિષયની તેમની સમજ વધારવા માટે કયા ઉદાહરણનો ઉપયોગ કરવામાં આવ્યો છે ? ______________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

૮. પાઠ-૨ નો પાછળનો ભાગ અને છેલ્લી બે 'ચિંતન'ની પ્રવૃત્તિ, માનવીના નિમ્ન સ્વભાવના આક્રમણોં પર અંકુશ લાવવા માટે કઈ અંતઃદૃષ્ટિ પૂરી પાડે છે ? ______________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

૯. પાઠ-૩ માં સંકલ્પ-શક્તિના ખ્યાલનું કેવી રીતે વર્ણન કરવામાં આવ્યું છે ? શું તમારા મતે પાઠના શરૂઆતમાં વર્ણવેલી પરિસ્થિતિ કિશોરોના જીવન સાથે સુસંગત છે ?

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

૧૦. પાઠ-૩ માંથી તેમના ઉચ્ચ સ્વભાવમાં 'સ્વતંત્ર-ઈચ્છા' ની ભૂમિકાના સંદર્ભમાં કિશોરો શું શીખે છે ? ______________________________________________________

____________________________________________________________

____________________________________________________________

૧૧. કિશોરો તેમના જીવનમાંથી એવા કયા કયા ક્ષેત્રો વિશે સમજવા લાગે છે જેમાં તેઓ 'સ્વતંત્ર-ઈચ્છા' નો ઉપયોગ કરી શકે છે ? શા માટે તેમની 'સ્વતંત્ર-ઈચ્છા'ની મર્યાદા વિશે જાણવું તેમના માટે મહત્વનું છે ? ______________________________________________

____________________________________________________________________

____________________________________________________________________

____________________________________________________________________

૧૨.આ પાઠના બીજા 'ચિંતન' માંથી તેમની 'સ્વતંત્ર-ઈચ્છા'ના ઉપયોગ વિશે તેઓ વધારે કઈ અંત:દૃષ્ટિ મળવે છે? ________________________________________________

____________________________________________________________________

____________________________________________________________________

____________________________________________________________________

૧૩. કિશોરો માટે બીજા પર અંકુશ રાખવો અને તેમના પર સકારાત્મક પ્રભાવ પાડવો-તેની વચ્ચેનો તફાવત સમજવો શા માટે મહત્વનું છે? તમારા મતે, ત્રીજા 'ચિંતન'ની ચર્ચા તેમના પર્યાવરણ ઉપર પડતા સકારાત્મક પ્રભાવ પાડવાના તેમના પ્રયત્નોમાં કેવી રીતે તેમની મદદ કરે છે?

____________________________________________________________________

____________________________________________________________________

____________________________________________________________________

૧૪. પાઠ-૩ કિશોરોને 'નસીબ' વિશે શું શીખવે છે? __________________________________

____________________________________________________________________

____________________________________________________________________

____________________________________________________________________

૧૫. આ પાઠ નસીબના ખ્યાલને લગતી કઈ ગેરસમજ (ખોટો ખ્યાલ) દૂર કરવાનો પ્રયત્ન કરે છે?

____________________________________________________________________

____________________________________________________________________

____________________________________________________________________

૧૬.તેમના જીવનમાં તેમના પ્રયત્નો અને દિવ્ય સહાયતાની શક્તિનું મહત્વ સમજવામાં કિશોરોની મદદ કરવા માટે તરતી હોડીનું ઉદાહરણ કેટલું અસરકારક છે? __________________________

____________________________________________________________________

____________________________________________________________________

____________________________________________________________________

૧૭. પાઠ-૪ નો પહેલો ભાગ 'પ્રકૃતિ' (કુદરત)ની મર્યાદા શોધી કાઢવામાં કેવી રીતે કિશોરોની મદદ કરે છે? _____________________________________________________________

____________________________________________________________________

૧૮. માનવી આ મર્યાદાઓને કેવી રીતે પાર કરે છે તેના વિશે આ પાઠ શું કહે છે?

૧૯. અહિં દલીલ કરવામાં આવી છે કે વિજ્ઞાન સમસ્ત માનવજાતની માલિકી છે. આ વિધાનનો અર્થ શું છે?

૨૦. પાઠ ૪ માં આપેલ વિજ્ઞાનને લગતા ફકરામાં એક વિધાન આપવામાં આવ્યું છે કે, “પરમેશ્વરે મનુષ્યમાં વાસ્તવિકતાના આ પ્રેમનું સર્જન કે સંચય કર્યો છે.” કિશોરોમાં વાસ્તવિકતાના આ પ્રેમનો વિકાસ કરવો કેટલું મહત્વનું છે?

૨૧. કિશોરો માટે અવલોકન શક્તિનું કેવી રીતે વર્ણન કરવામાં આવ્યું છે?

૨૨. પાઠ-૪ માં આપેલું ઉદાહરણ વિજ્ઞાનના વિકાસમાં અવલોકન અને પ્રયોગની ભૂમિકા સમજવામાં કેવી રીતે કિશોરોની મદદ કરે છે?

૨૩. શું આ પાઠ એમ કહેવા માગે છે કે કિશોરો તેમના જીવનના દરેક ક્ષેત્રમાં અવલોકન શક્તિનો ઉપયોગ કરી શકે છે? તમારા મતે, ત્રીજા ચિંતનમાં પુછવામાં આવેલા પ્રશ્નો જે આ શક્તિનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહન આપે છે, તે બધા શા માટે માનવ અસ્તિત્વના ઉચ્ચ સ્વભાવ ઉપર જ કિન્દ્રત છે?

૨૪. ચોથા 'ચિંતન'માં આપેલા ઉદાહરણો સ્પષ્ટ કરે છે કે જીવનના દરેક ક્ષેત્રમાં પ્રયોગ કરી શકતો નથી. આ ઉદાહરણો કિશોરોને આ સિધ્ધાંતનું મહત્વ સમજવામાં કેવી રીતે મદદ કરે છે ?

______________________________________________

______________________________________________

______________________________________________

૨૫. પાઠ-૫ અને ૬ માં આપેલા અલગ અલગ ઉદાહરણો, કેવી રીતે પ્રજાતિઓની ઉત્ક્રાંતિનો ખૂબ જટીલ સિધ્ધાંત વિશે અંત:દૃષ્ટ મેળવવામાં કિશોરોની મદદ કરે છે ?

______________________________________________

______________________________________________

______________________________________________

૨૬. ઉત્ક્રાંતિની આ પ્રક્રિયામાં માનવ ચેતનાની ઉત્પતિ (પ્રગટિકરણ)નું કેવી રીતે વર્ણન કરવામાં આવ્યું છે ? ______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

૨૭. પાઠ-૬ માં અનુપ્રેરક, નટાલિયા કિશોરોના જૂથ માટે વાર્તામાં અબ્દુલ-બહાના લખાણોમાંથી બે અવતરણો વાંચે છે અને તેના પછી તેમને અભ્યાસ કરવામાં અને સમજવામાં મદદ કરે છે. તે કેવી રીતે આવું કરે છે તેનો કોઈ ઉલ્લેખ નથી. તમે આ અવતરણોનું કેવી રીતે વર્ણન કરશો ?______________________________________________

______________________________________________

______________________________________________

૨૮. પાઠ ૭ ના પહેલા ભાગમાં વર્ણવેલ માનવ ચેતનાના વિશિષ્ટ લક્ષણ શું છે ?

______________________________________________

______________________________________________

______________________________________________

૨૯. આ પાઠના પહેલા 'ચિંતન'માં સભાનતાનો કેવી રીતે પરિચય આપવામાં આવ્યો છે ? આ 'ચિંતન'ના બે સ્વાધ્યાય કેવી રીતે કિશોરોના જીવન સાથે સુસંગત છે ?

______________________________________________

______________________________________________

______________________________________________

૩૦.માનવ મનની શક્તિ કેવી રીતે 'ઉચ્ચ સ્વભાવ' નું સાધન બની શકે છે? શું બીજા 'ચિંતન'માં પ્રસ્તુત વિરોધાભાષી ઉદાહરણો, એવું સ્પષ્ટ કરવાની એક ઉપયોગી રીત છે કે માનવીય બુધ્ધિ માટે માર્ગદર્શન મહત્વનું છે? ____________________________________________

____________________________________________

____________________________________________

____________________________________________

૩૧. આસ્થાની ચેતના શું છે? ____________________________________________

____________________________________________

____________________________________________

૩૨. પાઠ ૭ ના છેલ્લા બે ચિંતનમાં આપેલા ઉદાહરણો અને સ્વાધ્યાય, કિશોરોને તેમના જીવનમાં આસ્થાની ચેતનાનું મહત્વ સમજવામાં કેવી રીતે મદદ કરે છે? ______________________

____________________________________________

____________________________________________

____________________________________________

## વિભાગ ૨૩

'આસ્થાની ચેતના' નામના પુસ્તકના કેન્દ્રમાં વિજ્ઞાન અને ધર્મના સુમેળનો સિધ્ધાંત રહેલો છે. માનવજાતના જીવન માટે આ સિધ્ધાંતનો સૂચિતાર્થ ગહન છે અને તેની કામગીરીમાં આપણા પૈકી દરેકે અંતઃદ્રષ્ટિ મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ. અલબત, વિજ્ઞાન અને ધર્મના કેટલાક એવા મંતવ્યો કે દ્રષ્ટિકોણ છે જે તેમને સીધા સંઘર્ષમાં ન મૂકવાની સાથે, સ્પષ્ટપણે તેમની વચ્ચેના સૂમેળભર્યા સંબંધની જરૂરીયાતો પૂર્ણ કરતા નથી -ઉદાહરણ તરીકે, એવો દાવો છે કે આજે ધર્મ દ્વારા જે પણ રહસ્યોનો ઉલ્લેખ કરવામાં આવે છે, તેનું જેમ જેમ વિજ્ઞાનનો વિકાસ થશે તેમ તેમ અંતે તેનું વર્ણન કરવામાં આવે છે, અથવા, બીજી રીતે જોઈએ તો, એવી માન્યતા છે કે, અંતે ધાર્મિક ગ્રંથો વાંચીને બધા વૈજ્ઞાનિક સત્ય શોધી શકાય છે કારણકે તે સર્વજ્ઞાતા પરમેશ્વર તરફથી આવે છે. દરેક મંતવ્ય કે દ્રષ્ટિકોણ પર આધારિત ગેરસમજોમાં પડયા વિના, આપણે સરળતાથી જોઈ શકીએ છીએ કે, બંન્નેમાં જ્ઞાનના એક સ્ત્રોતને બીજા માટે ગૌણ બનાવવામાં આવે છે, જેને ભાગ્યે જ સાચો સુમેળ ગણી શકાય. પરંતુ, આવા મંતવ્યોને નકારી કાઢવામાં પણ, આપણને આપણી જાતને પૂછવાની જરૂર છે કે આપણે વિજ્ઞાન અને ધર્મને કેવી રીતે એકબીજાના પૂરક હોવાની કલ્પના કરીએ છીએ. આ સંદર્ભમાં, તમારી વિચારણા માટે નીચેનું વિધાન આપવામાં આવ્યું છે. તે વાંચો અને તેના પછી આપવામાં આવેલો સ્વાધ્યાય પૂરો કરો.

*એક શક્યતા એવી દલીલ કરવાની છે કે, વિજ્ઞાન અને ધર્મમાં સમાવિષ્ટ હકીકતો અનુભવના બે અલગ અને પરસ્પર વિશિષ્ટ ક્ષેત્રોને આવરી લે છે. વિજ્ઞાન ભૌતિક બ્રહમાંડનો અભ્યાસ કરે છે, માત્ર પ્રકૃતિની કાર્યપધ્ધતિઓનો જ નહિ પરાંતુ માનવ સમુદાયો, સંસ્થાઓ અને આંતરક્રિયાઓ સાથે સંકળાયેલી ચોક્કસ ઘટનાઓ કે બાબતોનો પણ અભ્યાસ કરે છે. તે જે જ્ઞાન ઉત્પન્ન કરે છે તે તકનિકી પ્રગતિ માટે આધાર બને છે, અને તકનિકનો માનવજાતના હિત કે અહિત માટે ઉપયોગ કરી શકાય છે. સામાજિક વિજ્ઞાન ભલે ગમે તેટલું આગળ વધે છતાં, વિજ્ઞાનની પેદાશોનો કેવી રીતે ઉપયોગ*

*કરવો તે નક્કી કરવાની તેની પોતાની પાસે મર્યાદિત ક્ષમતા છે. તેનાથી વિપરિત, ધર્મ માનવ અસ્તિત્વના આધ્યાત્મિક પરિમાણ કે આયામ સાથે સંબંધિત છે. તેનો હેતુ વ્યક્તિના આંતરિક જીવન પર પ્રકાશ પાડવાનો, પ્રેરણાના મુળ સુંધી પહોચવાનો, તેમજ માનવ વર્તનને માર્ગદર્શન આપવા માટે નૈતિક સંહિતા પૂરી પાડવાનો છે. સંસ્કૃતિની પ્રક્રિયા જ્ઞાનની બંને પ્રણાલીઓ પર આધારિત છે; જ્યાં સુધી દરેક તેની પોતાની પ્રતિભા કે વિદ્વતાના ક્ષેત્રમાં રહે છે, ત્યાં સુધી તેમની વચ્ચે સંઘર્ષનું કોઈ કારણ રહેતુ નથી.*

*વિજ્ઞાન અને ધર્મ વચ્ચેના સુમેળનો આ દૃષ્ટિકોણ માન્ય છે, પરંતું માત્ર તેના અમલીકરણના સ્તરે. અંતે, આ અભિગમ મુજબ વિજ્ઞાન અને ધર્મ એકબીજાથી અલગ છે તથા તેમને પોત-પોતાની રીતે કાર્ય કરવાની છૂટ છે, અને અહિં એક બાબત મહત્વની બની જાય છે, તે છે તકનિક અને નૈતિકતા વચ્ચેનો પસ્પર સબંધ. પણ ધર્મ અને વિજ્ઞાન વચ્ચેના સંબંધના આવા વિશ્લેષણની ઝડપથી એક સીમા આવી જાય છે, કારણકે વાસ્તવમાં એવી અનેક બાબતો છે જેને આ બંને પોત-પોતાની રીતે સમજવાનો અને સમજાવવાનો પ્રયત્ન કરે છે. પ્રકૃતિના સંદર્ભમાં આવું ઓછું જોવા મળે છે, જયારે માનવ જીવન અને સમાજના અભ્યાસમાં તે દેખિતું  છે. વધુમાં, વાસ્તવિકતા વિશે સમજવાની રીતમાં વિજ્ઞાન અને ધર્મ વચ્ચે ઘણી સમાનતા જોવા મળે છે. દાખલા તરીકે, આ બંનેને વિશ્વાસ છે કે સૃષ્ટિમાં વ્યવસ્થાનું અસ્તિત્વ છે અને માને છે કે માનવીનું મગજ અમુક હદ સુંધી આ વ્યવસ્થા વિશે સમજવા સક્ષમ છે. વિજ્ઞાનની પધ્ધતિઓ બ્રહમાંડની કાર્ય-વ્યવસ્થા શોધી કાઢવામાં ખૂબ અસરકારક પૂરવાર થઈ છે. પરંતુ ધર્મએ પણ સદા-વિકસિત સભ્યતાના વિકાસમાં ફાળો આપવા માટે માનવજાતને માર્ગદર્શન આપવાના પ્રયત્નોમાં આ પધ્ધતિઓનો ઉપયોગ કરવો પડશે. વિજ્ઞાન અને ધર્મ એક સમાન નથી, પણ તેમની વચ્ચે પુરતી સમાનતા છે, કે તેઓ એકબીજા સાથે ચર્ચા કરી શકે જેથી તેમના વચ્ચે સુમેળ સાધી શકે, એકબીજાને પ્રભાવિત કરી શકે અને એકબીજાના પૂરક બની શકે. તેથી, વિજ્ઞાન અને ધર્મને જ્ઞાન અને વ્યવહારની બે પૂરક પ્રણાલીઓ તરીકે જોવું વાજબી છે અને તેઓ જે પ્રશ્નોની ચર્ચા કરે છે અને તેઓ જે પધ્ધતિઓનો ઉપયોગ કરે છે તેમાં એકબીજાના ક્ષેત્રની બહાર જાય છે.*

૧. ઉપરોક્ત ફકરામાં વર્ણવેલ વિજ્ઞાન અને ધર્મ વચ્ચેનો સંબંધ જ્ઞાનના એવા ક્ષેત્રોની કલ્પના કરે છે જેની વિજ્ઞાન અને ધર્મ બંને શોધ કરે છે. જેમકે, માનવ મનની શક્તિ, માનવ પ્રજાતિની ઉત્ક્રાંતિ, તથા બૌધિક અને નૈતિક વિકાસ. આ એકમ એવી બાબતોની કેવી રીતે ચર્ચા કરે છે જેમાં વિજ્ઞાનની યથાર્થતાનો આદર હોય અને તેની સાથે ધર્મના પ્રકાશમાં સમજદારીને પ્રકાશિત કરતી હોય.

_______________________________________________________________

_______________________________________________________________

_______________________________________________________________

_______________________________________________________________

_______________________________________________________________

_______________________________________________________________

_______________________________________________________________

૨. વિજ્ઞાન અને ધર્મ વચ્ચે સુમેળનો સિધ્ધાંત સ્પષ્ટ કરે છે કે, ઉચિત હોય ત્યારે શૈક્ષણિક સાહિત્ય આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક ખ્યાલોને સંકલિત કરી શકે છે, અલબત એવી રીતે જે ઉપરછલ્લી રીતને ટાળે છે અને તે અવ્યવસ્થિત નથી. જ્ઞાનનું આવું સંકલન સમજદારીમાં વધારો કરે છે અને ખોટી દ્વિધા દૂર કરે છે. 'આસ્થા ની ચેતના' સુમેળનું આ સ્તર કેવી રીતે હાસલ કરે છે તેની સમીક્ષા કરો. તમે ખાસ કરીને પાઠ ૬ અને ૭ ના 'ચિંતન' નો સંદર્ભ લઈ શકો છો.

૩. તમે 'આસ્થા ની ચેતના'નું ફરી એક વાર પુનરાવર્તન કરીને સુનિશ્ચિત કરવા ઈચ્છશો કે, આ પુસ્તક કેટલા પ્રમાણમાં સત્યના જીજ્ઞાસુ અને વાસ્તવિકતાના સંશોધકો માટે જરૂરી વલણોની સ્પષ્ટતા કરે છે. આવા કેટલાક વલણો કયા છે અને આ સાહિત્ય કેટલી અસરકારક રીતે તેનું વર્ણન કરે છે ?

## વિભાગ ૨૪

વિભાગ ૩ માં શરૂ કરવામાં આવેલી કિશોર આધ્યાત્મિક સશક્તિકરણમાં અભ્યાસ કરવામાં આવતા પાઠયપુસ્તકોને લગતી ચર્ચા અહિં આપણે પૂરી કરીશું. *સંપુષ્ટિની સુરભી* અને *આસ્થાની ચેતના* નું આપણે જે રીતે વિગતવાર વિશ્લેષણ કર્યું છે તે એક સંકેત આપે છે કે આ કાર્યક્રમના દરેક પુસ્તક સાથે તમને કેટલા પ્રમાણમાં સુપરિચિત થવાની જરૂર પડશે. પુસ્તક ૫ માંથી પ્રસ્ફૂટિત થતા શાખા પાઠયક્રમમાં, આપણે બીજા પુસ્તકોને લગતી આવી જ ચર્ચા કરીશું જે તમને આ સંદર્ભમાં તમારી મદદ કરશે; આમછતાં, આવા અભ્યાસની સાથે, પુસ્તકો વાંચવા અને તે તેનો ઉદ્દેશ હાસંલ કરવા માટે કેવી રીતે પ્રયત્ન કરે છે તેના વિશે સમજવવા માટે તમારો જરૂરી સમય આપવો જોઈએ. અનુપ્રેરક તરીકે સેવા આપતા બીજા મિત્રો સાથેની સામયિક સમીક્ષા બેઠકો તમને આ સાહિત્ય વિશેની તમારી સમજને ગહન બનાવવામાં સૌથી વધારે ફળદાયી અવસરો પૂરા પાડશે. તમે અને સાથી અનુપ્રેરકો આવા અવસરો દરમિયાન આપ-લે કરવામાં આવતા અનુભવોના ભંડારમાંથી લાભ પ્રાપ્ત કરશો. કારણકે અંતિમ વિશ્લેષણમાં, એ પરસ્પર સહયોગ અને સહાયતાના વાતાવરણનું નિર્માણ જ છે જેમાં શીખવા પ્રત્યેનું સમર્પણ બીજાને તેમના પ્રયત્નોમાં સંગાથ આપવાની ઈચ્છાની અભિવ્યક્તિ મેળવે છે, કે જેથી પાઠયક્રમની શક્તિનું સંપૂર્ણપણે વિશ્લેષણ કરી શકાય અને અંતે તેને સમજી શકાય.

## વિભાગ ૨૫

આ એકમમાં પહેલાં જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, સાહિત્યના અભ્યાસની સાથે, કિશોરો સેવાકીય પ્રવૃતિઓ, રમતગમત અને કલા અને હસ્તકલાના વિવિધ સ્વરૂપોમાં ભાગ લે છે, જે ખાસ કરીને સ્થાનિક સંસ્કૃતિને અનુરૂપ હોય છે. આ પુસ્તકના બીજા એકમમાં, તમને અમુક પ્રમાણમાં કિશોરો પર પડતા સામાજિક પર્યાવરણના પ્રભાવ વિશે વિચાર કરવાની તક મળી હતી અને તમને તેની કેટલીક હાનિકારક અસરો વિશે ચેતવણી આપવામાં આવી હતી. આજે સમાજની બગડતી પરિસ્થિતિ પર જે ભાર મૂકવામાં આવ્યો છે તેને મંજૂરી આપવી જોઈએ નહિ, આમછતાં, એ હકીકતને ધુંધળી નહિ કરવી જોઈએ કે દરેક પર્યાવરણમાં ઘણા તત્વો છે જેનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે તો, તે અભિવ્યક્તિની શક્તિઓ, સામાજિક પ્રક્રિયાઓનું વિશ્લેષણ કરવાની ક્ષમતા, અને માનવતાની સેવા કરવાની ઈચ્છામાં વધારો કરી શકાય છે. નીચ આપેલ સમાચાર પત્રનો લેખ એક ઉદાહરણ પુરૂં પાડે કે, સમાજના કલ્યાણમાં વધારો કરવા માટે કેવી રીતે મિડિયાનો ઉપયોગ કરી શકાય છે :

### ગુંગાઓનો અવાજ

પશ્ચિમ આફ્રિકામાં ટ્રાન્ઝિસ્ટર રેડિયો આજે પણ સમુદાયનો અવાજ છે.

ગુએનાના વન વિસ્તારમાં એન. જેરેકોરના ગ્રામિણ રેડિયો સ્ટેશનના નાનકડા સ્ટુડિયોમાં એક માઈક્રોફોનની આસ-પાસ બેસેલા ત્રણ યુવાનો છોકરીઓની કેળવણી વિશે ચર્ચા કરી રહ્યા છે.

“છોકરીઓએ શાળામાં જવું જોઈએ, કારણકે એક દિવસ તેઓ માતા બનશે અને જો તેઓ પોતે ભણેલી હશે તો તેમના બાળકોને કેળવણી આપી શકશે અને તેમની સારી સંભાળ રાખી શકશે,” મોરિકો કાકેએ કહ્યું. “જો તમે એક છોકરીને કેળવણી આપો છો તો તમે આખા રાષ્ટ્રને કેળવણી આપો છો.” તે ભારપૂર્વક કહે છે. આ કાર્યક્રમના યજમાન, ૧૬ વર્ષના લાન્સી તોરે સંમત થતાં માથું હલાવે છે, વાસ્તવમાં તેના માતા-પિતા પણ ઈચ્છે છે કે તે શાળા છોડીને ખેતરમાં કામ કરે.

આ યુવાનોની સ્પષ્ટ અને તર્કપૂર્ણ દલીલોનું લાયબિરીયા અને આયવરી તટવર્તીય સીમાડાના પડોશી ગામોમાં સીધુ પ્રસારણ થઈ રહ્યું છે. અંધારૂ થઈ રહ્યું છે અને માટીની ઝુપડીઓમાં કેરોસીનના દિવા ઝગમગી રહ્યા છે. ગામના લોકો ખેતરમાંથી અને બજારમાંથી પાછા આવી ગયા છે. તેઓ બધા, રાતનું જમવાનું બનાવતાં અને રાતની તૈયારી કરતાં ધ્યાનથી રેડિયો સાંભળે છે....

ગુએના જેવા દેશમાં -જ્યાં વયસ્કોની વસ્તીનો માટો હિસ્સો નિરક્ષર છે, અનેક બાળકો શાળામાં જઈ શકતા નથી અને વિજળી દુર્લભ છે ત્યાં-જનરેટરથી ચાલતા ગ્રામિણ અને સામુદાયિક રેડિયો સ્ટેશનો જ લોકોની જીવન રેખા છે.

એન. જેરેકોર ગ્રામિણ રેડિયો સ્ટેશનના કાર્યક્રમના નિર્દેશક નૌમા કામારા કહે છે- “અહિં રેડિયો બંધુ જ છે, જેમાં ૧૦૦ કિલોમિટરના વિસ્તારમાં અઠવાડિયામાં છ દિવસ, પાંચ માંથી કોઈ એક સ્થાનિક ભાષામાં અને ફ્રેચ ભાષામાં કાર્યક્રમોનું પ્રસારણ થાય છે. આ વિસ્તારમાં ત્રણ માંથી બે પરિવાર પાસે રેડિયો છે, તથા સવારે અને સાંજે આ સ્ટેશન પરથી કાર્યક્રમનું પ્રસારણ થાય છે ત્યારે આખુ ગામ સાંભળે છે.

“અમે તેમની ભાષા બોલીએ છીએ, અમે તેમના રીત-રિવાજો અને પરંપરા વિશે જાણીએ છીએ, તેમના સંદેશાનું પ્રસારણ કરીએ છીએ, જન્મ અને મરણની જાહેરાત કરીએ છીએ, ખેતી અને ખેતીવાડીને લગતા વિષયો તથા સામાજિક સમસ્યા વિશે ચર્ચા કરીએ છીએ,” કામારા ઉમેરે છે. “અમે આ સમુદાયનો અવાજ છીએ. ગુંગાઓનો અવાજ”...

"હું આ કાર્યક્રમ સાભળુ છું કારણકે બાળકો તેનું પ્રસારણ કરે છે અને તેઓ મારી પોતાની ભાષામાં વાત કરે છે," એક પંદર વર્ષનો યુવાન મામાડુએ પુલાટ નામની સ્થાનિક ભાષામાં કહ્યું.. "કાર્યક્રમ શરૂ થાય છે ત્યારે, હું મારા બધા ભાઈઓ અને બહેનોને બોલાવી લઉં છું. તેમાંથી મને ઘણું શીખવાનું મળે છે"

"માતા-પિતા અને સમાજના નેતાઓ પણ આ કાર્યક્રમ સાંભળે છે," કામારા કહે છે. "અમારી સંસ્કૃતિમાં, મોટાભાગે બાળકોનું કોઈ સાંભળતું નથી, પણ હવે વડીલો તેમની વાતો સાંભળવા લાગ્યા છે. બાળકો તેમના વાલીઓને સાફ-સફાઈની મુળભૂત બાબતો વિશે સલાહ આપે છે, દાખલા તરીકે.... જો કોઈ પિતા તેના બાળકો સાથે સાર-પિટ કરે છે તો તેના પડોશી તેને કહે છે: "શું તમે રેડિયો સાંભળતા નથી?"

આ વાર્તા એવી અનેક રીતો માંથી માત્ર એક રીત તરફ સંકેત આપે છે જેમાં આજના સામાજિક પર્યાવરણના વિભિન્ન તત્વોનો, યુવાનોના કૌશલ્યો અને ક્ષમતાઓને તેમના સમુદાયની સેવા તરફ દોરી-સંચાર કરવાના હેતુથી ઉપયોગ કરી શકાય છે. દુનિયાના દરેક ભાગમાં સંગીત, પ્રસાર માધ્યમો અને ટેકનોલોજી, યુવાનોના જીવનને ઉત્તરોત્તર વધારે અસર કરી રહેલ છે. એક જૂથના અનુપ્રેરક તરીકે, સુયોગ્ય પ્રવૃતિઓના નિર્માણ માટે સામાજિક પર્યાવરણના આ શક્તિશાળી તત્વોનો કેવી રીતે ઉપયોગ કરવો, તે તમારે નક્કી કરવું પડશે. તમારા પોતાના સામાજિક પર્યાવરણ વિશે વિચાર કરો. નીચેની બાબતો સાથે કામ કરવા માટે તે કયા પ્રકારની સંભવનાઓ ખોલે છે. તમારા વિચારોની તમારા સમુહમાં ચર્ચા કરો અને નીચે આપેલી ખાલી જગ્યામાં તમારા થોડા વિચારો લખો:

સંગીત: ____________________________________________

____________________________________________

____________________________________________

____________________________________________

____________________________________________

____________________________________________

પ્રસાર માધ્યમો: ____________________________________________

____________________________________________

____________________________________________

____________________________________________

____________________________________________

____________________________________________

ટેકનોલોજી: ____________________________________________

____________________________________________

____________________________________________

____________________________________________

____________________________________________

____________________________________________

## વિભાગ ૨૬

જો કિશોરોને તેમના પોતાના વિકાસની જવાબદારી ઉપાડવા અને તેમના સમુદાયોના વિકાસમાં યોગદાન આપવા માટે સશક્ત બનાવવા હોય તો, એક જૂથ તરીકે તેમને અર્થપૂર્ણ પ્રવૃત્તિઓના અમલીકરણમાં જ નહિ પરંતુ તેની રચનામાં પણ ભાગ લેવાની જરૂર છે. સેવા પરિયોજના, અને કલા અને હસ્તકલાની સાથે, આવી પ્રવૃતિઓમાં, ઉદાહરણ તરીકે, એક કે બીજા પુસ્તકના અભ્યાસના સમાપનની ઉજવણી કરવા માટે આયોજિત સંમેલનનો સમાવેશ થાય છે જેમાં કિશોરો નાટકિય પ્રસ્તુતિ કરે છે, ગીતો ગાય છે, કવિતાનું પઠન કરે છે અને વક્તવ્યો આપે છે. તમારા કિશોરોને આવી પ્રવૃતિઓના આયોજન અને સંચાલનમાં ભાગ લેવા માટે તમે કેવી રીતે તેમને પ્રેરણા આપી શકશો તેના વિશે અનુપ્રેરકો સાથેની ચર્ચામાં હંમેશા રસ લેશો, જે તેમની બૌધિક અને આધ્યાત્મિક શકિતઓને તાલીમ આપતી હોય, તેમના કેટલાક આદર્શોને સેવાના વ્યવહારિક સ્વરૂપમાં વ્યક્ત કરવામાં મદદ કરતી હોય, તથા ઉત્કૃષ્ટતા તરફના તેમના પ્રયત્નોને પુનઃબળ પુરૂ પાડતી હોય. તમને તમારા સાથી અનુપ્રેરકો સાથે જે પ્રકારના પ્રશ્નોની ચર્ચા કરવાની જરૂર પડશે તેમાં નીચેના પ્રશ્નો સામેલ છેઃ સેવા પરિયોજના તૈયાર કરવા, તેનું સંચાલન કરવા અને તે કેવી રીતે આગળ વિકાસ પામે છે તેના પર ચિંતન કરવામાં તમે કેવી રીતે કિશોરોની મદદ કરો છો? તમે કિશોરોને નાટકના સંવાદ લખવામાં અને સરળ નાટકો ભજવવામાં તમે કેવી રીતે તેમની મદદ કરો છો? તમે કેવી રીતે સુનિશ્ચિત કરો છો કે કલા-કૌશલ અને હસ્તકલાને બદલે બાલીસ ખેલ પ્રસ્તુત કરવામાં નહિ આવે તેમજ યુવાનોને એવા "કલા-કૌશલ, હસ્તકલા અને વિજ્ઞાન"ની સાચી સમજ પ્રાપ્ત કરવામાં મદદ કરવામાં આવે જે "માનવ જગતની પ્રગતિ કરતા હોય અને તેની ઉન્નતિ માટે ઉચિત હોય"?

આ પ્રસંગ કલાત્મક પ્રવૃતિની ચર્ચા શરૂ કરવાનો નહિ હોવા છતાં, તમારા માટે જાણવું મહત્વનું છે કે આવી પ્રવૃતિ, સંસ્કૃતિની અભિવ્યક્તિ તરીકે, તેની સાથે મૂલ્યોનું વહન કરે છે. તેથી, તેના સ્વભાવથી, તે શૈક્ષણિક પ્રક્રિયાને મોટા પ્રમાણમાં પ્રભાવિત કરી શકે છે. કિશોર જૂથના અનુપ્રેરક તરીકે, તમે તમારા યુવા મિત્રોને યોગ્ય કલાત્મક પ્રવૃતિઓ શોધી કાઢવામાં મદદ કરવા માટે કાળજી લેવા માંગશો, એવી પ્રવૃતિઓ જે અજાણતા એવા મૂલ્યો લાદતા નથી, જે તેઓ જે શૈક્ષણિક પ્રક્રિયામાં જોડાયેલા છે તેનાથી વિપરિત હોય.

## વિભાગ ૨૭

અનુભવ દર્શાવે છે કે દસ થી પંદર સભ્યોથી બનેલું એક જૂથ ઘણીવાર એવા થોડા સભ્યોથી શરૂ થાય છે જેમણે તેમના મિત્રોને એક લક્ષ તરફ પ્રેરિત કરીને ભેગા કરવાની ક્ષમતા બતાવી હોય. આ કિશોરો બીજા કિશોરોને ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરી રહ્યા હોય ત્યારે, તેઓ અનુપ્રેરક સાથે નિયમિતપણે મળવાનું શરૂ કરશે. ગામ કે મહોલ્લામાં કાર્ય કરતા મિત્રોના વિસ્તરિત થતો નાભિક, ખાસ કરીને એવા યુવાનો જેઓ તેમની તરૂણાવસ્થાની મધ્યમાં અને તેના આરે હોય, જેઓ તાલીમ સંસ્થાના શરૂઆતના કેટલાક પાઠયક્મોનો અભ્યાસ કરતા હોય તેમની મદદથી જૂથના સભ્યોમાં વધારો કરી શકાય છે. વિશ્વના કેટલાક ભાગોમાં, જૂથોની ઔપચારિક સ્થાપના પહેલાં ગામ કે મહોલ્લાના નાના સભ્યોને કાર્યક્રમોની શ્રેણીમાં આમંત્રણ આપવાનો અભિગમ અસરકારક સાબિત થયો છે. બીજો અભિગમ છે શાળામાં આ કાર્યક્રમનો પરિચય આપવાનો. જયારે શાળા આ વિચાર પ્રત્યે ગ્રહણશીલતા દર્શાવે છે, ત્યારે સંબંધિત ધોરણના વિધાર્થીઓ અને શિક્ષકો માટે આયોજીત એક કે વધારે પ્રસ્તુતિઓના પરિણામ સ્વરૂપે કિશોર જૂથોની સ્થાપના થઈ શકે છે. તેના પછી, તેઓ પાઠયેત્તર પ્રવૃત્તિ તરીકે આ કાર્યક્રમ હાથ ધરી શકે છે, પછી ચાહે તેઓ શાળાના પરિસરમાં મળતા હોય કે નહિ. કોઈપણ કિસ્સામાં શાળા, તેના વિધાર્થીઓની નૈતિક અને બૌધિક ક્ષમતાઓના સંગીન વિકાસમાં આ કાર્યક્રમના અમૂલ્ય યોગદાનને માન્યતા આપે છે.

તમારી પોતાની પરિસ્થિતિ વિશે વિચારો અને એક અનુપ્રેરક તરીકે, કિશોર જૂથની રચના કરવામાં તમે કયા તરીકાઓ (અભિગમ) અપનાવી શકશો, તેનું નીચે આપેલી ખાલી જગ્યામાં વર્ણન કરો :

## વિભાગ ૨૮

એક ગતિશીલ કિશોર જૂથને જાળવી રાખવા માટેની એક મહત્વની જરૂરિયાત છે કિશોરોના માતા-પિતા સાથે વિશ્વાસ અને મિત્રતાપૂર્ણ સંબંધ બાધવાની. અનુપ્રેરકોને કિશોર જૂથની રચના કરતાં પહેલા કે તેના પછી તરત જ, કિશારોના માતા-પિતાને મળીને તેમને કાર્યક્રમનો ઉદ્દેશ સમજાવવાની જરૂર છે. તેમણે નિયમિતપણે દરેક પરિવારની મુલાકાત લેવાનું ચાલું રાખવું જોઈએ અને તેના સભ્યો સાથે કિશોર જૂથની આકાંક્ષાઓ અને શક્તિઓ વિશે તેમજ કિશોરોના આધ્યાત્મિક સશક્તિકરણને આકાર આપતા ખ્યાલો અને અભિગમો વિશે ચર્ચા કરવી જોઈએ -એવા વિષયો જેની રૂપરેખા પુસ્તક ૨ ના ત્રીજા એકમમા આપવામાં આવી છે અને અહિં તેની વધારે વિગતવાર ચર્ચા કરવામાં આવી છે. આવી મુલાકાતો વાલીઓ સાથે તેમના પુત્રો અને પુત્રીઓના કલ્યાણ અને પ્રગતિ વિશે પરામર્શ કરવાનો અવસર પણ પૂરો પાડી શકે છે. પુસ્તક ૨ માં સૂચન કરવામાં આવ્યું છે તે મુજબ, અનુપ્રેરકો વાલીઓને આ કાર્યક્રમમાં અભ્યાસ કરવામાં આવતા એક - બે પુસ્તકો પણ બતાવશે જેથી તેઓ જોઈ શકે કે તેમના બાળકો શું શીખે છે. દરેક અનુપ્રેરકે ઘણાં મહિનાના લાંબા સમયગાળા સુધી વાલીઓ સાથે મિત્રતાપૂર્ણ સંબંધનો વિકાસ કરવાની જરૂર પડશે, આમછતાં, એક વધારે અનુભવી વ્યક્તિ તેની શરૂઆતની થોડી મુલાકાતોમાં તેને સંગાથ આપી શકે છે.

આધ્યાત્મિક સશક્તિકરણ કાર્યક્રમમાં કિશોરોના વાલીઓ સાથે સતત વાર્તાલાપના આધારની રચના કરતા ખ્યાલો વિશે તમારી જાતને યાદ આપવા માટે તમને પુસ્તક ૨ ના ત્રીજા એકમના વિભાગ ૧૪ તરફ વળવા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે. તેના પછી, તમારા ગામ કે મહોલ્લામાં કિશોરોના પરિવારોની મુલાકાતમાંથી પ્રાપ્ત કરેલા અનુભવોની, આ કોર્ષના બીજા સહભાગીઓ સાથે ચર્ચા કરો. આ પુસ્તકના તમારા અભ્યાસમાંથી કયા વધારાના વિચારો આવી મુલાકાત દરમિયાન વાર્તાલાપને સમૃદ્ધ બનાવી શકે છે ?

## વિભાગ ૨૯

એક અનુપ્રેરક શરૂઆતમાં કિશોરોના જૂથમાં જે વાર્તાલાપ શરૂ કરે છે તે ખાસ કરીને નોંધપાત્ર છે. તે જરૂરી છે કે, શરૂઆતની ત્રણ થી ચાર બેઠકોમાં, તેના સભ્યો જૂથના ઉદ્દેશ વિશે સંપૂર્ણ ચર્ચા કરે અને તેઓ સામુહિક રીતે હાંસલ કરવા માંગતા હોય હોય કેટલાક હેતુઓ નક્કી કરે. તેઓ જે પ્રકારની પ્રવૃતિઓ કરવા ઈચ્છે છે તેના વિશે પણ તેમણેં નિષ્કર્ષ પર પહોંચવું જોઈએ. આ બેઠકોમાં ચર્ચા કરવામાં આવતા વિષયો એક જૂથ થી બીજા જૂથમાં અલગ હોઈ શકે છે. આમ છતાં, "ઉત્કૃષ્ટતા" અને "સેવા" એવા કેટલાક વિષયો છે જેના પર બધી બેઠકોમાં ભાર આપવો જોઈએ. તમે જે જૂથની રચનામાં મદદ કરશો તેના સભ્યો સાથેના તમારા શરૂઆતના કેટલાક વાર્તાલાપોને સંગઠિત કરવામાં, નીચેના મુદ્દાઓ તમને મદદ કરી શકે છે. તમારે આ કોર્ષમાં તમારા સાથી સહભાગીઓ સાથે દરેક મુદ્દાનું વિસ્તારથી રીતે વિશ્લેષણ કરવું જોઈએ અને તમે ટૂંક સમયમાં જે જૂથ સાથે જોડાવાની આશા રાખો છો તે કિશોર જૂથ સાથે તમે કેવી રીતે તેની ચર્ચા કરશો તે વિશે તમારા થોડા પ્રારંભિક વિચારો લખવા જોઈએ.

- ઘણા અનુપ્રેરકોને ઉપયોગી જણાય છે કે તેઓ જૂથને એવા અવસર તરીકે જોવામાં કિશોરોને પ્રોત્સાહિત કરે જેમાં તેઓ આધ્યાત્મિક અને બૌધિક ઉત્કૃષ્ટતાની અપેક્ષા રાખી શકે. તેઓ સમજાવે છે કે, આધ્યાત્મિક ઉત્કૃષ્ટતાનો પ્રયત્ન કરવા માટે, આપણને એવા ગુણો, જેમ કે પ્રેમ, ઉદારતા, પ્રમાણિકતા અને વિનમ્રતા, વગેરેનો વિકાસ કરવાની જરૂર છે. બૌધિક ઉત્કૃષ્ટતાનો પ્રયત્ન કરવા માટે, આપણને એવું જ્ઞાન અને વ્યવહારિક કૌશલ્યો પ્રાપ્ત કરવાની જરૂર છે જે આપણું જીવન અને બીજાના જીવનને બહેતર બનાવવામાં મદદ કરશે. દરેક સવારને તેની પૂર્વસંધ્યા કરતાં વધારે સારી અને દરેક આવતીકાલને તેની ગઈકાલ કરતાં વધુ સમૃદ્ધ બનાવો" જેવા અવતરણો પર ચિંતન કરવાની અને તેને મોઢે કરવાની પ્રવૃતિ ઉત્કૃષ્ટતાનો ખ્યાલ સમજવામાં ઘણીવાર અસરકારક સાબિત થાય છે.

____________________________________________________________
____________________________________________________________
____________________________________________________________
____________________________________________________________
____________________________________________________________
____________________________________________________________
____________________________________________________________
____________________________________________________________

- બૌધિક અને આધ્યાત્મિક ઉત્કૃષ્ટતાના સંદર્ભમાં, ભાષાનો પ્રશ્ન જે વિચારની શૈલીઓ સાથે ગાઢ રીતે જોડાયેલો છે, તેની અમુક અંશે ચર્ચા કરવાની જરૂર પડશે. કિશોરો સાથેનો આ વિષય પરનો વાર્તાલાપ, સામાન્ય રીતે એ સમજાવવા માટે પૂરતો છે કે, ઉચ્ચ અને ઉચ્ચ સ્તરની ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરવા માટે, આપણે આપણી અભિવ્યકિતની શક્તિનો વિકાસ કરવો જોઈએ. આપણે વાંચવા અને જે કંઈ વાંચ્યું છે તેનો અર્થ સમજવા સક્ષમ હોવા જોઈએ; આપણે સ્પષ્ટ રીતે આપણા વિચારો વ્યક્ત કરતાં શીખવું જોઈએ. આ સંદર્ભમાં, કિશોરો જેનો અભ્યાસ કરશે તે પુસ્તકોનો પરિચય આપવાનું અનુપ્રેરકોને ઘણીવાર અસરકારક લાગે છે, જેમાંથી કેટલાક પુસ્તકોની, અગાઉના એકમમાં તમે સંપૂર્ણ રીતે કે આંશિક રીતે સમીક્ષા કરી છે.

* કિશોર આધ્યાત્મિક સશક્તિકરણ માટેના કાર્યક્રમમાં પવિત્ર લખાણોમાંથી અવતરણો મોઢે કરવાની પ્રવૃતિને યોગ્ય મહત્વ આપવું જોઈએ. તેથી, મોઢે કરવાનો પ્રશ્ન એ કિશોર જૂથની શરૂઆતની બેઠકોમાંથી એક બેઠકના વાર્તાલાપનો વિષય હોવો જોઈએ. અનુપ્રેરકોએ તેમના યુવા મિત્રોને, જ્યારે તેઓ ઉત્કૃષ્ટતા માટે પ્રયત્ન કરતા હોય ત્યારે, ઈશ્વરના શબ્દોની અજોડ શક્તિ અને તેમના જીવન પર તેની અસર વિશે જાગૃત થવામાં મદદ કરવી જોઈએ. આવી ચર્ચા દ્વારા, તેઓ પવિત્ર લખાણોમાંથી ઘણાં અવતરણો મોઢે કરવાના ફાયદા વિશે સમજશે.

* અનુપ્રેરક માટે શરૂઆતની કેટલીક બેઠકોમાં ભાર આપવો ઉપયોગી છે કે, જૂથને આધ્યાત્મિક ઉત્કૃષ્ટતા તરફ પ્રયત્ન કરવા માટે, તેના સભ્યોએ મિત્રતાના મજબૂત બંધન વિકસાવવાની અને વધુ ને વધુ પ્રમાણમાં એકતા પ્રાપ્ત કરવાની જરૂર છે. ઘણીવાર કિશોરોને પવિત્ર લખાણોમાંથી લેવામાં આવેલા અવતરણોના સંદર્ભમાં મિત્રતા, એકતા અને સદભાવના જેવા વિષયોની ચર્ચા કરવાનું અનુપ્રેરકને ઉપયોગી લાગે છે, જે અવતરણો મોઢે કરવા  તેમને પ્રોત્સાહિત કરી શકાય છે.

- મિત્રતા અને એકતાના વિષયો પરની ચર્ચાઓ, જૂથના સભ્યો એકબીજા સાથે કેવી રીતે ક્રિયાપ્રતિક્રિયા કરશે તેને લગતા વાર્તાલાપ માટે સહજ શરૂઆત પ્રદાન કરી શકે છે. કે તેઓ એકબીજાને ધ્યાનથી સાંભળશે; તેઓ હંમેશા એકબીજાને સમજવાનો પ્રયત્ન કરશે, પછી ભલે તેમના પૈકી કોઈને તેનો વિચાર વ્યક્ત કરવામાં મુશ્કેલી પડતી હોય; તેમના પૈકી કોઈપણ વ્યક્તિ જે કંઈપણ આપ-લે કરતા હોય તેનું કદી અપમાન કરશે નહિ -આવા વાર્તાલાપ દ્વારા એક જૂથ તરીકે સાથે મળીને તેઓ જે નિષ્કર્ષ પર પહોંચશે તેના આ કેટલાક ઉદાહરણો છે.

- સેવા એ ખાસ મહત્વનો વિષય છે જેની જૂથની શરૂઆતની કોઈ એક બેઠકમાં ચર્ચા થવી જોઈએ. કિશોરોને યાદ કરાવી શકાય છે કે, માનવી તરીકે આપણે બધા એકબીજા પર નિર્ભર છીએ. આપણે બધા એક જ માનવ પરિવારના સભ્યો છીએ અને આપણાં સમાજોની પરિસ્થિતિમાં સુધારો લાવવા માટે આપણાથી શકય એવા બધા પ્રયત્નો કરવા જોઈએ. જો આપણને આપણી આજુબાજુના લોકો તરફથી સહાયતા ન મળી હોત તો શું થયું હોત, તેની કલ્પના કેટલીક વાર કિશોરોને સેવાનું મહત્વ સમજવામાં મદદ કરી શકે છે.

- સેવાની ચર્ચાએ બીજા લોકોની સેવા કરવાના વ્યક્તિગત પ્રયાસોના પ્રશ્નથી આગળ જવું જોઈએ અને કિશોરો એક જૂથ તરીકે શું કરી શકે છે તે ધ્યાનમાં લેવું જોઈએ. અલબત, તે મહત્વનું છે કે તેમના પ્રારંભિક પ્રયાસો ટૂંકા ગાળાના હોય, સરળતાથી પ્રાપ્ત કરી શકાય એવા લક્ષ્યો હોય. આવી રીતે તેઓ સામુહિક ક્ષમતામાં તેમનો આત્મવિશ્વાસ પ્રાપ્ત કરશે અને સાથે મળીને કાર્ય કરવાનું શીખશે, જે તેમના માટે લાંબા સમયની કાયમી સેવા પરિયોજના હાથ ધરવાની સંભવનાના દ્વાર ખોલશે. શરૂઆતથી જ, અનુપ્રેરકોએ યુવાનોને એવી પ્રક્રિયા શરૂ કરવા માર્ગદર્શન આપવું જોઈએ જેમાં તેઓ તેમના સમુદાયના જીવન વિશે અને તેઓ તેની પ્રગતિમાં કેવી રીતે યોગદાન આપી શકે

તેના વિશે વિચાર કરે. આ સંદર્ભમાં એવા પ્રશ્નો પૂછવા મદદરૂપ બનશે જેના પ્રતિભાવ રૂપે તેમને સમુદાય વિશે 'અવલોકન નિવેદનો' બનાવવા પડે. આમ, તેઓ સમુદાયમાં બીમાર વ્યક્તિની મુલાકાત કરવા જેવા સરળ સેવા કાર્યથી શરૂઆત કરી શકે છે અને ધીમે ધીમે એક પરિયોજના હાથ ધરવા આગળ વધી શકે છે -દાખલા તરીકે, વૃક્ષારોપણ - જેમાં તેમને યોગ્ય સ્થાનિક સંસ્થાઓ સાથે પરામર્શ કરવાની જરૂર પડશે, મિત્રો અને વાલીઓ તરફથી મદદ મેળવવી પડશે, અને લાંબાગાળાની વ્યવસ્થા કરવી પડશે. સહજ રીતે, જૂથની પહેલી થોડી બેઠકો દરમિયાન, પ્રભાવશાળી સહકાર માટે જરૂરી કૌશલ્યો અને ક્ષમતાઓની સાથે વલણો અને ગુણો વિશે ચર્ચા કરવામાં આવે છે.

- સ્વસ્થ્ય મનોરંજન, ખાસ કરીને રમતગત, બીજો વિષય છે જેની કિશોર જૂથની શરૂઆતની બેઠકોમાં ચર્ચા કરવી જોઈએ. ફરી એકવાર, તેમા સામેલ થતા ખ્યાલો અને મુદ્દાઓની સમીક્ષા ઉપરાંત, અનુપ્રેરકો જૂથને તેની બેઠકો દરમિયાન અને ખાસ પ્રસંગોએ હાથ ધરી શકાય એવી મનોરંજનની પ્રવૃતિઓ નક્કી કરવામાં મદદ કરવા માંગશે. આ સંદર્ભમાં સતર્ક રહેવું જરૂરી છે કે: સઘન શારીરિક પ્રવૃતિ કિશોરોમાં વિધમાન ઉર્જાની સહજ અભિવ્યક્તિ છે. વિશ્વભરના અનુભવે સ્પષ્ટ કર્યું છે કે, રમતગમતની સામે કલાત્મક પ્રવૃતિની તરફેણ કરવાથી જૂથમાં પસંદગીની પ્રક્રિયા શરૂ થાય છે, જેમાં કેટલાક યુવાનો અંતે તેમની સહભાગીતા ચાલુ રાખવા માટે અનિચ્છા અનુભવે છે.

ઉપર પ્રસ્તુત બધા મુદ્દાઓના સંદર્ભમાં, એક વાત સમજી લેવી મહત્વની છે કે, જેમ જેમ અનુપ્રેરકો વધારે અનુભવ મેળવતા જશે તેમ તેમ, તેઓ કિશોરોને એવી પ્રવૃતિઓનું આયોજન અને સંચાલનમાં મદદ કરવા સક્ષમ બનતા જાય છે જે એકબીજાના પૂરક બને છે, તથા વિભિન્ન પુસ્તકોના તેમના અભ્યાસ માંથી તેઓ જે અંત:દ્ષ્ટિ મેળવે છે અને જે આદર્શોનું તેઓ અનુસરણ કરવાનો પ્રયત્ન કરે છે તેની વ્યવહારિક અભિવ્યક્તિ હોય છે.

## વિભાગ ૩૦

આ પુસ્તકના પહેલા બે એકમોની આપણી ચર્ચામાંથી, જે મુખ્યત્વે વૈચારિક સ્તરની હતી, આ એકમમાં અનુપ્રેરક તરીકે સેવા આપવાની તમારી તૈયારીઓ પણ, ચોક્કસ વ્યવહારિક પરિમાણોમાં આગળ વધી છે. સેવાના આ ક્ષેત્રમાં જેમ જેમ અનુભવ મેળવશો તેમ, આ પુસ્તકના પૃષ્ઠો તમને ચિંતન માટે વિચારો પૂરા પાડવાનું ચાલુ રાખશે. ઘણાં અનુપ્રેરકો માટે છેલ્લા વિભાગના મુદ્દાઓ ખાસ કરીને ઉપયોગી પુરવાર થાય છે, અને તેઓ વારંવાર તેનો સંદર્ભ લે છે, એક નોટબૂક રાખે છે જેમાં તેઓ તેમના અનુભવ અને તેમના સાથી અનુપ્રેરકો સાથેની ચર્ચાની નોંધ રાખે છે. તેની સાથે, એવું સૂચન કરવામાં આવે છે કે તમે હવે જે કાર્ય શરૂ કરવા જઈ રહ્યા છો તેના મહત્વ ઉપરના ચિંતન સાથે આ એકમ પૂરો કરો. વિશ્વ ન્યાય મંદિર દ્વારા વિશ્વભરના યુવાનોને સંબોધિત આ શબ્દો એવા બધાને લાગુ પડે છે જેઓ સેવાના આ માર્ગનું અનુસરણ કરવાની ઈચ્છા રાખે છે :

> **"એમાં કોઈ આશ્ચર્ય નથી કે, એ તમારું વય-જૂથ છે જે કિશોરો અને બાળકોને પણ, તેમના નૈતિક અને આધ્યાત્મિક વિકાસમાં મદદ કરવામાં સૌથી વધારે અનુભવ મેળવી રહ્યું છે તથા તેમનામાં સામુહિક સેવા અને સાચી મિત્રતાની ક્ષમતાના વિકાસમાં વધારો કરી રહ્યું છે. અંતે, જે દુનિયામાંથી આ યુવાનોએ તેમનો માર્ગ કાઢવાનો છે તે દુનિયાથી, તેના જોખમો અને તકોથી જાગ્રત થઈને, તમે આધ્યાત્મિક દૃઢિકરણ અને તૈયારીનું મહત્વ સમજી શકો છો. બહાઉલ્લાહ માનવજાતિના આંતરિક જીવન અને બાહ્ય પરિસ્થિતિઓમાં પરિવર્તન લાવવા માટે આવ્યા છે, આ વાતથી સભાન થતાં, તમે તમારાથી નાની વયના લોકોને તેમના ચરિત્રના શુધ્ધિકરણમાં તથા તેમના સમુદાયોના કલ્યાણની જવાબદારી ઉપાડી લેવાની તૈયારી કરવામાં તમે તેમની મદદ કરી રહ્યા છો. તેઓ કિશોરાવસ્થામાં પ્રવેશે છે ત્યારે તમે તેમની અભિવ્યક્તિની શક્તિનો વિકાસ કરવામાં, તથા તેમના અંતરમાં નૈતિક સંવેદનશીલતાના મૂળીયાને દૃઢ કરવામાં મદદ કરો છો. આવું કરીને, જ્યારે તમે બહાઉલ્લાહની આ આજ્ઞાનું પાલન કરો છો કે:"શબ્દોને નહિ પરંતું, કાર્યોને તારૂં આભૂષણ બનાવ," ત્યારે ઉદ્દેશ પ્રત્યેની તમારી પોતાની સમજ વધારે સ્પષ્ટ રીતે પારિભાષિત થાય છે."[૫૨]**

**સંદર્ભસુચિ**


૧. વિશ્વ ન્યાય મંદિર દ્વારા એક શ્રધ્ધાળુને લેખિત ૧૧ જૂન ૨૦૦૬ ના એક પત્રમાંથી

૨. વિશ્વ ન્યાય મંદિર દ્વારા બે શ્રધ્ધાળુને લેખિત ૧૯ જૂલાઈ ૨૦૦૬ ના એક પત્રમાંથી

૩. શોઘી એફેન્દી તરફથી એક શ્રધ્ધાળુને લેખિત ૧૭ એપ્રિલ ૧૯૩૬ ના એક પત્રમાંથી

૪. અબ્દુલબહા, 'સોસીયલ એકશન' સંકલનમાંથી

૫. ધ પ્રમોલગેશન ઓફ યુનિવર્સલ પીસ: અબ્દુલબહાના વક્તવ્યોમાંથી

૬. ધ પ્રમોલગેશન ઓફ યુનિવર્સલ પીસ: અબ્દુલબહાના વક્તવ્યોમાંથી

૭. અબ્દુલબહા, બહાઉલ્લાહ અને ન્યુ એરા માં આપેલ સંદર્ભમાંથી

૮. ધ પ્રમોલગેશન ઓફ યુનિવર્સલ પીસ: અબ્દુલબહાના વક્તવ્યોમાંથી

૯. ધ પ્રમોલગેશન ઓફ યુનિવર્સલ પીસ: અબ્દુલબહાના વક્તવ્યોમાંથી

૧૦. અબ્દુલબહા: સમ આન્સવર્ડ કવેશ્ચન્સમાંથી

૧૧. અબ્દુલબહા, ટેબ્લેટસ ઓફ અબ્દુલબહા અબ્બાસ

૧૨. ખિતાબત: અબ્દુલબહાના વક્તવ્યોમાંથી

૧૩. ધ પ્રમોલગેશન ઓફ યુનિવર્સલ પીસ: અબ્દુલબહાના વક્તવ્યોમાંથી

૧૪. સિલેકશન્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. ૨૩૦.૧

૧૫. અબ્દુલબહા: પેરિસ ટોકસમાંથી

૧૬. અબ્દુલબહા ઓન ડિવાઈન ફિલોસોફી

૧૭. સિલેકશન્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. ૧૫૫.૪

૧૮. ટેબ્લેટસ ઓફ અબ્દુલબહા અબ્બાસ

૧૯. સિલેકશન્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. ૧૫૫.૪

૨૦.અબ્દુલબહા: ધ સિક્રેટ ઓફ ડિવાઈન સિવિલાઈઝેશન

૨૧. બહાઉલ્લાહ, ટેબરનેકલ ઓફ યુનિટી

૨૨.અબ્દુલબહા, પેરિસ ટોકસમાંથી

૨૩. સિલેકશન્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ અબ્દુલબહા

૨૪. ટેબ્લેટસ ઓફ અબ્દુલબહા અબ્બાસ

૨૫. ટેબ્લેટસ ઓફ બહાઉલ્લાહ રિવિલ્ડ આફટર કિતાબ -એ –અકદસ

૨૬. ધ પોકલેમેશન ઓફ બહાઉલ્લાહ ટુ ધ કિન્ગ્સ એન્ડ રૂલર્સ ઓફ ધ વર્લ્ડ

૨૭. ગ્લીનગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૪૩

૨૮. અબ્દુલબહા, ધ પ્રમોલગેશન ઓફ યુનિવર્સલ પીસ

૨૯. ટેબ્લેટસ ઓફ બહાઉલ્લાહ રિવિલ્ડ આફટર કિતાબ -એ –અકદસ

૩૦. ટેબ્લેટસ ઓફ બહાઉલ્લાહ રિવિલ્ડ આફટર કિતાબ -એ –અકદસ

૩૧. ટેબ્લેટસ ઓફ અબ્દુલબહા અબ્બાસ

૩૨. ટેબ્લેટસ ઓફ અબ્દુલબહા અબ્બાસ

૩૩. બહાઉલ્લાહ : એપિસ્ટલ્સ ટુ ધ સન ઓફ ધ વુલ્ફ

૩૪. ટેબ્લેટસ ઓફ બહાઉલ્લાહ રિવિલ્ડ આફટર કિતાબ -એ –અકદસ

૩૫. ટેબ્લેટસ ઓફ બહાઉલ્લાહ રિવિલ્ડ આફટર કિતાબ -એ –અકદસ

૩૬. ટેબ્લેટસ ઓફ બહાઉલ્લાહ રિવિલ્ડ આફટર કિતાબ -એ –અકદસ

૩૭. ગ્લીનગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૮

૩૮. બહાઉલ્લાહ : પ્રેયર્સ એન્ડ મેડિટેશન

૩૯. બહાઉલ્લાહ, ધ ટેબરનેકલ ઓફ યુનિટી

૪૦. અબ્દુલબહા, ધ પ્રમોલગેશન ઓફ યુનિવર્સલ પીસ

૪૧. પ્રયર્સ એન્ડ મેડિટેશન

૪૨. બહાઉલ્લાહ : બહાઈ પ્રાર્થના

૪૩. પ્રયર્સ એન્ડ મેડિટેશન

૪૪. પ્રયર્સ એન્ડ મેડિટેશન

૪૫. બહાઉલ્લાહ : બહાઈ પ્રાર્થના

૪૬. અબ્દુલબહા : બહાઈ પ્રાર્થના

૪૭. અબ્દુલબહા : બહાઈ પ્રાર્થના

૪૮. બહાઉલ્લાહ : બહાઈ પ્રાર્થના

૪૯. બાબ : બહાઈ પ્રાર્થના

૫૦. અબ્દુલબહા : બહાઈ પ્રાર્થના

૫૧. પ્રયર્સ એન્ડ મેડિટેશન

૫૨. વિશ્વ ન્યાય મંદર દ્વારા ૧૧૪ યુવા સંમેલનોના સહભાગીઓને સંબોધિત ૧ જૂલાઈ ૨૦૧૩ ના એક સંદેશમાંથી